# પ્રાવચનિક પ્રશ્નોત્તર

## પ્રથમ પડાવ





પ્રવચનકાર

તપાગચ્છાધિપતિ , વ્યાખ્યાન વાચસ્પતિ

પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

# પ્રવચન અને પ્રશ્ન



આજે ઘણા ઉપદેશકો શ્રોતાઓને પ્રશ્ન કરતાં અટકાવે છે. પણ એ બરાબર નથી.

*શ્રોતા જો જિજ્ઞાસુ ભાવે પૂછતો હોય તો એનું સમાધાન કરવું જ જોઈએ. નહીં તો શંકાશીલ* રહીને એ શ્રોતા કદાચ મરી જાય, તો ધર્મમાં એટલી શંકા રહી ગયા બદલ ઉપદેશક ગુનેગાર ગણાય !

ભગવાનની વાણી સર્વથા સંશયો છેદનારી હતી. છતાં ભગવાન બધાને પ્રશ્ન કરવા દેતા હતા. તો પછી સાધુ તો પ્રશ્નકારને પ્રશ્ન કરતાં કેમ રોકી શકે ? એની વાણીમાં ક્યાં સર્વનાં સંશયોને છેદનારી લબ્ધિ છે ?

હૈયામાં કોઈ વાત ઝીલી લે અને પછી પ્રશ્ન કરે, એ જ સાચો પ્રશ્નકાર ગણાય. એ ભરસભામાં પણ 'ભગવંત' કહીને અને હાથ જોડીને એવા વિનયથી પ્રશ્ન રજૂ કરે કે, સાધુને જવાબ આપવો જ પડે.

વિજય રામચંદ્રસૂરિ.

|| સકલવાંછિતપ્રદાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ||

|| પરમારાધ્યપાદ શ્રીમદાત્મ-કમલ-વીર-દાન-પ્રેમ-રામચન્દ્ર-મહોદય-મિત્રાનંદ-મહાબલસૂરીશ્વરેભ્યો નમઃ ||

# પ્રાસંગિક પ્રશ્નોત્તર

## જૈન પ્રવચન

પ્રથમ પડાવ


**પ્રવચનકાર**

જૈન શાસન શિરતાજ તપાગચ્છાધિરાજ

પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા

**સંકલક-સંપાદક**

વાત્સલ્યવારિધિ ગુરુદેવ

પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય **મહાબલસૂરીશ્વરજી** મહારાજાના

પટ્ટધરરત્ન વિહરમાન ગચ્છાધિપતિ

પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય **પુણ્યપાલસૂરીશ્વરજી** મહારાજા



પ્રકાશક

**પાર્શ્વાભ્યુદય પ્રકાશન**

અમદાવાદ

# ગ્રંથ પરિચય

ગ્રંથનું નામ : પ્રાવચનિક પ્રશ્નોત્તર (પ્રથમ પડાવ)

વિષય : પ્રશ્નોત્તરી (જૈન પ્રવચનાદિમાંથી ચૂંટેલા સભાના પ્રશ્નો)

ઉત્તરદાતા : વ્યાખ્યાન વાચસ્પતિ
પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

સંપાદક : ગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય પુણ્યપાલસૂરીશ્વરજી મહારાજા

પ્રકાશક : પાર્શ્વાભ્યુદય પ્રકાશન

પ્રથમ આવૃત્તિ : નકલ (પ્રતિકૃતિ) ૧૦૦૦

વિમોચન પર્વ : દ્વિતીય અષાઢ વદ ૧૪/વિ.સં.૨૦૭૧/ગુરૂવાર/૧૩-૮-૨૦૧૫

પુણ્ય નિમિત્ત : પૂ. વ્યાખ્યાન વાચસ્પતિ પૂજ્યશ્રીના સ્વર્ગતિથિ રજત વર્ષ શુભારંભ દિન.

મૂલ્ય : ૧૫૦/-

ISBN : 978-93-83984-05-3

---

સંપ્રાપ્તિ સ્થાન

**પાર્શ્વાભ્યુદય પ્રકાશન**

**રમેશભાઈ એમ. જૈન**


બી/૩૧-૩૨, ઘનશ્યામ એવન્યુ, ચોથે માળે, ઈન્કમ ટેક્સ, અમદાવાદ - ૩૮૦૦૧૪,
ફોન. : ૦૭૯-૨૭૫૪૨૮૮૩/૨૭૫૪૨૮૧૯. મો. ૯૮૨૫૦ ૧૮૨૬૪
E-mail : mail2pby@gmail.com

---


**ખાસ વિનંતી :** આ ગ્રંથની આશાતના ન થાય તેની પૂરી તકેદારી રાખવી તથા આ ગ્રંથના સ્વાધ્યાય બાદ આપને જરૂર ન હોય તો પ્રાપ્તિસ્થાનના સરનામે પુનઃ પાઠવવા વિનંતી. જેથી અન્યના ઉપયોગમાં આવી શકે.

---


મુદ્રક : લીપી, દાંડિયાબજાર, વડોદરા. ફોન : ૦૨૬૫-૨૪૩૪૩૧૦ www.lippipress.com




પૂછ્યું પ્રભુને 'તત્ત્વ શું છે ?' ત્રણ પદો પ્રભુએ કહ્યાં.



ન્યાયાંભોનિધિ પૂ.આ. શ્રી વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજ



સદ્ધર્મસંરક્ષક પૂ.આ.શ્રી વિજય કમલસૂરીશ્વરજી મહારાજ



વચનસિદ્ધ પૂ.મહોપાધ્યાય શ્રી વીરવિજયજી મહારાજ



સિદ્ધાંતમહોદધિ પૂ.આ.
શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા



સકલાગમ રહસ્યવેદી પૂ.આ.
શ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજા



દીક્ષાદાતા પૂ.મુનિપ્રવર
શ્રી મંગલવિજયજી મહારાજા



મુનિ શ્રી રામવિજયજીમાંથી
વ્યાખ્યાન વાચસ્પતિ પૂ.આ.ભ. શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

બોલ્યા તમે એ વાતને વરસો થઈ ગયા;
દિલમાં હજીપણ રાતદિન પડઘાય છે અવાજ.
નહિતર અંધકારમાં રસ્તો જડે નહિ;
થઈને પ્રકાશ આપનો ફેલાય છે અવાજ.



પ્રથમ પ્રવચનથી પાવન થયેલી ઐતિહાસિક પ્રવચન પીઠ - સિનોર.

# પૂજ્ય પરમતારકશ્રીજીની તેજસ્વી તારીખ

| | |
|---|---|
| જન્મ | : વિ.સં. ૧૯૫૨, ફાગણ વદ-૪, મંગળવાર<br>૩-૩-૧૮૯૬, દહેવાણ |
| દીક્ષા | : વિ.સં. ૧૯૬૯, પોષ સુદ-૧૩, સોમવાર,<br>૨૦-૧-૧૯૧૩, શ્રી ગંધાર તીર્થ |
| વડીદીક્ષા | : વિ.સં. ૧૯૬૯, ફાગણ સુદ-૨, સોમવાર,<br>૧૦-૩-૧૯૧૩, વડોદરા-જાનીશેરી |
| વ્યાખ્યાન વાચસ્પતિ | : વિ.સં. ૧૯૮૭, કાર્તિક વદ-૩, |
| ગણિ-પંન્યાસ પદ | : રવિવાર, ૯-૧૧-૧૯૩૦, ભાયખલા |
| ઉપાધ્યાય પદ | : વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ-૧૪, બુધવાર,<br>૧૭-૪-૧૯૩૫, રાધનપુર |
| આચાર્યપદ | : વિ.સં. ૧૯૯૨, વૈશાખ સુદ-૬, રવિવાર,<br>૨૬-૪-૧૯૩૬, લાલબાગ (મુંબઈ) |
| સ્વર્ગારોહણ | : વિ.સં. ૨૦૪૭, અષાઢ વદ-૧૪, શુક્રવાર,<br>૯-૮-૧૯૯૧, દર્શન બંગલો, અમદાવાદ |
| અગ્નિ સંસ્કાર | : વિ.સં. ૨૦૪૭, અષાઢ વદ૦))+શ્રાવણ<br>સુદ-૧, શનિવાર, ૧૦-૮-૧૯૯૧<br>સાબરમતી, અમદાવાદ |

| | |
|---|---|
| સંસારી નામ | : શ્રી ત્રિભુવનકુમાર |
| પિતાનું નામ | : શ્રી છોટાલાલ રાયચંદ |
| માતાનું નામ | : શ્રી સમરથબેન |
| નિવાસ સ્થળ | : પાદરા |
| જીવન ઘડતર | : પિતાના દાદી રતનબા |
| દીક્ષિત નામ | : પૂ.મુનિરાજ શ્રી રામવિજયજી મ. |
| દીક્ષા દાતા | : પૂ.મુનિરાજ શ્રી મંગલવિજયજી મ. |
| ગુરુનું નામ | : પૂ.આચાર્યદેવ શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ. |
| દીક્ષા જીવન ઘડતર | : પૂ.આચાર્યદેવ શ્રી વિજય દાનસૂરીશ્વરજી મ. |
| દીક્ષાની ઉંમર | : ૧૭ વર્ષ |
| દીક્ષા પર્યાય | : ૭૯ વર્ષ |
| આચાર્યપદ પર્યાય | : ૫૬ વર્ષ |
| સંપૂર્ણ આયુષ્ય | : ૯૬ વર્ષ |
| સ્વશિષ્ય સંપદા | : ૧૨૧ |
| આજ્ઞાવર્તી સાધુ સંખ્યા | : ૩૦૦ લગભગ (તે સમયે) |
| આજ્ઞાવર્તી સાધ્વી સંખ્યા | : ૪૫૦ લગભગ (તે સમયે) |

વર્તમાન-સામ્રાજયવર્તી સાધુ સંખ્યા : ૪૨૨

વર્તમાન-સામ્રાજયવર્તી સાધ્વી સંખ્યા : ૧૧૩૧

# પ્રસ્તુત પ્રકાશન પ્રસંગે

અમારી પ્રકાશન-સંસ્થા દ્વારા આયોજાયેલી
**'પૃચ્છના સ્વાધ્યાય'** તીર્થની પ્રકાશન યાત્રા
**'પ્રાવચનિક પ્રશ્નોત્તર'** નામના સપ્તમ-અષ્ટમ પડાવને અસ્ખલિત ગતિએ
સ્પર્શી રહી છે. તેનો અમને અપરંપાર આનંદ છે...
અમારી પ્રકાશન યાત્રાની પ્રગતિ જે પુણ્યપુરૂષની પુણ્યકૃપાનું પરિણામ છે.
તે પરમોપકારી, પરમહિતસ્વી, પરમગુરુદેવ
જૈન શાસન શિરતાજ, તપાગચ્છાધિપતિ, વ્યાખ્યાનવાચસ્પતિ
પૂ.આ.ભ.શ્રીમદ્ **વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના**
જૈનપ્રવચનાદિ પ્રવચન સાહિત્યમાંથી ચૂંટેલા સભાના પ્રશ્નોત્તરોને
**'પ્રાવચનિકપ્રશ્નોત્તર'** ના નવા નામ સાથે પ્રકાશિત કરવાની તક સાંપડી
એ અમારું પરમતમ સૌભાગ્ય છે...
જે સન્માર્ગદર્શક ગુરુવર્યોનું સંપાદકીય સાન્નિધ્ય અમારી પ્રકાશનયાત્રાનો પ્રાણવાયુ છે
તે પરમોપકારી પૂજ્યોના ચરણે વંદના-પુષ્પ અર્પવા સાથે
અમારી પ્રકાશનયાત્રાને વેગવંતી બનાવનારા લાભાર્થી પરિવારોની
શ્રુતભક્તિ અને ગુરુભક્તિની અનુમોદના કરી
ધન્યતા અનુભવીએ છીએ...
**શ્રી પાર્શ્વાભ્યુદય પ્રકાશન**-અમદાવાદ.

# પૃચ્છના સ્વાધ્યાય મહિમાષ્ટક

## *વિવેક : અમૃતનો અભિષેક*

જ્યારે જિનેશ્વરદેવ કેવલજ્ઞાન પામ્યા તે પળે,
દેવો પધાર્યા સમવસરણમ્ સ્થાપના થઈ શુભસ્થળે;
થઈ દેશના કંઈ કેટલા ઉત્તમ મનુષ્યો મુનિ થયા,
પૂછ્યું પ્રભુને '**તત્ત્વ શું છે ?**' ત્રણ પદો પ્રભુએ કહ્યાં. ।।૧।।

'**ઉપ્પન્નેઈ વા વિગમેઈ વા ધુવેઈ વા**' ત્રિપદી મળી,
ને ગણધરોએ દ્વાદશાંગી શાસ્ત્રની રચના કરી;
વિશ્વાતિશાયી સર્વવિષયક જ્ઞાન અહીં ઝળકી રહ્યું,
જો પ્રશ્ન પૂછ્યા ગણધરે, મહાજ્ઞાન આ ત્યારે મળ્યું. ।।૨।।

આ જગત કેવું ? કોણ હું ? ભગવાન છે ? તે ક્યાં વસે ?
સુખ એટલે શું ? ક્યાં મળે ? અજ્ઞાન શી રીતે ખસે ?
આ તત્ત્વજિજ્ઞાસા જરા જાગે હૃદયમાં જ્યારથી,
જ્ઞાનાવરણ-મિથ્યાત્વકર્મ ક્ષય પળેપળ ત્યારથી. ।।૩।।

શ્રી ગૌતમસ્વામી પૂછે પ્રભુવીર ઉત્તર દે અને,
સદ્‌બોધ રત્નનિધાન જેવું ભગવતી આગમ બને;
પ્રશ્નોત્તરો અહીં છે હજારો જ્ઞાનજ્યોતિ ઝળહળે,
અહીં પરમપદનો પરમપથ સહેજે સરળતાથી મળે. ।।૪।।

શ્રી પુણ્યપાલ નરેશ પૂછે સ્વપ્નના ઉત્તર અને,
પ્રભુવીર ભાખે ભરતનું ભાવિ પરમહિતકર બને;
શ્રી હીરપ્રશ્ન શ્રી સેનપ્રશ્ન શ્રી વિવિધ પ્રશ્નોત્તર મળે ,
જ્યાં દેશ-કાળ વિચારવશ પ્રગટેલ સૌ શંકા ટળે. ।।૫।।

છે પ્રશ્ન વ્યાકરણમ્ વગેરે શાસ્ત્ર પ્રશ્નોત્તર ભર્યા,
પ્રશ્નોત્તરોથી જીવ બહુ અજ્ઞાન મહાસાગર તર્યા;
શું વિધિ-અવિધિ શું હિત-અહિત, શું પુણ્યપાપ વિવેક આ,
પ્રશ્નોત્તરોથી તરત પ્રગટે, **અમૃતનો અભિષેક** આ. ।।૬।।

"લબ્ધાર્થ ને ગૃહીતાર્થ પૃચ્છિતાર્થ હોય સુશ્રાવકો
ગીતાર્થને શાસ્ત્રાર્થ પૂછે સતત શ્રમણોપાસકો;"
શાસ્ત્રો કહે, "જે આમ સત્યાસત્યનો નિશ્ચય કરે,
જે પ્રશ્ન પૂછતા જાય તે મતિમંત બહુશ્રુતતા વરે". ।।૭।।

પ્રશ્નોત્તરોને વાંચવા તે **વાચના** સ્વાધ્યાય છે,
ગીતાર્થને જે પૂછવું તે **પૃચ્છના** સ્વાધ્યાય છે ;
જે પ્રશ્ન-ઉત્તર દે મુનિ, સ્વાધ્યાય ધર્મકથા કહ્યો ,
આનંદ-કર્મક્ષય અહીં ક્રમસર અધિક શ્રુતમાં કહ્યો. ।।૮।।

**-:રચના:-**

**કવિ હૃદય**

**પૂ.પં.શ્રી મોક્ષરતિવિજયજી ગણિ.**

# જેની સભા મૂંગી, તે વક્તા અધૂરો

વ્યાખ્યાન વાચસ્પતિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત **શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા!**

સેંકડો વિશેષણો આ નામની આગળ શોભે છે, અને હજારો ભક્તો આ નામની પાછળ દોડે છે....

આ નામ પાછળ એક સ્વર્ણિમ ઈતિહાસ છે, રોજ સવારે આ નામ હજારો હોઠે અનાયાસ આવી વસે છે... અને, ભવિષ્ય તો જ્ઞાની સિવાય કોણ કહી શકે, છતાં આ નામનો ઈતિહાસ અને વર્તમાનકાળ જોતાં એમ લાગે છે કે આ નામને સ્થળ-કાળનાં કોઈ બંધન ક્યારેય નડવાનાં નથી !

હવાઓમાં રેલાતું આ નામ, હજારો હૈયે રણકતું હતું અને હજારો હોઠે રમતું રહેશે.

**"વિજય રામચન્દ્ર સૂરિ"** નવાક્ષરી આ નામમાં મંત્રત્વ પ્રકટ કરનારા આ મહાપુરુષ જે જે ગુણોથી મહાપુરૂષ થયા, તે બધા જ ગુણો તો અહીં વર્ણવી શકાય નહીં. વિષયને અનુરૂપ મુખ્ય બે ગુણો નજર સામે આવે છે : **પ્રાવચનિકપણું** અને **ધર્મકથા...**

સમ્યગ્દર્શનના ૬૭ બોલમાં ૮ શાસન પ્રભાવકો આવે છે. તેમાં સૌથી પહેલાં બે મહાપુરૂષ એટલે (૧) પ્રાવચનિક અને (૨) ધર્મકથી ! "પ્રાવચનિક" અર્થાત્ સંવિગ્ન ગીતાર્થ મુનિવર અને 'ધર્મકથી' અર્થાત્ સફળ ધર્મોપદેશક ! સંવિગ્ન એટલે મોક્ષાભિલાષી અને ગીતાર્થ એટલે તે તે કાળે ઉપલબ્ધ ધર્મશાસ્ત્રોના પારગામી.

પૂજ્યપાદ ગુરુદેવનાં અન્ય પુસ્તકોની જેમ આ પુસ્તકમાં પણ પ્રાવચનિકતા અને

ધર્મોપદેશલબ્ધિ પાને પાને ઝળકતી જોવા મળે છે !

પૂજ્ય ગુરુદેવને જેમણે પણ પ્રવચન ફરમાવતાં જોયા છે, તેમને ખબર છે કે તેઓની પ્રવચનસભામાં પ્રશ્નોત્તરોની કેવી રમઝટ મચતી.... ગમે ત્યારે, ગમે ત્યાંથી, ગમે તેવો પ્રશ્ન આવે... સાચો સૌને સમજાય એવો ઉત્તર તરત જ મળે ! ક્યારેક તો હજુ પ્રશ્ન પૂરો થાય, તે પૂર્વે જ તેઓ તરફથી ઉત્તર વહેતો થઈ જાય ! એમની પ્રવચનસભામાં એટલી હળવાશ રહેતી કે, પ્રશ્નો પૂછી શકાય, સમાધાન ન થાય ત્યાં સુધી ફરીફરીને પ્રશ્નો પૂછી શકાય...

જે પ્રવચન કરે છે, તેને જ આ સિદ્ધિનું મહત્ત્વ સમજાય ! પ્રવચન કરતી વખતે વિચારોનો ધસમસતો પ્રવાહ એકધારો વહી જતો હોય અને અચાનક કોઈ પ્રશ્ન આડો આવે ત્યારે મગજમાં કેવી ઊથલપાથલ સર્જાય એ તો અનુભવે જ સમજાય એવું છે. વિચારો, શબ્દો, વાક્યોના ચિક્કાર ટ્રાફિકજામ વચ્ચેથી એક સાચા અને સરળ જવાબની ડિલિવરી તત્કાળ કરવા માટે ઘણીઘણી સજ્જતા જોઈએ. વર્ષોનું શાસ્ત્રચિંતન, લોક વ્યવહાર-ઈતિહાસ-તત્કાલીન પરિસ્થિતિઓની જાણકારી, સભાસદોની કક્ષાની પરખ, લોકમાનસનો અભ્યાસ, નિર્ભયતા અને સૌથી વધારે તો દિમાગની શાંતિ !

પ્રશ્નપેટી કે પત્રપેટીમાંથી નીકળેલા પ્રશ્નોનો તો નિરાંતે વાંચીને, ખૂબ વિચારીને, કોઈ સાથે વિમર્શ કરીને ઉત્તર લખી શકાય... પણ આ તો સમરાંગણ જેવી પ્રવચન સભા ! અહીં તો પ્રશ્નબાણની સામે ઉત્તર-તીર તરત રવાના કરવું પડે... પણ અનલિમિટેડ સ્ટોરેજ કેપેસિટિ અને ફાસ્ટેસ્ટ સ્પીડ જોઈએ દિમાગના કમ્પ્યૂટરમાં!

મહાઆશ્ચર્ય એ વાતનું કે અવાંતર પ્રશ્નોત્તરોની અપાર રંગછાયાઓને પેલે પાર એક વિષય પોતાનો રંગ પકડીને સ્થિર ઊભો હોય.... વિષયાંતર ન થાય !

શાસ્ત્રીય પરિભાષામાં કહીએ તો તેઓશ્રી કોષ્ઠબુદ્ધિના સ્વામી હતા. કોલ્ડ સ્ટોરેજમાં રાખેલી ખાદ્યવસ્તુ વર્ષો પછી કાઢો તો પણ ફ્રેશ લાગે.

પૂ. વડીલો પાસેથી સાંભળેલો પ્રસંગ છે. પૂજ્ય ગુરુદેવ શ્રી તે સમયે પોતાના પૂજ્ય ગુરુદેવની નિશ્રામાં કેટલાંક વર્ષો પછી ઉપસ્થિત થયેલા... તે દિવસોમાં ત્યાં બિરાજમાન કેટલાક પૂ. સાધુ ભગવંતો **''કમ્મપયડી'' ''પંચસંગ્રહ''** જેવા કઠિન કર્મગ્રંથોનું ગહન અધ્યયન કરી રહ્યા હતા.... કુતૂહલથી કે ન જાણે ક્યા ભાવથી પ્રેરાઈને તેમણે ચાલુ પ્રવચને કર્મશાસ્ત્ર વિષયક મર્મસ્પર્શી પ્રશ્નો પૂછવા માંડ્યા... એક પછી એક અઘરામાં અઘરા સવાલો આવતા ગયા અને પૂજ્ય ગુરુદેવશ્રી સાવ સહજતાથી તેના સચોટ ઉત્તરો આપતા ગયા ! ગવાક્ષમાં બેઠેલા પૂ.આ.ભ. શ્રી વિજય **પ્રેમ સૂરીશ્વરજી મહારાજા** આશ્ચર્યચકિત અને આનંદવિભોર થઈ ગયા !

પ્રવચન પછી જ્યારે પૂજ્ય ગુરુદેવશ્રી પોતાના પૂજ્ય ગુરુદેવશ્રીનાં ચરણોમાં, હમેશાંની જેમ, મસ્તક ઢાળવા પધાર્યા ત્યારે પૂ. આ. ભ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ. સાહેબે ઉત્સુકતા અને ઉમંગવશ પૂછી લીધું ''આ બધું તું ક્યારે ભણ્યો?''

પૂજ્ય ગુરુદેવશ્રી કહે, ''ચાલીશ વરસ પહેલાં, આપની પાસે જ ભણ્યો છું...''

પૂ.આ.ભ.શ્રી વિજય પ્રેમસૂ.મ.સા. કહે ''સમુદાયની, સંઘની, શાસનની આટલી બધી જવાબદારી વચ્ચે, વર્ષો પછી પણ આ બધું તને યાદ છે ?''

'' આપની કૃપા !''

આમ પણ કહેવાય છે કે, **''જેની સભા મૂંગી, તે વક્તા અધૂરો.** વક્તવ્ય તો લોકો ટીવી કે કમ્પ્યૂટર પર પણ સાંભળી લે, પરંતુ સાંભળતાં સાંભળતાં જે સવાલો

જાગે, તેને ક્યાં જઈને પૂછે ? પૂછવા જાય ત્યાં સુધીમાં તો જિજ્ઞાસાનો દીવો ઓલવાઈ ગયો હોય ! સાક્ષાત્ પ્રવચનશ્રવણનો આ એક જબરજસ્ત લાભ છે કે તરત પૂછી શકાય છે.''

બીજો લાભ એ પણ, કે **પૂછે એક જણ, પામે બધા** ! સંસ્કૃત સાહિત્યમાં આવે છે : **एकेन ध्यानम्, द्वाभ्यां विद्या, त्रिभिः सख्यम्, चतुर्भिः प्रवास** : અર્થાત્ ધ્યાન એકલા બેસીને કરવું જોઈએ, જ્યારે વિદ્યાભ્યાસ ઓછામાં ઓછા બે જણે સાથે મળીને કરવો જોઈએ.... એકને અલગ સવાલ થાય, બીજાને અલગ સવાલ થાય.... વિષય વધુ સ્પષ્ટ થતો જાય.... અધ્યાપક પણ ખીલતા જાય !

પૂજ્ય ગુરુદેવશ્રી તો શ્રોતાઓને પ્રશ્નો પૂછવા માટે પ્રેરિત કરતા.... શ્રોતાઓના હૃદય સુધી પહોંચવાનો આ શ્રેષ્ઠ ઉપાય છે, એમ તેઓ માનતા ! તેમણે પ્રવચન શૈલી જ એવી વિકસાવેલી કે શ્રોતા પૂછવા માંડે.... પૂછતો પૂછતો તાત્પર્ય સુધી પહોંચી જાય અને છેલ્લે, પૂજ્ય ગુરુદેવશ્રી જે નિષ્કર્ષ પોતે કહેવા માંગતા હોય તે શ્રોતાના જ મોંઢામાંથી નીકળે !

**અન્ય પ્રશ્નોત્તર ગ્રન્થો કરતાં આ પ્રશ્નોત્તર ગ્રન્થ એ રીતે અલગ પડે છે કે, આમાં વિસ્તાર છે ! પ્રશ્નની પૂર્વે એક વિસ્તૃત ભૂમિકા છે અને ઉત્તરની પછી એક વિસ્તૃત સ્પષ્ટતા છે. કારણ કે આ પ્રશ્નોત્તરો લખાયેલા નથી, સભામાંથી પૂછાયેલા અને સભાસમક્ષ જણાવાયેલા છે.**

પ્રશ્નોત્તરોની ભાષા સરળ છે, શબ્દો પ્રસિદ્ધ છે અને પ્રસ્તુતીકરણ સહજ છે. ક્યાંય શાબ્દિક આડંબર નથી, ભાષાકીય ફટાટોપ નથી... ન કોઈ પ્રાસ-અનુપ્રાસ છે, ન ગોઠવી કાઢેલા શબ્દો છે... ન કોઈ સાહિત્યસભર વક્તૃત્વ છે, ન કોઈ છટાદાર શૈલી

છે... એમને તો બસ, પોતાનો સંદેશ પહોંચાડવો છે. નાનામાં નાનો માણસ, અભણ કે ગામડિયો માણસ પણ સમજી શકે એવી સીધીસાદી બોલી પાછળ એમનું આ જ ગણિત હશે... કોઈને આંજી દેવા નથી, બધાયને ભગવાનના બનાવવા છે. ભગવાનનું શાસન સૌના હૈયે સુસ્થિર કરી દેવું છે.

બાકી, સંસ્કૃત-પ્રાકૃત ભાષાના તેઓ પ્રખર વિદ્વાન્ હતા. એમણે આપેલાં પ્રવચનોમાં ભગવાનના ઉપદેશનાં રહસ્યો, જિનાગમોના મર્મો, આચારવિચારની સ્પષ્ટતા, હેય-ઉપાદેયનો સુરેખ વિવેક, તર્કો, યુક્તિઓ, ઉદાહરણોમાંથી પ્રગટતી પ્રેરણાઓ-સંવેદનાઓ વગેરે જે કંઈ રંજક, બોધક, પ્રેરક જોવા મળે છે તે બધું જ મૌલિક છે. શાસ્ત્રો અને આગમોમાંથી એમણે સ્વયં શોધી કાઢેલું, ચિંતવેલું, તારવેલું છે. તેમના પુરોગામી કે સમકાલીન ધર્મોપદેશકોનાં પ્રવચનો પ્રાયઃ છપાતાં નહોતાં અને જે કંઈ છપાયેલાં હતાં, તેમાંથી પ્રેરણા લેવાનું પૂજ્ય ગુરુદેવશ્રીને કોઈ પ્રયોજન પણ નહોતું. પૂજ્ય ગુરુદેવશ્રી પોતે જ અધિક સમર્થ હતા !

પ્રશ્નોત્તરોના અન્ય ગ્રંથો કરતાં આ ગ્રન્થ એ રીતે પણ અલગ પડે છે, કે અહીં વિધિવિધાન સંબંધી પ્રશ્નો લગભગ નથી, જે છે તે ઉચ્ચ કક્ષાના છે. મોટાભાગના પ્રશ્નોત્તરો ભાવોને સ્પર્શતા, તત્ત્વજ્ઞાનને લગતા છે... તે તે કાળે ઊભી થયેલી વિવિધ વિચારણાઓ અને વિષમ પરિસ્થિતિઓમાંથી સમુચિત માર્ગ શોધવા માટેના છે,

છેક દીક્ષા પૂર્વે, ગૃહસ્થ હતા ત્યારથી જિજ્ઞાસા, ગંભીરતા, ઔચિત્ય, ક્રિયારુચિ ધર્મનિષ્ઠા, તત્ત્વબોધ જેવા સદ્ગુણોને આત્મસાત્ કરી ચૂકેલા પૂજ્ય ગુરુદેવે લગભગ એક સદી જેટલા સમય સુધી શાસનને, સંઘને, સમાજને ખૂબ નજદીકથી નિહાળ્યાં છે... એટલે જ, સમય પરિવર્તનની સાથે સાથે શ્રી જિનાજ્ઞાનું પ્રવર્તન કઈ રીતે કરાવવું

તે તેઓશ્રીના પ્રવચનોના અભ્યાસથી બહુ સારી રીતે શીખી શકાય એવું છે.

હવે પ્રસ્તુત છે, કેટલાક સેમ્પલ પિસીસ...

**પ્રશ્ન નંબર :** ૨૪, ૩૧, ૩૩, ૩૭, ૬૪, ૬૭, ૯૫, ૧૧૭, ૨૨૮, ૨૬૯, ૨૭૫...

**પ્રશ્નો :** ૧૪૩ જુઓ – પૂજ્ય ગુરુદેવની સભામાં કેવા પ્રબુદ્ધ શ્રોતાઓ હતા, તેનો અંદાજ આવશે.

**પ્રશ્ન :** ૨૫૧ જુઓ તો લાગે કે પ્રશ્નકારના હૃદયને પૂજ્ય ગુરુદેવ કેટલી ઝડપથી સમજી લે છે !

**પ્રશ્ન :** ૨૭૨ – પુરૂષ વધુ સ્ત્રી રાખી શકે તો સ્ત્રી વધુ પુરૂષ કેમ ન રાખી શકે ?

સમકિત અને ક્ષપક શ્રેણિ જેવા ટાઈટલવાળા પ્રશ્નોત્તરો વાચીએ ત્યારે વ્યાખ્યાન નહીં, વાચના ચાલતી હોય એવું લાગે ! એ જ પ્રમાણે,

**પ્રશ્ન :** ૨૭૪-૨૮૦ ક્ષપકશ્રેણી વિશેના પ્રશ્નો છે.

દીક્ષા શીર્ષક નીચેનું આખું પ્રકરણ વાંચવાની વાચકોને ખાસ ભલામણ છે. દીક્ષામાર્ગની રક્ષા કાજે પૂજ્ય ગુરુદેવશ્રીએ કેવી સજ્જતા કેળવેલી... આનો અણસાર આ પ્રકરણ વાંચતા મળે છે. અણસાર જ મળે, બાકી, દીક્ષાયુગપ્રવર્તનનો ઈતિહાસ જાણવા તો ઘણું ઘણું સાહિત્ય ફંફોળવું પડે એમ છે.

દીક્ષાધર્મનો ઉપદેશ પૂજ્ય ગુરૂદેવશ્રી કેવો ધારદાર અને ધારબદ્ધ આપતા હશે કે ''બધા સાધુ થઈ જશે તો શું થશે'' એવો પ્રશ્ન ચારેક વાર રિપિટ થયો છે.

**''અધ્યાત્મસાર''** માં ગીતાર્થ મહાપુરુષનાં લક્ષણો જોવા મળે છે. તેમાં એક લક્ષણ છે : આગમિક પદાર્થોનો ઉપદેશ આપતી વખતે ગીતાર્થ ઉપદેશક આજ્ઞાને

કેન્દ્રમાં રાખીને વાત કરે, તર્કો ન આપે. અને તર્કસંગત પદાર્થોનો ઉપદેશ આપતી વખતે ગીતાર્થ ઉપદેશક યુક્તિઓને કેન્દ્રમાં રાખીને રજૂઆત કરે... કેટલીક શાસ્ત્રીય વાતો એવી હોય છે કે જ્યાં તર્કો કામ નથી લાગતા. ભગવાને કહ્યું છે માટે સ્વીકારી લેવાનું હોય છે. આવા પ્રશ્નો આવે ત્યારે ઉપદેશકની કસોટી થતી હોય છે : પૂજ્ય ગુરુદેવશ્રી આવી કસોટીમાંથી કેટલી સરસ રીતે ઉત્તીર્ણ થઈ ગયા છે, તે માટે જુઓ **પ્રશ્ન ૬૧...**

જ્યાં જ્યાં જરૂર જણાઈ ત્યાં ત્યાં પૂજ્ય ગુરુદેવે દરેક શાસ્ત્રીય વાત યુક્તિઓ દ્વારા સમજાવી છે. આમ પણ, તર્કબદ્ધ રજુઆત માટે તો પૂજ્ય ગુરુદેવ ખાસ જાણીતા હતા.

એકંદરે, આ **'પ્રાવચનિક પ્રશ્નોત્તર'**ના બંને પડાવ પર પૂજ્ય ગુરૂદેવના પ્રશંસકો અને તટસ્થ જિજ્ઞાસુઓ, સૌને મુકામ કરવો ગમશે !

અંતે,

જગતના જીવોને આ અનંતદુઃખમય સંસારમાં રખડાવનારાં કર્મોમાં મુખ્ય છે, મોહનીય કર્મ ! આ મોહનીય કર્મ સૌથી ખરાબ, સૌથી ખતરનાક છે !

દર્શનમોહનીય કર્મ મંદ પડે એટલે તત્ત્વજિજ્ઞાસા જાગે..... ''હું કોણ છું ? આ જગત કેવું છે ? સાચું સુખ ક્યાં મળે, કેવી રીતે મળે ?'' આવી તત્ત્વજિજ્ઞાસા જાગે ત્યારથી મોહનીય કર્મની નિર્જરા થયા કરે.

તત્ત્વજિજ્ઞાસાને સંતોષવા જ્યારે વ્યક્તિ તત્ત્વજ્ઞાનીની શોધમાં નીકળી પડે, ત્યારે તેના કરતાં અસંખ્યગુણી મોહનીયકર્મની નિર્જરા થયા કરે...

તત્ત્વજ્ઞાનીનું શરણું મળે અને જ્યારે એ પ્રશ્ન પૂછે ત્યારે તેના કરતાંય અસંખ્યગુણી મોહનીય કર્મની નિર્જરા થયા કરે...

**પૃચ્છના સ્વાધ્યાયનો** મહિમા આવો છે !

પ્રશ્નોત્તરોને વાંચવા એ **વાચના સ્વાધ્યાય** ગણાય. પ્રશ્નો પૂછવા તે **પૃચ્છના સ્વાધ્યાય** ગણાય.

**પ્રશ્નોત્તરોથી હેય-ઉપાદેયની ભેદરેખા સ્પષ્ટ થતી જાય છે... પ્રશ્નોત્તરોથી બહુશ્રુતતા સરળતાથી મળે છે... પ્રશ્નોત્તરોના અધ્યયનથી સમસ્યાઓને સુલઝાવવાની શક્તિ (Problem Solving Power) વધે છે.... પ્રશ્નોત્તરોના અભ્યાસથી મોહઘાતક મુખ્ય શસ્ત્ર, વિવેકની ધાર નીકળતી જાય છે... પ્રશ્નોત્તરોથી જ્ઞાન વધે છે, તૃપ્તિ મળે છે, શ્રદ્ધા નિખરે છે !**

પ્રશ્નોત્તર ગ્રંથોની શ્રેણી દ્વારા વિહરમાન ગચ્છાધિપતિ પ્રવચન પ્રદીપ પરમશાસન પ્રભાવક પૂજ્યપાદ આ.ભ. **શ્રી વિજય પુણ્યપાલસૂરીશ્વરજી મહારાજા** આપણને સૌને સ્વાધ્યાયનું ઊંચું આલંબન પૂરું પાડી રહ્યા છે.

સ્વાધ્યાય દ્વારા મોહનીય આદિ કર્મોનો ક્ષય કરીને સૌ વહેલામાં વહેલા પરમપદ અને શાશ્વતસુખને પામીએ એવી અભિલાષા સાથે પ્રવચનકાર પૂજ્યપાદ પરમ ગુરુદેવશ્રી તથા સંપાદક પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીનાં પાવન ચરણોમાં સવિનય કોટિશઃ વંદનાવલિ કરી વિદાય ચાહું છું.

**મોક્ષરતિ વિજય**
**વિ.સં. ૨૦૭૦ ભા.સુ.પ. વલસાડ**

# જગમાં અજોડ દીસે વાણી સૂરિ રામની

વચનસિદ્ધ મહાપુરુષ, પ્રદાદાગુરુદેવ પૂ. ઉપાધ્યાય **શ્રી વીરવિજયજી** મહારાજાની અમોઘ આજ્ઞા-આશિષને ઝીલીને મુનિ **શ્રી રામવિજયજી** મહારાજે દીક્ષાના પ્રથમ વર્ષે જ સિનોર મુકામે પ્રવચનદાનનું સર્વપ્રથમ મંગલાચરણ કર્યું.

અંતરંગ ગુરુકૃપાના પ્રભાવે જિનશાસન અને જિનવચનના મર્મજ્ઞ બનેલા મુનિ **શ્રી રામવિજયજી** મહારાજની ભવતાપ-સંતાપને હરનારી વાણી દીક્ષાના પાંચમાં વર્ષથી ગંગા પ્રવાહની જેમ અસ્ખલિત વહેતી થઈ. ભારતવર્ષને પાવન કરનારી તે વાણી ગંગાનું વિ.સં. ૧૯૮૫ ની સાલે મોહમયી મુંબઈમહાનગરીમાં આગમન થયું. અગણિત ભવ્યાત્માઓના પાપમળને પખાળવામાં અને ભવતાપ-સંતાપને હરવામાં સફળ નીવડેલી આ વાણી ગંગા ઘરઘરમાં અને ઘટઘટમાં વહેતી થાય તો ખૂબ લાભ થાય. એવી સદ્‌ભાવના પરમગુરુદેવ પૂ.આ.ભ.શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના હૈયે પ્રગટી સુશ્રાવક **ભગવાનદાસભાઈ** હાલાભાઈએ (પછીથી પૂ.પં.શ્રી ભદ્રંકર વિ.ગ.) તે ભાવનાને સાકાર કરવાના સંકલ્પ સાથે પ્રશસ્ય પુરુષાર્થ આદર્યો તે પુરુષાર્થનું પુણ્ય પરિણામ એટલે જ "**જૈન પ્રવચન**" સાપ્તાહિકનો પુણ્ય પ્રારંભ.......!

શ્લોક અને શ્લોકના અર્થનું નિરુપણ કરનારા વ્યાખ્યાનકારોનો એ સમય હતો તે પ્રકારના વ્યાખ્યાનને સમજી શકે તેવો શ્રોતાવર્ગ પણ ત્યારે વિદ્યમાન હતો પરંતુ એક જ શ્લોક પર આખું વ્યાખ્યાન આપી શકે અથવા તો એક જ શ્લોક પર દિવસોના દિવસો સુધી વ્યાખ્યાન આપી શકે તેવા વ્યાખ્યાનકાર તરીકે મુનિ **શ્રી રામવિજયજી** મહારાજ

નોખા તરી આવતા હતા.

મુનિશ્રીના વ્યાખ્યાનની ઘણી બધી વિશેષતાઓ પૈકીની ઉડીને આંખે વળગે તેવી બે વિશેષતાઓ હતી. ૧) પ્રસ્તુતિની સરળતા.... સામાન્યમાં સામાન્ય શ્રોતા પણ સરળતાથી વિષયને સમજી શકે ભાષાનું તેવું સરલીકરણ.. અને ૨) પ્રશ્નોત્તર પદ્ધતિ. વ્યાખ્યાન હોય કે વાચના હોય પૂજ્યશ્રીની એક આગવી શૈલી હતી કે કોઈ પણ વાત શ્રોતાના મગજમાં જડબેસલાક બેસાડી દેવા માટે તેઓ સભાને હંમેશા બોલતી રાખતાં ક્યારેક તેઓશ્રી સ્વયં પ્રશ્ન ઉઠાવે અને સભામાંથી જવાબ મેળવે તો ક્યારેક સભામાંથી પ્રશ્ન ઉઠે અને તેનું સચોટ સમાધાન આપી સૌને મંત્રમુગ્ધ કરી દે. પૂજ્યશ્રી હાજરજવાબી કહેવાતા, હજી પ્રશ્ન પૂરો થાય તે પૂર્વે જ પૂજ્યશ્રીના મુખમાંથી જવાબ વહેતો થઈ જાય. પ્રશ્નોત્તરીની આવી જુગલબંદીને સાંભળવાની ઉત્સુકતા શ્રોતાજનો સતત અનુભવતા માટે જ પ્રશ્નોત્તરી એ પૂજ્યશ્રીના પ્રવચનનું મુખ્ય આકર્ષણ બની જતી. આવી પ્રશ્નોત્તરાત્મક પ્રવચનશૈલીના પ્રભાવે કદાગ્રહી, સુધારાવાદી અને ઉત્સૂત્રભાષી આત્માઓએ ફેલાવેલા જૂઠનું અનાયાસે નિવારણ થઈ જતું અને સહુને સત્યનો નવપ્રકાશ લાધતો.

પૂજ્યશ્રીએ શાસ્ત્રગ્રંથોને એવા અભ્યસ્ત કર્યા હતા કે પદાર્થની છણાવટ શાસ્ત્રપાઠ સાથે જ થાય. જ્યારે જે વિષયની રજૂઆત થતી હોય ત્યારે તેના આધારગ્રંથનું નામ અને સ્થાન પણ સાથે સાંભળવા મળે. સ્થાનકવાસી સંપ્રદાયમાં પ્રખર પ્રવચનકારિકા તરીકે પ્રખ્યાત **મૃગાવતીબાઈ** મહાસતી તથા **લીલાવતીબાઈ** મહાસતી જેવા પણ પૂજ્યપાદશ્રીજીના પ્રવચન-વાચનાદિમાં આવીને સીધા શ્રી ભગવતીજી વિગેરે આગમગ્રંથોને લગતાં પ્રશ્નો પૂછતાં અને પૂજ્યપાદશ્રીજી તુરંત જ શાસ્ત્રપાઠ સાથે તેના

સચોટ જવાબો આપતા તે સાંભળીને અને મહારાજજીની આ ઉંમરે પણ આવી પ્રજ્ઞા-પ્રતિભાને જોઈને તે મહાસતીઓ આશ્ચર્ય અને અહોભાવથી નમ્ર બની જતા.

પૂજ્યપાદશ્રી જવાબ આપવા સાથે સન્માર્ગની વાતો પણ એવી કહી દેતાં કે અવસરે સુયોગ્ય આત્મા માર્ગસ્થ બન્યા વિના ન રહે,

મારૂં ચાતુર્માસ સુરેન્દ્રનગરમાં હતું. ત્યારે લીલાવતીબાઈ મહાસતીજી મને મળવા આવ્યા હતા. ત્યારે પણ તે મહાસતીજીએ મને પૂછ્યુ હતું કે મોટા મહારાજજી અત્યારે ક્યાં બિરાજમાન છે? અમારે અમૂક પ્રશ્નો પૂછાવી તેઓશ્રીજી પાસેથી શાસ્ત્રીય સમાધાન મેળવવું છે. અન્ય સંપ્રદાયવાળાના હૈયે પણ પૂજ્યશ્રીની શાસ્ત્રનિષ્ઠા કેવી વસી ગઈ હતી તેનું આ પ્રત્યક્ષ ઉદાહરણ છે. '**હોઠ સાજા તો ઉત્તર ઝાઝા**' આ સુક્તિનો સાક્ષાત્કાર પૂજયશ્રીના પ્રવચનમાં પગલે પગલે જોવા મળતો. એક સાંભળેલો પ્રસંગ આ અવસરે સ્મૃતિપથમાં અવતરે છે. એકવાર એક ભાગ્યશાળીએ પૂજ્યશ્રીને પૂછ્યું કે - સાહેબ ! એવું ક્યારે બન્યું છે કે -કોઈએ આપને એવો પ્રશ્ન પૂછ્યો હોય કે જેનો જવાબ આપતા પૂર્વે આપને માથુ ખંજવાળવું પડ્યું હોય અથવા તો એમ કહેવું પડ્યું હોય કે આ પ્રશ્નના જવાબ માટે મારે શાસ્ત્રો જોવા પડશે ! ત્યારે પૂજ્યશ્રીએ જણાવ્યું હતું કે **હું એવા જ શ્રોતાની શોધમાં છું પણ હજી સુધી એવા શ્રોતાના મને દર્શન થયા નથી.**

પૂજ્યશ્રીનું અને પૂજ્યશ્રીના પ્રવચનોનું આત્મિક આકર્ષણ મને બાલ્યકાળથી જ રહ્યું છે. તેમાં પણ તેઓશ્રીના પરમગુરુદેવશ્રી સિદ્ધાંત મહોદધિ પૂ.આ.ભ. શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના સ્વમુખે તેઓશ્રી અને તેઓશ્રીના પ્રવચનો વિશે જે ત્રણ વિશેષ વાતો સાંભળવા મળી ત્યારથી પૂજ્યશ્રી પ્રત્યેના આકર્ષણમાં જે અભિવૃદ્ધિ થઈ છે તે અવર્ણનીય છે. જ્યારે પણ પૂજ્યશ્રીના ગુણગાન કરવાનો અવસર આવે છે

ત્યારે આ ત્રણ વિશેષ વાતોનો ઉલ્લેખ કર્યા વિના હું રહી શકતો નથી. તે ત્રણ વાતો પરમગુરુદેવશ્રીએ આ પ્રમાણે ફરમાવી હતી. "૧) પુણ્યપાલ ! રામવિજયજી ક્યારેય મારી સામે ઉંચા અવાજે બોલ્યા નથી. ૨) તેમના જૈન પ્રવચનમાં કોઈ પણ વાત સિદ્ધાંતથી વિરુદ્ધ લખાઈ કે બોલાઈ નથી. ૩) હું ઈચ્છું છું કે તેમના બધાય પ્રવચનો સંસ્કૃતમાં લખાવી જ્ઞાનભંડારોમાં મૂકાઈ જાય જેથી ભવિષ્યમાં તે આગમની ગરજ સારનારા બનશે." ગુરુદેવશ્રીના હૈયે પોતાના પટ્ટશિષ્યનું કેવું ઉચ્ચ સ્થાન હતું તે જાણવા- જણાવવા માટે આ ત્રણ વાતો જ પર્યાપ્ત છે.

આ એ પ્રવચનો છે કે જે પ્રવચનોનાં સંપાદન દ્વારા અનેક તંત્રીઓ સાધુપદના ચાહક ને ગ્રાહક બની ગયા. તેમજ આ પ્રવચનોના શ્રવણ ને વાંચન દ્વારા પૂ.આ.ભ. **શ્રીભદ્રંકરસૂરિ** મ.સા., પૂ.આ.ભ. **શ્રી ભુવનભાનુસૂરિ** મ.સા., પૂ.આ.ભ. **શ્રી કલાપૂર્ણસૂરિ** મ.સા. તથા અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ. **શ્રી ગુણસાગરસૂરિ** મ.સા. જેવા અનેક પુણ્યાત્માઓ સંયમધર્મને પ્રાપ્ત કરનારા બન્યા.

વિ.સં.૨૦૨૩ની સાલથી લઈને વિ.સં.૨૦૪૭ની સાલ સુધીમાં અગણિતવાર તે પૂજ્યશ્રીના પ્રવચનોની પ્રત્યક્ષધારામાં ભીંજાવાનું સૌભાગ્ય મને સાંપડ્યું ત્યારના આનંદની અને ધન્યતાના અનુભવની તો શું વાત કરું ? પરંતુ આજે પણ જ્યારે જ્યારે તે પરમારાધ્યપાદ પૂજ્યશ્રીના પ્રવચનો વાંચવા મળે છે ત્યારે કોઈ અદ્ભુત-અનોખી દુનિયામાં વિહરતો હોઉં એવો અનુભવ થયા વિના રહેતો નથી.

'પ્રાવચનિક પ્રશ્નોત્તર'ના યથાર્થ નામે પ્રગટ થઈ રહેલા પ્રસ્તુત પ્રકાશનમાં **અનેકાંત પ્રકાશન** દ્વારા પ્રકાશિત જૈન પ્રવચન ભાગ ૧ થી ૧૩ના પ્રવચનોમાંથી અને

**સન્માર્ગ પ્રકાશન** દ્વારા પ્રકાશિત પૂજ્યશ્રીના પ્રવચનોની ૧૦૮ લઘુપુસ્તિકામાંથી ચૂંટીને ઉદ્ધરેલા પ્રશ્નોત્તરોનો સુસંગ્રહ કરવામાં આવ્યો છે. તે તે પ્રશ્નોત્તરોની નીચે સ્થાન નિર્દેશ પણ કરવામાં આવ્યો છે. જેથી વિશેષ જિજ્ઞાસુઓ પોતાની જિજ્ઞાસાને સહજતાથી સંતોષી શકે.

પં. **શ્રી મોક્ષરતિ વિજયજી** ગણિએ પ્રસ્તાવનામાં પૂજ્યશ્રીની પ્રશ્નોત્તરાત્મક પ્રવચનશૈલીનો સુંદર પરિચય આપી હૃદયમાં વસેલી ગુરુભક્તિ પ્રદર્શિત કરી છે. તે હાર્દિક ગુરુભક્તિની હાર્દિક અનુમોદના.

આ પ્રશ્નોત્તરીના વાંચન દ્વાર સુજ્ઞ વાચકવર્ગ પૂજ્યશ્રીના પ્રવચન પ્રતિ આકર્ષાય અને તે પ્રવચન સાહિત્યને ચિંતન-મનન પૂર્વક વાંચી તેમાં આપેલા જિનાજ્ઞામય ઉપદેશોને હૃદયમાં અને જીવનમાં ઉતારી આત્મહિતના પંથે દ્રુતગતિએ પ્રગતિ સાધે એવો શુભભાવ આ સંપાદનની ક્ષણોમાં મારા હૃદયમાં સતત ધબકતો રહ્યો છે. મારા તે શુભભાવને સુજ્ઞ વાચકવર્ગ અવશ્ય સાર્થક કરશે એવા આશાભર્યા હૈયે વિરમું છું.

**વિજય પુણ્યપાલસૂરિ**
**વિ.સં.૨૦૭૧ ફા.વ.૪**
**ભાવિક આરાધના ભવન**
**નાસિક**

# સુકૃતાનુમોદનમ્

## મુખ્ય લાભાર્થી

તપાગચ્છાધિપતિ, વ્યાખ્યાન વાચસ્પતિ દીક્ષાયુગ પ્રવર્તક,

**પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના**

અનંત ઉપકારોની સ્મૃત્યર્થે

**સંઘવી શ્રી માણેકલાલ મોહોલાલ ઝવેરી**

**હસ્તે :-**

પ્રમિલાબેન હેમેન્દ્રભાઈ સંઘવી -ઝવેરી પરિવાર

મુંબઈ - વાલકેશ્વર

મંડાર નિવાસી મિલાપચંદજી ઉત્તમચંદજી બોકડીયા પરિવાર

હાલ-પુના (મહારાષ્ટ્ર)

***શાશ્વત પરિવાર - મુંબઈ***

# સુકૃતાનુમોદનમ્

## સહ લાભાર્થી

શ્રીમતી સુલભાબેન રમેશભાઈ મણિલાલ ભોગીલાલ શાહ - નાશીક

શાસનપ્રભાવક જૈન રીલીજીયસ ટ્રસ્ટ - માલેગામ

શ્રીમતી કાંતાબેન રતીલાલ શાહ-બંધુ પરિવાર - માલેગામ
**હસ્તે** – ડૉ શૈલેશભાઈ/અશોકભાઈ/આશીષભાઈ

સ્વ. સપનાબેન ચન્દ્રકાન્ત શાહ, ઘાટકોપર હ. કેતન/બીનોતી/નીલ

સૌ. શૈલાબેન વિલાસ મોતીલાલ શાહ - માલેગામ

શ્રી વિશસ્થાનક તપની પૂર્ણાહૂતિ નિમિત્તે
અ.સૌ. વીણાબેન નરેન્દ્રકુમાર ચોવટીયા - મંડારવાળા

ચમેલીબેન બાબુલાલ મેહતાના આત્મશ્રેયાર્થે
અ.સૌ. જયશ્રી ચંદ્રકાન્ત મેહતા- માલેગામ

છોટાલાલ નગીનદાસ શાહ પરિવાર - માલેગામ

નવીનચન્દ્ર રતનચંદ શાહ પરિવાર - માલેગામ

# ❀ સંક્ષિપ્ત વિષયાનુક્રમ પ્રથમ પડાવ ❀


| ક્રમ | વિષય | કુલ પ્રશ્નો | પૃ.નં. |
|---|---|---|---|
| ૧. | અભવ્ય | ૧ | ૧ |
| ૨. | અષ્ટપ્રકારી પૂજા | ૧ | ૨ |
| ૩. | અન્યલિંગસિદ્ધ | ૧ | ૩ |
| ૪. | ઈતિહાસ | ૨૦ | ૪ થી ૩૪ |
| ૫. | ઈષ્ટફળસિદ્ધિ | ૯ | ૩૫ થી ૪૭ |
| ૬. | કર્તવ્ય | ૭ | ૪૮ થી ૫૬ |
| ૭. | કર્મ | ૧ | ૫૭ |
| ૮. | કારણ | ૩ | ૫૮ થી ૬૩ |
| ૯. | ક્રિયા | ૩ | ૬૪ થી ૬૫ |
| ૧૦. | કેવળી | ૨ | ૬૬ |
| ૧૧. | ગુરૂ | ૪ | ૬૭/૬૮ |
| ૧૨. | ગુણસ્થાનક | ૪ | ૬૯ થી ૭૨ |
| ૧૩. | ચારિત્ર | ૭ | ૭૩ થી ૭૮ |
| ૧૪. | ચાર પુરૂષાર્થ | ૨ | ૭૯ થી ૮૪ |
| ૧૫. | જિનેશ્વર | ૧૫ | ૮૫ થી ૯૭ |
| ૧૬. | જ્ઞાન | ૧ | ૯૮ |
| ૧૭. | દાન | ૧૪ | ૯૯ થી ૧૦૯ |
| ૧૮. | દીક્ષા | ૨૮ | ૧૧૦ થી ૧૩૩ |
| ૧૯. | દિગંબર | ૭ | ૧૩૪ થી ૧૩૯ |
| ૨૦. | ધર્મ | ૯ | ૧૪૦ થી ૧૪૭ |
| ૨૧. | નિર્જરા | ૧ | ૧૪૮ |
| ૨૨. | નિહ્નવ | ૧ | ૧૪૯ |
| | કુલ પ્રશ્નો | ૧૪૧ | |

# ❀ સંક્ષિપ્ત વિષયાનુક્રમ દ્વિતીય પડાવ ❀


| ક્રમ | વિષય | કુલ પ્રશ્નો | પૃ.નં. |
|---|---|---|---|
| ૨૩. | પચ્ચક્ખાણ | ૩ | ૧૫૧-૧૫૪ |
| ૨૪. | પરિષહ | ૪ | ૧૫૫ થી ૧૫૮ |
| ૨૫. | પાપ | ૩ | ૧૫૯ થી ૧૬૫ |
| ૨૬. | પુનર્લગ્ન | ૧ | ૧૬૬/૧૬૭ |
| ૨૭. | પુણ્ય | ૧ | ૧૬૮ |
| ૨૮. | પૂર્વ | ૧ | ૧૬૯ |
| ૨૯. | પૈસા | ૭ | ૧૭૦ થી ૧૭૬ |
| ૩૦. | પ્રકીર્ણક | ૧૮ | ૧૭૭ થી ૨૦૧ |
| ૩૧. | પ્રતિક્રમણ | ૧ | ૨૦૨-૨૦૩ |
| ૩૨. | ભૂગોળ | ૬ | ૨૦૪ થી ૨૦૮ |
| ૩૩. | મરણ | ૩ | ૨૦૯ થી ૨૧૩ |
| ૩૪. | મનુષ્યજન્મ | ૭ | ૨૧૪ થી ૨૨૨ |
| ૩૫. | મોક્ષ | ૫ | ૨૨૩ થી ૨૨૫ |
| ૩૬. | વકતા | ૧ | ૨૨૬ |
| ૩૭. | વ્રત-નિયમ-તપ | ૩ | ૨૨૭ થી ૨૩૦ |
| ૩૮. | શાસ્ત્ર | ૫ | ૨૩૧ થી ૨૩૩ |
| ૩૯. | સમકિત | ૨૮ | ૨૩૪ થી ૨૪૭ |
| ૪૦. | સમિતિ | ૧ | ૨૪૮ |
| ૪૧. | સાધ્વાચાર | ૯ | ૨૪૯ થી ૨૬૦ |
| ૪૨. | સામાન્ય તત્ત્વજ્ઞાન | ૧૭ | ૨૬૧ થી ૨૭૩ |
| ૪૩. | સારણા | ૨ | ૨૭૪ થી ૨૭૬ |
| ૪૪. | સિદ્ધાન્ત | ૧ | ૨૭૭/૨૭૮ |
| ૪૫. | સૂત્ર | ૧ | ૨૭૯ |
| ૪૬. | સંઘ | ૨ | ૨૮૦ થી ૨૮૨ |
| ૪૭. | સ્ત્રી | ૨ | ૨૮૩ થી ૨૮૫ |
| ૪૮. | ક્ષપકશ્રેણિ | ૭ | ૨૮૬ થી ૨૮૮ |
| | કુલ પ્રશ્ન | ૧૩૯ | |

# ❀ પ્રશ્નાનુક્રમ પ્રથમ પડાવ ❀


| પ્રશ્ન | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | **અભવ્ય** | |
| ૧ | અભવી આઠ તત્ત્વને માને ? | ૧ |
| | **અષ્ટપ્રકારી પૂજા** | |
| ૨ | પ્રભુપૂજા સ્વદ્રવ્યથી કે દેવ દ્રવ્યથી ? | ૨ |
| | **અન્યલિંગસિદ્ધ** | |
| ૩ | અન્યલિંગે સિદ્ધ થયા ત્યાં જૈનધર્મ ખરો કે ? | ૩ |
| | **ઈતિહાસ** | |
| ૪ | મરૂદેવી માતાએ એક હજાર વર્ષ શોક કર્યો એ કર્મ, પણ અંત-ર્મુહૂર્તમાં ખપીને કેવળ જ્ઞાન થઈ શકે ? | ૪ |
| ૫ | શ્રેણિક મહારાજા ક્ષાયિકસમકિતી છતાં મેઘકુમારને ગાદિએ બેસાડ્યા ને? | ૪ |
| ૬ | કૈકેયી જેવી અધમ સ્ત્રી પણ એ જ કુટુંબમાં હતી ને ? | ૫ |
| ૭ | કૈકેયીએ અધમતા નહોતી કરી ? | ૫ |
| ૮ | ભરતને માટે ગાદીની માગણી ભલે કરી, પણ શ્રી રામને વનવાસ મોકલવાની માગણી કેમ કરી ? શ્રી રામને વનવાસ મોકલવાની માગણી કરી, એ અધમતા નહિ ? | ૬ |
| ૯ | ભરતને માટે ગાદી માગી એ ઠીક કર્યું ? | ૬ |

| | | |
|---|---|---|
| ૧૦ | કૈકેયીદેવીએ કયા સંયોગોમાં ભરતને માટે રાજગાદીની માગણી કરી હતી? | ૭ |
| ૧૧ | શ્રી રામચંદ્રજીએ આ પ્રમાણે બધાને પાછા વાળ્યા, તો પછી સીતાને અને લક્ષ્મણને કેમ પાછાં વાળ્યાં નહિ અને પોતાની સાથે આવવા દીધાં? | ૧૧ |
| ૧૨ | શ્રી રાવણને તો એવો નિયમ હતો ને કે-કોઇ પણ પરસ્ત્રીને તેની ઇચ્છાવિરુદ્ધ ભોગવવી નહિ ? | ૨૪ |
| ૧૩ | સીતાજી આપઘાત કરત ? | ૨૪ |
| ૧૪ | શ્રી રાવણને એવો નિયમ હતો, તે છતાં પણ વિજય આવી બનાવટ કેમ કરી રહ્યો છે અને શ્રી રામચંદ્રજી આ વાતને મૂંગા મૂંગા કેમ સાંભળી રહ્યા છે ? | ૨૫ |
| ૧૫ | પણ વિજય વગેરે તે આઠ જણને એવું તે શું લાગ્યું છે, કે જેથી તેઓ મહાસતી સીતાજીને કલંકિત ઠરાવીને તેમનો શ્રી રામચંદ્રજી પાસે ત્યાગ કરાવવાને જ તત્પર બન્યા છે ? સીતાદેવી ઉપર આટલો બધો દ્વેષ આવવાનું કારણ શું ? | ૨૭ |
| ૧૬ | તો પછી કારણ શું ? | ૨૭ |
| ૧૭ | બરાબર, પણ સત્યાસત્યનો તો તેમણે વિચાર કરવો જોઇએ ને ? | ૨૮ |
| ૧૮ | એટલે એ લોકોએ ભૂલ નથી કરી ? | ૨૮ |
| ૧૯ | વિજય શેઠ અને વિજયા શેઠાણી તો એક જ શય્યામાં શયન કરતાં હતાં. | ૨૯ |

૨૦ શ્રેણિક રાજા રોજ સામાયિકાદિ ધર્મક્રિયા કરતા હતા ? ૩૦
૨૧ આચાર્ય શ્રીગુપ્ત પોતે આટલા બધા વિદ્યાવિશારદ હતા, તો પછી એપરિવ્રાજકના પટહને તેઓશ્રીએ પોતે જ કેમ સ્પર્શ્યો નહિ ? એમાં કોઈ ખાસ હેતુ હશે ? ૩૦
૨૨ આચાર્ય શ્રીગુપ્તે રોહગુપ્તને એમ કહ્યું કે-'તેં પટહનો સ્પર્શ કર્યો તે યોગ્ય કર્યું નથી.'- તો પછી આ પ્રમાણે વિદ્યાઓ તથા મંત્રેલો રજોહરણ આપવાનું પ્રયોજન શું ? ૩૨
૨૩ રોહગુપ્તે ગર્વ કર્યો તે ઠીક ન કર્યું, પણ કહ્યું તો બરાબર ને ? ૩૩

## ઈષ્ટફળસિદ્ધિ

૨૪ પુણ્યના હેતુથી ધર્મ કરવાનો ? ૩૬
૨૫ પુણ્ય બંધાય ધર્મથી અને તે ઉન્માર્ગના પ્રચારમાં સહાયક બને, તો તેનું કારણ શું ? ૩૭
૨૬ જેવા પ્રકારનું પુણ્ય હોય તેવા પ્રકારના જ વિચારો સૂઝે ને ? ૩૮
૨૭ આ લોકના અગર તો પરલોકના સાંસારિક સુખના આશયથી ધર્માનુષ્ઠાન કરતા હોઇએ, તો એનો ત્યાગ કરી દેવો ? ૪૨
૨૮ પણ સાંસારિક સુખનો આશય નીકળતો ન હોય અને મોક્ષનો આશય આવતો ન હોય, તો શું કરવું ? ૪૩
૨૯ એવી વૃત્તિ પણ પ્રગટતી ન હોય તો ? ૪૩
૩૦ સાંસારિક સુખના આશયથી ધર્માનુષ્ઠાનો કરે તો તેને પાપનો બંધ થાય કે પુણ્યનો બંધ થાય ? ૪૪

૩૧ સાંસારિક સુખની સામગ્રી વિના સમાધિભાવ ટકતો નથી અને ધર્મને આચરવાનો ઉત્સાહ પ્રગટતો નથી, માટે સાંસારિક સુખના આશયથી ધર્માનુષ્ઠાનો કરતો હોય તો ? ૪૫

૩૨ મોક્ષમાર્ગની આરાધના હું સારી રીતિએ કરી શકું, એ માટે મને સ્વજનાદિની અને ધનાદિની સામગ્રીની અનુકૂળતા થાય, એવો આશય ધર્માનુષ્ઠાનોને સેવવામાં હોય તો ? ૪૬

## કર્તવ્ય

૩૩ બાલબચ્ચા માટે ધન મૂકી જવું અને તે માટે ભેગું કરવું એ ફરજ ખરી ને? ૫૧

૩૪ બાપ ખૂબ ભેગું કરે અને છોકરો ઉડાવે તો પાપ કોને ? ૫૧

૩૫ કોઈ તળાવમાં પડે તો આયુષ્ય ભોગવાઈ જાય ? ૫૨

૩૬ ભયરૂપ માતાપિતાને છોડી જવાની તાકાત નથી ! જો પોતે ભયરૂપ માને છે એવું જણાઈ જાય, તો ઊલટાં એ માબાપ ધર્મક્રિયામાં વધુ હાનિ કરે છે : માટે તાકાત ન આવે ત્યાં સુધી એવા માબાપને હૈયામાં ભયરૂપ માને અને તાકાત આવે ત્યારે ખુલ્લું કહે અને તજે એમાં કાંઈ વાંધો છે ? ૫૩

૩૭ સારાં સારાં કામ કરવા પૈસો ઈચ્છે તો ? ૫૪

૩૮ **'दर्शनाद् दुरित ध्वंसी'** દર્શનાદ્ દુરિત ધ્વંસી' કહ્યું છે એનો અર્થ શું ? ૫૫

૩૯ દીકરાને જરૂર પડે તો માગવા જાય ક્યાં ? ૫૬

### કર્મ

૪૦ સ્વભાવથી મોક્ષમાર્ગને અનુકૂળ પ્રવૃત્તિ થવા માંડે એવી યોગ્યતા મિથ્યાત્ત્વમોહનીયના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય કે ચારિત્રમોહનીયના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય ? ૫૭

### કારણ

૪૧ ભવસ્થિતિ પરિપક્વ થાય ત્યારે એ બને ને ? ૫૮

૪૨ મન વશ કરવા શું કરવું ? ૫૯

૪૩ સહન કરવા અસમર્થ હોય એ શું કરે ? ૬૦

### ક્રિયા

૪૪ અધ્યાત્મમાં પણ ક્રિયા ખરી ? ૬૪

૪૫ એકાંતમાં જાય તો ? ૬૪

૪૬ ક્લૉરોફોર્મ સુંઘાડે ત્યારે યોગની ક્રિયાઓ ચાલુ હોય છે ? ૬૪

### કેવળી

૪૭ કેવળજ્ઞાની ભગવાને પોતે દ્વાદશાંગી કેમ ન બનાવી ? ૬૬

૪૮ ગણધર તો છદ્મસ્થને ? ૬૬

### ગુરૂ

૪૯ અનેકને બોધ આપનાર ગુરુના બોધને શિષ્ય અંગીકાર ન કરે તો ગુરુના સંસ્કારમાં ખામી ગણાય કે નહિ ? ૬૭

૫૦ ઉપદેશક ગુરુઓને એવી ખબર શી રીતે પડે કે આ ભવ્ય છે કે નથી ? ૬૭

| | | |
|---|---|---|
| ૫૧ | તો પછી અભવ્યોને અને દૂરભવ્યોને પણ ઉપદેશ અપાઈ જાય, એમ તો બને ને ? | ૬૮ |
| ૫૨ | આના ઉપરથી અમે અમારું માપ કાઢી શકીએ, એમ તો બને ને? | ૬૮ |
| | **ગુણસ્થાનક** | |
| ૫૩ | ગુણસ્થાનક એટલે શું ? | ૬૯ |
| ૫૪ | મિથ્યાત્વ છતાં ગુણસ્થાનક કેમ કહ્યું ? | ૬૯ |
| ૫૫ | માર્ગ પ્રત્યે વિરુદ્ધ ભાવ હોય તે ? | ૬૯ |
| ૫૬ | ત્યારે શું સમ્યક્ત્વની પ્રાપ્તિ વિનાના બધા જ પ્રથમ ગુણસ્થાનકે ? | ૭૦ |
| | **ચારિત્ર** | |
| ૫૭ | સમ્યક્ચારિત્ર એટલે શું ? | ૭૩ |
| ૫૮ | પશુઓને માટે આ વિરતિ સંભવે ? | ૭૩ |
| ૫૯ | દશવિધ ચક્રવાલ સામાચારી વિના સાધુપણું સંભવે નહિ અને એ દશવિધ ચક્રવાલ સામાચારીનું પરિપાલન કરવા તિર્યંચો અસમર્થ છે, માટે તેઓ સર્વવિરતિ ધર્મને પામી શકતા નથીને? | ૭૪ |
| ૬૦ | જ્યારે આપનાથી પણ ભૂલ થઈ જાય તો પેલા સાધુ માટે આપે જે કહ્યું તે યોગ્ય છે ? | ૭૫ |
| ૬૧ | તિર્યંચો સર્વવિરતિ કેમ પામી શકતા નથી ? | ૭૬ |
| ૬૨ | દશવિધ સામાચારી કોને કહેવાય છે ? | ૭૮ |

૬૩ સંયમનો અર્થ શો ? ૭૮

## ચાર પુરૂષાર્થ

૬૪ દેશ પહેલો કે ધર્મ ? ૮૨

૬૫ દેશસેવા માટે તો સાધુસંસ્થા સામે વિરોધ કરે છે ને? ૮૨

## જિનેશ્વર

૬૬ લોકાંતિક દેવ આવ્યા પછી તો શ્રી તીર્થંકરદેવો બાર મહિને નીકળે અને એમ જ ભગવાન શ્રી મહાવીરદેવ નીકળ્યા, તો કોઈને માટે રહ્યા એમ કહેવાય ? ૮૫

૬૭ તીર્થંકરનામકર્મને આધીન થઈ દેશના દે તો શ્રી તીર્થંકરદેવ સ્વતંત્ર કહેવાય કે પરતંત્ર ? ૮૭

૬૮ પણ પ્રભુની ભાવના તો કશી છે જ નહિ ને ! ૮૭

૬૯ સાધુ દવા કરે કે નહિ ? ૮૯

૭૦ જેને ત્યાં પ્રભુ જન્મે તે સાર્વભૌમ રાજા હોય ? ૮૯

૭૧ એમના પિતા પર બીજાની આજ્ઞા તો ખરી ને ! ૮૯

૭૨ આ બધી વાતોને કલ્પના કહે એનું શું ? ૯૦

૭૩ શ્રી મહાવીર પરમાત્માએ ખીલા વખતે ચીસ પાડી હતી ને ? ૯૩

૭૪ દરેક અવસર્પિણીના દરેક ચોવીસમાં તીર્થંકરને એવા ઉપસર્ગ હોય ? ૯૩

૭૫ બધા તે કંઈ તીર્થંકરનામકર્મની નિકાચના કરી શકતા હશે ? ૯૩

૭૬ કોઈ પણ જીવને માટે આમાં પ્રતિબંધ જ નહિ? ૯૪

| | | |
|---|---|---|
| ૭૭ | તો પછી શ્રી તીર્થંકર ભગવંતો ઘણી જ અલ્પ સંખ્યામાં થાય છે, તેવું કેમ? | ૯૪ |
| ૭૮ | ભરતચક્રવર્તી ગૃહવાસમાં પણ કેવળજ્ઞાન પામવાની તાકાત ધરાવતા હતા, તો તે તાકાત શું તીર્થંકરોમાં નહોતી ? | ૯૪ |
| ૭૯ | પરમાત્માને વર્ષીદાન માટે દેવો લક્ષ્મી ક્યાંથી લાવે ? | ૯૫ |
| ૮૦ | ઈચ્છિત આપનાર પ્રભુ પાસે કોઈ સ્ત્રી માગે તો ? | ૯૭ |
| | **જ્ઞાન** | |
| ૮૧ | સમ્યગ્જ્ઞાન એટલે શું ? | ૯૮ |
| | **દાન** | |
| ૮૨ | પૈસા હોય તો શાસનનો ઉદ્ધાર થાય, પણ બધા સાધુ થઈ જાય તો શું થાય? | ૯૯ |
| ૮૩ | લક્ષ્મી આવે તો બધાં ધર્મકાર્યો થાય, માટે 'લક્ષ્મી મેળવી પછી શાસનની પ્રભાવના કરી, પછી સર્વવિરતિ લેવી' – એમ કોઈ કહે તો ? | ૧૦૦ |
| ૮૪ | લક્ષ્મી વગર દાન શાનું દે ? | ૧૦૧ |
| ૮૫ | છોકરાને લાલચ આપે તે રીતે ધર્મમાર્ગે લાવવા કહે તો ? | ૧૦૨ |
| ૮૬ | મોતીશા શેઠે આવા મંદિરો બંધાવ્યાં, તો અમારી પાસે લક્ષ્મી હોય તો, તેમ કરીએ, એ ભાવના તો થાય ને ! | ૧૦૨ |
| ૮૭ | લક્ષ્મી વધુ મળે તે માટે દાન દે તો કેવું ગણાય ? | ૧૦૩ |
| ૮૮ | અઢારમું પાપસ્થાનક આપ તો છોડી દેવાનું કહો છો : આપે | ૧૦૫ |

કહ્યું કે-સત્તર પાપસ્થાનક સેવવાં પડે તો પણ કંપતે હૃદયે સેવે, પણ અઢારમાનું શું ? આજે એનો (મિથ્યાત્ત્વનો) તો પ્રચાર થાય છે.

૮૯ એની આલોચના કેમ ? ૧૦૫

૯૦ વરદાન કોને કહેવાય ? ૧૦૬

૯૧ વરદાન રાજ્યદાન જ હોય ? ૧૦૬

૯૨ એવી જ રીતિએ આપણામાં 'વરબોધિ' શબ્દ પણ પ્રચલિત છે ને? ૧૦૭

૯૩ પાપથી ધન ભેગું કરેલું હોય, તો તે બીજાને આપી શકાય ખરું? ૧૦૭

૯૪ ધંધો કરીને વધુ પૈસા કમાઈએ તો શાસનની પ્રભાવનાનાં કાર્યો થાય ને? ૧૦૮

૯૫ અનીતિનું ધન શ્રી જિનમંદિરાદિમાં ખર્ચાય નહિ ને ? ૧૦૮

## દીક્ષા

૯૬ સમ્યક્ત્વ વિના દીક્ષા અપાય ? ૧૧૦

૯૭ આજે તો દીક્ષાના વિરોધી પણ પોતાને સુશ્રાવકો અને પોતાના ટોળાને પચીસમાં તીર્થકરસ્વરૂપ શ્રીસંઘ માનવાનું કહે છે. ? ૧૧૦

૯૮ માતાપિતા વગેરેની અનુમતિ મેળવવાનો દીક્ષાર્થીએ અવશ્ય પ્રયત્ન કરવો જોઈએ ? ૧૧૩

૯૯ માતાપિતાદિના નિર્વાહનો પ્રબંધ પણ દીક્ષાર્થીએ કરવો જોઈએ ? ૧૧૪

૧૦૦ દીક્ષા માટે અનુમતિ મેળવવાનો પ્રયત્ન કરવા જતાં માતાપિતાદિ ત્રાસ વર્તાવવા માંડે તો ? ૧૧૪
૧૦૧ અનુમતિ ન મળે તો ? ૧૧૫
૧૦૨ આટલું છતાં આજે ધમાલ કેમ છે ? ૧૧૫
૧૦૩ આપ માતાપિતાદિની અનુમતિ વિના દીક્ષા આપો છો એ વાત સાચી છે? ૧૧૬
૧૦૪ માતાપિતાના જીવતાં દીક્ષા નહિ લેવાની ભગવાન મહાવીરે પ્રતિજ્ઞા કરી એ કેમ ? ૧૧૬
૧૦૫ અભિગ્રહ તો મોહોદયથી કર્યો હતો ને ? ૧૧૭
૧૦૬ તો પછી જ્યારે ત્રીસ વર્ષો સુધી ગૃહાવસ્થાન મોહોદય હોવાથી જ થવાનું નિશ્ચિત હતું, તો પછી ભગવાનને અભિગ્રહ કરવાની જરૂર જ ક્યાં હતી ? ૧૧૭
૧૦૭ પોતાનું તે કર્મ સોપક્રમ જ છે એમ ભગવાને કેમ જાણ્યું ? ૧૧૮
૧૦૮ ભગવાન અભિગ્રહ ન કરે અને તેમનું ચારિત્રમોહનીય કર્મ વિરતિના પરિણામોથી વહેલું ક્ષીણ થઈ જાય, તો કયો મહાઅનર્થ થાય તેમ હતું? ૧૧૯
૧૦૯ માતાપિતાનું ચોક્કસ મૃત્યુ થશે એમ ભગવાને જાણ્યું હતું, એવો સ્પષ્ટ પાઠ શાસ્ત્રોમાં છે ? ૧૧૯
૧૧૦ પોતાનું ચારિત્રમોહનીયકર્મ સોપક્રમ છે એ અને માતાપિતાના જીવતાં પોતે દીક્ષા લે તો માતાપિતાનું નિયમા મૃત્યુ થાય એ ૧૨૦

| | | |
|---|---|---|
| | બધું અવધિજ્ઞાનનો ઉપયોગ કર્યા વિના તો જાણી શકાય જ નહિ ને ? | |
| ૧૧૧ | તો પછી ભગવાનના માતાપિતાના આયુષ્યકર્મને પણ સોપક્રમ જ માનવું પડે ને ? | ૧૨૧ |
| ૧૧૨ | ત્યારે તો જેનામાં આવું જાણવાનું સામર્થ્ય ન હોય, તેનાથી તો આ અભિગ્રહના નામે માતાપિતાના જીવતાં દીક્ષા નહિ લેવાનો નિર્ણય થઈ શકે નહિ એ તો સમજી શકાય એવી વાત છે : પણ ભગવાન માતાપિતાના મૃત્યુ બાદ પણ મોટા ભાઈના આગ્રહથી બે વર્ષ માટે સંસારમાં વધુ રહ્યા, તેનું શું ? | ૧૨૧ |
| ૧૧૩ | માતાપિતાના મૃત્યુ બાદ અવધિજ્ઞાનથી મહાઅનર્થ જાણીને જ ભગવાન વધુ રોકાયા એવું કયા શાસ્ત્રમાં છે ? | ૧૨૨ |
| ૧૧૪ | ભગવાને કહેલું કરવાનો યથાશક્તિ ઉદ્યમ કરવો જોઈએ, પણ ભગવાને કર્યું તે કરવાનાં ચેડાં નહિ કરવાં જોઈએ, આ વાત આમ તો બંધબેસતી લાગે છે, પણ પૂર્વના મહાપુરુષોએ આ રીતનું પ્રતિપાદન કર્યું છે. ? | ૧૨૫ |
| ૧૧૫ | ત્યારે અત્યારે શોકસામ્રાજ્ય ઘટ્યું, એમ ? | ૧૨૭ |
| ૧૧૬ | છતાં એ મહાઅનર્થ અટકાવવાને માટે ઋષભદેવ ભગવાન રોકાયા નહિ ? | ૧૨૭ |
| ૧૧૭ | ગૃહસ્થપણામાં ક્યાં ધર્મ થતો નથી ? | ૧૩૧ |
| ૧૧૮ | તો પછી દીક્ષાની ઉપર આટલો બધો ભાર શા માટે ? | ૧૩૧ |

૧૧૯ દીક્ષિત જીવન જ સર્વથા નિષ્પાપ અને ધર્મમય જીવન છે એ કેમ ? શું સાધુઓને પાપ લાગતું નથી ? ૧૩૧

૧૨૦ માણસ દીક્ષા ન લે અને ગૃહસ્થ રહી ઉત્તમ જીવન જીવે તો તેનું કલ્યાણ ન થાય ? ૧૩૨

૧૨૧ શું બધા સાધુઓ નિષ્પાપ અને ધર્મમય જીવન જીવે છે ? ૧૩૨

૧૨૨ સાધુવેષમાં રહેવા છતાં સાધુતાથી વંચિત હોય તેવાઓને તો નહિ માનવા જોઈએ ને ? ૧૩૨

૧૨૩ આનંદાદિ શ્રાવકોએ કે શ્રી શ્રીપાલ મહારાજાએ દીક્ષા નથી જ લીધી ને? ૧૩૩


## દિગંબર


૧૨૪ દિગંબર મત ક્યારે ઉત્પન્ન થયો ? ૧૩૪

૧૨૫ મતભેદ ઉત્પન્ન થવાનું કારણ ? ૧૩૪

૧૨૬ શ્રી જિનકલ્પ કોણ સ્વીકારી શકે ? ૧૩૫

૧૨૭ શ્રી જિનકલ્પ સ્વીકારવાનો વર્તમાનકાળમાં નિષેધ કેમ ? ૧૩૭

૧૨૮ દિગંબરોને સ્ત્રીમુક્તિનો નિષેધ કેમ કરવો પડ્યો ? ૧૩૭

૧૨૯ દિગંબર સંપ્રદાયની 'સ્ત્રીમુક્તિ' સંબંધી માન્યતા આપે સંક્ષિપ્ત રૂપમાં કહી તે સમજી શકાઈ નથી, તેથી ફરી વાર જણાવો. ૧૩૮

૧૩૦ સાતમી નરકે જેમ સ્ત્રી ન જાય એ રીતે મુક્તિમાં પણ એ ન જાય, એમ માનવામાં શું હરકત છે ? ૧૩૯


## ધર્મ


| | | |
|---|---|---|
| ૧૩૧ | શુભ ધર્મ અને શુદ્ધ ધર્મનો ભેદ શો ? | ૧૪૧ |
| ૧૩૨ | શુભ ધર્મ, એ અશુદ્ધ ધર્મ કહેવાય ? | ૧૪૧ |
| ૧૩૩ | ગૃહસ્થ છઠ્ઠા સાતમા ગુણઠાણાને સ્પર્શે જ નહિ ? | ૧૪૧ |
| ૧૩૪ | ગૌતમસ્વામીનો છંદ ગવાય છે, એમાં તો આ મળે, તે મળે વિગેરે આવે ને ? | ૧૪૩ |
| ૧૩૫ | વૈયાવચ્ચ કરે અને વજ્રઋષભનારાચ સંઘયણ મેળવવાની ઈચ્છા કરે તો ? | ૧૪૪ |
| ૧૩૬ | ધર્મી વિના ધર્મ હોય ? | ૧૪૫ |
| ૧૩૭ | સમય પ્રમાણે નવો ફેરફાર થાય તો ? | ૧૪૫ |
| ૧૩૮ | 'પૂર્વાચાર્યોએ આ બધું સ્વાર્થ માટે લખ્યું છે'-એમ આજના પાપાત્માઓ કહે છે ને ? | ૧૪૬ |
| ૧૩૯ | ગર્ભિણી સ્ત્રીને ઉત્તમ પ્રકારના દોહદ થાય અને એ પૂરા કરવા માટે ધર્મના કામ કરે તો ? | ૧૪૭ |

# ❀ અભવ્ય ❀

**૧. સભા** : **અભવી આઠ તત્ત્વને માને ?**

**પૂજ્યશ્રી** : જીવાજીવાદિ નવ તત્ત્વો પૈકીના એક મોક્ષ સિવાયના આઠ તત્ત્વોને અભવ્ય આત્માઓ માને એ શક્ય છે, પણ આઠ તત્ત્વોને માનવા છતાં પણ અભવ્ય આત્માઓ સંસારમાં રૂલ્યા જ કરે છે, કેમ કે-એમને મોક્ષ જોઈતો હોતો નથી. અભવ્ય આત્માઓ એમ જ માનતા હોય છે કે-વિષય અને કષાય વિના સુખ સંભવી શકે જ નહિ. (જૈન પ્રવચન વર્ષ ૩૬/અંક ૨૪)



# ❊ અષ્ટપ્રકારી પૂજા ❊

**૨. સભા : પ્રભુપૂજા સ્વદ્રવ્યથી કે દેવદ્રવ્યથી ?**

**પૂજ્યશ્રી** : જૈન જૈનેતર હરકોઇ દર્શનોમાં પ્રભુપૂજાની બાબતમાં એકમત પ્રવર્તે છે. સૌ કોઇ માને છે કે પ્રભુની પૂજા તો ગાંઠના દ્રવ્યથી જ કરવી, પારકાં દ્રવ્યે કે દેવદ્રવ્યથી નહિ. વ્યવહારમાં પણ પારકાં પૈસે પરમાન્ન ખાવાનું ઉચિત મનાયું નથી.

આટલી સીધી સાદી શાસ્ત્રસિદ્ધ-પરંપરાસિદ્ધ વાતનો ન જાણે કયા હેતુથી લોકોત્તર ગણાતા એવા જૈનશાસનના કોક ખૂણેખાંચરેથી વિરોધ થવા માંડયો છે અને પારકા જ નહિ પરંતુ દેવદ્રવ્યના પવિત્ર દ્રવ્યમાંથી પણ ભક્ત પોતાની પૂજાનું કર્તવ્ય અદા કરી શકે એવી માર્ગવિરૂદ્ધ પ્રરૂપણાઓ થવા માંડી છે. (*૧૦૮/૮૨)




* પરમતારકશ્રીજીના ૧૦૮ પુસ્તકોમાંથી ૮૨મું પુસ્તક આગળ પણ આ રીતે જ સમજવું.

# ❊ અન્યલિંગસિદ્ધ ❊

**૩. સભા : અન્યલિંગસિદ્ધ થયા ત્યાં જૈનધર્મ ખરો કે ?**

**પૂજ્યશ્રી** : આત્માની શુદ્ધિ થાય તેને કેવળજ્ઞાન થાય. રાગ-દ્વેષને જીતે તે જિન કહેવાય : જિનોના પણ આગેવાન અને ચોત્રીશ અતિશયોથી સંપન્ન તે શ્રી જિનેશ્વરદેવ કહેવાય. અને એ તારકે કહેલો જે ધર્મ તે જૈનધર્મ કહેવાય. એ તત્ત્વો જચે અને યોગ્ય વર્તાવ થઇ જાય તથા એ શુદ્ધ વર્તાવના યોગે તેવા પ્રકારની શુદ્ધિ પણ થઇ જાય ! અને એ તત્ત્વો જચવાં, એને યોગ્ય વર્તન થવું, એ બધું જૈનધર્મની આરાધના જ છે એમ કહી શકાય અને એ રીતે અન્યલિંગ સિદ્ધ થયા ત્યાં જૈનધર્મ ખરો એમ કહેવું સાચું જ છે. (જૈ. પ્ર. વ.૨/અં.૨૬)



# ※ ઈતિહાસ ※

**૪. સભા : મરૂદેવી માતાએ એક હજાર વર્ષ શોક કર્યો એ કર્મ પણ અંતર્મુહૂર્તમાં ખપીને કેવળજ્ઞાન થઇ શકે ?**

**પૂજ્યશ્રી** : હા, ભગવાનનું સમોસરણ જોઇને પરિણામની ધારા એવી ચઢી કે-હજાર વર્ષના શોકને મહાત કરે. આંખના પડળ પણ દૂર થયાં, દેખતા થયાં, કેવળજ્ઞાન પણ થયું અને મુક્તિ પણ થઇ. બધું એકી વખતે.
(જૈ. પ્ર. વ.૧/અં.૪૩)

**૫. સભા : શ્રેણિક મહારાજા ક્ષાયિકસમકિતી છતાં મેઘકુમારને ગાદીએ બેસાડ્યા ને?**

**પૂજ્યશ્રી** : બરાબર, અને એ મોહની તીવ્રતા ! દેશવિરતિને અને પ્રસંગે સર્વવિરતિને પણ મોહ મૂંઝવે, તો સમ્યગ્દષ્ટિ શા હિસાબમાં ? પણ ગાદિએ બેસાડ્યા પછી-'હવે તારું શું કરું'- આ પ્રમાણે પૂછ્યું. એના જવાબમાં શ્રી મેઘકુમારે દીક્ષાનાં ઉપકરણો માગવાથી એ પણ શ્રેણિક મહારાજાએ રજુ કર્યાં, એ કેમ ભૂલી જવાય છે ? અડધી વાત યાદ રહે અને અડધી ભૂલી જવાય છે કેમ ? છોકરાને વરઘોડે ચઢાવી પછી પણ કદી પૂછ્યું છે કે-'હજી શી ઇચ્છા છે ?' મોહથી મૂંઝવણ તો થાય, પણ અંદરની વસ્તુ સમ્યકત્વ, એ આત્માને સીધે માર્ગે લાવ્યા વિના રહે નહિ. (જૈ. પ્ર. વ.૨/અં.૧૨)

**પૂર્વભૂમિકા : કૈકેયી અધમ હતી એ મિથ્યાભ્રમ**

શ્રી દશરથના કુટુંબમાં ઉત્તમતા હતી, માટે જ એનાં (દશરથના કુટુંબના) વખાણ થાય છે. એ ઉત્તમતા ન હોત તો ત્યાં હોળીઓ સળગ્યા વિના રહેત નહી. આખું કુટુંબ સુસંસ્કારી છે.

**૬. સભા : કૈકેયી જેવી અધમ સ્ત્રી પણ એ જ કુટુંબમાં હતી ને ?**

**પૂજ્યશ્રી** : કૈકેયીએ ભૂલ કરી, જે કર્યું તે ઠીક ન કર્યું, એ બરાબર છે : પણ કૈકેયી અધમ સ્ત્રી હતી એમ કહેવું તે ખોટું છે. કૈકેયીએ જે સંયોગોની વચ્ચે માગણી કરી છે, તે સંયોગો જાણ્યા, સમજ્યા અને વિચાર્યા વિના અધમતાનો ઈલકાબ આપી દેવાની ઉતાવળ કરવી, એ પણ એક અધમ પ્રવૃત્તિ છે. કૈકેયીને એટલી એક માગણીમાત્રથી જ અધમ ગણવી હોય, તો આજના લગભગ આખાય સંસારને અધમ કહેવો પડશે.

**૭. સભા : કૈકેયીએ અધમતા નહોતી કરી ?**

**પૂજ્યશ્રી** : એને અધમતા કહેવાય એમ નથી. એ સંયોગો એવા હતા કે-મોહને આધીન થઈને એવી માગણી થઈ જવી, એ અસ્વાભાવિક નથી. પતિવિરહની પીડા અને સાથે જ પુત્રમોહ, આ બેના યોગે માગણી થઈ ગઈ પણ તે પછી જે થયું તે વિચારો એટલે અધમતાનો મિથ્યાભ્રમ નીકળી જશે.

**૮. સભા : ભરતને માટે ગાદીની માગણી ભલે કરી, પણ શ્રી રામને વનવાસ મોકલવાની માગણી કેમ કરી ? શ્રી રામને વનવાસ મોકલવાની માગણી કરી, એ અધમતા નહિ ?**

**પૂજ્યશ્રી** : બસ ? બોલી રહ્યા ? તમને સાચી વાતની ખબર છે નહિ અને પારકાને અધમ તરીકે ઠોકી બેસાડવાની જરા ઉત્સુકતા દેખાઇ આવે છે. લૌકિક રામાયણનું વર્ણન યાદ છે, પણ જૈન હોવા છતાં જૈન રામાયણ કાં જાણ્યું નથી, કાં યાદ રાખ્યું નથી. શ્રી રામચંદ્રજીને વનવાસ મોકલવાની માગણી કૈકેયીએ કરી જ નથી. કૈકેયીએ તો માત્ર 'ભરતને ગાદી મળે' –એ જ માગ્યું છે. શ્રી રામચંદ્રજી તો સ્વેચ્છાએ અયોધ્યા છોડી ગયા છે અને તે પણ 'પોતાની હાજરીમાં ભરત ગાદી લે નહિ અને ભરત ગાદી લે નહિ તો પિતાજીનું વચન મિથ્યા થાય' એમ લાગવાથી, તેમ નહિ થવા દેવાને માટે જ શ્રી રામચંદ્રજી ચાલી નીકળ્યા છે.

**૯. સભા : ભરતને માટે ગાદી માગી એ ઠીક કર્યું ?**

**પૂજ્યશ્રી** : પહેલાં જ કહ્યું કે–કૈકેયીથી એટલી ભૂલ જરૂર થઇ ગઇ, પણ એથી તેને અધમ ન કહેવાય. તમે ય કબુલ કરી ગયા કે–'ભરતને માટે ગાદીની માગણી ભલે કરી' છતાં પણ પાછી એ જ વાત કરો છો ? કૈકેયીએ જે સંજોગોમાં માગણી કરી તે સમજો !

**સભા : મેં ખોટા ખ્યાલથી અધમ કહેવાની ભૂલ કરી.**

**પૂજ્યશ્રી** : ભૂલ સુધરી ગઇ એ જ આનંદનો વિષય છે.

**૧૦. સભા : કૈકેયીદેવીએ કયા સંયોગોમાં ભરતને માટે રાજગાદીની માગણી કરી હતી?**

**પૂજ્યશ્રી** : રાજા દશરથે એક વાર પ્રસંગ પામીને શ્રી સત્યભૂતિ નામના પરમર્ષિને પોતાના પૂર્વભવોની હકીકત પૂછી. શ્રી સત્યભૂતિ નામના મહર્ષિએ પણ રાજા દશરથના કેટલાક પૂર્વભવો કહી સંભળાવ્યા. પૂર્વભવોને સાંભળીને રાજા દશરથ વૈરાગ્યવાસિત બન્યા અને દીક્ષા લેવાને તત્પર બન્યા. દીક્ષા લેવાની ઇચ્છા થતાં, રાજ્યભાર શ્રી રામચંદ્રજીને માથે મૂકવાને માટે રાજા દશરથ મુનિવરને વાંદીને તત્કાળ રાજમહેલમાં આવ્યા. દીક્ષા લેવાને ઉત્સુક બનેલા રાજા દશરથે પોતાની રાણીઓને બોલાવી તેમ જ પુત્રોને અને અમાત્યોને પણ બોલાવ્યા. આવેલા સૌની સાથે મીઠો વાર્તાલાપ કરતાં પોતાની દીક્ષા લેવાની ભાવના શ્રી દશરથ રાજાએ વ્યક્ત કરી.

આ વખતે બીજાઓ તો કાંઇ બોલ્યા નહિ, પરંતુ શ્રી ભરતજીએ કહ્યું કે-'હે પૂજ્ય ! આપની સાથે હું પણ સર્વવિરતિધર બનીશ. આપની ગેરહાજરીમાં હું આ ઘરમાં રહીશ નહિ. જો હું આપની સાથે દીક્ષિત નહિ થાઉં અને આ ઘરમાં રહીશ, તો મારે બે પ્રકારનાં કારમા કષ્ટો ભોગવવાં પડશે. એક કષ્ટ આપના વિરહનું અને બીજુ કષ્ટ સંસારના તાપનું ! જ્યારે હું આપની સાથે જ દીક્ષિત થઇશ, એટલે આપનો વિરહ વેઠવો નહિ પડે અને સંસારના તાપથી બળવાનું પણ નહિ રહે !'

આ વખતે કૈકેયીના હૈયામાં મોહનો ઉછાળો આવી જાય છે. કૈકેયી

જાણે છે કે-'રાજા દશરથને ગમે તે રોકવા ધારશે તોપણ રોકી શકશે નહિ અને વિરાગી ભરતે ય કાંઇ મારા કહેવાથી સંસારમાં રહે એ બનવાનું નથી.' શ્રી ભરતજીનાં વચનો સાંભળીને કૈકેયીને એ જ વિચાર થયો કે-' જો આ ભરત કહે છે તેમ તે પિતા-પુત્રને સાથે જ દીક્ષિત થવાનો નિર્ણય થશે, તો મારે પતિ કે પુત્ર કાંઇ પણ રહેશે નહિ.' આ વિચારે કૈકેયી ભય પામી.

પતિ તો જવાના જ છે, રોક્યા રોકાય તેમ નથી, પણ એકનો એક દીકરો ય સાથે જાય, એ કેમ ખમાય ? માને એકના એક દીકરાનો આવો મોહ થવો અને તે પણ જે સમયે પતિવિરહનો પ્રસંગ આંખ સામે ઊભો થયો છે તેવા સમયે, એ શું અસ્વાભાવિક છે ?

(જૈ. પ્ર. વ.૯/અં.૧૭)

**શ્રી રામને પાછા વાળવા સામંતાદિને મોકલે છે :**

**પૂર્વભૂમિકા** : પોતે તો કૈકેયીએ શ્રી ભરતને માટે જેવું રાજ્ય માગ્યું કે તરત જ રાજ્યને લઇ જવાનું કહી દીધું છે; શ્રી ભરતને રાજ્યને ગ્રહણ કરવાને માટે સમજાવવાનો ય પૂરેપૂરો પ્રયત્ન કર્યો છે; પણ કોઇ પણ ઉપાયે શ્રી ભરત રાજ્યને ગ્રહણ કરે-એમ લાગતું નથી અને પોતાની દીક્ષિત બનવાની ઉત્સુકતા વધી જવા પામી છે. આથી, શ્રી દશરથ સામંતોને અને મંત્રીઓને બોલાવે છે. તેમની સાથે વાતચીત કરે છે. પોતે તો દીધેલા વચનનું બરાબર પાલન કરી દીધું છે, પણ શ્રી ભરત રાજ્યને લે જ નહિ-એમાં એમનો કોઇ ઉપાય નથી. આથી શ્રી દશરથ સામંતોને

અને મંત્રીઓને કહે છે કે-'આ રાજ્યને ગ્રહણ કરવાને માટે તમે લક્ષ્મણ સહિત રામને પાછા લઇ આવો, તેમને બધી હકીકત સમજાવો અને મારા નામે તેમને કહો કે-તે પાછા ફરે.' સામંતોને અને મંત્રીઓને તો આ ગમતી જ વાત હતી, એટલે તેઓ તરત જ રવાના થયા.

**શ્રી રામ સામંતાદિની વિનંતિ ને ય સ્વીકારતા નથી :**

શ્રી દશરથના હુકમને લઇને નીકળેલા સામંતો અને મંત્રીઓ, વેગથી પ્રયાણ કરતા શ્રી રામ આદિની પાસે પહોંચી ગયા. શ્રી રામને તેમણે શ્રી દશરથની આજ્ઞા સંભળાવી અને પોતે પોતાના તરફથી પણ શ્રી રામ આદિને પાછા ફરવાની દીન બનીને બહુ બહુ પ્રાર્થના કરી, પણ રામ પાછા વળ્યા નહિ. કેમ પાછા વળ્યા નહિ ? 'પિતાજીની પ્રતિજ્ઞા તો પૂરી થઇ ગઇ અને એથી તેઓ આ પ્રમાણે કહેવડાવે એ વ્યાજબી છે'-એમ એ માનતા હતા, પણ એથી 'પોતે જે પ્રતિજ્ઞા કરી છે તે પૂરી થઇ જતી નથી'-એ વાત એમના ધ્યાન બહાર હતી નહિ. અને મહાપુરુષોની પ્રતિજ્ઞા એટલે ? કદાચ પર્વત ચલાયમાન થાય, એ બને, પણ મહાપુરૂષો પોતાની પ્રતિજ્ઞાથી ચલાયમાન થાય. એ તો બને જ નહિ. **મોટાનું વચન એક હોય. મોટા બેવચની બને નહિ અને જે બેવચની બને તે મોટા રહી શકે નહિ.** સામંતોએ અને મંત્રીઓએ બહુ બહુ વિનંતિ કરી, તે છતાં પણ શ્રી રામ આદિ જ્યારે પાછા વળ્યા નહિ, એટલે એ સામંતોએ અને મંત્રીઓએ શ્રી રામ આદિની સાથે ચાલવા માંડયું. શ્રી રામે તેમને વારંવાર પાછા જવાનું કહ્યું, પણ શ્રી રામને પાછા વાળવાની આશામાં ને આશામાં તેઓ કેટલાક દિવસો સુધી તો સાથે જ

ચાલ્યા. એમ કરતાં કરતાં બધા એક મોટી અટવીની પાસે પહોંચી ગયા. ત્યાં નદીના કાંઠે ઊભા રહીને શ્રી રામચંદ્રજીએ સામંતોને અને મંત્રીઓને કહ્યું કે-'અહીંથીં તો તમે પાછા જ વળો, કારણ કે-હવે જે માર્ગ આવે છે, તે ઘણો વિકટ છે. પૂજ્ય પિતાજીને અને માતાઓને તમે અમારા પ્રણામ કહેવાની સાથે અમારા કુશળ સમાચાર કહેજો અને હવેથી તમે ભાઇ ભરતની, મારી જેમ અથવા તો પિતાજીની જેમ, સેવા કરજો !' સામંતોને અને મંત્રીઓને આથી બહુ જ લાગી આવે છે. તેઓ ઘણા નારાજ થઇ જાય છે. શ્રી રામ આદિ પાછા નથી ફરતા, તેથી તેઓ અપાર વેદનાનો અનુભવ કરે છે. 'શ્રી રામના ચરણને અયોગ્ય એવા અમને ધિક્કાર છે !'-એ ભાવ એમના હૈયામાં પ્રગટે છે અને એથી તેઓ રુદન કરે છે. આ કઇ જાતિના માણસો છે ? કેટલી વફાદારીવાળા માણસો છે ? શ્રી રામ આદિ પ્રત્યે તેમને કશો જ બીજો ભાવ પ્રગટતો નથી અને પોતે જ અયોગ્ય છે એમ લાગી આવે છે. આ પણ એ બધાની જેવી-તેવી લાયકાત છે ?

સામંતો અને મંત્રીઓ રડતા રડતા પાછા ફરે છે. એમના હૈયામાં એટલું બધું કષ્ટ થઇ રહ્યું છે કે-મહામુશ્કેલીએ તેઓ અયોધ્યાનગરીએ પહોંચી શકે છે.

*ઈતિહાસ માત્ર વાંચવાનો નથી પણ ઈતિહાસ સર્જવાનો છે*

**૧૧. સભા : શ્રી રામચંદ્રજીએ આ પ્રમાણે બધાને પાછા વાળ્યા, તો પછી સીતાને અને લક્ષ્મણને કેમ પાછાં વાળ્યાં નહિ અને પોતાની સાથે આવવા દીધાં?**

**પૂજ્યશ્રી** : શ્રી રામને એ વાતની બરાબર ખબર છે કે-સીતા એવી સતી અને પોતાના પ્રત્યે એવી અનુરાગવાળી છે કે-એને ગમે તેટલું સમજાવવા છતાં પણ એ પાછી વળે જ નહિ તેમ જ શ્રી લક્ષ્મણ વિષે પણ શ્રી રામના હૈયામાં એવી ખાતરી છે કે-એ મારો એવો સાથી છે કે-એ મારા વિના એકલો રહી શકે જ નહિ. બાકી તો, તમને ખબર છે કે-શ્રી રામ પોતે થઈને નહોતા તો સીતાજીને સાથે આવવાનું કહેવાને ગયા કે નહોતા તો લક્ષ્મણજીને સાથે આવવાનું કહેવાને ગયા !

**પૂર્વભૂમિકા** : શ્રીમતી સીતાદેવી સગર્ભા બનતાં, તેમના પતિનો શ્રી રામચંદ્રજીનો રાગ વધી ગયો. શ્રી રામચંદ્રજીને સીતાજી પ્રતિ મૂળથી અતિશય રાગ તો હતો જ અને સીતાજીએ ગર્ભ ધારણ કર્યા બાદ તેમાં વધારો થયો. આથી સીતાજીની સપત્નીઓના હૈયામાં ઈર્ષ્યા જન્મી. ઈર્ષ્યાના યોગે તેઓએ સીતાજીને યેન-કેન ખરાબ કરવાનો નિર્ણય કર્યો. સીતાજી ઉપર એવું આળ ચઢાવવાનો તેમણે નિર્ણય કર્યો, કે જે આળના યોગે સીતાજી લોકમાં મોઢું બતાવવાને પણ લાયક રહી શકે નહિ. આથી તેઓએ સીતાજીની પાસે કપટપૂર્વક શ્રી રાવણના ચરણોનું ચિત્રણ કરાવ્યું. સરળસ્વભાવના સીતાજીએ, તેમણી સપત્નીઓની જાળમાં ફસાઈને શ્રી રાવણના ચરણોનું ચિત્રણ કર્યું, એટલે ઈર્ષ્યાગ્નિથી બળતી

સીતાજીની સપત્નીઓએ તે ચિત્રણ શ્રી રામચંદ્રજીની સમક્ષ રજુ કર્યું અને એમ ઠસાવવાનો પ્રયત્ન કર્યો કે 'સીતાજી હજુ પણ રાવણમાં જ અનુરક્ત છે.' શ્રી રામચંદ્રજીએ એ વાત સાંભળી લીધી, પણ તેને લેશ પણ વજુદ આપ્યું નહિ : કારણ કે સીતાજીના સતીપણા માટે તેમના હૈયામાં પૂરેપૂરો વિશ્વાસ હતો. શ્રી રામચંદ્રજીને સીતાજીના જ હાથથી ચિતરાયેલાં શ્રી રાવણના ચરણોનું ચિત્રણ બતાવવા છતાં પણ જ્યારે શ્રી રામચંદ્રજીએ સીતાજીની સાથે પૂર્વવત્ સ્નેહભર્યો જ વર્તાવ ચાલુ રાખ્યો, એટલે સીતાજીની સપત્નીઓએ પોતાની દાસીઓ દ્વારા લોકમાં એવી વાત વહેતી મૂકી કે 'સીતા કલંકિની છે.' ધીરે ધીરે એ વાત વધી પડી અને ઘેર ઘેર ચર્ચાવા લાગી. આ રીતિએ ઘેર ઘેર ચર્ચાઈ રહેલી એ વાત વિજય આદિ આઠ પુરમહત્તરોના કાને પણ આવી. તેમને પણ લાગ્યું કે આ વાત શ્રી રામચંદ્રજીને આપણે કહેવી જ જોઈએ અને શ્રી રામચંદ્રજી આવા પ્રવાદને કોઈ પણ રીતિએ સહન કરી લે નહિ એની પદ્ધતિસરની વિનંતિ કરવી જોઈએ. આ વિજય આદિ આઠ પુરમહત્તરો તે છે, કે જેમને નગરીના યથાભૂત વૃત્તાંતોને કહેવા માટેના અધિકારપદે શ્રી રામચંદ્રજીએ નિમણુંક કરેલી છે. આથી તેઓ પોતાની ફરજની રૂએ પણ નગરીમાં ચર્ચાતી સીતાજીની કલંકની વાત શ્રી રામચંદ્રજીને જણાવવા માટે બંધાયેલા છે. વિજય આદિ તે આઠ પુરમહત્તરો એ વાત શ્રી રામચંદ્રજીને કહેવાને માટે શ્રી રામચંદ્રજીની પાસે આવે છે અને નમસ્કાર કરીને ઊભા રહે છે. ઊભા ઊભા તેઓ વૃક્ષનાં પાદડાંની જેમ કંપી રહ્યા છે. પોતે જે વિજ્ઞપ્તિ કરવા આવ્યા છે,

તે વિજ્ઞપ્તિ કરી શકતા નથી. તેમને મૂંગા ઊભા રહીને કંપ્યા કરતા જોઈને શ્રી રામચંદ્રજી કહે છે કે ''હે પુરમહત્તરો ! તમારે જે કહેવું હોય તે જરા પણ ડર્યા વિના કહો. એકાંતહિતવાદી એવા તમને અભય છે !'' ખરેખર, **એકાંતહિતવાદી આત્માઓ જે કાંઈ કહે, તે સાંભળવાને માટે હિતકાંક્ષીઓએ સદા તત્પર જ રહેવું જોઈએ !** હિતવાદીઓનો આદર કરનારાઓ પોતાની સામગ્રીનો સુંદર પ્રકારનો ઉપયોગ કરીને, સ્વપરહિતને સાધનારાઓ બની શકે છે. આ માટે સુખી માણસોએ તો ખાસ કરીને, શ્રી રામચંદ્રજીના આ શબ્દો યાદ રાખીને વિચારવા જેવા છે. સુખી માણસો જો હિતવાદીઓનો આદર કરનારા બની જાય, તો તેમના જીવનમાં અનુપમ પલટો આવ્યા વિના રહે નહિ. તેઓનો મિથ્યા ઘમંડ નામશેષ થઈ જાય અને મળેલી સામગ્રીનો દુરુપયોગ થવાને બદલે પ્રાયઃસદુપયોગ જ થાય. શ્રી રામચંદ્રજીની સામગ્રી પાસે આજના સુખી ગણાતા માણસોની સામગ્રી કેવી ? અતિશય તુચ્છ. ત્રણ ખંડનું સ્વામિત્વ ભોગવનારા એ, હિતવાદીઓનો આદર કરી શકે અને તમે ન કરી શકો તો તેનું કારણ શું એ વિચારો ! શ્રી રામચંદ્રજી તો હિતવાદીઓને નિર્ભયપણે હિતવાદી બન્યા રહેવાની જ પ્રેરણા કરે છે (જૈ. પ્ર. વ.૨૪/અં.૧૭)

**વિજય નામના પુરમહત્તરનું કથન :**

શ્રી રામચંદ્રજીના તે કથનથી વિજય આદિ તે આઠ પુરમહત્તરોમાં કાંઈક હિંમત આવે છે. તેઓને ખાતરી થાય છે કે 'હવે ગમે તેવી અપ્રિય

પણ વાત કહેવામાં આવે તો પણ વાંધો નહિ આવે.'

આવી ખાતરી થવા છતાં પણ, તે પુરમહત્તરોમાં જે 'વિજય' નામનો આદ્ય મહત્તર છે, તે પોતાને કહેવાની વાત ખૂબ જ સાવચેતીથી, થાય તેટલો બુદ્ધિનો ઉપયોગ કરીને અને બને તેટલી નમ્ર ભાષામાં અને વ્યવસ્થિત પ્રસ્તાવનાદિ કરવા પૂર્વક જ કહે છે.

વિજય નામના તે આદ્ય મહત્તરે શ્રી રામચંદ્રજીને જે કાંઈ કહ્યું, તેનું વર્ણન કરતાં, પરમ-ઉપકારી, કલિકાલસર્વજ્ઞ, આચાર્યભગવાન શ્રીમદ્, હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ ફરમાવે છે કે-

**"स्वामिन्नवश्यविज्ञप्यं, यदि विज्ञप्यते न हि ।**
**वञ्चितः स्यात्तदा स्वामी, विज्ञप्तं चातिदुःश्रवम् ।।१।।**
**देव ! देव्यां प्रवादोऽस्ति, घटते दुर्घटोऽपि हि ।**
**युक्त्या हि यद्घटामेति, श्रद्धेयं तन्मनीषिणा ।।२।।**
**तथाहि जानकी हृत्वा, रावणेन रिरंसुना ।**
**एकैव निन्ये तद्वेश्म-न्यवात्सीच्च चिरं प्रभो ! ।।३।।**
**सीता रक्ता विरक्ता वा, संवित्त्या वा प्रसह्य वा ।**
**स्त्रीलोलेन दशास्येन, नूनं स्याद्भोगदूषिता ।।४।।**
**लोकोऽपि प्रवदत्येवं, प्रवदामो वयं तथा ।**
**युक्तियुक्तं प्रवादं तन्-मा सहस्व रघूद्वह ! ।।५।।**
**आजन्मोपार्जितां कीर्तिं, निजं कुलमिवामलाम्।**
**प्रवादसहनेन त्वं, मा देव! मलिनीकृथाः ।।६।।"**

**વિજયનું પ્રસ્તાવનારૂપ કથન :**

આઠ પુરમહત્તરોમાં પણ આગેવાન એવો વિજય નામનો પુરમહત્તર,સૌથી પહેલાં તો પ્રસ્તાવનારૂપ કથન કરે છે અને તેમાં પોતાની સ્થિતિની ચોખવટ કરે છે. પોતે જે વાત કહેવાને ઈચ્છે છે, તે વાત પોતાને ન છૂટકે જ કહેવી પડે છે એમ દેખાડે છે. શ્રી રામચંદ્રજીને એ સમજાવવા ઈચ્છે છે કે ‘અમે જે વાત આપની સેવામાં રજૂ કરવાને આવ્યા છીએ, તે કેવળ આપના પ્રત્યેની અમારી ફરજને આધીન બનીને જ કહેવા આવ્યા છીએ. આવી પણ વાત અમે જો આપને ન કહીએ, તો અમારું એ વર્તન આપને છેતરવા સમાન જ ગણાય અને આપની સાથે અમારાથી છેતરપીંડી તો કેમ જ થઈ શકે?’

આથી જ, પુરમહત્તર વિજય કહે છે કે –

‘હે સ્વામિન્ ! અમે જે વિજ્ઞપ્તિ કરવા આવ્યા છીએ, તે વિજ્ઞપ્તિ અવશ્ય કરવા યોગ્ય છે : અમે જો એવી અવશ્ય કરવા યોગ્ય પણ વિજ્ઞપ્તિ ન કરીએ, તો અમે અમારા સ્વામીને છેતરનારા જ ઠરીએ : પણ, અમારે જે વસ્તુની વિજ્ઞપ્તિ કરવાની છે તે સામાન્ય નથી. તે વસ્તુ અતિદુ:શ્રવ છે.’

આમ જણાવીને વિજયે જેમ પોતાની સ્થિતિની ચોખવટ કરી, તેમ તેણે શ્રી રામચંદ્રજીને સાવધાન મનવાળા બનાવવાનો પણ પ્રયત્ન કર્યો.

**ધર્મસ્થાનોમાં વધતી જતી ઉદ્ધતાઈ :**

વિજ્ઞપ્તિ કર્યા વિના ચાલે તેમ નથી, વિજ્ઞપ્તિ ન કરીએ તો સ્વામીની વંચના કરી ગણાય અને વિજ્ઞપ્તિ કર્યે છતે તેને સાંભળવી એ પણ

અતિમુશ્કેલ છે ! આ રીતિની શરૂઆત વિજયની વિચક્ષણતા અને વિનયશીલતાની સૂચક છે. આ પ્રસંગ વિચિત્ર છે એટલે જુદી વાત છે : બાકી વડીલો આદિની સાથે કેમ બોલવું જોઈએ એ આમાંથી પણ શીખી શકાય તેમ છે. મોટા અધિકારીઓની સાથે જેઓને પ્રસંગ છે અને તેઓને જ્યારે તે અધિકારીઓને અપ્રિય એવી પણ વાત કહેવાની હોય છે, ત્યારે તેઓ આવી અગર તો આથી પણ વધારે નમ્ર વાણી બોલે છે : કારણ કે ત્યાં જો ઊંધુ પડે તો મોટું નુકસાન થવાનો સંભવ છે, એમ તેઓ સમજતા હોય છે. સદ્‌ગુરુઓની સાથે બોલવા-ચાલવાના પ્રસંગમાં પણ વાણી નમ્રતાથી ભરેલી જ હોવી જોઈએ : પણ આજે મોટે ભાગે સર્વ ધર્મસ્થાનોમાં ઉદ્ધતાઈ વધતી જાય છે. ધર્મસ્થાનોમાં તો વધુમાં વધુ વિનયશીલતા જાળવવી જોઈએ. એને બદલે આજે જો કોઈ પણ સ્થળે વધુમાં વધુ ઉદ્ધતાઈના દર્શન થતાં હોય, તો તે પ્રાય : ધર્મસ્થાનોમાં જ થાય છે. દેવ બોલે નહિ, ગુરુએ ક્ષમા રાખવાની અને દુષ્કર્મનું ફળ તો જ્યારે મળશે ત્યારે વાત છે ને ? આવી મનોદશાના યોગે બુદ્ધિશાળી આદમી પણ ધર્મસ્થાનોની આશાતના જ કર્યા કરે છે. એવાઓ ગુરુએ ક્ષમા રાખવી જોઈએ એમ કહે, પણ 'અમારે કેમ વર્તવું જોઈએ' એનો વિચાર કરે નહિ.

**વ્યવહારની ઉદ્ધતાઈ કરતાંય ધર્મસ્થાનોમાં આચરેલી ઉદ્ધતાઈથી વધુ નુકશાન થાય :**

ધર્મસ્થાનોમાં ઉદ્ધત બનનારાઓમાં બુદ્ધિ નથી, આવડત નથી કે તેમને કશી જ ગમ નથી એમ ન માનતા. એના એ માણસો શેઠની

પાસે, સાહેબની પાસે, કમાણી કરાવનાર ગ્રાહકની પાસે, ભલે દંભથી પણ કેવી રીતિએ વર્તે છે, એ જાણો છો ને ?

**સભા : પાળેલા કૂતરાની જેમ.**

**પૂજ્યશ્રી** : એ ગમે તેમ, પણ ત્યાં તેઓ ખૂબ સાવધ, ખૂબ નમ્ર અને ખૂબ વિચક્ષણ બને છે. આથી વિચારવું જોઈએ કે ધર્મસ્થાનોમાં જ તેઓ ઉદ્ધત કેમ બને છે. કહો કે ત્યાં સ્વાર્થવિવશતા છે અને અહીં ? અહીં તો જાણે આવે તોય તે ઉપકાર કરવાને જ આવતા હોય તેમ ! એવાઓને ભવની ભીતિ કે પાપનો ડર નથી હોતો અને એથી જ તેઓ ધર્મસ્થાનોમાં ગમે તેવું ઉદ્ધતાઈભર્યું વર્તન આચરી શકે છે. ઉદ્ધતાઈ એ જ્યાં સર્વત્ર ત્યાજ્ય છે, ત્યાં ધર્મસ્થાનોમાં તો આચરણીય હોય જ શાની ? ઉપકારીઓ ફરમાવે છે કે વિનય એ ધર્મનું મૂળ છે. મૂળને હણીને ફળ કોઈ પામ્યું છે. ? મૂળ હણાયું એટલે સઘળું જ હણાયું. ધર્મ વિના કલ્યાણ નથી અને ધર્મની પ્રાપ્તિ સદ્ગુરુઓ દ્વારા શક્ય છે, હૃદયમાં જચી જાય, તો ધર્મસ્થાનોમાં વિનય સ્વાભાવિક બની જાય. ધર્મસ્થાનોમાં ઉદ્ધત બનનારાઓએ તો ખાસ ચેતવા જેવું છે. ચક્રવર્તી કે ઈંદ્ર પાસે ઉદ્ધત બનવામાં જે હાની છે, તેના કરતાં કેઈ ગુણી હાની ધર્મસ્થાનોમાં ઉદ્ધત બનવામાં છે. વ્યવહારની ઉદ્ધતાઈ સામાન્ય રીતિએ આ લોકની જ હાનિનું કારણ બને છે : જ્યારે ધર્મસ્થાનોમાં કરેલી ઉદ્ધતાઈ આ લોકમાં પણ ખરાબ કરે છે અને પરલોકમાં પણ ખરાબ કરે છે. આ લોકમાં એથી શિષ્ટજનોનો તિરસ્કાર પ્રાપ્ત થાય છે અને ભવાંતરમાં ધર્મની પ્રાપ્તિ દુર્લભ બની જાય છે. ધર્મસ્થાનોમાં

આવનારા બધા જ ઉદ્ધત હોય છે એમ નથી, પણ આજે ધર્મસ્થાનોમાં ઉદ્ધત બનીને વર્તનારાઓ વધતા જાય છે, એ નિર્વિવાદ વાત છે. ધર્મસ્થાનોમાં ઈરાદાપૂર્વક ઉદ્ધત બનનારાઓની દુર્ગતિ ઘણા કાળ સુધી પીછો છોડતી નથી. આ નુકસાન સમજાય, હૈયે જચી જાય, તો ધર્મસ્થાનોમાં ઉદ્ધતાઈ કરવાનો સ્વપ્ને પણ ખ્યાલ આવે નહિ : પરંતુ દુર્ભવી કે અભવી આત્માઓના હૈયામાં આ વાત જચે એય શક્ય નથી.

**પ્રવાદ દુર્ઘટ છતાં યુક્તિથી ઘટે છે :**

અહીં તો વિજય કહે છે કે - 'હે સ્વામિન્ ! અમે જે વિજ્ઞપ્તિ કરવા ઈચ્છીએ છીએ, તે વિજ્ઞપ્તિ અવશ્ય કરવા યોગ્ય છેઃ જે વસ્તુ અવશ્ય જણાવવા યોગ્ય હોય, તે જો ન જણાવીએ તો અમે સ્વામીની વંચના કરી ગણાય અને વિજ્ઞપ્તિ કર્યે છતે તે અતિદુઃશ્રવ છે.' આ પ્રકારની પ્રસ્તાવના કરીને, મૂળ વાત ઉપર આવતાં વિજય કહે છે કે -

'હે દેવ ! દેવીના સંબંધમાં પ્રવાદ છે. જો કે એ પ્રવાદ દુર્ઘટ છે, પણ દુર્ઘટ એવોય એ પ્રવાદ યુક્તિથી ઘટે છે : અને જે પ્રવાદ યુક્તિથી ઘટતો હોય, તે પ્રવાદને તે દુર્ઘટ હોય તે છતાં પણ બુદ્ધિમાનોએ શ્રદ્ધેય માનવો જોઈએ.'

જોઈ વિચક્ષણતા ? પહેલાં પોતાની સ્થિતિની ચોખવટ કરવા સાથે શ્રી રામચંદ્રજીને સાવધ બનાવ્યા અને હવે વાતની શરૂઆત કરતાં, એ વાત શ્રીમતી સીતાદેવીને લગતી છે એનું સૂચન કરે છે. એ સૂચન પણ ખૂબ સફાઈથી કરે છે અને સાથે સાથે એ વસ્તુ શ્રદ્ધેય છે એમ પણ સફાઈથી જણાવી દે છે. પહેલાં તો કહે છે કે દેવીના સંબંધમાં પ્રવાદ

છે : પછી કહે છે કે એ પ્રવાદ દુર્ઘટ છે : અને એ પ્રવાદને દુર્ઘટ કહીને સમર્થન તો એ જ વાતનું કરે છે કે દુર્ઘટ એવો પણ એ પ્રવાદ યુક્તિથી ઘટે છે અને એ કારણે બુદ્ધિમાનોને માટે એ દુર્ઘટ પણ પ્રવાદ શ્રદ્ધેય છે. અર્થાત્ આપ જો બુદ્ધિમાન હો, તો આપે પણ આ પ્રવાદને શ્રદ્ધેય માનવો જોઈએ, એવું પણ એ આડકતરી રીતિએ કહી દે છે.

**પ્રવાદનું સ્પષ્ટીકરણ :**

આટલું કહ્યા બાદ, વિજય એ પ્રવાદનું વર્ણન કરે છે. 'એ પ્રવાદ એવો છે કે' એમ કહીને, વિજય શ્રી રામચંદ્રજીને કહે છે કે 'રતિક્રીડાની કામનાવાળો રાવણ જાનકીને એકલી જ લઈ ગયો અને ત્યાં, હે પ્રભો ! જાનકીને ઘણો કાળ રહેવાનું થયું. સીતા રક્ત હોય કે વિરક્ત હોય, પણ સ્ત્રીલોલુપ રાવણે તેને સમજાવીને  કે બળાત્કારે ભોગવીને દૂષિત તો જરૂર કરેલી હોય ! લોક પણ આ પ્રમાણે કહે છે અને અમે પણ એમ કહીએ છીએ : કારણ કે એ પ્રવાદ યુક્તિયુક્ત છે, તો હે સ્વામિન્ ! આપ એ યુક્તિયુક્ત પ્રવાદને સહો નહિ !!'

કહો, આ કેવો યુક્તિવાદ છે ? ગમે તેવો બુદ્ધિશાળી માણસ પણ જ્યાં ઉન્માર્ગે ઘસડાઈ જાય એટલે એની બુદ્ધિ અવનવા કુતર્કો ઉત્પન્ન કર્યા જ કરે. સંસારમાં કુયુક્તિઓ પણ પાર વિનાની છે. કોર્ટોમાં શું થાય છે ? વાદી અને પ્રતિવાદી બન્ને તરફથી જુદા જુદા કાયદાશાસ્ત્રીઓ દલીલો કરે. ખોટાને દલીલો ન મળે એમ ન માનતા. એવા પણ કુશળ માણસો હોય છે કે તદ્દન ખોટી પણ વાતને એવી યુક્તિસંગત બનાવીને રજુ કરે કે સામાન્ય માણસો તો સહેજમાં ભોળવાઈ જાય અને

બુદ્ધિશાળી માણસોનું મગજ પણ ચકરાવે ચઢી જાય. એવા ય કુતર્કવાદીઓને પકડી પાડવાને સમર્થ માણસો નથી હોતા એમ નહિ, પણ એ વાત નિશ્ચિત છે કે બાહોશ કુતર્કવાદીઓ ઘણાઓને ઉન્માર્ગે ઘસડી શકે છે.

**અર્થીપણા વિનાની બેદરકારી :**

જેમ વાણી તેમ વર્તનમાં પણ દંભકુશળ આત્માઓ હોય છે. ચિત્રકાર સપાટ ભૂમિ, ભીંત કે વસ્ત્ર ઉપર ચિત્ર દોરે, છતાં તે કુશળ હોય તો જોનારને અમુક ભાગ ઊંચો અને અમુક ભાગ નીચો આદિ છે, એમ પણ બતાવી શકે. એ જ રીતિ એ દંભકુશળ આત્માઓ પણ હૈયામાં ઝેર રાખીને મૃદુ વાણી બોલી શકે અને પોતે દુરાચારી હોવા છતાં ય સદાચારી હોવાનો દેખાવ કરી શકે. આથી કોઈની પણ મીઠી વાતોથી લોભાવું નહિ, પણ સારાસારની પરીક્ષા કરતાં શીખવું. ધર્મનું અર્થીપણું જેમ જેમ જાય છે, તેમ તેમ ધર્મની પરીક્ષા અને ધર્મગુરુઓની પરીક્ષા તરફ દુર્લક્ષ્ય વધતું જાય છે. ધર્મ સુધર્મ છે કે કુધર્મ અને આ ગુરુ સુગુરુ છે કે કુગુરુ એ પણ ધર્મના અર્થી આત્માઓએ જાણવું જોઈએ. દેવ, ગુરુ અને ધર્મ ત્રણેયમાં 'સુ' પણ હોઈ શકે અને 'કુ' પણ હોઈ શકે. દેવ તરીકે પૂજાનારમાં દેવત્વ ન હોય અને ગુરુ તેમ જ ધર્મ તરીકે ઓળખાવનારમાં ગુરુત્વ અને ધર્મત્વ ન હોય એ અશક્ય નથી. એવા પણ દેવ, ગુરુ અને ધર્મ હોઈ શકે છે, કે જે માત્ર નામના જ દેવ, ગુરુ અને ધર્મ હોય, પણ પરમાર્થથી તે ન દેવ હોય, ન ગુરુ હોય કે ન ધર્મ હોય. આ કારણે જ ઉપકારીઓ ફરમાવે છે કે સુ અને કુ ને પારખતાં

શીખો. કલ્યાણ ચાહતા હો તો 'કુ'ને તજી 'સુ'ને સ્વીકારો. પણ એ કોને માટે ? દેવને દેવરૂપે પૂજવા હોય, તો ને ? ગુરુને ગુરુરૂપે સ્વીકારવા હોય, તો ને ? અને ધર્મને પણ ધર્મરૂપે સેવવો હોય, તો ને ? દેવ, ગુરુ અને ધર્મની ઉપાસના જે રૂપે થવી જોઈએ તે રૂપે નથી થતી, તેમાં મુખ્ય કારણ એ જ છે કે એનું સાચું અર્થીપણું પ્રગટ્યું નથી. ઘણી ખરી બેદરકારી અર્થીપણાના અભાવમાંથી જ જન્મે છે. સાચું અર્થીપણું બેદરકારીને દૂર કરે છે અને કાળજીને વધારે છે. બેદરકારી દૂર થાય અને સાચી કાળજી વધે, તો વેષધારીઓથી બચવું એ ઘણું જ સહેલું બની જાય. એવો આત્મા તો હિતકર વાણી બોલવામાં અને હિતકર વર્તન કરવામાં પણ કુશળ બની જાય છે.

**મોક્ષનું અર્થીપણું મોક્ષ પમાડનાર :**

વિજયના સંયોગો વિચારો. વિજય આદિ આઠેય પુરમહત્તરોને શ્રી રામચંદ્રજીની પાસે મહાસતી સીતાજીનો ત્યાગ કરાવવો છે. એ ત્યાગ પણ કેવી રીતિએ કરાવવો છે ? સીતાજી સતી નથી, એમ પુરવાર કરીને ! આ કામ સહેલું નથી, મનમાં ભય ઓછો નથી, પણ એક વસ્તુનું અર્થીપણું શું કરે છે એ જોવા અને સમજવા જેવું છે. અર્થીપણાના યોગે માણસ શક્ય એટલો પોતાની બુદ્ધિનો અને સામગ્રીનો ઉપયોગ કરવાને નથી ચૂક્તો. અર્થીપણું અયોગ્ય વસ્તુનું હોય અને એથી બુદ્ધિ તથા સામગ્રીનો દુરુપયોગ થાય એ વાત જુદી છે : પણ એ જ રીતિએ જો કલ્યાણકર વસ્તુનું અર્થીપણું હોય, તો બુદ્ધિ અને સામગ્રીનો સદુપયોગ થાય, એય ચોક્કસ ને?

**સભા** : **જરૂર થાય.**

**પૂજ્યશ્રી** : આથી જ કહેવાય છે કે એક મોક્ષના જ અર્થીપણાને તીવ્ર બનાવો. મોક્ષના એવા અર્થી બની જાવ કે બીજી કોઈ જ વસ્તુનું અર્થીપણું રહે નહિ. કોઈ પણ વસ્તુની ઈચ્છા થાય ,તો ય તે એવી જ વસ્તુની ઈચ્છા થાય, કે જે મોક્ષની સાધનામાં સહાયક હોય. મોક્ષસાધનામાં સહાયક સામગ્રીની અભિલાષા થાય, તો ય તે જલદી મોક્ષ સધાય એ હેતુથી જ થાય, એવી મનોદશા કેળવાવી જોઈએ. મોક્ષનું અર્થીપણું જેમ જેમ તીવ્ર બનશે, તેમ તેમ મોક્ષના ઉપાયને જાણવા અને આચરવાનું અર્થીપણું પણ તીવ્ર બનશે. એથી સમ્યક્ત્વગુણ નહિ પ્રગટ્યો હોય તો પ્રગટશે અને પ્રગટ્યો હશે તો વધુ ને વધુ નિર્મળ બનતો જશે. સમ્યક્ચારિત્રને પામી એ આત્મા સકલ કર્મોના છેદને સાધનારો બની શકે છે. સમ્યક્ચારિત્રને પામ્યા વિના સકલ કર્મોનો સમૂલ છેદ શક્ય નથી અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વિના સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ શક્ય નથી. આ રીતિએ મોક્ષનું અર્થીપણું પરિણામે મોક્ષને પમાડનારું નીવડે છે.

## તદ્દન જુઠ્ઠા પણ પ્રવાદને યુક્તિયુક્ત ઠરાવવા માટે કેવી દલીલો કરાઈ છે?

અહીં તો શ્રી રામચંદ્રજીની પાસે શ્રીમતી સીતાદેવી જેવી તેમની અતિવલ્લભા પત્નીનો ત્યાગ કરાવવાનું અને તે પણ એ મહાસતીને કલંકિતા ઠરાવીને ત્યાગ કરાવવાનું અર્થીપણું છે. એ અર્થીપણાને સિદ્ધ કરવાને માટે વિજય તદ્દન ખોટા પણ પ્રવાદને યુક્તિયુક્ત ઠરાવવા મથે છે. એથી એ શ્રીમતી સીતાદેવીની મનોદશાને, ધૈર્યશીલતાને અને

સત્ત્વશીલતા આદિને એકદમ ગૌણ બનાવી દે છે. એ વાત જાણે કે વિચારવા જેવી જ ન હોય, એ રીતિએ વિજય વાત કરે છે. એ એમ સમજાવવા મથે છે કે રાવણ જેવો સમર્થ રાજા પરસ્ત્રીલંપટ બનીને પરસ્ત્રીને ઉપાડી જાય અને એ એકલી જ ઘણા કાળ સુધી ત્યાં વસે,. એ સંયોગોમાં એ ગમે તેવી સારી પણ હોય, તે છતાં પણ તે દૂષિત થયા વિના રહે જ નહિ અને એટલે જ વિજય એવી સંકલના ગોઠવે છે કે–
''રાવણ સીતાજીને ઉપાડી ગયો, હરી ગયો, તે બીજા કોઈ કારણે હરી ગયો નહોતો, પણ કેવળ રતિક્રીડાની ઈચ્છાથી જ હરી ગયો હતો.
એક તો રાવણ કેવળ ભોગલાલસાથી જ સીતાજી એકલાને જ ઉપાડી ગયો અને સીતાજી પણ ત્યાં તેના મહેલમાં ઘણા કાળ પર્યંત વસ્યાં.
આમ છતાં માનો કે સીતાજી તેનાથી વિરક્ત હોય, પણ સીતાજી તેનાથી વિરક્ત હોય કે તેનામાં રક્ત હોય, તેનો કાંઈ અર્થ જ નથી. સામે રાવણ કેવો હતો એ જ વિચારવાનું છે.

સીતાજી એમાં સંમત ન હોય એ પણ સંભવિત છે – પણ તેથી શું ? સીતાજીની સંમતિથી કે બળાત્કારથી પણ રાવણે તેમને ભોગથી દૂષિત તો બનાવેલા જ હોય – કારણ કે સીતાજી સાથેના ભોગનો અતિશય અભિલાષી, પરસ્ત્રીલંપટ એવો રાવણ એક તરફ અને બીજી તરફ સીતાજી એકલાં જ, તેમ ઘણો કાળ સીતાજીને તેના જ તાબામાં વસવાનું થયું : આ સંયોગોમાં, સીતાજી ગમે તેટલાં શુદ્ધ મનવાળાં હોય, તો પણ રાવણ તેમને દૂષિત ન કરે–એ કોઈ પણ રીતિએ બનવા જોગ નથી.''

**શ્રી રાવણના નિયમને જાણતા હોય, તોય તે કહેવાય તેમ હતું જ નહિ :**

એક તદ્દન બનાવટી પણ પ્રવાદને સાચો ઠરાવવાને માટે, જુઓ કે સીતાજીના હરણ અને લંકામાંના વસવાટને કેવા રૂપમાં રજુ કરવામાં આવે છે !

**૧૨ સભા : શ્રી રાવણને તો એવો નિયમ હતો ને કે-કોઈ પણ પરસ્ત્રીને તેની ઈચ્છાવિરુદ્ધ ભોગવવી નહિ ?**

**પૂજ્યશ્રી** : માટે તો સીતાજી ઉપર શ્રી રાવણે બળાત્કાર કર્યો નથી અને સીતાજી સર્વથા નિર્દૂષિત રહ્યાં થકાં પાછા ફરી શક્યાં છે. શ્રી રાવણને જો એવો નિયમ ન હોત અગર તો શ્રી રાવણ પોતાના તે નિયમના પાલનમાં સજ્જ ન હોત, તો શું પરિણામ આવત એ તો જ્ઞાની જાણે.

**૧૩. સભા : સીતાજી આપઘાત કરત ?**

**પૂજ્યશ્રી** : એય શક્ય છે, પણ શું થાત એ આપણે નિશ્ચિતપણે કેમ કહી શકીએ? શ્રી રાવણે જો બળાત્કાર કર્યો હોત, તેવો પ્રયત્ન કર્યો હોત, તો કદાચ શીલના માહાત્મ્યથી કાંઈક અવનવું જ બન્યું હોત ! એ ગમે તે થાત, પણ શ્રી રાવણ બળાત્કારે પણ સીતાજીને ભોગદૂષિત તો બનાવી શકત જ નહિ. મહાસતીઓ પ્રાણના સાટે પણ શીલની જ રક્ષા કરે.

* *બાળજીવોને ધર્મસન્મુખ કરવા માટે ધર્મકથાનુયોગ (ઈતિહાસ) ખૂબ ઉપકારક નીવડે છે.*

**૧૪.સભા : શ્રી રાવણને એવો નિયમ હતો, તે છતાં પણ વિજય આવી બનાવટ કેમ કરી રહ્યો છે અને શ્રી રામચંદ્રજી આ વાતને મૂંગા મૂંગા કેમ સાંભળી રહ્યા છે ?**

**પૂજ્યશ્રી** : વિજયને અને શ્રી રામચંદ્રજીને પણ શ્રી રાવણના એ નિયમની માહિતી ન હોય, એ ખૂબ જ બનવા જોગ છે. આ ઉપરાંત ઘડીભર આપણે એમ કલ્પીએ કે-શ્રી રામચંદ્રજી શ્રી રાવણના એ નિયમની વાત જાણતા હતા, તો પણ તેઓ આવા સમયે એ વાતને આગળ ધરે નહિ, તે સ્વાભાવિક જ છે.

**સભા : એમ કેમ ?**

**પૂજ્યશ્રી** : એનું એ પણ એક કારણ છે કે શ્રી રામચંદ્રજી કદાચ એવી વાત કરે, તો ય વિજય આદિ એ વાતને માને નહિ. વિજય આદિ કદાચ મોઢા-મોઢ ન કહી શકે, તોય પાછળ બોલે અગર મનમાં વિચારે કે-

''પોતાની પત્ની દૂષિત હોવા છતાં પણ, તેને નિર્દોષ ઠરાવવા માટેનો આ એક સામાન્ય પણ બુદ્ધિશાળી કબૂલી ન શકે એવો બચાવ છે. તણખલાનું આલંબન લઈને સાગરને તરી જવાની વાત જેવી આ હાસ્યાસ્પદ વાત છે અને બીજા કોઈ પણ પ્રસંગમાં શ્રી રામચંદ્રજી જેવા બુદ્ધિશાળી સ્વામી આવી વાત ન તો ઉચ્ચારે કે ન તો કોઈએ કહી હોય તો કબૂલે. આ તો સીતાજી પ્રત્યેના મોહે બુદ્ધિને આવરી લીધી છે, માટે જ શ્રી રામચંદ્રજી એમ કહે કે 'રાવણને બળાત્કારે પરસ્ત્રીને નહિ ભોગવવાનો નિયમ હતો અને સીતાજી તેનાથી વિરક્ત હોઈને તેમને વિના બળાત્કારે રાવણ દૂષિત કરી શકે એ શક્ય

નહોતું, માટે સીતાજી નિર્દોષ છે.' બાકી રાવણ, કે જેણે કેવળ ભોગની લાલસાથી કપટ કરીને પરસ્ત્રીનું હરણ કર્યું અને તેમ કરતાં જેને લોક-લજ્જા નડી નહિ તેમ જ બાપ-દાદાની આબરૂને અને પોતાના કુળને કલંકિત કરતાં પણ જેને આંચકો આવ્યો નહિ - એટલું જ નહિ, પણ જેણે સીતાજીને હર્યા પછી છેલ્લે છેલ્લે પણ છોડી દેવાને બદલે ફના-થવાનું મરવાનું પસંદ કર્યું, રાજ્યનો અને કુળનો નાશ થાય એની દરકાર કરી નહિ તથા શ્રી બિભીષણ જેવાને પણ જેણે સાચી વાત કહેતાં કાઢી મૂક્યા, તે રાવણ એક નિયમ ખાતર સીતાજી ઉપર બળાત્કાર ન કરે, એ શક્ય જ નથી. એવાને વળી નિયમ શા અને કદાચ નિયમ હોય તોય એવા નિયમનું એવાઓ પાલન કરે જ શાના ?''

શ્રી રામચંદ્રજી શ્રી રાવણના તે નિયમને કદાચ જાણતા હોય અને તે આવા વખતે કહે, તો વિજય આદિ આવા આવા પણ વિચારો કરે કે નહિ ? તેમ જ શક્ય હોય તો આવી વાતો પણ મોઢા- મોઢ નહિ તો પાછળ પણ બોલે કે નહિ ?

**સભા** : **એ સંભવિત ખરું.**

**પૂજ્યશ્રી** : એટલે શ્રી રાવણના તે નિયમની વાત શ્રી રામચંદ્રજી જાણતા હોય તોય ન બોલે, તે સ્વાભાવિક છે ને ?

**સભા** : **હાજી.**

**પૂજ્યશ્રી** : ઊલટું એમ પણ બને કે-આવા પ્રસંગે શ્રી રાવણના નિયમની વાત કહેવાથી સીતાજી માટેનો લોકપ્રવાદ વધારે ગંભીર સ્વરૂપ ધારણ કરે :

કારણ કે-વિજય જેવા કુશળ માણસો પોતાનું ધાર્યું ન થાય એથી કે કોઇ પણ રીતિએ પોતાનું ધાર્યું કરાવવાની ઇચ્છાથી બિલકુલ સાચી એવી પણ વાતને બરાબર ખોટી લાગે એવા રૂપે રજુ કરે, એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઇ નથી.

**૧૫. સભા : પણ વિજય વગેરે તે આઠ જણાને એવું તે શું લાગ્યું છે, કે જેથી તેઓ મહાસતી સીતાજીને કલંકિત ઠરાવીને તેમનો શ્રી રામચંદ્રજી પાસે ત્યાગ કરાવવાને જ તત્પર બન્યા છે ? સીતાદેવી ઉપર આટલો બધો દ્વેષ આવવાનું કારણ શું ?**

**પૂજ્યશ્રી** : બહુ મજેનો પ્રશ્ન છે. વિજય આદિ પુરમહત્તરોના હૈયામાં સીતાજી પ્રત્યે દ્વેષ છે એમ નથી. સીતાજીએ એવું કાંઇ જ કર્યું નથી, કે જેથી વિજય આદિના હૈયામાં સીતાજી તરફ દ્વેષભાવ પ્રગટે.

**૧૬. સભા : તો પછી કારણ શું ?**

**પૂજ્યશ્રી** : એનો જ ખુલાસો કરાય છે. શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજી જેવા ન્યાયપરાયણ અને નિષ્કલંક કીર્તિને ધરનારા સ્વામી જેને મળ્યા છે, તે પ્રજાના આગેવાનોના હૈયામાં એ ભાવના હોવી એ સ્વાભાવિક છે કે-'અમારા રાજાના કુળમાં કે અમારા રાજાના શાસનમાં કોઈને પણ કશું જ કહેવાપણું નહિ હોવું જોઇએ. રાજકુળની અને રાજશાસનની ઇજ્જત એવી જ હોવી જોઇએ, કે જેની દુશ્મનને પણ પ્રશંસા જ કરવી પડે' આથી તેઓ રાજકુળની કે રાજશાસનની લેશ પણ નિંદાની સંભાવના જણાતાં, તેને મૂળમાંથી જ ડામી દેવા મથે તે સ્વાભાવિક છે.

**૧૭. સભા : બરાબર, પણ સત્યાસત્યનો તો તેમણે વિચાર કરવો જોઈએ ને ?**

**પૂજ્યશ્રી** : સત્યાસત્યનો અને સામાના હિતાહિત આદિનો તેમણે વિચાર કરવો જોઈએ, એ નિર્વિવાદ વાત છે : પણ માણસ જ્યારે કોઈ પણ દુન્યવી વસ્તુને માટે અતિ-આતુર બની જાય છે, ત્યારે તે વસ્તુની સાધનામાં પોતે બીજાઓને કેવો અન્યાય પહોંચાડી રહ્યો છે. એનો એને ખ્યાલ રહેતો નથી : અગર તેવો ખ્યાલ આવે છે તોય તે સ્વાર્થવિવશ બનીને તેની ઉપેક્ષા કરે છે. એ જ રીતિએ, જે રાજાની છત્રછાયામાં પોતે રાજધાનીના મહત્તરો તરીકેનો અધિકાર ભોગવી રહ્યા છે, તે રાજાની કીર્તિને કોઈ પણ રીતિએ ઝાંખપ નહિ લાગવી જોઈએ, એવી વિજય આદિની કામના હોય એ સહજ છે : અને એ કામનાની તીવ્રતાના યોગે-'એક મહાસતી મહાકલંકના ભોગ બને'- એ વગેરેની પણ તેઓ ઉપેક્ષા કરે, એમાં કશું જ આશ્ચર્ય પામવા જેવું નથી.

**૧૮. સભા : એટલે એ લોકોએ ભૂલ નથી કરી ?**

**પૂજ્યશ્રી** : ભૂલો તો કરી જ છે, પણ અહીં તો એ ખુલાસો કરાય છે કે-એવી રીતિએ પણ કીર્તિના અતિશય અર્થી બનેલા માણસો, આવી ભયંકર પણ ભૂલ કરે, તો એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ જ નથી. કીર્તિની કામના ક્ર્તવ્યને ભૂલાવે છે :

મહાસતી સીતાદેવીના શ્રી રામચંદ્રજીએ કરેલા પરિત્યાગમાં, કીર્તિ અને યશની અભિલાષાએ જ ઘણો ભાગ ભજવ્યો છે. અન્યથા, આ લોક તો કહે, પણ શ્રી રામચંદ્રજી જેવા કે જેમના હૈયામાં સીતાજી

નિષ્કલંક હોવાની પૂરે પૂરી ખાતરી છે, તે સીતાજીનો પરિત્યાગ કરે જ શાના ? દુન્યવી વસ્તુઓનું અર્થીપણું, એ જ એવી વસ્તુ છે, કે જે તેના અર્થીની પાસે જેટલા અન્યાયો અને અનાચારો પણ ન કરાવે, તેટલા થોડા જ ગણાય. કીર્તિ અને યશની કામના એ પણ પૌદ્‌ગલિક કામના છે. એ કામનાને વશ બનેલા ભલભલા પણ ભૂલે.

(જૈ. પ્ર. વ.૧૧/ અં.૪૧)

**૧૯. સભા : વિજય શેઠ અને વિજયા શેઠાણી તો એક જ શય્યામાં શયન કરતાં હતાં.**

**પૂજ્યશ્રી** : ખરેખર, એ પુણ્યાત્માઓનું દૃષ્ટાન્ત લેનારાઓએ પહેલાં તો તેમના સંયોગોને અને તેમની મનોદશાનો અભ્યાસ કરવો જોઈએ. કેટલીક વાર માતાપિતાદિક વડીલોને જાણ ન થાય એ માટે પણ અમુક રીતે વર્તવું પડે છે. શ્રી વિજય શેઠ અને શ્રીમતી વિજયા શેઠાણી એ બન્નેને દરેક મહિનાના એક પક્ષ માટેનો નિયમ હતો, પણ એ નિયમ શીલના અનુપમ રંગથી લેવાયેલો હતો, માટે જ તેઓને એકબીજાના જુદા જુદા પક્ષના નિયમની માહિતી મળતા, તેઓ સર્વથા બ્રહ્મચારી રહેવાનો નિર્ણય કરી શક્યાં. પરણતાંની સાથે જ આ રીતે વર્તાય છે એની જો વિવાહ કરનાર સંબંધીઓને ખબર પડે તો તેમને દુઃખ પણ થાય અને આ બેને નિયમ પાળવામાં મુશ્કેલી પણ ઊભી થાય. ઉપરાન્ત, તે પુણ્યાત્માઓનું મનોબળ પણ જબરજસ્ત હતું. એ બધા સંયોગો જોતાં, તેમના નામે એક જ શય્યાનું પ્રતિપાદન કરવું, એ હિતાવહ નહિ પણ

હાનિકર જ છે. શીલના અર્થીએ તો દરેક રીતે સાવધ રહેવું જોઈએ. જ્યારે સ્વેચ્છાએ બ્રહ્મચર્ય પાળવું જ છે, તો એક શય્યાની જરૂર શી છે? (૧૦૮/૧૩)

**૨૦. સભા : શ્રેણિક રાજા રોજ સામાયિકાદિ ધર્મક્રિયા કરતા હતા ?**

**પૂજ્યશ્રી** : માત્ર સામાયિક એ જ ધર્મક્રિયા છે અને બીજી ધર્મક્રિયા નથી એવું નથી. શ્રેણિક મહારાજાને ગાઢ અવિરતિનો ઉદય હતો અને એથી એ સામાયિક ન કરી શક્યા હોય તોય બીજી ધર્મક્રિયા નથી કરી એવું નથી. તે રોજેરોજ ભગવાન મહાવીરદેવ કઇ દિશામાં ક્યાં વિચરે છે તેના સમાચાર મેળવતા હતા અને તે દિશામાં જઇ હાથ જોડતા, પ્રાર્થના કરતા હતા. તમે બધા મંદિર પાસે હોય તોય જાઓ ખરા ? ભગવાનના દર્શન-પૂજન કરો ખરા ? અને રોજ સામાયિક પણ કરો કે નહીં કે પછી તમારે પણ શ્રેણિક મહારાજા જેવો અવિરતિનો ઉદય છે એમ કહીને છટકી જવું છે ? (૧૦૮/૨૦)

**૨૧. સભા : આચાર્ય શ્રીગુપ્ત પોતે આટલા બધા વિદ્યાવિશારદ હતા, તો પછી એ પરિવ્રાજકના પટહને તેઓશ્રીએ પોતે જ કેમ સ્પર્શ્યો નહિ ? એમાં કોઈ ખાસ હેતુ હશે ?**

**પૂજ્યશ્રી** : શ્રી જૈન શાસન સમ્યગ્‌વાદમાં માનનારું છે. શુષ્કવાદ અને વિવાદ, એ બન્ને ય પ્રકારના વાદો અનર્થકારી છે અને એક ધર્મવાદ જ કલ્યાણકારી છે, એમ સૂચવીને મહાપુરુષોએ, જ્યાં સુધી શક્ય હોય

ત્યાં સુધી શુષ્કવાદનો અને વિવાદનો ત્યાગ કરવો, એવો ઉપદેશ આપ્યો છે. શ્રી જૈન શાસનના મહાપુરુષો જ્યાં સુધી ચાલે તેમ હોય ત્યાં સુધી તો ધર્મવાદથી પર એવા કોઈ પણ વાદમાં ઊતરવાનું પસંદ કરે જ નહિ. શ્રી જૈન શાસનના મર્મને પામેલા મહાપુરુષોને જો અનિવાર્ય કારણે ય કોઈની સાથે કુવાદમાં ઊતરવું જ પડે, તો ય તે તેમને ગમે જ નહિ. બીજી વાત એ પણ છે કે એવો જ કોઈ અવસર આવી લાગે અને પોતાની તાકાત હોય, તો શ્રી જૈનશાસનના મહાપુરુષો વાદમાં ઊતરીને સામાને પરાજિત કરે એ શક્ય છે; પરન્તુ મારે અમુકને પરાજિત કરવો છે એવા કોઈ પ્રકારનું ધ્યેય શ્રી જૈન શાસનને પામેલા મહાપુરુષોનું હોય જ નહિ. શ્રી જૈન શાસનની અપભ્રાજના થવા પામે નહિ અને શ્રી જૈન શાસનની અવસરોચિત પ્રભાવના થવા પામે, એ તરફ જ શ્રી જૈન શાસનના મહાપુરુષોનું લક્ષ્ય હોય. આથી ઈતર વાદીને જીતવાની જરૂર ઊભી થવા પામી હોય, તો ય તેને વ્યાજબી પ્રકારે જ જીતવો જોઈએ, આવું મંતવ્ય શ્રી જૈન શાસનના મહાપુરુષોનું હોય છે; એટલે જ્યાં ફરજિયાત ગેરવ્યાજબી પ્રકારમાં ઊતરવું પડે છે, ત્યારે પણ શ્રી જૈન શાસનના મહાપુરુષો વાદીને વાદમાં વ્યાજબી પ્રકારે જીતવાનો એટલો બધો આગ્રહ રાખે છે કે શ્રી જૈન શાસનના મહાપુરુષોની એ રીતિને જાણીને પણ ઈતરોને અચંબો થયા વિના રહે નહિ.

(જૈ. પ્ર. વ.૨૨/ અં.૨૦)

**૨૨. સભા : આચાર્ય શ્રીગુપ્તે રોહગુપ્તને એમ કહ્યું કે-'તેં પટહનો સ્પર્શ કર્યો તે યોગ્ય કર્યું નથી.'- તો પછી આ પ્રમાણે વિદ્યાઓ તથા મંત્રેલો રજોહરણ આપવાનું પ્રયોજન શું ?**

**પૂજ્યશ્રી** : રોહગુપ્તે ભૂલ કરી હતી એટલે એમ જણાવ્યું, પણ પછી તો શાસનની આબરૂનો પ્રશ્ન આવી પડ્યો. રોહગુપ્તને-તેં જે કર્યું તે ઠીક નથી કર્યું' એમ કહ્યા બાદ, જો રોહગુપ્ત પ્રતિવાદ કરવાના વિચારને તજી દેત તો જુદી વાત હતી. એમ થયું હોત તો શ્રીગુપ્ત નામના આચાર્ય ભગવાન બીજો કોઈ ઉપાય કરીને શાસનની હીલના ન થતાં પ્રભાવના જ થાય એમ કરત : પણ રોહગુપ્તે પોતાનો વિચાર ફેરવ્યો નહિ અને ગુરુમહારાજ જાણતા હતા કે- 'પેલો પરિવ્રાજક રોહગુપ્તથી જ્ઞાન વડે જિતાઈ જવાના વખતે વૃશ્ચિક આદિની વિદ્યાઓથી અનર્થ નિપજાવી શ્રી જૈનશાસનની અપભ્રાજના કરવાને ચૂકશે જ નહિ'- એટલે રોહગુપ્તને બચાવની બધી જ જરૂરી સામગ્રી આપવી પડે તે સ્વાભાવિક છે.

અહીં રોહગુપ્ત ગુરુમહારાજની પાસેથી શિક્ષા અને સત્ત્વ ગ્રહણ કરીને રાજસભામાં ગયો. અત્યારે ગર્વથી તે ફૂલાઈ ગયો હતો. પોતાની કુશળતા અને ગુરુમહારાજે આપેલી વિદ્યાઓના પ્રતાપે પોતે અવશ્ય જીતશે, એવો એનો નિશ્ચય હતો. આ નિશ્ચયના પ્રતાપે ઉત્પન્ન થયેલા ગુમાનમાં રોહગુપ્ત ભાન ભૂલ્યો અને ગર્વપૂર્વક પ્રતિજ્ઞાયુક્તપણે તેણે કહ્યું કે-''કોણ આ ભિખારી પરિવ્રાજક મારી સાથે વાદ કરવાને ઈચ્છે છે ? ભલે. એ ગમે તેવો હો. એને પોતાને જ પોતાની ઈચ્છા મુજબ પૂર્વપક્ષ કરવા દ્યો. હું તેનું ખંડન કરીશ.''

**૨૩. સભા : રોહગુપ્તે ગર્વ કર્યો તે ઠીક ન કર્યું, પણ કહ્યું તો બરાબર ને ?**

**પૂજ્યશ્રી** : ના. સામો માણસ કયો પક્ષ માંડશે તે જાણ્યા વિના, હું તેના પક્ષનું ખંડન જ કરીશ, એવી પ્રતિજ્ઞા કેમ થાય ? સામો જે પક્ષ માંડે તે ખોટો હોય, તો તો તેનું ખંડન કરવું એ બરાબર છે : પણ સામાનો પક્ષ સિદ્ધાન્તથી પ્રતિકૂળ ન હોય તો ખંડન કરવાનું રહે જ શાનું ?


રોહગુપ્તે એવું કહેવું જોઇએ કે-'હું સર્વજ્ઞ એવા શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલા સિદ્ધાન્તોનો અનુયાયી છું. આ પરિવ્રાજક જો તેથી વિપરીત માન્યતાને સ્થાપશે તો હું તેનું ખંડન કરીશ. ' આવા ભાવનું કહેવાને બદલે, રોહગુપ્તે તો પરિવ્રાજક જે કોઇ પક્ષ માંડે તેનું ખંડન કરવાની પ્રતિજ્ઞા કરી.

હવે પેલો પરિવ્રાજક મિથ્યાભિમાની હોવા છતાં પણ ચતુર તો હતો જ. તે જાણતો હતો કે-'જૈન મુનિઓ ઘણા નિપુણ હોય છે.' આથી તેણે વિચાર કર્યો કે-' હું જૈનોને જે પક્ષ માન્ય છે તે પક્ષનો જ સ્વીકાર કરીને બોલું, કે જેથી તે તેનું ખંડન કરી શકે નહિ.' આ પ્રમાણે વિચાર કરીને તે પરિવ્રાજકે પોતાના પક્ષનું સ્થાપન કરતાં જણાવ્યું કે-'' આ વિશ્વમાં શુભ અને અશુભની જેમ જીવ અને અજીવ એમ બે જ રાશિઓ છે.''

શ્રી જૈનદર્શનને આ વાત સંમત જ છે, એટલે આ વાતનું ખંડન કરવાનું હોય જ નહિ : પણ રોહગુપ્ત તો પેલા પરિવ્રાજકને ગમે તે રીતિએ પરાભવ પમાડવો એ જ વાત હતી. કેવળ સિદ્ધાન્તાદિના સંરક્ષણનો જ હેતુ હોત, તો રોહગુપ્ત આ ઠેકાણે ભૂલ કરત નહિ : પણ

રોહગુપ્તનું ધ્યેય પરિવ્રાજકને પરાભવ પમાડવો એ જ હતું, એટલે તેણે પોતે પોતાને અભિમત એવા પણ સિદ્ધાન્તનું ખંડન કરવા માંડવું.

પરાભિભવની લાલસા આ રીતિએ એક વખતના સિદ્ધાન્તસંરક્ષકને પણ સિદ્ધાન્તસંહારક બનાવી મૂકે છે. એક સમયે માથે ચઢાવવાને લાયક પણ વસ્તુ વિપરીત સ્વભાવની બનતાં પગે છુંદાવા લાયક બને છે, એ જ રીતિએ એક વાર જેના દર્શનથી પણ પાપ ટળે એવી યોગ્યતા ધરાવનાર વ્યક્તિ હોય, છતાં તે જો સિદ્ધાન્ત સંહારક બને તો અદૃષ્ટ-કલ્યાણકર જેવી દશાને પામે, તેમાં કાંઇ નવાઇ પામવા જેવું છે જ નહિ. (જૈ. પ્ર. વ.૧૦/અં.૨૪)



# ❊ ઈષ્ટફળસિદ્ધિ ❊

**પુણ્ય પણ સહાયક બને છે :**

**પૂર્વભૂમિકા** : અધ્યાત્મના નામે ધર્મક્રિયાઓનો નિષેધ કરનારા અને ધર્મક્રિયાઓના નિષેધને માટે 'પુણ્યબંધ એ પણ કર્મબંધ છે અને આપણે તો કર્મનિર્જરાનો જ પ્રયત્ન કરવાનો છે'-એવું કહેનારાઓએ, પુણ્યના પ્રભાવની આ વાત વિચારવા જેવી છે. પુણ્ય એ પણ એક પ્રકારનું કર્મ જ છે અને મુક્તિને પામવાને માટે સર્વ કર્મોથી સર્વથા રહિત બનવું જરૂરી છે, પરન્તુ પુણ્યકર્મ એવા પ્રકારનું પણ હોય છે કે-એના ઉદય યોગે પ્રાપ્ત થતી સામગ્રી કર્મનિર્જરાની સાધનામાં સહાયક નીવડે છે. મહાપુણ્યોદય વિના મનુષ્યભવ મળતો નથી અને મનુષ્યભવ સિવાયના કોઇ પણ ભવમાંથી મોક્ષને પામી શકાતો નથી. ધર્મક્રિયાઓનો નિષેધ કરવાને માટે, પુણ્યનો દ્વેષ કરનારાઓને ફરીથી મનુષ્યભવ મળશે શી રીતિએ ? અહીંથી મરીને તેઓ સીધા તો મોક્ષે જઇ શકે તેમ નથી અને અહીં ધર્મક્રિયાઓને તજી દીધી; તજી દીધી એટલું જ નહિ, પણ પુણ્યનો દ્વેષ કર્યા કર્યો-એ દશામાં કેવા પ્રકારનો કર્મબંધ થાય અને એથી એવા આત્માઓ અહીંથી મરીને કેવી ગતિને પામે, એ તો વગર કહ્યે પણ સમજાઇ જાય તેવું છે. એવા આત્માઓને દુર્ગતિઓમાં ધર્મશ્રવણની સામગ્રી પણ ક્યાંથી મળવાની ? ચોરાશીના ચકરાવામાં ચઢી જવાથી પોતાની કેવી હાલત થશે, તેનો તેઓએ વિચાર કરવા જેવો છે.

**૨૪. સભા : પુણ્યના હેતુથી ધર્મ કરવાનો ?**

**પૂજ્યશ્રી** : સાધુઓને પુણ્યનું અર્થિપણું રાખવાનો નિષેધ કરવામાં આવ્યો છે. સાધુઓનું ધ્યેય માત્ર કર્મનિર્જરાને જ સાધવાનું હોય, પણ સાધુઓ પુણ્યના દ્વેષી ન હોય-પુણ્યનો નિષેધ કરનારા ન હોય-'અમને પુણ્યનો બંધ થાઓ જ નહિ'- એવી વૃત્તિવાળા પણ ન હોય. આમ છતાં પણ, સાધુઓ સમજતા જ હોય છે કે-કર્મનિર્જરાની સાધક ક્રિયાઓ શુભ પુણ્યની સાધક પણ બને છે. ગૃહસ્થો તો પુણ્યકર્મના અર્થી પણ હોઈ શકે. આ બધું છતાં શ્રી તીર્થંકર નામકર્મની નિકાચના માટે પ્રયત્નશીલ બનવાનો તો સૌનો અધિકાર છે. એ પુણ્યકર્મ હોવા છતાં પણ સ્વ-પરનું એકાન્તે ઉપકારક જ બને છે. ધર્મના ઉપદેશમાં, ધર્મના પ્રચારમાં પણ પુણ્યકર્મ સહાયક નીવડે છે. મનુષ્યભવ, આર્યદેશ, આર્યકુળ, પંચેન્દ્રિયપટુતા, આરોગ્ય અને ધર્મશ્રવણની સામગ્રી વગેરે પુણ્યથી મળે છે અને એ બધું જ વિવેકી આત્માઓ, લઘુકર્મી આત્માઓને ધર્મપ્રાપ્તિ, ધર્મસાધના તથા ધર્મપ્રચારમાં સહાયક બને છે. પુણ્યના યોગે માણસનું વચન ઉપાદેયતાને પામી શકે છે. અન્યોને એના વચનને પ્રીતિથી સાંભળવાનું મન થાય છે. વચન સુંદરમાં સુંદર કહે એવી આત્માની ઉત્તમતા પ્રાપ્ત થઈ હોય, તો પણ જો તેવા પ્રકારના પુણ્યનો યોગ ન હોય અને પાપનો ઉદય હોય તો લોક એના સારા પણ વચનને સાંભળે નહિ. એનું વચન સારું હોય તે છતાં ય એના પોતાના પાપોદયને કારણે અન્યને એ કર્ણપ્રિય બનવાને બદલે કર્ણકટુ બને. પુણ્યનો દ્વેષ કરનારાઓ જો વિચાર કરે, તો તેઓ પોતાના

ઉન્માર્ગનો પ્રચાર પણ પોતાના પૂર્વે ઉપાર્જેલા પુણ્યના બળે જ કરી શકે છે. જો પુણ્યોદય ન હોત, તો એવાને કોઇ સાંભળત જ નહિ અને એવાને જે થોડું-ઘણું માન-પાન મળે છે, તે પણ મળત નહિ.

**૨૫. સભા : પુણ્ય બંધાય ધર્મથી અને તે ઉન્માર્ગના પ્રચારમાં સહાયક બને, તો તેનું કારણ શું ?**

**પૂજ્યશ્રી** : ધર્મ એવા પ્રકારે કર્યો હોય માટે ! ધર્મ કરીને પાછળથી વિરાધના કરી હોય, ધર્મ કરતાં પણ આદરભાવ રાખ્યો ન હોય તેમ જ ધર્મ કરવામાં આશયની મલિનતા હોય, તો એવા એવા કારણોથી ધર્મ દ્વારા બંધાયેલું પુણ્ય જ્યારે ઉદયમાં આવે ત્યારે તે પોતાના સ્વભાવ મુજબ જાહોજલાલી વગેરે તો આપે, પણ એ પુણ્યનો સ્વામી ધર્મને ભૂલી જાય. ધર્મ કર્યો એટલે ધર્મે ફળ આપ્યું. પણ અનાદર આદિનું ફળ એ કે-ધર્મ ભૂલાયો અને દુર્બુદ્ધિ સૂઝી. ધર્મ અયોગ્ય પ્રકારે કર્યો હોય, તો એનાથી ઉપાર્જેલા પુણ્યના ભોગવટા વખતે, એ પુણ્યનો સ્વામી વિષય અને કષાયની આધીનતામાં જકડાઇને ઘોર પાપને પણ ઉપાર્જે. પાપાનુબંધી પુણ્ય પોતાના ઉદયકાળમાં પોતાના સ્વામીને પાપ તરફ પ્રેરનારું બને છે, જ્યારે આશંસાથી રહિતપણે અને વિધિના આદરપૂર્વક કરેલા ધર્મથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે અને તે પુણ્યનો ઉદયકાળ, તેના સ્વામી આત્માનો વિરાગકાળ હોય છે. એ પુણ્ય સામગ્રી ઘણી આપે, સારી આપે અને એનો સ્વામી એ સામગ્રીમાં મૂંઝાયા વિના, એ સામગ્રીનો સદુપયોગ કરે, કેટલાક ધનવાનો ધનની મૂર્ચ્છામાં ધર્મને કરી શકતા

નથી. પરોપકારને આચરી શકતા નથી, અરે પોતાના ભોગમાં પણ પોતાના ધનનો ઉપયોગ કરી શકતા નથી. એ સૂચવે છે કે-આશંસા, અનાદર, અવિવેક આદિની સાથે જ એમણે ધર્મને સેવેલો ! તમારે પણ વિચાર કરવાનો છે કે-તમારું પુણ્ય કેવા પ્રકારના ધર્મથી બંધાયેલું છે ?

**૨૬. સભા : જેવા પ્રકારનું પુણ્ય હોય તેવા પ્રકારના જ વિચારો સૂઝે ને ?**

**પૂજ્યશ્રી** : જેને પુણ્યથી મળેલી સામગ્રીનો સદ્ઉપયોગ કરવાની વાત વેળાએ આવો જ વિચાર આવે, તેનું પુણ્ય કદાચ ભારે પ્રકારનું પાપાનુબંધી હોય ! નહિતર, કોઇ વખતે આત્મા બળવાન, તો કોઇ વખતે કર્મ બળવાન. કર્મ ગમે તેવું બળવાન હોય, પણ આપણે તો એ કર્મની સામે જ જંગ ખેલવાને માટે ઉદ્યુક્ત રહેવાનું ! અશુભ કર્મને હંફાવવા જતાં, તે જો જોરદાર હોય તો આપણે હાંફી જઇએ અને હારી જઇએ એમ પણ બને, પરન્તુ સરવાળે તો આત્માની જ જીત થાયઃ કારણ કે-કર્મની સામે જે જંગ ખેલ્યો, તેનું ભવિષ્યમાં સારું પરિણામ આવ્યા વિના રહે જ નહિ. તમે કર્મની જડને જ ઉખેડવાને માટે પ્રયત્નશીલ બનો અને કર્મ તમારી સામે કાંઇ ન કરે, એ કેમ બને ? કર્મ પણ પોતાનું જોર તો અજમાવે જ, પણ તમે મથ્યા રહો તો સરવાળે તમે જ ફાવો, કારણ કે-કર્મ નાશવંત છે અને તમે શાશ્વત છો; કર્મ અનિત્ય છે અને તમે નિત્ય છો ! વાત એટલી જ કે-ગમે તેટલા પછડાઇએ, પાછા પડીએ, હારીએ, પણ પ્રયત્ન ચાલુ રાખવો ! એમ થાય તો પેલા કરોળિયાની જેમ તમે પણ, તમારી મુક્તિની ભાવનાને સફળ કરી શકો ! કરોળિયો કેટલી ય વાર

નિષ્ફળ નીવડયો, પડયો, પણ એણે એની ધારણાને પાર પાડવાનો પ્રયત્ન જારી રાખ્યો, તો એ એની જાળ બાંધી શક્યો. બાકી એ વાત પણ ચોક્કસ છે કે જો ભારે પ્રકારનું, દઢ પાપાનુબંધી પુણ્ય હોય, તો એને લાખ ઉપદેશ મળે તો પણ, એની વિષયગૃદ્ધિ અને કષાયાધીનતા ઓછી થાય જ નહિ. બધાનું પાપાનુબંધી પુણ્ય એવું હોતું નથી. પ્રયત્નથી તેમાં ફેરફાર ઉપજાવી શકાય તેવું પણ હોય છે. આપણે નથી જાણતા કે-આપણું પુણ્ય કેવા પ્રકારનું છે, માટે આપણે તો ભગવાને દર્શાવેલા માર્ગને અનુસરવાનો જ પ્રયત્ન કર્યા કરવાનો !

પુણ્યની બિલકુલ સહાય ન હોય અને કોઇ પણ જીવ ધર્મને પામી શક્યો હોય, આરાધી શક્યો હોય અને મુક્તિને પામી શક્યો હોય-એવું બન્યું ય નથી, બનતું ય નથી અને બને તેમ પણ નથી. કાળ, સ્વભાવ, નિયતિ, પ્રારબ્ધ અને પુરુષાર્થ-એ પાંચ કારણોના યોગે જ દરેક કાર્ય બને છે. એ પાંચ કારણોમાં કોઇ વખતે કોઇ કારણની પ્રધાનતા હોય, તો કોઇ વખતે કોઇ કારણની પ્રધાનતા હોય, યોગ પાંચે ય કારણોનો હોય, પણ પ્રધાનતા કોઇ કોઇ કારણવિશેષની હોય. આપણે તો અભવ્ય, જાતિભવ્ય, દુર્ભવ્ય અને ભવ્યમાં પણ ગુરુકર્મી તથા લઘુકર્મી-એમ પણ જીવોના અનેક ભેદોને માનનારા છીએ. અભવ્ય આત્માઓ સ્વભાવથી 'મુક્તિ' ને પામવાની લાયકાતથી રહિત હોય છે. જાતિભવ્ય આત્માઓ સ્વભાવે 'મુક્તિને પામવાની લાયકાત' વાળા હોય છે. પણ એ જીવોનું તથાભવ્યત્વ એવા પ્રકારનું હોય છે કે-એ જીવોને મુક્તિમાર્ગની સામગ્રીનો યોગ થતો જ નથી. જાતિભવ્ય

જીવો કોઇ પણ કાળે અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં આવી શકતા જ નથી. ભવ્ય સ્વભાવવાળો જીવ વ્યવહારરાશિમાં આવે, તો સમજવાનું કે- એ જીવનું તથાભવ્યત્વ એવું છે કે-તે ગમે ત્યારે પણ અવશ્ય મુક્તિને પામવાનો. અવ્યવહારરાશિમાં ભવ્ય, અભવ્ય અને જાતિભવ્ય એમ ત્રણ પ્રકારના જીવો હોય; જ્યારે વ્યવહારરાશિમાં ભવ્ય અને અભવ્ય એમ બે પ્રકારના જીવો હોય. ભવ્ય જીવોમાં પણ પોતપોતાનું તથાભવ્યત્વ ભિન્ન ભિન્ન પ્રકારનું હોય છે. ભવ્ય હોવા છતાં પણ, અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં કોઇ જીવ વહેલો આવે તો કોઇ જીવ મોડો આવે; વ્યવહારરાશિમાં આવ્યા પછી પણ, કોઇ ભવ્યજીવ વહેલો મુક્તિએ જાય, તો કોઇ ભવ્યજીવ મોડો મુક્તિએ જાય; તેમ જ કોઇ જીવ વહેલો સમ્યક્ત્વાદિને પામે અને કોઇ જીવ મોડો સમ્યક્ત્વાદિને પામે; એ બધું જીવ-જીવના સ્વતન્ત્ર એવા તથાભવ્યત્વના યોગે બને છે. વ્યવહારરાશિમાં આવેલા ભવ્યજીવને પણ જ્યાં સુધી એક પુદ્ગલપરાવર્ત્ત કાળથી અધિક સંસારમાં ભટકવાનું હોય છે, ત્યાં સુધી તે જીવને દુર્ભવ્ય કહેવાય છે. એવો જીવ સ્વભાવે ભવ્ય હોવા છતાં પણ ભગવાન શ્રી જિનેશ્વરદેવના ઉપદેશથી પણ મોક્ષના આશયને પામી શકતો નથી. એને મોક્ષતત્ત્વમાં શ્રદ્ધા જ પેદા થતી નથી. મોક્ષની અભિરુચિ તે જ ભવ્યાત્મામાં પ્રગટી શકે છે, કે જેનો સંસારકાળ એક પુદ્ગલપરાવર્ત્ત કાળથી અધિક ન જ હોય, પણ એથી કાંઇક ઊણો હોય. એવી જ રીતિએ, જે ભવ્યાત્માઓનો સંસારકાળ અર્ધપુદ્ગલપરાવર્ત્ત કાળથી કાંઇક પણ ઓછો હોય છે,

એવા જ આત્માઓ સમ્યગ્દર્શનગુણને પામી શકે છે. આમ છતાં પણ, ભવ્યાત્માઓ જો ગુરૂકર્મી હોય છે, તો અર્ધ પુદ્ગલપરાવર્ત્તથી પણ ઘણા ઓછા પ્રમાણવાળો સંસારકાળ બાકી હોય, તે છતાં પણ તે જીવો મોક્ષની રુચિને અને સમ્યગ્દર્શનને પામી શકતા નથી. કોઈક વાર છેક છેલ્લા ભવમાં ય સમ્યક્ત્વાદિને પામે છે. એટલે દરેક કાર્યમાં પાંચેય કારણોનો યોગ જરૂરી છે.

**આશયભેદથી ધર્માનુષ્ઠાનોના પાંચ પ્રકારો :**

આવી આશાઓના ગુલામ બન્યા રહીને તમે શ્રી વીતરાગ પરમાત્માને સેવો, એ તારકોની ભક્તિ કરો, તો પણ તમને એનું જેવું ફળ મળવું જોઈએ., તેવું ફળ મળે જ શી રીતિએ ? એ તારકોના વીતરાગ-ભાવનું સમ્યગ્દર્શન તમને થાય શી રીતિએ ? આથી જ, ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ મોક્ષના હેતુથી ફરમાવેલાં ધર્માનુષ્ઠાનોને નિરાશંસભાવે કરવાની આજ્ઞા છે. ઉપકારીઓએ ધર્માનુષ્ઠાનોના પાંચ ભેદો વર્ણવ્યાં છે, અને તે પાંચ ભેદો એ ધર્માનુષ્ઠાનોને આચરનાર આત્માઓના આશય-વિશેષને અનુલક્ષીને જ વર્ણવવામાં આવ્યા છે. વિષાનુષ્ઠાન,ગરાનુષ્ઠાન, અન્યોન્યાનુષ્ઠાન, તદ્હેતુઅનુષ્ઠાન અને અમૃતાનુષ્ઠાન એવા એ પાંચ ભેદો છે. ઇહલૌકિક પૌદ્ગલિક સુખની કામનાથી જે ધર્માનુષ્ઠાન કરાય, તેને ઉપકારીઓ **'વિષાનુષ્ઠાન'** કહે છે; પારલૌકિક પૌદ્ગલિક સુખની કામનાથી જે ધર્માનુષ્ઠાન કરાય, તેને ઉપકારીઓ **'ગરાનુષ્ઠાન'** કહે છે; અને ગતાનુગતિકપણે જે ધર્માનુષ્ઠાન કરાય, તેને ઉપકારીઓ **'અનનુષ્ઠાન'** અગર તો

**'અન્યોન્યાનુષ્ઠાન'** કહે છે. ધર્માનુષ્ઠાનના આ ત્રણેય પ્રકારોને 'અસદ્ અનુષ્ઠાનો' તરીકે વર્ણવીને, ઉપકારીઓએ તેનો ત્યાગ કરવાનું ફરમાવ્યું છે. અર્થાત્-એ ઉપકારીઓએ એમ ફરમાવ્યું છે કે-જે ધર્માનુષ્ઠાન કરો, તે ઇહલૌકિક પૌદ્ગલિક સુખના આશયથી કરો નહિ અગર તો ગતાનુગતિકપણે પણ કરો નહિ ! ત્યારે કયા આશયથી ધર્માનુષ્ઠાન કરવાનું ? મોક્ષના આશયથી. મોક્ષના આશયથી વિધિબહુમાનપૂર્વક જે ધર્માનુષ્ઠાન કરાય, તે ધર્માનુષ્ઠાનને તદ્હેતુ-અનુષ્ઠાન કહેવાય છે અને મોક્ષના આશયથી ત્રણેય યોગોની પૂરેપૂરી વિશુદ્ધિને સાધીને યથાવિધિ જે ધર્માનુષ્ઠાન કરાય, તેને ઉપકારીઓએ અમૃતાનુષ્ઠાન કહ્યું છે. તદ્હેતુ અનુષ્ઠાન અને અમૃતાનુષ્ઠાન એ બન્નેય સદ્ અનુષ્ઠાનો છે અને એથી જ ઉપકારીઓએ આ બે પ્રકારનાં ધર્માનુષ્ઠાનોને જ આચરવાની પ્રેરણા કરી છે.

**૨૭. સભા : આ લોકના અગર તો પરલોકના સાંસારિક સુખના આશયથી ધર્માનુષ્ઠાન કરતા હોઇએ, તો એનો ત્યાગ કરી દેવો ?**

**પૂજ્યશ્રી** : ધર્માનુષ્ઠાનનો ત્યાગ કરવો નહિ, પણ આ લોકના તથા પરલોકના સાંસારિક સુખના આશયનો ત્યાગ કરીને તે ધર્માનુષ્ઠાનને એકમાત્ર મોક્ષસુખને મેળવવાના આશયથી જ કરવું.

** સાચો ધર્મી ધર્મની ક્રિયા મોક્ષ માટે કરે અને કરવી પડતી સંસારની પ્રવૃત્તિઓ એ સંસારમાંથી છૂટવા માટે જ કરે.*

**૨૮. સભા : પણ સાંસારિક સુખનો આશય નીકળતો ન હોય અને મોક્ષનો આશય આવતો ન હોય, તો શું કરવું ?**

**પૂજ્યશ્રી** : તો પણ સાંસારિક સુખના આશયને તજવાની અને મોક્ષસુખના આશયને પેદા કરવાની વૃત્તિ રાખીને ધર્માનુષ્ઠાન કર્યા કરવું. મનમાં એવો વિચાર વારંવાર કરવો કે **મારો આ પાપ આશય ક્યારે ટળે અને ક્યારે મારામાં મોક્ષનો આશય પ્રગટે.**

**૨૯. સભા : એવી વૃત્તિ પણ પ્રગટતી ન હોય તો ?**

**પૂજ્યશ્રી** : સાંસારિક સુખનો મારો આશય ટળે તો સારું અને મોક્ષ-સુખને મેળવવાનો આશય મારામાં પ્રગટે તો સારું એવો ભાવ પણ જો હૈયામાં પ્રગટતો ન હોય, તો તમે જ વિચાર કરો કે-એ ધર્માનુષ્ઠાનોને આચરવા છતાં પણ, તમે ધર્મની અને મોક્ષની આરાધના કરો છો કે અર્થની અને કામની આરાધના કરો છો ? કહેવું જ પડશે કે-વસ્તુતઃ એ ધર્મની કે મોક્ષની આંશિક પણ આરાધના નથી, જ્યારે એ અર્થની અને કામની આરાધના છે એ નિશ્ચિત છે; તો સાધુઓ તમને એવા પ્રકારે ધર્માનુષ્ઠાનોને કરવાની હા શી રીતિએ પાડે ? ક્રમે કરીને પણ સાંસારિક સુખનો આશય જશે અને મોક્ષસુખનો આશય પ્રગટશે એમ લાગે ત્યાં સુધી તો ઠીક, પણ એક માણસ સમજણપૂર્વક અર્થ-કામનો આશય જ રાખે અને મોક્ષનો આશય મારામાં પ્રગટે તો સારું એમે ય ઇચ્છે નહિ, તેને ય ધર્માનુષ્ઠાન કરવામાં સંમતિ, એક માત્ર મોક્ષમાર્ગરૂપે જ સ્થપાયેલા શ્રી જિનશાસનના ગુરુઓ શી રીતિએ આપે ? ન જ આપે.

**૩૦. સભા : સાંસારિક સુખના આશયથી ધર્માનુષ્ઠાનો કરે તો તેને પાપનો બંધ થાય કે પુણ્યનો બંધ થાય ?**

**પૂજ્યશ્રી** : તેના આશયથી તેને પાપનો જ બંધ થાય અને ધર્માનુષ્ઠાનોની ક્રિયાથી તેને પુણ્યનો બંધ થાય, પણ તે ય પુણ્ય પાપાનુબંધી પુણ્ય બંધાય. એ પુણ્યથી દેવગતિ આદિના સુખો મળે એ શક્ય છે, પણ એ સુખસામગ્રી વચ્ચે પણ એ જીવ ઘણી અસમાધિને ભોગવતો હોય છે.વળી એ સુખસામગ્રીમાં એ જીવ એટલો બધો આસક્ત બની જાય છે કે-પછી તેને ઘણા કાળ પર્યન્ત દુર્ગતિઓમાં ભટકવું પડે છે. ધર્મની આશાતના કરવાથી, તેને ધર્મની પ્રાપ્તિ દુર્લભ બની જાય છે. સાંસારિક સુખનો આશય આવી જાય, મોક્ષસુખનો આશય ન પણ આવે, તો પણ મોક્ષસુખનો આશય મળે -પ્રગટે તો સારું - એવી વૃત્તિ હોય અથવા તો સાંસારિક સુખના આશયનો જ આગ્રહ ન હોય, ત્યાં સુધી ય માર્ગે ચઢાવી શકાય; પણ સમજપૂર્વક સાંસારિક સુખના આશયનો જ આગ્રહ હોય, તો માનવું પડે કે-આ જીવ કાં તો અભવ્ય છે, કાં તો દુર્ભવ્ય છે અને કાં તો ભવ્ય હોવા છતાં ય અતિશય ભારેકર્મી છે ! કારણ કે-જીવ ધર્માનુષ્ઠાનને પામ્યો છે, મોક્ષમાર્ગને સમજાવનાર સદ્‌ગુરુના સદુપદેશનો યોગ થયો છે, એવો મૂઢ કે અબુધ નથી કે કશા જ સારાસારને સમજી શકે નહિ, છતાં પણ મોક્ષના આશયને નહિ લાવવાનો આગ્રહ રાખે, એ સૂચવે છે કે-મોક્ષની રુચિ પ્રગટે એટલી પણ યોગ્યતા એ જીવમાં પ્રગટી નથી. નહિતર તો એ કહે કે-'સાંસારિક સુખના આશયને કાઢવાની અને મોક્ષસુખના આશયને

પ્રગટાવવાની હવે હું મહેનત કરીશ'. ધ્યાનમાં રાખો કે-ધર્માનુષ્ઠાનોને તજવાની આ વાત નથી, પણ ધર્માનુષ્ઠાનોના આચરણમાં પેઠેલા અધર્મભાવને તજવાની આ વાત છે.

**૩૧. સભા : સાંસારિક સુખની સામગ્રી વિના સમાધિભાવ ટકતો નથી અને ધર્મને આચરવાનો ઉત્સાહ પ્રગટતો નથી, માટે સાંસારિક સુખના આશયથી ધર્માનુષ્ઠાનો કરતો હોય તો ?**

**પૂજ્યશ્રી** : તો તો હેતુ એ થયો કે-મને સમાધિભાવ મળે તો સારું, કે જેથી ધર્મને હું ધર્મરૂપે આચરી શકું ! એટલા પૂરતો તો આશય સારો ગણાય ને ? એવા આશયવાળો ધર્માનુષ્ઠાનોને તો આચરે જ છે; માત્ર સાંસારિક સુખના આશયથી આચરે છે-એટલું જ; પણ એથી એનામાં ધર્મને આચરવાનો ઉત્સાહ પ્રગટતો નથી, એમ નહિ કહી શકાય. એમ જ કહી શકાય કે - ધર્મને ધર્મરૂપે આચરવાનો ઉત્સાહ પ્રગટતો નથી, અને એવો ઉત્સાહ નથી પ્રગટતો એ એને ડંખે છે. જો આમ જ હોય, તો એવા માણસને માર્ગને પામવામાં બહુ ઓછી મુશ્કેલી નડે છે. એને તો એમ પણ સમજાવી શકાય કે-દુઃખમાં દીનતા એ જેમ અસમાધિ છે, તેમ સુખમાં લોલુપતા એ પણ અસમાધિ છે. સમાધિ તો આત્મચિન્તનમાં રહેલી છે. દુઃખની ભારેમાં ભારે સામગ્રી વચ્ચે પણ, આત્મચિન્તનમાં રક્ત બનેલા મહાત્માઓ સમાધિને ટકાવીને મુક્તિને સાધી શક્યા છે અને સુખની ભારેમાં ભારે સામગ્રી વચ્ચે પણ, પૌદ્‌ગલિક સુખમાં જ સર્વસ્વ માનનારા તથા આત્માને ભૂલી જનારા પામરો, અસમાધિમય દશાને

ભોગવીને, એના યોગે ઉપાર્જેલા પાપથી ઘોર નરકમાં ચાલ્યા ગયા છે. આથી સાંસારિક સુખના આશયને તજી દે અને જે કાંઇ સામગ્રી મળી હોય, તે સામગ્રીના યોગમાં પણ આત્માના સુખને કેમ પ્રગટાવી શકાય, એનો વિચાર કર. વળી જો તને ખાતરી જ છે કે-આ ધર્માનુષ્ઠાનોમાં સાંસારિક સુખરૂપ ફળને આપવાની પણ શક્તિ છે, તો તું શું એમ માને છે કે-સાંસારિક સુખનો આશય નહિ રાખવા માત્રથી જ અને મોક્ષનો આશય રાખવા માત્રથી જ, આ ધર્માનુષ્ઠાનો તને સાંસારિક સુખરૂપ ફળ આપશે જ નહિ ? તું જો આવું માનતો હોય તો તે ખોટું છે. સાંસારિક સુખના આશયથી તો તને નિયમા નુકશાન થશે, જ્યારે સાંસારિક સુખના આશયને તજી દઈને એકમાત્ર મોક્ષસુખના આશયથી તું ધર્માનુષ્ઠાનોને સેવવા માંડશે, તો તને આ ભવમાં સમાધિનો લાભ થવા સાથે, પરભવમાં પણ ધર્મની પ્રાપ્તિને સુલભ બનાવે તેવી અને ઉત્તમ કોટિની સાંસારિક સુખની સામગ્રી પણ પ્રાપ્ત થશે.

**૩૨. સભા : મોક્ષમાર્ગની આરાધના હું સારી રીતિએ કરી શકું, એ માટે મને સ્વજનાદિની અને ધનાદિની સામગ્રીની અનુકૂળતા થાય, એવો આશય ધર્માનુષ્ઠાનોને સેવવામાં હોય તો ?**

**પૂજ્યશ્રી** : એમાં તે મોક્ષમાર્ગની આરાધના કરવાની વૃત્તિ છે જ, એવું સુનિશ્ચિત થઈ જાય છે; પરંતુ એવી વૃત્તિથી પણ સ્વજનાદિની તથા ધનાદિ સામગ્રીની અનુકૂળતા થાઓ-એવો જે આશય આવી જાય છે, તે પણ એક પ્રકારની નબળાઇને જ સૂચવે છે.એવી શૂરતા કેળવવી જોઇએ કે-

ગમે તેવી પ્રતિકૂળતા વચ્ચે પણ મારે તો મોક્ષમાર્ગની જ આરાધના કરવી છે. મોક્ષમાર્ગની આરાધના કરવાની ઇચ્છાને પ્રબળ બનાવો તમારી જે ઈચ્છા ખુબ પ્રબળ બની જાય છે તે ઈચ્છાને પાર પાડવાને માટે તમે સ્નેહીઓને, સંબંધીઓને, ધનને અને કેટલાક તો ધર્મને પણ ગણતા નથી; તેમ જો મોક્ષમાર્ગને આરાધવાની ઇચ્છા પ્રબળ બની જાય, તો પછી આવા નબળા વિચારો આવે જ નહિ. સાંસારિક સામગ્રીની અનુકૂળતાનો આશય તમે રાખશો તો જ ધર્માનુષ્ઠાનોથી તમને સાંસારિક સામગ્રીની અનુકૂળતા મળશે, એમ માનો છો ? ઉલટું, જેટલી આશયની શુદ્ધતા હશે, તેના પ્રમાણમાં ધર્માનુષ્ઠાનોનું સારું ફળ મળશે. આ કારણે આપણે પહેલાં જ વિચાર્યું કે-'જગતમાં એવી કોઇ સિદ્ધિ નથી, કે જે શ્રી વીતરાગપરમાત્માની ભક્તિથી પ્રાપ્ત થાય નહિ.' અને તે પછી એ વાત સ્પષ્ટ કરી કે-શ્રી વીતરાગપરમાત્માની ભક્તિ વિષયસુખની-પૌદ્‌ગલિક સુખની અભિલાષાથી કરવાની નથી, પણ આત્મિક સુખની-મોક્ષસુખની અભિલાષાથી કરવાની છે.

(જૈ. પ્ર. વ.૨૨/અં.૨૧+૨૨)

*દેવ-ગુરૂ-ધર્મ પાસેથી સંસારના સુખો મેળવવાની ઈચ્છા થતી હોય તો સમજી લેવાનુ કે **મોક્ષની** ઈચ્છા જાગી નથી.*

*સંસારને લીલોછમ રાખવા માટે જ સાધુ પાસે જનારા પોતે તો સુધરતા નથી જ પરંતુ સાધુને ય બગાડ્યા વિના રહેતા નથી.*



# ❋ કર્તવ્ય ❋

**પૂર્વભૂમિકા : શ્રી જિનેશ્વરનું વચન રુચ્યાની ખાત્રી શી ?**

જિનેશ્વરદેવનું જેને વચન ગમે તેની આકૃતિ, ચેષ્ટા, કાર્યવાહી એવી હોય કે તે દેખનારને જરૂર એમ થાય કે, આ સંસારમાં રહ્યો છે પણ એની રહેવાની રુચિ નથી, માંદો જમવા બેસે પણ દેખનારને સાફ જણાય કે એને ભાવતું નથી. માંદાને તો એવું આઠ દશ દિવસ રહે, પણ જેને શ્રી જિનેશ્વરદેવનું વચન ગમે તેને તો કાયમ એવું થવું જોઈએ : કારણ કે એ સંસારરૂપ રોગનું સ્વરૂપ સમજ્યો છે. શ્રી શ્રેણિક મહારાજા તથા શ્રી કૃષ્ણ મહારાજા વિગેરેનું સમ્યક્ત્વ એમની દરેક પ્રવૃત્તિમાં સ્પષ્ટ દેખાતું : ભગવાન શ્રી જિનેશ્વરદેવ ક્યાં વિચરે છે, એની કાયમ ખબર રાખતા : ભગવાનના સમાચાર આવે કે એમની રોમરાજી વિકસ્વર થતી અને સમાચાર લાવનારને મનમાન્યું દાન દેતા : એ જ વખતે પાંચ-સાત કદમ ભરી, પંચાંગ નમસ્કારપૂર્વક સ્તુતિ કરતા : એમના ત્રિકાળપૂજનમાં કદી ખામી આવતી નહિ : ત્યાગની એ સલાહ દેતા : કોઈ ત્યાગી થાય તો એમના આનંદનો પાર ન રહેતો : પોતાને તો તેઓ સંસારના કીડા કહેતા : સામગ્રી આવે કે જાય એની એમને ચિંતા જ નહોતી રહેતી. શ્રી અભયકુમાર ઉપર શ્રેણિક મહારાજાનો પરમ રાગ : એમને રાજ્યગાદી આપવાની પ્રબળ ઈચ્છા : ગાદી આપવાનો આગ્રહ ચાલુ રાખ્યો,ત્યારે શ્રી અભયકુમારે ભગવાન શ્રી મહાવીરદેવને પૂછી આવવાનું ગર્ભિતપણે સૂચવ્યું, તે છતાં ‘ત્યાં શું પૂછવું છે ? એમ શ્રી શ્રેણિક મહારાજાએ ન કહ્યું. પોતે વચ્ચે ન આવ્યા, કેમ કે એ ખાત્રી હતી કે, ભગવાન તો ખોટો માર્ગ ન જ બતાવે. આજે જો કોઈ છોકરો

મહારાજને પૂછી આવવાનું કહે, તો બાપ કહી દે કે દીકરો કોનો ? એનું કારણ એ જ કે માર્ગ પ્રત્યેની રુચિની ખામી છે, શ્રદ્ધાની ખામી છે. સાધુ સલાહ શી આપે ? દાન દેવાની, શીલ પાળવાની, તપ કરવાની, ઉત્તમ ભાવનાઓ કરવાની, યાવત્ સંસાર છોડવાની ! આ સિવાયની બીજી સલાહ તો આપે જ નહિ,. પણ ત્યાં વિશ્વાસ નથી. આ પછી શ્રી અભયકુમારે તો પધારેલા પ્રભુને પૂછી આવીને, શ્રી શ્રેણિક મહારાજા સમક્ષ કહ્યું કે –

**''भवामि तात! राजा चेद्यतिर्न स्यामहं तदा ।**

**श्रीवीरोऽन्तिमराजर्षिं, यदशंसदुदायनम् ।।१।।''**

'હે તાત ! જો હું રાજા થાઉં, તો પછી સાધુ થઈ શકાય તેમ નથી : કારણ કે ભગવાન શ્રી મહાવીરપરમાત્માએ છેલ્લા રાજર્ષિ તરીકે ઉદાયનને વર્ણવ્યા છે.'

**–અને–**

**'' श्रीवीरस्वामिनं प्राप्य, प्राप्य त्वत्पुत्रतामपि ।**

**नोच्छेत्स्ये भवदुःखं चेन्मत्तः कोऽन्योऽधमस्तत ः ।।२।।''**

'શ્રી વીર' જેવા સ્વામીને પામીને અને તમારા પુત્રપણાને પામીને પણ, જો હું આ સંસારના દુઃખનો ઉચ્છેદ નહિ કરું, તો પછી મારા કરતા બીજો અધમ કોણ ? અર્થાત્ કોઈ જ નહિ :

**''नाम्नाहमभयस्तातः ! सभयोऽस्मि भवात् पुनः ।**

**भुवनाभयदं वीरं, तच्छ्रयामि समादिश ।।३।।''**

'હે તાત ! હું તો નામમાત્રથી જ 'અભય' છું : બાકી આ ભવથી તો ભયવાળો જ છું. તે કારણથી આપ આજ્ઞા આપો, કે જેથી હું ત્રણે

ભુવનના પ્રાણીગણને અભય આપનાર શ્રી વીરપરમાત્માનો આશ્રય કરું, એટલે કે તેમના શરણે જાઉં.

અભયકુમારના આ કથન સામે શ્રી શ્રેણિક મહારાજાએ એક પણ અક્ષરનો ઉચ્ચાર નથી કર્યો, પણ ઊલટી તેમ કરવાની આજ્ઞા આપી છે અને એ વાત પણ સાચી છે કે જે વસ્તુ પોતાના સંતાનના આત્મકલ્યાણમાં બાધક થતી હોય, તેનો આગ્રહ પણ સાચો પિતા ન જ કરે તથા શ્રી જિનેશ્વર દેવના વચન રુચ્યાની ખાત્રી પણ આવા પ્રસંગે જ થાય છે. પ્રસંગે આવી દશા આવે તે માટે સૂત્રકારમહર્ષિ શ્રી સુધર્માસ્વામીજીએ ફરમાવેલી એ *છ વાતને સમજો. સમજાય એવી

*ટિપ્પણી :૧. શ્રી જિનેશ્વરદેવના વચનની પ્રાપ્તિ, પ્રીતિ અને તેનું પાલન અતિશય દુર્લભ છે.

૨. શ્રી તીર્થંકરદેવો, ચરમશરીરી મહાપુરુષો અને ચક્રવર્તીઓ વિગેરે ઉત્તમપુરુષો સિવાયના જીવોનું આયુષ્ય સોપક્રમ, એટલે કે-નિમિત્ત પામીને ત્રુટી જનારું પણ હોય છે.

૩. માતાપિતાદિક વડીલની પણ પાપકારિણી આજ્ઞાને તાબે થવું, એ પોતાના આત્માને સંસારમાં રખડાવનાર છે.

૪. પાપના વિપાકથી, એટલે કે બાંધેલ પાપોના ઉદય સમયે આવી પડતી આપત્તિથી માતાપિતા વિગેરે બચાવી શકે તેમ નથી.

૫. જે પૌદ્ગલિક વસ્તુઓ મેળવી છે કે મેળવી રહ્યા છો, તે તમારી નથી : એટલે જ્યાં સુધી પુણ્યોદય હશે ત્યાં સુધી જ રહેશે, પણ તે પછી નહિ રહે.

૬. પુણ્યયોગે વસ્તુ રહેશે તો છેવટે તમારે એને મૂકવી પડશે, એ પણ નક્કી જ.

છે. તેમાંય છેલ્લી બે વાતો વિચારો કે **‘આ બધું મારુ નથી અને એ મૂક્યા વિના છૂટકો નથી.’** એ વાત સમજાઈ જાય, તો પ્રથમની ચાર વાતો પણ સહેલાઈથી સમજાઈ જશે. છેલ્લી બે વાતોમાં જ ખરો વાંધો છે, મૂકવું પડશે એ જાણવા છતાં પણ નથી મૂકવું, એવી ભાવનાથી જીવી રહ્યા છો અને જાણે મરવાનો ભય જ નથી એવા દેખાઓ છો.

૩૩. સભા : **બાલબચ્ચા માટે ધન મૂકી જવું અને તે માટે ભેગું કરવું એ ફરજ ખરી ને?**

**પૂજ્યશ્રી** : કંઈક મા-બાપો મૂકી ગયાં, છતાં ઘણાએ ભીખ માગી, વારસામાં જે મૂકવું જોઈએ તે મૂકી જવાની તો કાળજી જ નથી રાખતા અને એવું મૂકી જવાની કાળજી રાખો છો, કે જેમાં એ પણ ડૂબે. એવું મૂકી જાઓ કે-પાછળથી કંઈ ન પણ હોય, છતાં ય તેઓ આનંદમાં રહે.

૩૪. સભા : **બાપ ખૂબ ભેગું કરે અને છોકરો ઉડાવે તો પાપ કોને ?**

**પૂજ્યશ્રી** : મૂકી જનારને અને વાપરે, વપરાવે તથા અનુમોદે એ ત્રણેને પાપ. અમે ‘સારું’ કહીએ તો અમને પણ પાપ !

ખરેખર, અર્થકામની આસક્તિના યોગે જાણે મરવાનો ભય જ ન હોય, એવા તમે દેખાઓ છો. જો મરણનો ખ્યાલ હોય, તો બારણું વાસતાં, બારણાની સાંકળ દેતાં પણ વૈરાગ્ય થાય. આવી ભાવનાવાળો આત્મા પાપ કરતાં સોચે કે-ગમે તેને માટે કરું, પણ નતીજો (વિપાક) કોણ ભોગવશે ? આ થાય તો જે પાપ થાય તે પણ નજીવું અને અલ્પ રસવાળું જ થાય. અનંતજ્ઞાની મહાપુરુષો જે ઢબથી સમજાવી રહ્યા છે,

એ જો બરાબર સમજાઈ જાય, તો તમે પણ બહુશ્રુત જેવા બની જાઓ. પછી તમને દુનિયાનો કોઈ પણ આદમી મૂંઝવી શકે નહિ. શી રીતે મૂંઝવે ? માનો કે-કોઈ જોષી તમને ભલે સો વર્ષનું આયુષ્ય કહે : પણ આયુષ્ય ચંચળ છે, સોપક્રમ છે એ ચાવી તમારા હાથમાં છે, એટલે તમે તરત માનો કે-વાત બધી ખરી, પણ ભીંત પડે એટલી વાર. આયુષ્યને આક્રમણ આવ્યું કે-ખલાસ. ગમે તેવો જોષી કહે કે-પૈસા નહિ જાય પણ છઠ્ઠી ચાવી તમને કહે છે કે-આખરે તમારે મૂકીને જ જવું પડશે.

આ છયે વાતોના સમજનાર આત્માને પાપનો ભય ઉત્પન્ન થયા વિના રહે જ નહિ. આ છ કારણો પાપથી ભય પેદા કરવા માટે જેવાં તેવાં નથી જ.

૩૫. સભા : **કોઈ તળાવમાં પડે તો આયુષ્ય ભોગવાઈ જાય ?**

પૂજ્યશ્રી : દીવાની દિવેટ ક્રમસર સળગે તો માનો કે છ કલાક ચાલે. તેલ છે પણ પવન હોય અને પવનના યોગે દિવેટ ભેગી થઈ જાય, તો પા કલાકમાં પણ સળગી જાય : એ રીતે આયુષ્ય ઉપર પણ ઉપઘાત થતાં થોડા વખતમાં ભોગવાઈ જાય. ઉપરની છયે વાત રુચ્યા પછી અને જચ્યા પછી આત્મા સંસારમાં ચોંટ્યો ન રહે, એટલા માટે પિતા, માતા વગેરે ભયના સ્થાનો બતાવતાં પહેલા આ છ વાત તમારી સન્મુખ મૂકી છે.

** જેના હૈયામાં કરુણા હોય તેને સામાનું દુઃખ જોઈને દૂર કરવાનું અવશ્ય મન થાય.*

૩૬. સભા : **ભયરૂપ માતાપિતાને છોડી જવાની તાકાત નથી ! જો પોતે ભયરૂપ માને છે એવું જણાઈ જાય, તો ઊલટાં એ માબાપ ધર્મક્રિયામાં વધુ હાનિ કરે છે : માટે તાકાત ન આવે ત્યાં સુધી એવા માબાપને હૈયામાં ભયરૂપ માને અને તાકાત આવે ત્યારે ખુલ્લું કહે અને તજે એમાં કાંઈ વાંધો છે ?**

પૂજ્યશ્રી : ના, એમાં વાંધો નથી. કૌવત ન આવે ત્યાં સુધી હૈયામાં રાખવું, કૌવત આવ્યા પછી બહાર બોલવું. માનો કે-દુશ્મનને મિત્ર માનીને એની આંગળીએ વળગી તો ગયા, પણ કોઈ સ્નેહીએ ઈશારો કરી એ દુશ્મન છે એમ સમજાવ્યું, તો પોતે આંગળીએ વળગ્યો છે અને એને દુશ્મન માને છે એમ પેલાને જણાય તો હાડકાં ભાગે, માટે એ વખતે તો ગાબચી મારી જાય અને મિત્ર જેવો વર્તાવ રાખે, પણ છૂટવાની બારી તો જરૂર જ શોધે.

સભા : **આજે ઘણે ઘેર એવા પ્રસંગો ઘણા બને છે.**

પૂજ્યશ્રી : એથી ગભરાવું નહિ. નવી વાત બહાર આવે ત્યારે છમકલાં પણ થાય. એ તો ઉદયની નિશાની છે. દુશ્મનને દુશ્મન તરીકે ઓળખ્યા બાદ છૂટવાના પ્રયત્નમાં જરા ભૂલ થાય અને પેલો જાણી જાય તો બે ધોલ પણ ખાવી પડે, એમાં વાંધો નહિ. પણ દુશ્મનને દુશ્મન જ ન માનતાં, એની દુશ્મનાઈનો ભોગ થવું એ ઠીક નથી. એ બે ધોલ ખાનારો ડૂબશે નહિ. ભયનાં સ્થાનો ભયરૂપ લાગે, એને ઉન્માર્ગે જવાનો વખત ન આવે. આપણી હુંશિયારીથી દુશ્મન પાસેથી પણ કામ કાઢી લેવું, પણ આપણી બેદરકારીનો એ લાભ ન લઈ જાય, એની કાળજી ખાસ રાખવી. (જૈ. પ્ર. વ.૨/અં.૧૭)

**૩૭. સભા : સારાં સારાં કામ કરવા પૈસો ઈચ્છે તો ?**

**પૂજ્યશ્રી** : સારાં કામ તો જેની પાસે ધન હોય તેણે અથવા જેને ધન આવી મળે તેણે કરવાનાં છે. સારાં કામ કરવા માટે પણ ધન મેળવવાનું વિધાન આપણે ત્યાં નથી. ધન હોય તો વિધાન દાન કરવાનું છે. બાકી એવો ય સંયોગ આવી લાગે કે-ધનાદિક વિના સમાધિ ટકે તેમ ન હોય અને અવિરતિનો ઉદય એવો જોરદાર હોય કે સર્વત્યાગ સંભવિત ન હોય, તો સમાધિના હેતુથી ધનાદિકની શ્રાવકને ઈચ્છા થાય એ સંભવિત છે. શ્રી જય વીયરાય સૂત્રમાં રોજ ભગવાન પાસે ઈષ્ટ ફળની સિદ્ધિની માંગણી નથી કરાતી ? કરાય છે, પણ ઈષ્ટ ફળની સિદ્ધિની માંગણી કરતાં પહેલાં ભવથી નિર્વેદની અને માર્ગાનુસારિતાની માગણી કરાય છે. તમે જ વિચારો કે-જે જીવ ભવથી નિર્વેદને પામેલો હોય અને માર્ગાનુંસારિતાને પામેલો હોય, તે જીવ ઈષ્ટ ફળમાં માગે શું ? અને જે કાંઈ એ માંગે તે શા હેતુએ માગે ? આજે ઈષ્ટ ફળની સિદ્ધિની ભગવાનની પાસે માગણી કરાય છે, એ વાતને આગળ ધરીને કેટલાકો ધનાદિક માટે ભગવાનની ભક્તિ આદિ કરવાનું પ્રતિપાદન કરે છે; પણ ભવનિર્વેદની અને માર્ગાનુસારિતાની માગણી કર્યા પછી ઈષ્ટ ફળની સિદ્ધિની માગણી કરાય છે, એ વાતને ભૂલી જાય ! એટલે મોક્ષને પમાડે એવી ક્રિયા સંસારને વધારે એવી ક્રિયા બની જાય, એ જાતિની ભાવના પેદા કરે છે ! ભવનિર્વેદને પામેલો અને માર્ગાનુસારી બનેલો જે જીવ, એ જે કોઈ પણ વસ્તુની માગણી કરે, તે શા હેતુએ માગણી કરે ? દુર્ધ્યાનમાં ડૂબતાં બચાય ને સમાધિને ટકાવી શકાય, એવા પ્રકારનો જ

એનો હેતુ હોય ! એને બદલે જે ઈચ્છે તે મળે એમ સાંભળીને તમે જે તે ઈચ્છવા માંડો તો ? પછી તેવું પુણ્ય ન હોય ને ન મળે તો ધર્મ પ્રત્યે અશ્રદ્ધા જ પેદા થાય ને ? અને કદાચ પૂર્વકૃત પુણ્યના ઉદયે ઈચ્છ્યું એ મળ્યું તો એમાં ભયંકર કોટિની આસક્તિ જ પેદા થઈ જાય ને ? એવાં ઉદાહરણો છે કે અવસરે ઈચ્છ્યું ને મળ્યું, પણ એ ઉદાહરણોનો ઉપયોગ ક્યાં થાય અને ક્યારે થાય એ સમજવું જોઈએ. કોઈ પણ ઉદાહરણમાંથી એવું તારવી શકાય નહિ, કે જેને લીધે મૂળ વિધાનને બાધ પહોંચે. મૂળ વિધાનને બાધ કરે તેવું તારવનારને ઉદાહરણ વાંચતાં જ આવડ્યું નથી. (જૈ. પ્ર. વ.૪૦/ અં.૬)

**૩૮. સભા : 'दर्शनाद् दुरित ध्वंसी' કહ્યું છે (એનો અર્થ શું)?**

**પૂજ્યશ્રી** : હા, દર્શન કરવાથી દુરિત પાપ નાશ પામે એમ કહ્યું છે, તે સાચું પણ ક્યારે ?

દર્શન કરતાં શું વિચાર આવે તો પાપ નાશ પામે ? 'મને પૈસા મળે, હું મોજમજાદિ કરી શકું' તે માટે દર્શન કરે તો તેનાં પાપ ટળે કે પાપ બંધાય? આવા જીવોને તો મંદિરમાં પેસવાનો પણ અધિકાર નથી.

મંદિરમાં પેસે તેને 'નિસિહી' કહીને પેસવું પડે. 'નિસિહી' શું તે જાણો છો? સંસારનો વિચાર સરખો પણ ન થાય અને વાત પણ ન થાય. સંસારનું સુખ માગવા જાય તેને મંદિરમાં પેસવાનો વાસ્તવિક રીતે અધિકાર છે ખરો ? (૧૦૮/૨૦)

**૩૯. સભા : દીકરાને જરૂર પડે તો માગવા જાય ક્યાં ?**

**પૂજ્યશ્રી** : ભગવાન તે બાપ છે. દીકરો બાપ પાસે શું માગે તે તમે સમજતા નથી ? બાપની પાસે મારે વેશ્યાને ઘેર જવું છે તેમ માગે ?

ભગવાનનો ભગત દુઃખી હોય નહિ. કર્મયોગે દુઃખી હોય તો પણ દુઃખમાં મજા માને. **દુઃખમાં રુએ તે ય ભગવાનનો સાચો ભગત નહિ અને દુનિયાના સુખમાં મહાલે તેય ભગવાનનો સાચો ભગત નહિ. દુનિયાના સુખથી ગભરાય અને દુઃખમાં મજા કરે તે જ ભગવાનનો સાચો ભગત ! બાળકોના શિક્ષણ પરથી મા-બાપ ઓળખાય.**



બાળકોના શિક્ષણ પરથી મા-બાપ ઓળખાય.

# ❋ કર્મ ❋

**૪૦. સભા : સ્વભાવથી મોક્ષમાર્ગને અનુકૂળ પ્રવૃત્તિ થવા માંડે એવી યોગ્યતા મિથ્યાત્ત્વમોહનીયના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય કે ચારિત્રમોહનીય-ના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય ?**

**પૂજ્યશ્રી** : મિથ્યાત્ત્વમોહનીયના ક્ષયોપશમાદિનું કાર્ય તત્ત્વમાર્ગ પ્રતિ આત્માને રુચિવાળો બનાવવાનું છે. તત્ત્વમાર્ગ પ્રતિ એવો રુચિવાલો બનેલો આત્મા, તત્ત્વમાર્ગ પ્રતિ પ્રવૃત્તિ તો ચારિત્રમોહનીય આદિના ક્ષયોપ-શમાદિના યોગે જ કરી શકે છે. (જૈ. પ્ર. વ.૧૯/અં.૧૨)



# ❀ કારણ ❀

**૪૧. સભા : ભવસ્થિતિ પરિપક્વ થાય ત્યારે એ બને ને ?**

**પૂજ્યશ્રી** : એ બધી વાત જ્ઞાની જોઈ શકે. પાંચ કારણ વિના કાર્ય ન થાય. સમ્યગ્દર્શન પામ્યા પછી મુખ્યતા ઉદ્યમની છે. બધું એમાં આવી જાય. ભવિતવ્યતા માનીને ઉદ્યમ જ ન કરે તો એ પણ એક કારણનો લોપ થાય. પાંચ કારણમાં ઉદ્યમ પણ એક કારણ છે. સમ્યગ્દષ્ટિને પ્રધાનતા ઉદ્યમની, બે જણા જતા હોય : એક આંધળો અને એક દેખતો... આંધળો ટિચાય, થાંભલે ભટકાય, પડી જાય તો જોનારને દયા આવે, ઊભો કરે, રસ્તે ચઢાવે અને વાગ્યું હોય તો પાટો પણ બાંધે. દેખનાર જો ટિચાય તો એ જોનાર ઊલટો કહે કે-'ભાળતો નથી ? છતી આંખે કાં ટિચાય છે ?' એમ જ સમ્યગ્દર્શન પામ્યા પછી જીવ-અજીવનું સ્વરૂપ, કર્મનું સ્વરૂપ, કર્મની સત્તા તથા તેના ઉદયાદિકનું સ્વરૂપ બધું સમજાય, કર્મ નિષ્ફળ કરવાની રીત સમજાય, છતાં પ્રયત્ન ન કરે તો સમ્યગ્દર્શનને હાનિ જ કરે, છતી આંખે અંધાપો લેવાની ક્રિયા જેવું થાય. જો ભવિતવ્યતાની જ વાત કરો, તો વ્યવહારમાં પણ એ વાત કરો ને ! પૈસા મળવાના હશે તો મળશે, શું કામ મહેનત કરો છો ? રોટલી આપો આપ આવશે, ભાણું એની મેળે આવશે, છતાં ત્યાં તો પ્રયત્ન જારી રાખો છો. એવી જ રીતે અહીં પણ પ્રયત્ન જારી રાખો તો આત્મા જાગૃત થયો કહેવાય. મન વશ કરવા માટે વચન તથા કાયા પહેલાં વશ કરવાં જોઈએ. એ વાત ખરી કે-મન વશ થયા વિનાની ક્રિયા જોઈતું ફલ આપી શકતી નથી, મનશુદ્ધિ માટે

વચનશુદ્ધિ તથા કાયશુદ્ધિની ખાસ જરૂર છે. કાયિક ક્રિયા વિના છૂટકો જ નથી. શરૂના અભ્યાસ માટે વચન તથા કાયાને મુખ્યતા આપી શકાય છે.

**૪૨. સભા : મન વશ કરવા શું કરવું ?**

**પૂજ્યશ્રી** : જ્ઞાની પુરુષોએ જે જે ક્રિયાઓ વિહિત કરી છે, તે બધી જ ક્રિયાઓ કરવાની. **શ્રી ઋષભદેવસ્વામીના સ્તવનમાં** શ્રી જિનવિજયજી મહારાજાએ કહ્યું છે કે –

**"કારણજોગે કારજ નીપજેજી, ક્ષમાવિજય જિન આગમ રીત રે."**

આત્માએ પોતાનું શુદ્ધ સ્વરૂપ વિકસિત કરવું હોય, તો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રમય બનવું જોઈએ : પણ સંસારમય બન્યે ન ચાલે ! આત્મા જાગૃત થયો કે ઉદ્યમની પ્રધાનતા થાય જ. નિકાચિત કર્મો છોડાતાં નથી, પણ શાસ્ત્ર કહે છે કે–શુક્લધ્યાન રૂપી તપ તો નિકાચિત કર્મને પણ તપાવે છે. ધ્યાન જેવો એક પણ ઉદ્યમ નથી. **ઉદ્યમનો અર્થ દોડાદોડ કરવી તે નહિ, પણ ઉદ્યમનો અર્થ આત્માની જાગૃતિવિશેષ.** ભગવાન શ્રી મહાવીરદેવને સાડા બાર વર્ષ સુધી છદ્મસ્થ સંયમકાળમાં ભયંકર ઉપસર્ગ થયા, ખીલા ઠોકાયા, પણ આત્માની જાગૃતિ સાચવી રાખી એ જ આત્માનો ઉદ્યમ. આત્માના સ્વરૂપમાં એક સરખી લીનતા એ જ આત્માનો ઉદ્યમ. આત્માની સાથે વળગેલાં કર્મોને છૂટાં કરવાના ઉદ્યમ સામે ગમે તેવી સ્થિતિ ઊભી થાય તો પણ હાનિ નહિ. જે ઉદ્યમથી કર્મ ખસે તે

ઉદ્યમ. એ વખતે જો ભગવાન સામાની કાનપટ્ટી પકડી પૌદ્‌ગલિક બળ દેખાડે તો કર્મ છૂટે ક્યાંથી ? કર્મ ખસેડવાનો ઉદ્યમ તે આત્માનો ઉદ્યમ. ધ્યાન જેવો એક પણ ઉદ્યમ નથી. વ્યવહારમાં પણ મજૂરને બહુ તો રોજના બે રૂપિયા કે પાંચ રૂપિયા મળે, જ્યારે વિચારશીલને સેંકડો રૂપિયા મળે અને હજારો મળે. ધ્યાન તો કર્મક્ષય માટેનો ઊંચામાં ઊંચો ઉદ્યમ છે. ભગવાન ખીલા ઠોકાયા ત્યારે શુભધ્યાનથી ચળ્યા નહિ, એ એમનો મોટામાં મોટો ઉદ્યમ.

**૪૩. સભા : સહન કરવા અસમર્થ હોય એ શું કરે ?**

**પૂજ્યશ્રી** : જ્ઞાની કહે છે કે-તાકાત ન હોય એણે ઉપસર્ગના સ્થળેથી આઘે ખસી જવું. કદાચ આવી પડે અને મક્કમતા ન રહે, તો મૂળ વસ્તુ સાચવીને એટલે સમ્યગ્‌દર્શન, સમ્યગ્‌જ્ઞાન અને સમ્યક્‌ચારિત્ર સાચવીને દૂર કરવાના પ્રયત્ન પણ કરે. ઘણા કહે છે કે-'કર્મ ખપાવવા ભગવાન લાટ જેવા અનાર્ય દેશમાં ગયા, તો તેમના સાધુઓ કેમ તેવા દેશમાં જતા નથી?' ભગવાનના સાધુઓ કહે છે કે-'અમે ન જઈએ, કારણ કે ભગવાનમાં જે તાકાત હતી તે અમારામાં નથી.' ભગવાન શ્રી આર્યસુહસ્તિ મહારાજાને શ્રી સંપ્રતિ મહારાજા વિનયપૂર્વક પૂછે છે કે -

**'कदापि श्रमणा एते, भगवन्नार्यदेशवत् ।**
**अनार्येष्वपि देशेषु, विहरन्ति कुतो न हि' ।।१।।**

**'હે ભગવાન્ ! આ સાધુઓ જેમ આર્યદેશમાં વિચરે છે, તેમ કોઈ પણ વખત અનાર્ય દેશોમાં ક્યા કારણથી વિચરતા નથી?'**

આ પ્રશ્નના ઉત્તરમાં દશપૂર્વના ધણી ભગવાન શ્રી આર્યસુહસ્તિ મહારાજા ફરમાવે છે કે -

**व्याजह्रुः सूरयोऽनार्य-देशेष्वज्ञानतः सदा ।**
**ज्ञान-दर्शन-चारित्रा-ण्युत्सर्पन्ति न पार्थिव!।।१।।**

**'હે રાજન્ ! સદાને માટે આચારાદિકની અજ્ઞાનતાના કારણે અનાર્ય દેશોની અંદર જ્ઞાન, દર્શન અને ચારિત્ર વૃદ્ધિ પામતાં નથી.'**

આ ઉત્તર સાંભળી પરમાર્હત શ્રી સંપ્રતિ મહારાજાએ વિનવ્યું કે-'હે ભગવન્ ! આપ સાધુઓને મોકલીને અનાર્ય દેશોમાં પણ આચારોની સુંદરતાને જાણો તો ખરા !' મતલબ એ છે કે-શ્રી સંપ્રતિ મહારાજાએ પ્રથમથી જ એ કાર્યવાહી કરી લીધી હતી, અર્થાત્ બન્ને વસ્તુતત્ત્વના જ્ઞાતા હતા. અત્યારે તો એવી દશા છે કે-'ઉપસર્ગના યોગે કર્મક્ષય થાય' - આ વાત લઈને ઉપસર્ગ ન આવે તો લાવવાની પેરવી કરવામાં આવે છે ! આવી વૃત્તિવાળાઓ તો જ્વાલામુખી ફાડવાનો પ્રયત્ન કરનારા હોઈ, સ્વપર ઉભયના હિતનો નાશ કરનારા છે. કોઈ પણ વાત કરતા પહેલાં સાધ્ય વસ્તુ ખાસ વિચારવી અને આત્મસામર્થ્ય તપાસવું. શાસનની રક્ષા માટે પણ સામર્થ્ય જોવું : સામર્થ્ય ગોપવે તે વિરાધક. તેમ જ સામર્થ્ય ન હોય ને કરવા જાય તો કદાચ એવી સ્થિતિમાં પણ આવે, કે આરાધનાને બદલે વિરાધના લાવે.

જ્ઞાની કહે છે કે -ઉપસર્ગને ટાળવા યોગ્ય પ્રયત્ન કરવો : ટાળવા છતાં ટળે તેવો નથી એમ લાગે તો થાય તે ખરું કહી બેસી જવું જોઈએ, પણ મૂળ વસ્તુ રત્નત્રયી ન મુકાય. તત્ત્વત્રયીની ઉપાસનાને હાનિ ન


પહોંચાડાય ! રત્નત્રયી એટલે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર. તત્ત્વત્રયી એટલે શ્રી અરિહંતદેવ, નિર્ગ્રંથ ગુરુ અને શ્રી અરિહંતદેવે કહેલો ધર્મ ! અપવાદ હોય એવો પ્રસંગ આવે કે-રાજાની આજ્ઞાથી ક્રિયા કરવી પડે, ત્યાં અપવાદ, પણ ત્યાંય મનશુદ્ધિ તો હોય જ. શ્રી કાર્તિક શેઠે રાજાની આજ્ઞાથી તાપસને પારણું કરાવ્યું. પણ હૃદયમાં શું હતું ? તરત નિર્ણય કર્યો કે-સંસારમાં રહ્યો તો રાજાની આજ્ઞા માનવી પડે ને ! માટે હવે તો અહીંથી છૂટીને સંયમ લેવું. સમ્યગ્દૃષ્ટિ આત્મા આવા પ્રસંગે આવો નિર્ણય કરે. સમ્યક્ત્વની ત્રણ શુદ્ધિ છે. તે ત્રણ શુદ્ધિનું નિરૂપણ કરતાં મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી ગણિવરે ગુજરાતી ભાષામાં પોતાની રચેલી શ્રી **સમ્યક્ત્વના સડસઠ બોલની સજ્ઝાયમાં કહ્યું છે કે –**

**“ત્રણ શુદ્ધિ સમકિતતણી રે, તિહાં પહેલી મનશુદ્ધિ રે;**
**શ્રી જિન ને જિનમત વિના રે, જૂઠ સકલ એ બુદ્ધિ રે.**
**ચતુર ! વિચારો ચિત્તમાં રે. ૧**
**જિનભક્તે જે નવિ થયું રે, તે બીજાથી નવિ થાય રે;**
**એવું જે મુખે ભાખીએ રે, તે વચનશુદ્ધિ કહેવાય રે.**
**ચતુર. ૨**
**છેદ્યો ભેદ્યો વેદના રે, જે સહેતો અનેક પ્રકાર રે;**
**જિન વિણ પરસુર નવિ નમે રે, તેની કાયાશુદ્ધિ ઉદાર રે.**
**ચતુર. ૩**

સમ્યગ્દૃષ્ટિ આત્મા મનથી અને વચનથી તો શુદ્ધ રહી શકે છે, પણ

કદાચ દાક્ષિણ્યતા આદિ કારણોથી કાયાથી ઝૂકી જવું પડે, પણ હૈયું તો ન જ ઝૂકવું જોઈએ. મનમાં તો વિચારે કે-'હું પ્રમત્ત, હું અસમર્થ!' અને વચનથી પણ એમ જ કહે. જો મન અને વચનથી પણ ગયો, તો તો ખલાસ જ, ગયું જ સમજો. કમ તાકાતના યોગે કદાચ કાયા જાય, પણ મન-વચન ન જ જવાં જોઈએ. આ ત્રણ શુદ્ધિ ન જાળવે કે જાળવવાની કાળજી ન રાખે, તે કઈ વખતે ધર્મને ઠોકરે મારશે, તે ન કહી શકાય.

(જૈ. પ્ર. વ.૧/અં.૪૨)



# ❀ ક્રિયા ❀

**૪૪. સભા : અધ્યાત્મમાં પણ ક્રિયા ખરી ?**

**પૂજ્યશ્રી** : ક્રિયા બેઠેલી જ છે. વસ્તુના સ્વરૂપને સમજો તો એ બધું જ સમજાય. ધ્યાનનો અધિકાર કોને ? જો બધા એમ ધ્યાનમાં મગ્ન થઈ શકતા હોય તો દુનિયામાં કોઈ જ ન રહેત. દુનિયાદારીની ક્રિયા નાશ પામે અને સુક્રિયાઓમાં આત્મા તલ્લીન થાય ત્યારે જ ક્વચિત્ ક્વચિત્ શુભ ધ્યાન આવે. ચૈત્યવંદનાદિ સુંદર ક્રિયાઓમાં જેનું મન નથી ચોંટતું, તેનું મન કોરા (લુખ્ખા) આત્મામાં શી રીતે ચોંટી જાય ?


**૪૫. સભા : એકાંતમાં જાય તો ?**

**પૂજ્યશ્રી** : એકાંત એ ધ્યાનનું જ કારણ છે, એમ ન માનતા. એકાંત તો ભયનું પણ કારણ છે. એકાંતથી તો આદમી ગાંડો પણ થઈ જાય. એકાંતથી તો સન્નિપાત પણ થાય. મોટા મકાનમાં એકલા બેસો તો ?

**૪૬. સભા : ક્લૉરોફોર્મ સુંઘાડે ત્યારે યોગની ક્રિયાઓ ચાલુ હોય છે ?**

**પૂજ્યશ્રી** : ક્રિયા ચાલુ છે : ભલે ખબર ન પડે. કેટલીકવાર આપણે પોતે આપણી ક્રિયાને પણ સમજી શકતા નથી. રાભસવૃત્તિથી (ઉતાવળથી)કોઈવાર એવા વચનો નીકળી જાય કે એના અર્થ પણ કાઢી શકાતા નથી. અમુક પીડા થાય છે ત્યારે શું થાય છે, એ કહી શકાતું નથી. મન-વચન-કાયાને અયોગ્ય ક્રિયાથી રોકી યોગ્યમાં જોડીએ ત્યારે ધ્યાન આવે. ધ્યાન પામવાની યોગ્યતા માટે પ્રથમ સંયમમાં સ્થિરતા જોઈએ, એટલે

કે પ્રાણાંતે પણ સંયમમાં અસ્થિર ન થવાય. પ્રાણના ભોગે પણ સંયમને સાચવવાની ભાવનાવાળો આત્મા જ સાચો ધ્યાની બની શકે છે. હવે વિચારો કે સંયમ ખાતર પ્રાણ આપવા તૈયાર હોય એને ખોટા માનાપમાન નડે ? (જૈ. પ્ર. વ.૩/અં.૨૫)



# ※ કેવળી ※

**૪૭. સભા : કેવળજ્ઞાની ભગવાને પોતે દ્વાદશાંગી કેમ ન બનાવી ?**

**પૂજ્યશ્રી** : જૈનશાસનનો તો કલ્પ જ એવો છે કે-ગણધર જેવા સર્વોત્તમ શિષ્યો જ સૂત્રરૂપે રચના કરે. અને નિશ્ચિત થયેલ કલ્પમાં પ્રશ્ન પણ ન હોઈ શકે.

**૪૮. સભા : ગણધર તો છદ્મસ્થને ?**

**પૂજ્યશ્રી** : પણ ભગવાને અર્થરૂપે આપી અને એમણે ઝીલી. ત્રણ પદ ભગવાને કહ્યાં, તે ઉપરથી દ્વાદશાંગી શ્રી ગણધરદેવોએ રચી. એમની દૃષ્ટિ બહારની તો નહિ જ ને ? એમણે કબૂલ રાખી. ફેરફાર હોત તો કહેત. શ્રી ગણધરદેવોએ સંતાડી તો નહોતી ને ? સંતાડે તો પણ ભગવાન શ્રી મહાવીરદેવ જેવાથી ક્યાં સંતાડે ?

**સભા : આજ તો આચાર્યોને લહિયા કહે છે.**

**પૂજ્યશ્રી** : કબૂલ, લહિયા પણ કોના ? ભગવાન શ્રી મહાવીરદેવના જ ને ? એમાં વાંધો પણ શો ? સાચી વાત એ છે કે-દર્શનવાળાથી તો લહિયા જ થવાય : કારણ કે-પ્રભુએ કહેલી જ વાતો માત્ર અને તે વાતો પણ તે જ સ્વરૂપે ઉચ્ચારી શકાય. એથી બીજું બોલનાર એ તો આ શાસનનો દ્રોહી : એવા લેખક બનવા કરતાં તો આના લહિયા બનવામાં જ કલ્યાણ છે. બાકી એવાઓ તરફથી આવું તો અવજ્ઞા જ કરવા ખાતર કહેવાય છે, એ યાદ રાખવાનું છે. (જૈ. પ્ર. વ.૨/અં.૨૫)

# ગુરૂ

**૪૯. સભા : અનેકને બોધ આપનાર ગુરુના બોધને શિષ્ય અંગીકાર ન કરે તો ગુરુના સંસ્કારમાં ખામી ગણાય કે નહિ ?**

**પૂજ્યશ્રી** : ઠંડું આઈસ જેવું પાણી જેના ગળાને ન ઠારે, એ પાણીમાં દોષ ખરો કે નહિ ? દાહજ્વરવાળાને ઠંડામાં ઠંડા પાણીનું ટીપું પડે તો એને શાંતિ થવાને બદલે એનો દાહ વધે. બળતરા વધતી જાય. ઠંડા પાણીએ એ આત્માને ન ઠાર્યો, તો પાણીની ખામી ખરી કે નહિ ?

તેવી રીતે શિષ્યની યોગ્યતામાં ભેદ હોય તો ગુરુનો બોધ શિષ્ય ગ્રહણ ન પણ કરે, પણ તેથી કાંઈ સામાની અયોગ્યતાનો બોજો ગુરુ ઉપર ન નાખી શકાય. હા, એમ પૂછતા હો કે બોધ કરનાર ગુરુએ યોગ્ય બનવું જોઈએ કે નહિ ? તો હું કહું છું કે 'બનવું જોઈએ. ગુરુતા મેળવવી જોઈએ. એ મેળવ્યા વિના બોધ આપવો જોઈએ નહિ !' પણ જમાડનાર સારી રસોઈ પીરસે અને ખાનારો ભાન ન રાખે તેથી એને ઝાડા થાય, તો જમાડનારનો દોષ ખરો ? કહેવું જ પડશે કે નહિ. (૧૦૮/૯૦)

**૫૦. સભા : ઉપદેશક ગુરુઓને એવી ખબર શી રીતે પડે કે આ ભવ્ય છે કે નથી ?**

**પૂજ્યશ્રી** : જે ધર્મોપદેશક મહાત્માઓને તેવા પ્રકારનું વિશિષ્ટ કોટિનું જ્ઞાન નથી, તેવા આત્માઓ 'અમુક આત્મા નિયમા ભવ્ય જ છે કે નહિ' એનો નિર્ણય ન કરી શકે; પણ કેટલીક ચેષ્ટાઓ આદિના આધારે અનુભવી આત્માઓ કલ્પના કરી શકે. જો કે તેમાં ભૂલ થવાનો પણ સંભવ તો છે જ.

**૫૧. સભા : તો પછી અભવ્યોને અને દૂરભવ્યોને પણ ઉપદેશ અપાઈ જાય, એમ તો બને ને ?**

**પૂજ્યશ્રી** : શાસ્ત્રના જાણકાર મહાત્માઓ ભવ્ય જીવોને ઉદ્દેશીને જ ધર્મોપદેશ આપે છે. ભવ્ય જીવોને ઉદ્દેશીને અપાતા ધર્મોપદેશને અભવ્યો અગર દૂરભવ્યો સાંભળી જાય એ પણ શક્ય છે, પણ કહેવાનું તાત્પર્ય તો એ જ છે કે આ ધર્મોપદેશનો પ્રયત્ન, માત્ર ભવ્ય જીવોને માટે જ સફળ નીવડી શકે છે. અભવ્ય અને દૂરભવ્ય માટે પ્રયત્ન કરવો નકામો છે, કારણ કે તે બિચારાને આ ઉપદેશ રુચે એ શક્ય જ નથી. આ ધર્મોપદેશ રુચે, તો તે માત્ર ભવ્યાત્માઓને જ રુચે.

**૫૨. સભા : આના ઉપરથી અમે અમારું માપ કાઢી શકીએ, એમ તો બને ને ?**

**પૂજ્યશ્રી** : એમાં તો સંદેહ જ શો ? મોક્ષના ધ્યેયનું અને મોક્ષમાર્ગની આરાધનાનું નિરૂપણ ભવાભિનંદી આત્માઓને રુચી શકતું જ નથી. તમને જો આ નિરૂપણ રુચતું હોય, તો એ પણ તમારા ભવ્યત્વનું સૂચક ગણાય. એ બાબતનો નિર્ણય વધારે સારી રીતે તો તમે પોતે જ તમારે માટે કરી શકો; પણ એ નિર્ણય કરવા માટે પણ તમારે ખૂબ ખૂબ કુશળ બનવું જોઈએ. 'કોઈ પણ પ્રકારના પૌદ્‌ગલિક સુખની અપેક્ષા વિના કેવળ મોક્ષના જ ઈરાદાથી હું ધર્મક્રિયાઓને સેવું'-આવા પ્રકારનો તમને મનોરથ થતો હોય, તો એ તમારી સુંદર ભવિતવ્યતાને સૂચવે છે. (૧૦૮/૭૭)

# ❊ ગુણસ્થાનક ❊

**૫૩. સભા : ગુણસ્થાનક એટલે શું ?**

**પૂજ્યશ્રી** : આત્મામાં પ્રગટેલા અમુક અમુક પ્રકારના ગુણોને અંગે સ્વરૂપદર્શન કરાવવાની અપેક્ષાએ નિયત કરવામાં આવેલ સ્થાનવિશેષ. (૧૦૮/૮૧)

**૫૪. સભા : મિથ્યાત્વ છતાં ગુણસ્થાનક કેમ કહ્યું ?**

**પૂજ્યશ્રી** : ત્યાં પણ 'ભદ્રકત્વ'-'કોમળતા'-'સરળપણું'-'સત્યનુંઅર્થિપણું'- એ વિગેરે ગુણો છે માટે ! જેનામાં આ ગુણ હોય તે પહેલા ગુણસ્થાનકવાળા ! આ પણ ન હોય તે એ ગુણસ્થાનકે, પણ નામના ! પેલા અર્થાપેક્ષયા અને આ રૂઢિની અપેક્ષાએ ! હજી જેને આત્માનું ભાન નથી, એવા ભદ્રકત્વાદિ ગુણવાળા પહેલા ગુણસ્થાનકે રહેલા કરતાં સમ્યગ્દૃષ્ટિ, એનાથી દેશવિરતિની, અને એનાથી સર્વવિરતિની યોગ્યતા વધતી જાય છે. અંતરાત્મદશા જાગૃત થાય, ત્યારે આત્મા શું ઈચ્છે ? એ વિચારો ! તમે શ્રાવક તરીકે જન્મ્યા, સુશ્રાવક લખાવો, તો વ્યવહારથી મારે તો તમને ચોથા-પાંચમા ગુણઠાણે માનવા જોઈએ ને? સમ્યગ્દૃષ્ટિનું ચોથું ગુણઠાણું, દેશવિરતિનું પાંચમું ગુણઠાણું, અને મુનિનું છઠ્ઠું ! ત્યારે માર્ગાનુસારીનું ગુણસ્થાનક પહેલું ! માર્ગાનુસારીમાં અમુક પ્રમાણમાં ગુણ અને પ્રવૃત્તિ બેય હોય.

**૫૫. સભા : માર્ગ પ્રત્યે વિરુદ્ધ ભાવ હોય તે ?**

**પૂજ્યશ્રી** : સમ્યગ્દૃષ્ટિ પણ નહિ અને માર્ગાનુસારી પણ નહિ : એ તો એથી પણ ગયો.

**૫૬. સભા : ત્યારે શું સમ્યક્ત્વની પ્રાપ્તિ વિનાના બધા જ પ્રથમ ગુણસ્થાનકે ?**

**પૂજ્યશ્રી** : સમ્યક્ત્વની પ્રાપ્તિ વિનાના બધા જ પહેલા ગુણસ્થાનકે. ત્યાં પણ ઊંચા-નીચાના ભેદ પડે. કોઈ ઘોર મિથ્યાદૃષ્ટિ, તો કોઈ સામાન્ય મિથ્યાદૃષ્ટિ ! 'મિથ્યાત્ત્વ' ગુણસ્થાનકે રહેલા છતાં પણ, ભદ્રિકતાદિ ગુણોના યોગે માર્ગાનુસારી આત્માઓ પણ સંસાર પ્રત્યે બહુમાનવાળા નથી હોતા. બીમારને જેમ અનાજની રુચિ ન હોય, પરન્તુ ન છૂટકે લે, એ રીતે સમ્યગ્દૃષ્ટિ આત્માને સંસાર પ્રત્યે રુચિ ન હોય. રોજ એ સ્થિતિ માટે આત્માને પૂછો ! માર્ગાનુસારી આત્મા પણ જ્યાં જ્યાં ત્યાગ જુએ, ત્યાં ત્યાં એની રોમરાજી વિકસ્વર થાય. ત્યાગીને તે હાથ જોડે અને ઈચ્છે કે-'એ દશા ક્યારે આવે ?' ધર્મી અને અધર્મી બેય હજી સ્થાન પર છે. જેમાં ધર્મ નથી તે અધર્મી-એ દૃષ્ટિએ અધર્મીમાત્ર દયાપાત્ર છે, પણ એ ધર્મ તરફ લાલ આંખ કરતો નથી, ડોળા કાઢતો નથી, માત્ર ધર્મ પામ્યો નથી એટલું જ ! ધર્મીને ધર્મ મળ્યો છે માટે એ ભક્તિપાત્ર અને કમનસીબીને લઈને અધર્મીને ધર્મ મળ્યો નથી માટે દયાપાત્ર ! પણ ત્રીજો વિરોધી તો આંખો કાઢનારો, એટલે એની તો ગણના જ નહિ. એક માણસ કોઈનું બહુમાન કરે, ગાદીએ બેસાડે, માનસન્માન કરે, આગતાસ્વાગતા કરે, તો ત્યાં પ્રેમ થાય, આનંદ થાય. બીજો એક માણસ બોલાવે પણ નહિ, તો ય થાય કે-'કાંઈ નહિ.' પણ એક એવો કે એને ઓટલે પગ મૂકો કે-ગાળ દે, દાંતિયાં કરે, તો આવનારને ભાવના કઈ થાય ? તે વખતે ધર્મીને પણ થાય કે-'બીચારો પાપાત્મા છે. પાપના યોગે આ કંગાલિયત પામ્યો છે અને

આવી કાર્યવાહીથી વધુ ને વધુ પાપનો ભાર સંઘરતો જાય છે. ધર્મી ત્યાં પોતાના ધર્મ ખાતર સહનશીલતા રાખે, ત્યારે કેટલાક સંસારીઓ અશક્તિથી અથવા તો પોતાની આબરૂને બટ્ટો ન લાગે માટે સહન કરે, અને કહે કે-'અમે જાતવાન છીએ માટે આટલું સહ્યું પણ અવસરે બતાવશું.' દુનિયામાં આ ભાવના આવે છે. એવી અહીં ધર્મ માટે આવે તો ધર્મના રક્ષક બની શકશો, નહિ તો ખામી આવવાની. ધર્મીએ આટલી વસ્તુ સમજવી જ જોઈએ. પેઢી ચલાવવી હોય તે વેપારીએ, પેઢી ઉપર આવનારાઓને ઓળખવા જોઈએ અને સહુ સાથે ઘટતો વર્તાવ રાખવો જોઈએ. ગાદીલાયક ગાદીએ બેસે, સામે બેસવા લાયક તેમ બેસે, ને ઊભો રહેવા લાયક ઊભો રહે તો પેઢી ચાલે. મુનીમ ગમે તેવો સારો હોય, બહુ જ હુંશિયાર હોય, ભલે બારે મહિને સારામાં સારું એને ઈનામ અપાતું હોય, તો પણ તે શેઠ સામે તો એ રીતસર જ વર્તાવ કરે. અંધવિશ્વાસે જો શેઠ એમ કહી દે કે-'તું જ શેઠ' અને પોતે કાંઈ ખબર ન રાખે તો ? ત્રીજે દિવસે પેઢી ઊઠી જાય. ત્યાં તો તમે બધું જાણો છો. ધિરાતા હોય ત્યાં ધિરાય, અપાતા હોય ત્યાં અપાય, દેવાતા હોય ત્યાં જ દેવાય અને લેવાતા હોય એના જ લેવાય ! આમાં પોલ ચલાવો તો પેઢી ન ચાલે. કોને ઓળખવા જઈએ, એમ વ્યાપારી કહે ? નહિ જ. પણ બધાને ઓળખે, પગથી ઓળખે ! તો પછી અહીં કેમ લોચો વાળે ? સામાન્ય દુનિયાના વ્યવહારમાં આટલી કુશળતા ધરાવનાર આદમી, ભવતારક ચીજ માટે લોચા વાળે, એ બુદ્ધિમાન માટે શોભાસ્પદ નથી. ધર્મી, અધર્મી પ્રતિ કરુણા દાખવી શકે, પરન્તુ

ધર્મ ને ધર્મી સામે લાલ આંખ કરનારને અટકાવી નિરાબાધપણે ધર્મારાધના ચાલુ રહે, એવી તો એની કાર્યવાહી હોય જ. આ વાત આજ જ નથી કહેવાતી. પણ મુદ્દો એ છે કે-હજી એ વસ્તુ પરિણામ પામી નથી : એની જ આ ખામી છે, નહિ તો આ દશા હોય જ નહિ 'વસ્તુના શુદ્ધ પરિણમનમાં જ આત્માનો ઉદય છે.' આટલી વાત સમજાઈ જ જવી જોઈએ અને એ જ સમ્યગ્જ્ઞાન છે. એવા અનુપમ સમ્યગ્જ્ઞાનનો સ્વામી બનેલો જ્ઞાની મન, વચન, અને કાયાના યોગને યથેચ્છ ન જ પ્રવર્તવા દે. (જૈ. પ્ર. વ.૨/અં.૯)



# ચારિત્ર

**૫૭. સભા : સમ્યક્ચારિત્ર એટલે શું ?**

**પૂજ્યશ્રી** : સમ્યક્ચારિત્ર એટલે ? ટૂંકમાં-હેયનો ત્યાગ અને ઉપાદેયનો સ્વીકાર. તે સમ્યક્ચારિત્ર શ્રી નવપદમાં આઠમા પદે પૂજ્ય છે. (જૈ. પ્ર. વ.૭ / અં.૧)

**૫૮. સભા : પશુઓને માટે આ વિરતિ સંભવે ?**

**પૂજ્યશ્રી** : પશુઓ સંજ્ઞી છે કે અસંજ્ઞી ?

**સભા** : **સંજ્ઞી.**

**પૂજ્યશ્રી** : તો પછી કેમ ન સંભવે ? પશુઓ સંજ્ઞી છે એટલે તેમનામાં પણ સમજશક્તિ હોઈ શકે છે. એ સમજશક્તિને ખીલવનાર મળી જાય તો પશુઓ પણ મહાસમજદાર બની જાય. સરકસવાળા વાઘને બકરી બેનો કેવો યોગ દેખાડી શકે છે ? સિંહની પાસે કેવું કામ લઈ શકે છે ? વાંદરાઓને કેવા કેળવી શકે છે ? શિકારી કૂતરાઓ કેવા હોશિયાર હોય છે ? જાપાનના પક્ષીઓ સ્ટીમરમાંથી ટપાલ પણ લઈ જાય છે, એ પણ સાંભળો છો ને ? પશુઓ સંજ્ઞી છે એટલે કેળવવા ધારો તો પશુઓને કેળવી શકાય. ઢોર પણ ચરવા ગયા હોય તો સીધાં ઘેર કેમ આવે છે ? સંજ્ઞી છે માટે ! પશુઓમાં માણસના ભાવ કળવાની પણ શક્તિ હોય છે. માલિકના અવાજને અને હસ્તસ્પર્શને પણ પશુઓ પિછાણી શકે છે. પશુઓમાં બુદ્ધિ નથી અને એકલા તમારામાં જ બુદ્ધિ છે, એમ ન માનો ! ઘણાય આદમી પશુઓ કરતાં પણ ભૂંડા છે. ઘણાય આદમી એવા છે કે જે પશુઓ જેટલા પણ પોતાના માલિકને વફાદાર નથી.

પશુઓ વિચાર કરી શકે છે અને શ્રાવકધર્મનું પાલન પણ કરી શકે છે. માત્ર સાધુધર્મ તેઓ પામી શકતાં નથી, કારણ કે તેમનામાં સર્વવિરતિનો પરિણામ ઉત્પન્ન થવા પામતો નથી.

**૫૯. સભા : દશવિધ ચક્રવાલ સામાચારી વિના સાધુપણું સંભવે નહિ અને એ દશવિધ ચક્રવાલ સામાચારીનું પરિપાલન કરવા તિર્યંચો અસમર્થ છે, માટે તેઓ સર્વવિરતિ ધર્મને પામી શકતા નથી ને ?**

**પૂજ્યશ્રી** : આવું વળી કોણે ભરાવ્યું ? જાતે પુસ્તકો વાંચવાં અને પછી સમજ્યા વિના યથેચ્છ કલ્પનાઓ કરવી, એ ઉચિત નથી. આવો વિચાર કરતાં પહેલા જરા દીર્ઘદષ્ટિ વાપરવાની જરૂર હતી.

**સભા : આ મારી કલ્પના નથી. કોઈ સાધુની પાસેથી જ મેં તો સાંભળ્યું છે.**

**પૂજ્યશ્રી** : તો સમજો કે આ વિષયમાં તે અજ્ઞાન છે અને તેણે કેવળ સ્વચ્છંદી કલ્પના જ કરી છે. ખરેખર, આ રીતે વગર સમજ્યે લોકના હૃદયમાં ખોટા ખ્યાલો પેસાડી દેવા એ ઉપકારકતા તો નથી પણ અપકારકતા જ છે. 'આ વાત કોઈ સાધુએ કહેલી છે' – એમ તમે કહો, એટલે ખોટી પણ વાતને સાચી કહી દેવી, એ વાત અહીં નથી. મારાથી પણ કોઈ વસ્તુમાં ખ્યાલફેર થઈ ગયો હોય એ કારણે અથવા તો એવા કોઈ બીજા કારણે ભૂલ થઈ જાય એ બને, પણ ભૂલને ભૂલ જાણ્યા છતાં ભૂલને ભૂલ નથી એમ કહેવું એ તો ન જ બને.

**૬૦. સભા : જ્યારે આપનાથી પણ ભૂલ થઈ જાય તો પેલા સાધુ માટે આપે જે કહ્યું તે યોગ્ય છે ?**

**પૂજ્યશ્રી** : એ કહ્યું તે સ્વચ્છંદી કલ્પનાને અંગે કહ્યું. 'તિર્યંચોને સર્વવિરતિ ધર્મ હોય નહિ' –આવું શાસ્ત્રમાં વાંચે અને પછી એની સિદ્ધિને માટે અથવા તો કોઈ પૂછે કે 'તિર્યંચોને સર્વવિરતિ ધર્મ કેમ ન હોય ?' એટલે એને જવાબ દેવા માટે બાધક સ્વચ્છંદી કલ્પના કરવી, એ કોઈ પણ રીતે યોગ્ય નથી જ. એ સાધુના કહેવા મુજબ તો એ નક્કી થયું કે 'જ્યાં જ્યાં દશવિધ ચક્રવાલ સામાચારીનું પરિપાલન ન હોય, ત્યાં ત્યાં સાધુપણું હોય જ નહિ !' કેમ એમ જ ને ?

**સભા : હા જી.**

**પૂજ્યશ્રી** : જ્યારે શાસ્ત્ર તો ફરમાવે છે કે દશવિધ ચક્રવાલ સામાચારીનું પરિપાલન ન હોય તેવા સમયે પણ યથાખ્યાત જેવું સર્વશ્રેષ્ઠ ચારિત્ર પણ સંભવે છે. આત્મા અપ્રમત્તભાવ પામ્યા વિના રાગદ્વેષનો અને મોહનો સર્વથા ક્ષય કરવાને સમર્થ નીવડતો નથી એ જાણનારો અને ગૃહિલિંગ, અન્યલિંગ આદિ લિંગે સિદ્ધ થવાય છે એમ જાણનારો તો એમ ન જ કહે કે જે દશવિધ ચક્રવાલ સામાચારીને સેવનારો ન હોય તે સાધુ જ ન હોય. ભગવાન શ્રી ઋષભદેવસ્વામીજીના સુપુત્ર શ્રી ભરતચક્રવર્તી આરીસાભુવનમાં કેવળજ્ઞાન પામ્યા તે ભાવચારિત્ર આવ્યા વિના પામ્યા હશે કેમ ? દેવોએ આવીને વેષ આપ્યો અને તેમણે સ્વીકાર્યો તેમા જે કાળ ગયો, તે કાળમાં ચારિત્રવાળા જ હતા. વેષ ન હોય ત્યાં ચારિત્ર ન જ હોય, એવો પણ એકાંતે નિયમ ન જ બંધાય. વેષની અને

સામાચારીના સેવનની આવશ્યકતા નથી એમ નહિ, પણ મુદ્દો એટલો જ છે કે દશવિધ સામાચારી વિના સાધુપણું સંભવે કે નહિ ? સંભવે, માટે દશવિધ સામાચારીનું પરિપાલન કરવાને તિર્યંચો સમર્થ નહિ હોવાના હેતુથી જ તેઓ સર્વવિરતિ ધર્મ પામી શકતા નથી, એમ ન કહેવાય.

૬૧. સભા : **તિર્યંચો સર્વવિરતિ કેમ પામી શકતા નથી ?**

પૂજ્યશ્રી : જ્ઞાનીઓ ફરમાવે છે કે તિર્યંચોમાં પાંચ ગુણસ્થાનકથી આગળના ગુણસ્થાનકે લઈ જનારા પરિણામો આવતા જ નથી. મનુષ્યોને માટે ચૌદેય ગુણસ્થાનકો સંભવિત છે. કોઈ મનુષ્ય પહેલે, કોઈ બીજે, કોઈ ત્રીજે, કોઈ ચોથે, કોઈ પાંચમે, કોઈ છટ્ઠે, કોઈ સાતમે, કોઈ આઠમે, કોઈ નવમે, કોઈ દશમે, કોઈ અગિયારમે, કોઈ બારમે, કોઈ તેરમે અને કોઈ ચૌદમે એમ ચૌદ ગુણસ્થાનકોમાંથી કોઈ પણ ગુણસ્થાનકે મનુષ્ય હોય, એ સંભવે : જ્યારે તિર્યંચો વધુમાં વધુ પાંચમા ગુણસ્થાનકે જ સંભવે. આગળનાં ગુણસ્થાનકોને લાયક પરિણામો એ આત્માઓમાં ઉત્પન્ન થતાં જ નથી. તિર્યંચગતિમાં રહેલા આત્માઓમાં, તે ગતિને માટે વધારેમાં વધારે લાયકાત પાંચ ગુણસ્થાનક સુધીની ! દેશવિરતિના પરિણામોથી ઉત્કટ પરિણામો, એટલે કે પ્રમત્ત સંયતપણાના, એ વગેરેના પરિણામો, તિર્યંચોના આત્માઓ તે ગતિમાં પામી શકે જ નહિ. તિર્યંચગતિમાં તો પાંચમા ગુણસ્થાનકનાંય પરિણામો આવી શકે છે, જ્યારે દેવગતિમાં તો તે પણ નથી. બહુ બહુ તો ચોથા

ગુણસ્થાનકના, એટલે કે અવિરતિ સમ્યગ્દૃષ્ટિના પરિણામો દેવગતિમાં સંભવે ! 'આમ કેમ?' -એ પ્રશ્ન જ અસ્થાને છે. જ્ઞાનીઓએ જ્ઞાનબળે જોયું કે તે તે ગતિમાં તેના તેનાથી વધારે ચડતા ગુણસ્થાનકના પરિણામો કોઈ પણ આત્મામાં ઉત્પન્ન થતાં નથી. અમુક પ્રકારનાં પરિણામો અમુક પ્રકારનો કર્મનો ક્ષયોપશમાદિ થયા વિના ઉત્પન્ન થઈ શકતાં જ નથી. શ્રી કૃષ્ણ મહારાજ કેવા સમર્થ હતા? પણ એમને તે ભવમાં ચોથા ગુણસ્થાનકથી આગળના પરિણામો આવે એમ હતું જ નહિ. અવિરતિનો તેવો જ કોઈ ઉદય હતો. શ્રી શ્રેણિક મહારાજને માટે પણ એમ જ હતું. એ જ રીતે તિર્યંચો એવા કર્મોદયવાળા છે કે પાંચમા ગુણસ્થાનકથી આગળના ગુણસ્થાનકોના પરિણામોવાળા તે બની શકે જ નહિ એટલે તે સર્વવિરતિધર ન બની શકે પણ વધુમાં વધુ બને તો દેશવિરતિધર બની શકે. કેવળ ક્રિયાઓ જ જુઓ, તો તો એવી ઘણી દેશવિરતિધર્મમાં ગણાતી ક્રિયાઓ છે, કે જે મનુષ્ય દેશવિરતિધર કરી શકે અને તિર્યંચ દેશવિરતિધર ન કરી શકે : તે છતાં જ્ઞાનીઓ સ્પષ્ટ ફરમાવે છે કે તિર્યંચો ઊંચામાં ઊંચા પરિણામવાળા બને તો પાંચમા ગુણસ્થાનકના પરિણામવાળા જરૂર બની શકે. તિર્યંચોમાં જો સર્વવિરતિ ગુણસ્થાનકના પરિણામો ઉત્પન્ન થતાં હોય, તો વિના સામાચારીએ પણ તેમનામાં ચારિત્ર માનત ! માટે કોઈ સાધુએ કહ્યું હોય તો પણ જાગ્યા ત્યારથી સવાર કરો !

**૬૨. સભા : દશવિધ સામાચારી કોને કહેવાય છે ?**

**પૂજ્યશ્રી** : ૧. ઈચ્છાકાર, ૨. મિચ્છાકાર, ૩. તથાકાર, ૪. આવશ્યકી ૫. નૈષેધિકી, ૬. આપૃચ્છના, ૭. પ્રતિપૃચ્છના, ૮. છંદના, ૯. નિમંત્રણા અને ૧૦. ઉપસંપદ્-આ દશ પ્રકારની સામાચારી કહેવાય છે.

કરણીય પ્રવૃત્તિ આજ્ઞાદિના યોગે કરવી અને સ્વતઃ કરવાની ઈચ્છા જન્મે એથી કરવી, એ બે વચ્ચે ભેદ જ છે. કરણીય પ્રવૃત્તિમાં સ્વતઃ ઈચ્છાથી જ પ્રવૃત્ત થવું, એનું નામ છે-**'ઈચ્છાકાર'**.

કોઈ અકૃત્ય થઈ જાય ત્યારે, એનો ખ્યાલ આવતાની સાથે જ, 'આ મેં ખોટું કર્યું, એમ થવું અને એ રીતે અસત્ક્રિયાથી નિવૃત્ત થવું, મિચ્છામિ દુક્કડં દેવું, એનું નામ છે-**'મિચ્છાકાર'**. (૧૦૮/૮૫)

**૬૩. સભા : સંયમનો અર્થ શો ?**

**પૂજ્યશ્રી** : **''संयमः आश्रवद्वारोपरमः''**

**'આશ્રવનાં દ્વારોથી પાછા ફરવું એનું જ નામ સંયમ.'**

આથી મહાવ્રતોને પણ સંયમ કહી શકાય છે અને ઈંદ્રિયો તથા મનનો નિગ્રહ, એને પણ સંયમ કહી શકાય છે. આત્મહિતના ઉદ્દેશથી એવા સંયમને ધરનાર આત્મા પોતાના સંયમને સાચવવા પોતાના પ્રાણને ગુમાવવા પણ તૈયાર હોય. એવા આત્માને તુચ્છ માનાપમાન કેમ જ નડે ? કેમ કે એ તો સંયમને જ તારક માને છે. 'હું તે આ જ' એમ માને. પોતે અને સંયમ એક છે એમ માને, પણ જુદા ન જ માને એવા આત્મા સંયમના અપમાનમાં પોતાનું સન્માન કઈ રીતિએ જોઈ શકે ? (જૈ. પ્ર. વ.૩/અં.૨૫)

# ❋ ચાર પુરૂષાર્થ ❋

**જગતમાં અભય શું ।**

**પૂર્વભૂમિકા** : કેવળ પેટ ભરનારા બનાવવા, તેનું નામ જ્ઞાન નથી. વગર જ્ઞાને પશુ પણ પેટ તો ભરી જાણે છે. જ્ઞાન વિનાના પેટ નથી ભરતા એમ નથી. અશુભના ઉદયે ભણેલા પણ ઘણાએ ભૂખે મરતા જોવાય છે. અશુભના ઉદયે મુનિને પણ આહાર નથી મળતો. માત્ર પેટ ભરવાની કળા શીખવે, એનું નામ વિદ્યા છે? દુનિયામાં જન્મીને માત્ર પેટ ભરવું, એને તો જ્ઞાનીઓ તુચ્છ સમજે છે. ગાદી પર બેસવું, ગાડીમાં બેસવું, ખુરશી પર ટટ્ટાર બેસવું, ખમીશ, નેકટાઈ, કૉલર ઘાલી જાણવાં, એમાં જ્ઞાન છે? આ જીવનમાં શું શીખીએ, તો પરિણામ સુંદર આવે ? જો પેટ જ ભરવા જન્મ્યા હો, તો તે મનુષ્યમાં શા માટે જન્મ્યા, કે જ્યાં ભક્ષ્યાભક્ષ્યની વાત પણ સાંભળવી પડે ! ઢોર જન્મે એને કોઈ પૂછે તો નહિ !!

**સભા** : **ઢોરમાં પણ થોડો વિવેક તો હોય છે.**

**પૂજ્યશ્રી** : અરે ભાઈ, જવા દો ને ! ઢોર તો માનો કે-બધું ખાય, પણ એને કોઈ કહેવા તો ન જાય ? મનુષ્યલોકમાં તો કહેનાર મળે કે-'મૂર્ખા ! આ ન ખાવાનું ખાય છે ?' શાસ્ત્રકાર કહે છે કે-ભોગ અને કામમાં મનુષ્યજીવનનો ઉપયોગ, તે સોનાના ભાજનમાં મદિરા ભરવા જેવું છે. આ જીવન, અર્થ-કામની સાધના માટે નથી. આ જીવનમાં અર્થ-કામ મળવાથી શાંતિ માની લેવી એ ખોટું છે. અર્થ-કામને છોડવામાં જ આ જીવનની મહત્તા છે.

**સભા : દુનિયાનો વ્યવહાર થઈ પડ્યો છે.**

**પૂજ્યશ્રી** : પ્રભુનું શાસન પામ્યા પછી પણ દુનિયાથી છૂટવું છે, કે એમાં ને એમાં ગોંધાઈ રહેવું છે ? દુનિયાને તો હસવું ખોટું, રોવું ખોટું, બોલવું-ચાલવું બધું જ ખોટું આવડે છે. તમારે પણ એમ કરવું છે ? દુનિયા તો દુશ્મનને જોઈને પણ હસીને સલામ કરે, પણ અંદર ભાવના કઈ ? આ હસવું સાચું છે ? આ જીવનમાં અર્થ-કામની વાતોમાં જ આનંદ છે ? આ જીવન શા માટે છે ? કોઈ કદી કહે કે - 'રાજા બનવા.' વારુ, રાજા બન્યા-પણ પછી શું ? રાજાને માથે પણ એટલી ચિંતા છે કે-ન પૂછો વાત. રાજા જીવે છે, એ શાથી ? 'હું રાજા છું - આટલી વાસનાના યોગે ! એ ન હોત, તો એ સૌથી પહેલા મરી જાત : પણ 'હું રાજા' એ હૂંફે એ જીવે છે. એની ચોમેર આપત્તિ કેટલી ? એનું ખાવાનું આવે તો નોકર તપાસે અને ઝેર નથી એ ખાત્રી થયા પછી જમે.

**સભા : કોઈ ધર્મ, અર્થ-કામનો આટલો નિષેધ નથી કરતો.**

**પૂજ્યશ્રી** : સમજ પ્રમાણે બધા કરે છે. ઊંચી કોટિના તત્ત્વજ્ઞાનીઓ બધા જ, અર્થ-કામને છોડવાનું જ કહે છે.

ભર્તૃહરી તો જૈનેતર છે ને ? શું કહે છે ?

**'भोगे रोगभयं, कुले च्युतिभयं, वित्ते नृपालाद् भयं,**
**शास्त्रे वादभयं, गुणे खलभयं, रुपे जरायाः भयम् ।**
**मौने दैन्यभयं, बले रिपुभयं, काये कृतान्ताद् भयं,**
**सर्वं वस्तुभयान्वितं भुवि नृणां, वैराग्यमेवाऽभयम् ।।'**

'ભોગની અંદર રોગનો ભય છે, કુળમાં પતનનો ભય છે, ધનમાં

રાજા વિગેરેનો ભય છે, શાસ્ત્રમાં વાદનો ભય છે, ગુણમાં ખલનો ભય છે, રૂપમાં જરાનો ભય છે, મૌનમાં દૈન્યનો ભય છે, બળમાં દુશ્મનનો ભય છે. શરીરને મોતનો ભય છે, જગતની બધી વસ્તુ ભયથી ભરેલી છે, માત્ર એક વૈરાગ્ય જ મનુષ્યને માટે જગતમાં અભય છે.'

અભય શું ? વૈરાગ્ય. અર્થ-કામના ત્યાગ વગર તો પ્રાયઃ નાસ્તિક દર્શનકાર સિવાય કોઈ દર્શનનો પ્રણેતા નથી થઈ શક્યો. અર્થ-કામ સાથે તત્ત્વચિંતાને વૈર છે. અર્થ-કામની ચિંતા થાય, ત્યાં સુધી વાસ્તવિક તત્ત્વચિંતા ન આવે.

**સભા : અન્ય મતમાં ચાર આશ્રમો છે ને !**

**પૂજ્યશ્રી** : એમાં પણ હેતુ શો ? બ્રહ્મચર્યાશ્રમમાંથી સંન્યસ્તાશ્રમમાં ન જઈ શકે, એને માટે ગૃહસ્થાશ્રમ ! તે પણ અમુક વખત જ કહ્યો. એ પણ મર્યાદામાં. મર્યાદા પૂરેપૂરી : પરસ્ત્રી સામે નજર પણ ન થાય, સ્વસ્ત્રીસંગ પણ પરિમિત, અમુક દિવસો સિવાય ત્યાગ. ત્યાં પણ એવું છે. એ દર્શનકારો પણ જેટલું સમજ્યા તેટલું કહ્યું. બ્રહ્મચર્યાશ્રમમાંથી એકદમ સંન્યાસી થાય, એને તેઓ માને કે નહિ ? માને, એટલું જ નહિ પણ બાળબ્રહ્મચારી કહીને પૂજે. શંકરાચાર્ય કોણ હતા ? બાલબ્રહ્મચારી ને ! માટે કહું છું કે-આડાં અવળાં ગપ્પા ન સાંભળો, નક્કી કરો. સુપાત્રને દાન દેતાં ભાવના કઈ ? આપણો મુદ્દો તો શુદ્ધ પરિણામ લાવવાનો છે. ક્રિયાને શુદ્ધ તરીકે સમજો, ક્રિયાના હેતુ સમજો. દયા આવે છે તે દયા જુદી છે : તાત્ત્વિક દયા આવી જાય, તો પાપમાત્રને છોડનારની સામે જુલમ હોય ? અવિરતિથી ખસનારની સામે વિરોધ હોય ? પાપ ખરાબ છે, એવી ભાવનાવાળાને અટકાયત

હોય ? પાપ તજનારના ગળામાં જાળ નાખવાની ઈચ્છા થાય ?

**'ધર્મ પ્રત્યે નિમકહરામ નીવડેલા, દેશ પ્રત્યે નિમકહલાલ નીવડશે.' એમ માનવું એ મૂર્ખાઈ છે.**

શાસ્ત્રકાર કહે છે કે-સંસાર છોડવાની ભાવના દુષ્કર છે. હિન્દુસ્તાનની બત્રીસ ક્રોડની વસ્તીમાં, સંસાર છોડવાની ભાવનાવાળા કેટલા ? વર્ત્તમાનનો ઈતિહાસ તો જુઓ, દેશના માટે જાન દેનારા માટે દુંદુભિ વાગે છે, તો સર્વથા ધર્મ સ્વીકારનાર માટે કેમ ન વાગે ? ક્યા દેશમાં જન્મ્યા છો ? દીવા જેવા દૃષ્ટાંતો નજરે છે ને !

**૬૪. સભા : દેશ પહેલો કે ધર્મ ?**

**પૂજ્યશ્રી** : નીતિકારને પણ પૂછી આવો ને ? **धर्मार्थं देशमपि त्यजेत्** । કહે છે કે-ધર્મ માટે દેશને પણ તજવો. અરે આગળ વધી કહે છે કે-ધર્મ માટે આ પ્રાણોને પણ તજવા. દેશની હવા સમજો અને અનંતજ્ઞાનીના માર્ગને સમજો. મુક્તિ માટે ધર્મ સાધનાર તો દુનિયાની સેવા કરે છે. માનવજીવન એ અર્થ-કામ માટે નથી,-એટલું બરાબર સમજો !

**૬૫. સભા : દેશસેવા માટે તો સાધુસંસ્થા સામે વિરોધ કરે છે ને?**

**પૂજ્યશ્રી** : એ વિરોધ કરનારાઓને તો દેશનીય નથી પડી. જેને આત્માની નથી પડી, એને દેશની શું પડી છે ? જેને પાપ-પુણ્યની નથી પડી, તેને દેશની પડી છે એમ ? જેને ધર્મની કિંમત નથી, એને દેશની કિંમત પણ નથી જ. એ તો બહાના છે. ફસાવવાની શબ્દજાળ છે. જેને પોતાની નથી પડી, સ્વ-પરના વાસ્તવિક હિતની નથી પડી, એને દેશની શું પડી

છે ? જે સ્વામીને નિમકહરામ નીકળશે, તે દેશને પણ નિમકહરામ જ નીકળશે. ધર્મ પ્રત્યે નિમકહરામ, તે દેશને માટે નિમકહલાલ થશે, એમ માનવું એ મૂર્ખાઈ છે. તમારે તો અડધું સાંભળવું છે, અડધું બોલવું છે, અને દુનિયામાં ગેરસમજ ઊભી કરવી છે.

**સભા : પારસીઓએ પણ ધર્મને માટે દેશ તજ્યો ને !**

**પૂજ્યશ્રી** : એ વાત પણ એ જાણે છે, પણ જાણીને તાણે એનો ઉપાય ! એટલું નિશ્ચયપૂર્વક સમજો કે-આ જીવન અર્થકામને માટે નથી. અર્થ-કામને તજવામાં જ જીવનની મહત્તા છે. ન તજાય ત્યાં સુધી જીવન પામર માનવાનું છે. ભૂખ્યાની દયા કરતાં પણ, પાપીની દયા વધારે કરવાની છે. ભૂખ્યાને તો ઘડી પછી પણ મળશે, પણ પાપી તો એવા ગબડશે કે-સંખ્યાતીત વર્ષો સુધી એને ફરીને માનવજીવન મળશે નહિ. ભૂખ્યાને પણ રોટલો દેતાં સમજાવજો કે-'ભૂખ શાથી ? છતી ભૂખે રોટલો કેમ નથી મળતો?' એ પણ કહેશે કે-'પાપથી !' ન કહે તો સમજાવજો કે-'પાપથી' અને રોટલો દેતાં દેતાં ભલામણ કરજો કે-'હવે પાપ કરતો મા !' એ પણ સમજશે અને રોટલા માટે કોઈને ગાળ દેવા વિગેરેનું પાપ કરતો હશે તો અટકશે. બે દિવસ રોટલો નહિ મળે તોપણ શાંતિથી સહેશે. 'કોઈને ગાળ નહિ દેવાનું એક દાતારે શીખવ્યું' -એમ એ પણ માનશે. રોટલો આપીને એની જિંદગીની ભૂખ મટાડજો ! શ્રાવકની દયાનો આ રસ્તો છે. દયાળુ, ભિખારીને 'જા-જા હવે' કહે ? ગાળ દે ? દયાલુઓ પૈસા માટે અનીતિથી કોઈને કોર્ટે ઘસડે ? દયાલુઓ પેઢી ઉપર બેસી અનીતિ કરે ? દયાલુઓ બજારમાં વાનરની જેમ

નાચે-કૂદે ? દયાલુઓ છાકટાની જેમ ફાવે તેમ બોલે ? દયાલુઓ ઊંચા ડાચે ચાલે ? એવાઓ દેશના ઉપકાર કરશે કે દેશની જમીનને ભારે મારશે ? દયાલુને તો સર્વ પ્રત્યે આત્મવત્ પ્રેમ જાગે. અર્થ-કામની તીવ્ર લાલસા દયાળુને ન હોય. એ લાલસા પૂરેપૂરી જાય, ત્યારે સાચી દયા પૂરેપૂરી આવે. દયાળુઓ ખોટું લખે ખરા ? બે પૈસાની ચાહથી કે ટી પાર્ટીથી, ગુલામ બનીને ધર્મને માટે, પણ ફાવે તેમ લખે બોલે ખરા ? આવાઓ દેશનો ઉદય કરશે, એમ માનતા જ નહિ. એવાઓ તો દેશનું સત્યાનાશ જ વાળશે. દશકામાં અર્થ-કામ પ્રત્યેની દેશની ગુલામી વધી કે ઘટી ? માપ તો કાઢો ! ભણ્યા છો તો ગણો તો ખરા. જેનાં બણગાં ફૂંકો, તેની વાત તો જુઓ. સ્વાર્થીઓથી દેશની સેવા પણ ન થાય. એવાઓ તો ગુલામી વધારે. થોડી ઘણી દેશની સેવા થતી હોય, તે પણ પરમાર્થીથી, જેઓ તજી જાણે છે એનાથી ! આજે ચિત્તરંજનદાસને બધા સંભારે છે, શાથી ? પોતાના પિતાનું દેવું વ્યાજ સાથે ચૂકવ્યું એથી ! પોતાની ખુરશી માટે દુનિયાને ખરાબ ન કરી એથી ! આવા સરળ પુરુષોના દાખલાઓ લ્યો. આવાઓ જો પ્રભુના માર્ગને પામે, તો ધારી પ્રભાવના કરે. બાકી પ્રપંચીઓના પાશમાંથી બચવાની બહુ જ જરૂર છે. ફસ્યા તો મળેલી અપૂર્વ જિંદગી પણ બરબાદ થઈ જશે. આટલું નક્કી માનજો કે-આત્મધર્મને વેચીને રાષ્ટ્રધર્મ પણ થતો નથી. આત્મધર્મને વેચનાર, કોઈનું પણ ભલું વાસ્તવિક રીતિએ કરી શકતો જ નથી. (જૈ. પ્ર. વ.૨/અં.૭)

# ❊ જિનેશ્વર ❊

**૬૬. સભા : લોકાંતિક દેવ આવ્યા પછી તો શ્રી તીર્થંકરદેવો બાર મહિને નીકળે અને એમ જ ભગવાન શ્રી મહાવીરદેવ નીકળ્યા, તો કોઈને માટે રહ્યા એમ કહેવાય ?**

**પૂજ્યશ્રી** : ન જ કહેવાય. ભગવાન સ્વયંસંબુદ્ધ હોય છે, પણ કલ્પ એવો છે કે ભક્તિને અર્થે લોકાંતિક દેવો આવીને કહે કે –''ભગવન્ ! સર્વ જગતના જીવોનું હિત કરનારું ધર્મતીર્થ પ્રવર્તાવો !'' તે પછી તીર્થંકરદેવ વાર્ષિક દાન દઈ બાર મહિને સંસારમાંથી નીકળે અને દીક્ષા અંગીકાર કરે. એ જ રીતિએ ભગવાન શ્રી મહાવીરદેવ પણ લોકાંતિક દેવોના આવ્યા બાદ બરાબર બાર મહિને જ નીકળ્યા, એટલે કોઈની ખાતર રહ્યા એમ ન કહેવાય. લોકાંતિકદેવ વહેલા આવ્યા હોત–અર્થાત્ લોકાંતિકદેવ આવ્યા પછી બાર મહિનાને બદલે કોઈની ખાતર વધારે રહ્યા હોત, તો એમ કહેવાત કે–કોઈની ખાતર રહ્યા. જે બનાવો બન્યા તે બધા દરમ્યાન બન્યા છે. ભગવાન પોતે ગર્ભથી જ પોતાનો દીક્ષાનો કાળ જાણે છે, કેવળજ્ઞાનનો સમય જાણે છે અને નિર્વાણનો પણ સમય જાણે છે : બધી જ સ્થિતિ જાણે છે. માતાપિતાનું આયુષ્ય પણ જાણે છે. હવે એવા ત્રણજ્ઞાનના ધણી ભગવાન આવા સંયોગોમાં માતપિતાને પણ રાજી રાખતા હોય, તો એ લાભ કેમ ન લે ? અને તે દ્વારા જગતના જીવોને ઉત્તમ શિક્ષાપાઠ મળી શકે તેવી આચરણા કેમ ન કરે ? અવશ્ય કરે જ.

**આથી જ આજના સંસારરસિક આત્માઓને કહી દેવું જોઈએ કે–ભગવાન શ્રી તીર્થંકરદેવોના જીવનમાંથી ઉત્તમ ઉત્તમ બનાવોનો**

**ઉપયોગ સંસારની પાપવાસનાઓને પુષ્ટ બનાવવામાં ન કરો ! એથી જીવનનું શ્રેય થવાને બદલે ભયંકર અકલ્યાણ થશે. ભગવાન શ્રી તીર્થંકરદેવો બધું જ જાણતા હતા, પણ તમે શું જાણો છો ? -કે જેથી ભગવાનની પ્રવૃત્તિનો વાદ કરો છો ?**

માતા પિતાના સ્વર્ગવાસ પછી ભગવાન જાણતા હતા કે-મારા દીક્ષાસમયને હજુ તો બે વરસ બાકી છે, તો પણ ભગવાને વિચાર્યું કે-ભાઈ નંદીવર્ધનનો મારા પર બહુ પ્યાર છે, તો જો બે વરસ પછી એકદમ કહીશ તો બહુ કઠિન લાગશે, માટે પોતે તરત ભાઈને કહ્યું કે-''ભાઈ ! માતાપિતા અવસાન પામ્યાં, એટલે હવે મારી પ્રતિજ્ઞા પૂર્ણ થઈ છે, તેથી હું દીક્ષા અંગીકાર કરીશ.'' બરાબર સમજો કે-ભગવાન 'જાઉં છું' એમ નથી કહેતા, જ્ઞાનીના વચનના ભાવને સમજો. શ્રી નંદીવર્ધને કહ્યું કે-''ભાઈ ! હજી તો માતાપિતા સ્વર્ગવાસ પામ્યા એનો શોક છે, એમાં તું વળી ક્ષત પર ક્ષાર ક્યાં કરે છે ?'' આ સ્થિતિમાં પણ ભગવાન કહે છે કેઃ

**''पिआ-माइ-भाइ-भइणी-भज्जा-पुत्तत्तणेण सव्वेऽवि।**
**जीवा जाया बहुसो जीवस्स उ एगमेगस्स ।।१।।''**
**''ततः कुत्र कुत्र प्रतिबन्धः क्रियते''**

'સઘળા પણ જીવો એક એક જીવની સાથે અનેક વાર પિતાપણે, માતાપણે, ભાઈપણે, ભગિનીપણે, ભાર્યાપણે અને પુત્રપણે થાય છે. તે કારણથી ક્યાં કયાં પ્રતિબંધ કરી શકાય ?' વિચારો કે-જે ભગવાન પોતાના બંધુ સમક્ષ આ પ્રમાણે કહે છે, તે જ ભગવાને અભિગ્રહ કેમ

કર્યો હશે ?સમજવું જોઈએ કે-ભગવાન સ્થિતિ જાણતા હતા. માતાપિતાનું આયુષ્ય તથા પોતાનો દીક્ષાસમય પણ જાણતા હતા. શ્રી નંદીવર્ધને પણ કહ્યું કે-"ભાઈ ! એ બધુ હું જાણું છું, પણ તું જાય એ મારાથી સહન થાય તેમ નથી : માટે બે વરસ રહી જા." ભગવાને જાણ્યું કે-દીક્ષાના સમયને પણ એટલી વાર છે, તો ભલે તેમ થાઓ !

(જૈ. પ્ર. વ.૧/અં.૪૩)

**૬૭. સભા : તીર્થંકરનામકર્મને આધીન થઈ દેશના દે તો શ્રી તીર્થંકરદેવ સ્વતંત્ર કહેવાય કે પરતંત્ર ?**

**પૂજ્યશ્રી** : તે કર્મ ન ખપે ત્યાં સુધી મોક્ષમાં ન જઈ શકે તેટલી તો પરતંત્રતા ખરી જ, કારણ કે-સંપૂર્ણ સ્વતંત્રતા તો સિદ્ધાવસ્થામાં જ છે. બાકી જેમ પ્રાપ્તસામગ્રીના ભોગવટાની ભાવના તે પરાધીનતા છે, પણ તેના સદુપયોગની ઈચ્છા તે તો વસ્તુતઃ સ્વાધીનતા જ છે, તેવી જ રીતિએ અહીં પણ સમજી શકાય તેમ છે.

**૬૮. સભા : પણ પ્રભુની ભાવના તો કશી છે જ નહિ ને !**

**પૂજ્યશ્રી** : ભાવના નથી, પણ કેળવેલી અને ખૂબ મજબૂત બનાવેલી ભાવનાના યોગે થતી પ્રવૃત્તિ તો ઈષ્ટ છે જ અને એ રીતે સ્વયમેવ પ્રવૃત્તિ થયે જાય, તે કાંઈ પરાધીનતા નથી. ન કરવા જેવું થતું હોય ત્યાં જ પરાધીનતા છે. અહીં તો જે થાય છે તે તો ઈષ્ટ જ છે, કારણ કે-પોષેલી ભાવનાને અનુરૂપ છે. એટલે વર્તમાનમાં ઈચ્છાનો અભાવ છતાં પણ, જે ક્રિયા

થાય છે તે તો ઈષ્ટ જ છે. કર્મના ભોગવટામાં આત્મા સ્વતંત્ર પણ હોઈ શકે : શુભના કે અશુભના ઉદયનો ભોગવટો કરવો તેનું જ નામ પરાધીનતા નથી, પણ હસીને કે રોઈને ભોગવવું તેનું નામ પરાધીનતા છે : જ્યારે સમભાવપૂર્વક કર્મના વિપાકને સમજીને તે ઉદયને ભોગવી લેવો તે તો સ્વાધીનતા જ છે : કારણ કે-સંપૂર્ણ સ્વાધીનતા મેળવવાનો તે રાજમાર્ગ છે. અશુભના ઉદયે શરીરાદિકની વિષમતા થાય એનું નામ આધીનતા નથી, પણ તે ઉદયમાં તન્મય બનવું, દુઃખી થવું આર્ત્તધ્યાન વિગેરે કરવું, એનું નામ પરાધીનતા : કારણ કે-અશુભના ઉદય વખતે નિર્જરારૂપ ઈચ્છિત કામ સધાય તો પરાધીનતા શાની ? અનેક મહાપુરુષોએ અશુભોદયના યોગે અનેક ઉપસર્ગો અને પરિષહો સહ્યા, પણ સ્વાધીનપણે સહ્યા અને એથી જ ધાર્યું કામ સાધ્યું. એ જ કારણે કર્મજન્ય તકલીફને સમાધિપૂર્વક સહેવી એનું નામ પરાધીનતા ન જ ગણાય, કારણ કે-કર્મજન્ય તકલીફને સહેતાં નવી તકલીફ ઊભી થાય એવી કરણી કરવી, એનું જ નામ પરાધીનતા કહેવાય છે. બાકી આનંદપૂર્વક કર્મજન્ય તકલીફને ભોગવવી તે તો ચાલી ગયેલી સ્વાધીનતાને પ્રાપ્ત કરવાનો અનુપમ ઉપાય છે. આ વસ્તુસ્વરૂપના જ્ઞાતા મુનિ ઉપર, અશુભના ઉદયના આક્રમણો આવે ત્યારે તે મુનિ શું ચિંતવે ?, એ સમજવા માટે એક મહામુનિની ભાવના ખાસ વિચારવા જેવી છે. ભયંકર અશુભોદયનો ભોગવટો કરતા એક મહામુનિ, પોતાના આત્માને હિતશિક્ષા આપતાં કહે છે કે -

''सह कलेवरदुखमचिंतयन्,
स्ववशता हि पुनस्तव दुर्लभा ।

**बहुतरं च सहिष्यसि जीव हे,**
**परवशो न च तत्र गुणोऽस्ति ते ।।१।।''**

'હે જીવ ! કોઈ પણ જાતની ચિંતાને નહિ કરતો થકો જ તું આ શરીરના દુઃખને સહન કર, કારણ કે-ફરી ફરીને આવા પ્રકારની સ્વાધીનતા તને મળવી એ દુર્લભ છે; અન્યથા દુર્ગતિ આદિમાં પરવશ પડેલો તું ઘણું ઘણું સહન કરશે તે છતાંય, ત્યાં તને કશા જ ગુણની પ્રાપ્તિ નહિ થાય.' આથી સ્પષ્ટ છે કે-મહામુનિઓ અશુભ કર્મના ઉદયે આવી પડતી વ્યાધિ આદિને મહોત્સવરૂપ જ માનતા. કર્મખજાનો ખાલી થાય, ઉદયમાં આવેલાં જાય, દેવું પતે, બંધન છૂટે, એને મહોત્સવ કોણ ન માને ? પારકે પૈસે શ્રીમંત દેખાવું એ શાહુકારી કે જાત ઉપર જીવવું એ શાહુકારી ?

**૬૯. સભા : સાધુ દવા કરે કે નહિ ?**

**પૂજ્યશ્રી** : સાધુ વ્યાધિથી મૂંઝાય તો નહિ જ અને આર્ત્તધ્યાન ન જ થતું હોય તો જરૂર દવા પણ ન કરે. (જૈ. પ્ર. વ.૨/અં.૪૦)

**૭૦. સભા : જેને ત્યાં પ્રભુ જન્મે તે સાર્વભૌમ રાજા હોય ?**

**પૂજ્યશ્રી** : નાનો ય હોય, પણ એની સત્તા સાર્વભૌમથી ય વધી જાય.

**૭૧. સભા : એમના પિતા પર બીજાની આજ્ઞા તો ખરી ને !**

**પૂજ્યશ્રી** : પહેલાં ભલે હોય, પછી ઘટતી જાય : એને આજ્ઞા તો કરવાની કોઈની

ભાવના જ ન થાય. જ્યાં આવીને દેવો અને ઈંદ્રો નમે, ત્યાં આજ્ઞા કરવાનું મન કોઈને પણ થાય ? ઈંદ્રોને પણ એમ થાય કે 'અમે અહીં (દેવલોકમાં) ક્યાં આવ્યા ? તે ધન્ય છે કે જેઓ મૃત્યુલોકમાં છે, કે જેઓ ભગવાનને વારંવાર જોઈ પાવન થાય છે.' આ પ્રભુની સ્થિતિ છે. દુનિયાના રાજા-મહારાજાને ત્યાં દીકરો જન્મે તો ગામમાં ઓચ્છવ થાય અને આ પ્રભુ જન્મે ત્યારે તો દેવલોકમાં પણ મહોત્સવ થાય. દેવો અને ઈંદ્રો પણ આનંદમગ્ન થાય. દુનિયાના બાળકને રમવા છોકરા જોઈએ અને એમની પાસે તો દેવતા કુમારના રૂપો લઈ રમવા આવે.

**૭૨. સભા : આ બધી વાતોને કલ્પના કહે એનું શું ?**

**પૂજ્યશ્રી** : જેને આત્મસ્વરૂપનો જ ખ્યાલ ન હોય અને બધી વાત કલ્પના રૂપ જ લાગે. એમને કોઈ કહે કે 'પગે ચાલતાં શું સુખ ? મોટરમાં મજા છે.' તો અમે કહીએ કે 'એ પગે ચાલવાનું સુખ તો પગે ચાલનાર જાણેઃ તારે માટે તો કલ્પિત જ.' જેને આત્માની ઋદ્ધિસિદ્ધિ પર કાંઈ પણ ભરોસો નથી એને બધું કલ્પિત જ લાગે. પૌદ્‌ગલિક પદાર્થો આટલી શાંતિ આપે તો આત્માના ગુણો કેટલી શાંતિ આપે ? આત્માના ગુણોથી જે શાંતિ અને સુખ એ કુદરતી છે અને આ તો કૃત્રિમ છે. કૃત્રિમ સુખમાં મૂંઝાનારી દુનિયા સુખી નથી, એટલું જ નહિ પણ ઊલટી પરિણામે પણ દુઃખી જ છે. અને ઉદાસીન ભાવે રહીને જો દુનિયાની સાહ્યબી કોઈએ પણ ભોગવી હોય તો તે શ્રી તીર્થંકરદેવે જ ભોગવી છે : બીજા કોઈએ ભોગવી નથી. ઈંદ્રો પણ એમને સેવે. એમના શરીરની પણ ઈન્દ્રો ચિંતા કરે છે. પ્રભુને માતાના સ્તનની ગરજ ન પડે માટે

અંગૂઠામાં અમૃત મૂકી જાય. દૂધ માટે પ્રભુને માતાની ગરજ નહિ, રોવું પડે નહિ માતાની રાહ જોવી પડે નહિં છે ગરજ ? સ્વાધીન એ કે તમે ? તમે તો જન્મો ત્યારથી જ પરાધીન : તમારા બાળકને રમવા માટે રમકડાં માગવાં પડે અને પ્રભુને રમકડાં એમનાં માબાપ તો બાંધે ત્યારે ખરાં, પણ એ પહેલાં તો ઈંદ્રો રમકડાં બાંધીને જાય. તમને આ બધું કેમ નહિ ? વિષયના કીડા બન્યા માટેઃ દુનિયાની સાહ્યબીમાં રાચ્યા-માચ્યા માટે ! દુનિયાની સાહ્યબી પ્રત્યે જેને મોહ છે તે દુનિયામાં સુખી નથી. છતાં જો સુખ દેખાતું હોય તો એ સુખ ખોટું છે. પુણ્યયોગે સાહ્યબી રહે, પણ એમાં સુખ નથી. આ વાત તમને જચવી કઠણ છે. આત્મ ઋદ્ધિ તો શ્રી જિનેશ્વરદેવે ઘણી ભોગવી, પણ દુનિયાની સાહ્યબી પણ એમની પાર વિનાની ! દેવો અને ઈંદ્રો એમની સેવા માટે દોડાદોડ કરે વગર બોલાવ્યે આવે એવા એ નોકર થઈને રહે ક્ષણે ક્ષણે પ્રભુની અનુકૂળતા ઈચ્છે, તપાસે, જુએ, અને એ મુજબ વર્તે ! જન્મે ત્યારે પણ ઈંદ્રના સિંહાસન કંપે. દેવલોકની ઘંટાઓ વગર વગાડ્યે વાગે. ઈંદ્રો અભિષેક કરવા આવે. દેવતાઓ આવીને પ્રભુને રમાડે. પોતાના ખભા પર ચઢાવી, ઈરાદાપૂર્વક ત્યાં બેસાડી આનંદ પામે. મોટા થયા પછી સંસારમાં રહે તેમાં માબાપ પણ સમજે છે કે 'એ અમારે માટે રહ્યા છે, એને રહેવું નથી' એવી તો એની ખ્યાતિ છે. એમને ન પસીનો કે ન રોગ, એ રીતિએ ધર્મી બન્યા તો ઋદ્ધિસિદ્ધિ પૂંઠે આવી. ધર્મી બને એને સાહ્યબી શોધ્યા કરે. ધર્મ ગયો પછી કદી પૂર્વના પુણ્યયોગે સાહ્યબી ટકે તો પણ સુખ નથી. જડનાં તો સુખ પણ પારકા.

(જૈ. પ્ર. વ.૩/અં.૫)

**દરેક ક્રિયા આત્મશુદ્ધિ માટે કરો !**

આવો અનુભવ તો ઘણો કર્યો, હવે બાકીની જિંદગીમાં ધર્મનો પણ અનુભવ તો લ્યો ! આ ભવમાં દીક્ષા ન લેવાય તો પણ ભવાંતરમાં આવે એવું તો કરો ! આ ભવમાં પુદ્‌ગલને જ સેવે તેને ભવાંતરમાં પણ આવે ? નહિ જ, શ્રી તીર્થંકરદેવની પૂર્વ ભવોની કઇ વિરાગાવસ્થા ! ઇંદ્રો પણ શ્રી વીતરાગદેવોની સ્તુતિ કરતાં કહે છે કે 'તમારી પાસે સુખ રહે જ એમાં નવાઇ શી ? દુનિયાનાં પ્રાણીઓ રાગ કરી એમાં પાગલ બને છે, માટે એમને દુઃખ હોય છે પણ દુનિયાના રાગના ત્યાગમાં કલ્યાણ માનનાર પાસે દુઃખ શી રીતિએ આવે ?' એ પુણ્યશાળીનું શરીર પણ એવું કે એમના પર સહસ્રભાર પ્રમાણ ચક્રો પડે તો પણ કંઇ ન થાય, એક પણ હાડકું ન ખસે, સંગમે ભગવાન શ્રી મહાવીરદેવ ઉપર સહસ્રભાર-પ્રમાણ ચક્ર મૂક્યું તો જમીનમાં ઘૂસી ગયા, પણ એક હાડકું ખસ્યું કે એક લોહીનું ટીપું નીકળ્યું ? નહિ જ !

હા ! સહસ્રભારપ્રમાણ ચક્ર મૂકનાર પણ દેવ, ગુસ્સામાં આવેલો અને પોતાના તમામ બળથી ચક્ર મૂકે, એટલો બધો બોજો પડે તો ભૂમિને ભેદે એમાં નવાઇ શી ? ભૂમિ ભેદાઇ પણ પ્રભુનું અંગ ન ભેદાયું. આપણા પર તો એક પથરો આવે તોય લોહી નીકળે, મૂર્ચ્છા આવે. તમારે તો શરીરને રોજ પાક જોઇએ ને આ શરીર એ શાશ્વત ચીજ ખરી ને એટલે પાક મોંઘા જોઇએ ને? શિયાળામાં પાક અને ઉનાળામાં શરબત, એમ ને ? શરીરની સેવા કરવાથી જ શરીર બળવાન થાય છે એમ ન માનતા. પ્રભુમાર્ગની આરાધનાથી જ ઉચ્ચ

કોટિનું શરીર પણ મળે છે. કે જે શરીર દ્વારા ધારેલી આરાધના કરી શકાય અને એથી જ ભયંકર ઉપસર્ગોને સહેવા માટે પણ આરાધનાના યોગે મળેલું શરીર સમર્થ હોય છે.

**૭૩. સભા : શ્રી મહાવીર પરમાત્માએ ખીલા વખતે ચીસ પાડી હતી ને ?**

**પૂજ્યશ્રી** : ખીલા નાખતી વખતે નહિ પણ કાઢતી વખતે અને તે પણ ચીસ પાડી નહિ, પણ પડાઈ ગઈ. એ ભયંકર ઉપસર્ગ છે. એ પેઠેલા ખીલા લોહી, હાડકાં અને ચામડી સાથે તરબોળ થઈ મળી ગયા હતા. એ જ્યારે બહાર ખેંચાય, ત્યારે નસો ખેંચાય અને એથી શરીરના ધર્મ મુજબ એ વખતે ચીસ નીકળી ગઈ. આ ભયંકર ઉપસર્ગ છે.

**૭૪. સભા : દરેક અવસર્પિણીના દરેક ચોવીસમાં તીર્થંકરને એવા ઉપસર્ગ હોય ?**

**પૂજ્યશ્રી** : ના ! વય વિગેરે સરખાં હોય છે. એવી અમુક અમુક વાતો નિયત છે, બીજી નહિ. (જૈ. પ્ર. વ.૩/અં.૬)

**૭૫. સભા : બધા તે કંઈ તીર્થંકરનામકર્મની નિકાચના કરી શકતા હશે ?**

**પૂજ્યશ્રી** : તીર્થંકરનામકર્મની નિકાચના બધા કરી શકે નહિ- એ બરાબર છે; પરંતુ 'સવિ જીવ કરું શાસનરસી એવી જે ભાવના તેને એટલી બધી ઉત્કટ હદે ભાવનારા જે કોઈ બની શકે તે સર્વે અવશ્ય તીર્થંકરનામકર્મની નિકાચના કરી શકે.

**૭૬. સભા : કોઈ પણ જીવને માટે આમાં પ્રતિબંધ જ નહિ ?**

**પૂજ્યશ્રી** : ના કોઈ પણ જીવને માટે આમાં પ્રતિબંધ નહિ. જે કોઈને પણ આ ઉપાયને અજમાવવાનું મન થાય, તે આ ઉપાયને ખુશીથી અજમાવી શકે છે. અને જો તે 'સવિ જીવ કરું શાસનરસી એ ભાવનામાં એટલી બધી ઉત્કટ હદે પહોંચી શકે, તો તે અવશ્ય શ્રી તીર્થંકરનામકર્મની નિકાચના કરી શકે છે.

**૭૭. સભા : તો પછી શ્રી તીર્થંકર ભગવંતો ઘણી જ અલ્પ સંખ્યામાં થાય છે, તેવું કેમ?**

**પૂજ્યશ્રી** : અનંતાનંત કાળ વહી ગયો અને એ અપેક્ષાએ તો અનંતા શ્રી તીર્થંકર ભગવાનો થઈ ગયા, પરંતુ દરેક કાળે કે જ્યારે શ્રી તીર્થંકર ભગવાન કે શ્રી તીર્થંકર ભગવાનો વિચરતા હોય છે ત્યારે એ તારકોની સંખ્યા અતિ અલ્પ હોય છે. (જૈ. પ્ર. વ.૨૬/અં.૪૦+૪૧)

**૭૮. સભા : ભરતચક્રવર્તી ગૃહવાસમાં પણ કેવળજ્ઞાન પામવાની તાકાત ધરાવતા હતા, તો તે તાકાત શું તીર્થંકરોમાં નહોતી ?**

**પૂજ્યશ્રી** : શ્રી તીર્થંકરદેવો માટે જેટલા નિયમો હોય છે, એટલા બધા નિયમો બીજા કેવળજ્ઞાન પામનારાઓને માટે હોતા નથી. શ્રી તીર્થંકરદેવો તો મૂળપુરુષો છે. એ તારકોને પ્રાણીગણ માટે તરવાના માર્ગની સ્થાપના કરવાની હોય છે. એવો એક ન્યાય છે કે મૂળ પ્રણેતા જે ઉપદેશ આપે તે એ તારકના આત્મા માટે અનુભૂત હોવો જોઈએ અને તો જ તે

અસરકારક નીવડે. આત્માવિશેષે માર્ગભેદ જરૂર રહે છે. કેવળજ્ઞાન પામનાર બીજાને, દીક્ષિત થતાં પહેલાં બાર મહિના સુધી દાન દેવાની વિધાન રૂપે આવશ્યકતા છે એવું નથી : જ્યારે આજ સુધીમાં કોઈ પણ તીર્થંકર એવા થયા નથી, થતા નથી કે થવાના નથી, કે જે ૧૨ માસ દાન આપ્યા વિના સંયમી થયા હોય, થતા હોય કે થનારા હોય. 'શ્રી ભરત મહારાજામાં જેટલી તાકાત હતી તેટલી તાકાત શ્રી તીર્થંકરદેવોમાં નહોતી' એમ કહેવાય જ નહિઃ છતાં 'શ્રી તીર્થંકરદેવ તો વગર સંયમી થયે કદી કેવળજ્ઞાન પામતા જ નથી'-એ નિયમ છે. એ જ રીતે જ્ઞાનાદિમાં સરખાપણું હોવા છતાં પણ, શ્રી તીર્થંકરદેવ જે ઉપકાર કરી શકે છે, તે એમના સમાન જ્ઞાનવાળા અન્ય શ્રી કેવળજ્ઞાની મહારાજા પણ નથી કરી શકતા, કારણ કે ઉપકારની સામગ્રી જેટલી શ્રી તીર્થંકરદેવને હોય છે, તેટલી શ્રી સામાન્ય કેવલી મહારાજને હોતી નથી. જ્ઞાનાદિની અપેક્ષાએ સમાનતા હોવા છતાં પણ, આ ભેદ પડવાનું કારણ શ્રી તીર્થંકરનામકર્મ છે. (૧૦૮/૮૧)

**૭૯. સભા : (પરમાત્માને વર્ષીદાન માટે) દેવો લક્ષ્મી ક્યાંથી લાવે ?**

**પૂજ્યશ્રી** : દુનિયામાં લક્ષ્મીનો પાર નથી. માલિકીની લક્ષ્મી ન લાવે. કૃપણની લાવે એમ પણ ન સમજવું. માલિકી વિનાની લક્ષ્મી લાવે. કૃપણની લક્ષ્મી કાંઈ દોષિત નથી, દોષિત તો કૃપણનું હૈયું હતું. કૃપણ ગયો પછી એ લક્ષ્મીમાં વાંધો નથી. અશુદ્ધિ તો કૃપણના હૈયાની હતી. દેવો એવી લક્ષ્મી લાવે, કે જેના ઉપર કોઈની પણ માલિકી ન હોય. શ્રી

તીર્થંકરદેવ બાર મહિના સુધી આ રીતનું દાન દે, પછી દીક્ષા લે. એમની દાનની ક્રિયાથી તો દુનિયામાં ત્યાગના ફુવારા ઊડતા હતા. ભગવાન દાન અનુકંપાબુદ્ધિએ દે છે. એમનું દાન દુનિયાની નજર ત્યાગ તરફ ખેંચે છે. દાન તે, કે જે જોઈને કૃપણને પણ થાય કે-હું કંગાલ છું. ધર્મની આચરણા તે કે જે જોઈને ન પામેલો પણ પામે. શેર દે અને પાશેર માટે આડું જુએ, એ તેવું દાન નથી. ભગવાને તો ઉદ્‌ઘોષણા કરી કરીને દાન દીધું છે. એ દાતાર એવા કે-યાચકનાં મન તૃપ્ત થઈ જાય. મહેમાન જમવા બેસે ત્યાં આગ્રહ કરો, તો ધરાઈ જશે. જમાડનાર જો કૃપણ થાય, તો વરો (ખર્ચો) ડબલ તોય અને વધારામાં અપયશ મળે. જમણવારમાં જો જરા ખૂટ્યાની વાત સંભળાય, તો એક લાડુ ખાનારો અઢી ખાય; પણ તમામ સામગ્રી ખુલ્લી મુકાય તો જમનારને ડકાર આવે. ભિખારી પણ દાતારને ત્યાં પછી આવે, કેમ કે-એ માને છે કે, એ તો છે જ. એટલે પહેલાં બીજે બધે ફરે. સારા શાહુકારને ત્યાં પડેલા રૂપિયા લેવા કોઈ જાય નહિ. જમા કરાવે પણ ત્યાં કોઈ લેવા જાય નહિ. અને જરા તૂટવાની બૂમ પડે અથવા આજની કાલ કહેવાની શંકા થાય, તો બધા એકી સાથે ત્યાં દરોડો પાડે, આ એક કાયદો છે. એટલે ઉત્તમ આત્માઓની દાનાદિક ધર્મક્રિયાઓ બીજાને પણ ધર્મ પમાડે એવી જ હોય છે અને તેમાંય શ્રી અરિહંતદેવનાં તો દાન, શીલ, તપ અને ભાવ, એ બધું જ અનુપમ હોય છે.

*પોતાની ન્યૂનતાનું જેને જ્ઞાન થાય તેને જ પ્રભુજીની મહાનતાનું ભાન થાય.*

**૮૦. સભા : ઈચ્છિત આપનાર પ્રભુ પાસે કોઈ સ્ત્રી માગે તો ?**

**પૂજ્યશ્રી** : પ્રભુ પાસે દાન લેવા આવનારની એવી ભાવના થતી જ નથી. એ તો નક્કી જ માનવું કે-દુર્જનની હજારો દુર્ભાવનાઓ સજ્જનો પાસે દબાઈ જ જાય છે. તો પછી શ્રી અરિહંતદેવ જેવા પાસે દાન લેવા આવનારને એવી ભાવના થાય જ શાની ? (જૈ. પ્ર. વ.૨/અં.૧૮)



*ભગવાન પાસે સાંસારિક સુખ માંગવુ એટલે હાથે કરીને દુર્ગતિ ઉભી કરવી*
*ભિખારીને પણ એટલી અક્કલ હોય છે કે ભીખ મંદિરમાં ન મંગાય !*

## ❀ જ્ઞાન ❀

**૮૧. સભા : સમ્યગ્જ્ઞાન એટલે શું ?**

**પૂજ્યશ્રી** : સમ્યગ્જ્ઞાન એટલે ? ટૂંકમાં જે હેય-ઉપાદેયનો વિશિષ્ટ વિવેક કરાવે, આત્માને રાગાદિ દોષોથી બચાવે અને દરેક વસ્તુની એના સ્વરૂપે પૂરતી પિછાણ કરાવે તે સમ્યગ્જ્ઞાન શ્રી નવપદમાં સાતમા પદે પૂજ્ય છે.

(જૈ. પ્ર. વ.૭/અં.૧)



# ❋ દાન ❋

**૮૨. સભા : પૈસા હોય તો શાસનનો ઉદ્ધાર થાય, પણ બધા સાધુ થઈ જાય તો શું થાય?**

**પૂજ્યશ્રી** : સારું થાય. સાંભળનાર ડાહ્યો હોય તો કહે કે- 'બધા સાધુ બની જાય એવું તું શા આધારે કહે છે ? ચક્રવર્તીના માથાના મુકુટ ઉતરાવનાર જ્ઞાનીઓ, શ્રી તીર્થંકરદેવો પણ બધાને સાધુ ન કરી શક્યા, તો બીજો કોણ કરી શકે ?' આ વસ્તુ સામે એક પણ દલીલ નથી કે જે ટકી શકે. બધા સાધુ થાય તો તો ઉત્તમ, પણ થવાના જ ક્યાં છે ? જો ધર્મ માટે વિત્ત જરૂરી મનાશે, એમાં ઉપાદેય બુદ્ધિ આવી જશે, તો તો પછી ધર્મ સૂઈ જશે અને વિત્ત જ ઘુસી જશે. શાસ્ત્રોએ, જ્ઞાનીઓએ વારંવાર પોકારી પોકારીને કહ્યું છે કે- 'લક્ષ્મી હેય છે, ત્યાજ્ય છે'-છતાંયે મૂર્ચ્છા નથી ઊતરતી તો પછી એમાં ઉપાદેય બુદ્ધિ આવ્યા પછી તો શું થાય ? માટે લક્ષ્મી હોય એનો સદુપયોગ કરવો એ ધર્મ, પણ લક્ષ્મી ધર્મ નહિ. કાદવમાં હાથ ઘાલીને ધોવો સારો કે ન ઘાલવો તે સારો ? હાથ ઘલાઈ જાય તો ધોવો એ સારો પણ ધોવા માટે તો કાદવમાં હાથ ન ઘલાય ને ? હાથ કાદવવાળો થઈ જાય તો ધોવો જરૂર, પણ ધોવા માટે કાદવવાળો કરાય ? નહિ જ. તેવી જ રીતે સદુપયોગ માટે લક્ષ્મીરૂપ પાપમાં હાથ ઘાલવાનો નિષેધ છે. લક્ષ્મી મેળવ્યા બાદ લક્ષ્મીથી ધર્મ થાય એ વાત કબૂલ, પણ ધર્મમાર્ગે લક્ષ્મી વાપરવા માટે પાપ કરવું અને લક્ષ્મી મેળવવી એ ધર્મ નથી.

**૮૩. સભા : લક્ષ્મી આવે તો બધાં ધર્મકાર્યો થાય, માટે 'લક્ષ્મી મેળવી પછી શાસનની પ્રભાવના કરી, પછી સર્વવિરતિ લેવી' – એમ કોઈ કહે તો?**

**પૂજ્યશ્રી** : એમ કોઈ કહે તો પૂછી શકાય કે–'એમ કરતાં કરતાં ખપી જાઉં, આયુષ્ય પૂર્ણ થઈ જાય તો શું થાય ? માનો કે –જીવ્યો પણ લક્ષ્મી મળ્યા પછી લક્ષ્મીનો રંગ લાગી જાય અને ધર્મ ભૂલી જવાય તો શું થાય?' લક્ષ્મી પામ્યા પછી ધર્મમાર્ગે વાપરનારા કેટલા અને રંગરાગમાં વાપરનારા કેટલા ? લક્ષ્મી પામ્યા પછી આત્મા ક્યાં વધારે ઝૂકે ? કેટલા ટકા આ તરફ વળે અને કેટલા ટકા પેલી તરફ વળે ? લક્ષ્મી ન હોય ત્યારે તો બધું ચાલતું, પણ લક્ષ્મી આવે એટલે તો પોઝીશન (મોભો) વધે. પહેલાં મહિને દશ રૂપિયે ચાલતું હોય, તો પછી ન ચાલે. પછી બધું વધે. એમાંથી નીપટે ત્યારે ધર્મસ્થાનકે આવે ને !

**દાનનું કારણ લક્ષ્મી કે મૂર્છાનો ત્યાગ ?**

મંત્રીશ્વર શ્રી ઉદાયનના પુત્ર શ્રી આમ્રભટ્ટ ઘણા જ દાતાર હતા. એક વાર મહારાજા શ્રી કુમારપાલે શ્રી આમ્રભટ્ટને કહ્યું કે–

**'यं व्ययं भवान् कुरुते तादृक् कर्तुमहमपि न प्रभूष्णुः'**

'જે વ્યય તું કરે છે, તે વ્યય કરવાને હું પણ સમર્થ નથી.

આના ઉત્તરમાં **શ્રી આમ્રભટ્ટે** કહ્યું કે –

**''एवंविधं व्ययं कर्तुं प्रभुर्न प्रभवति, यतोऽहं स्वामिबलेन व्ययं करोमि, स्वामी तु कस्य बलेन ?**

**अतो मयैवेयद्द्रव्यव्ययः साधीयान् क्रियते ?''**

' આવા પ્રકારનો વ્યય કરવા માટે સ્વામી સમર્થ ન જ થાય : કારણ કે–

હું તો સ્વામીના બળે વ્યય કરું છું, પણ સ્વામી કોના બળથી કરે? આથી આટલો બધો દ્રવ્યવ્યય મારાથી જ સાધ્ય કરી શકાય.'

આથી મહારાજા શ્રી કુમારપાલ ખુશ થઈ ગયા. આ આમ્રભટ્ટ આવા દાતાર હતા, તે લક્ષ્મીના યોગે કે લક્ષ્મી ઉપરની મૂર્ચ્છાના ત્યાગના યોગે ? લક્ષ્મીને વળગેલો હોય તે દાન દે ? લક્ષ્મીને અનિત્ય, અસ્થિર, અને ત્યાજ્ય માની તો દીધી ને ! લક્ષ્મી વિના ચાલે જ નહિ એમ માનનારથી દાન દેવાય ? લક્ષ્મી જો ધર્મ માટે મેળવવી, -એમ હોત તો તો પરિણામ એ થાત કે-ધર્મ માટે લક્ષ્મી મેળવનાર આત્માની કિંમત ઊંચી અંકાત અને તેનો ત્યાગ કરનારની કિંમત ઓછી અંકાત : પણ તેમ નથી જ થતું. આથી સ્પષ્ટ જ છે કે દાન એ ધર્મ, પણ લક્ષ્મી એ ધર્મ નહિ. સાચું દાન લક્ષ્મી ઉપરની મૂર્ચ્છાનો ત્યાગ છે. ઉપદેશ દાનનો હોય, પણ લક્ષ્મી કમાવાનો નહિ.

**૮૪. સભા : લક્ષ્મી વગર દાન શાનું દે ?**

**પૂજ્યશ્રી** : ગમે તેમ કરીને પણ દાન દેવું એમ નથી કહ્યું. જો ધર્મ માટે લક્ષ્મી મેળવવી ઉપાદેય હોય, તો પછી 'નીતિથી જ લક્ષ્મી મેળવવી' -એમ શું કામ ? તો તો પછી નીતિથી ન મળે તો અનીતિથી પણ મેળવો એમ જ ને ? ધર્મ માટે મેળવવી છે, તો આમ પણ ઠીક ને આમ પણ ઠીક કેમ ? પરિગ્રહત્યાગ એ પાંચમું મહાવ્રત છે. પરિગ્રહ રાખે નહિ, રખાવે નહિ અને રાખતા-રખાવતાને અનુમોદે નહિ. આ રીતે સર્વથા પરિગ્રહના ત્યાગી મહાવ્રતધારી, દાનને બદલે લક્ષ્મી કમાવાનો ઉપદેશ આપે, તો એમનું પાંચમું મહાવ્રત ખંડિત થાય કે નહિ ?

**૮૫. સભા : છોકરાને લાલચ આપે તે રીતે ધર્મમાર્ગે લાવવા કહે તો ?**

**પૂજ્યશ્રી** : એ વાત ખરી કે-દવા માટે માતા બાળકને સાકરની ગાંગડી આપે, પણ વૈદ્ય કહી ગયો હોય કે-સાકરની ગાંગડી કુપથ્ય છે, એ આપવાથી રોગ ફાટી નીકળશે, તો માતા સાકર આપે ? નહિ જ, બીજું આપે પણ સાકર તો ન જ આપે. એ જ રીતે ધર્મગુરુ પણ ધર્મ માટે સાકરની ટુકડી દે, પણ એ ટુકડી એવી ન દે, કે જે કુપથ્ય હોય. અર્થ અને કામ કુપથ્ય છે. મોટા વૈદ્ય એ કુપથ્ય આપવાની ના કહી ગયા છે. માતા પણ બાળકને ખોળામાં બેસાડીને સમજાવે કે -''સાકર મીઠી ખરી, પણ વૈદ્ય ના કહી ગયા છે : એમ કહી ગયા છે-કે એ ખાવાથી રોગ વધશે''-તો તરત બાળક પણ માની જાય. પણ માતા પોતે જ એમ કહે કે- ''કંઈ રોગ વધતો નથી, ખા ને !'' તો શું થાય ? અહીં પણ મોટા વૈદ્ય અર્થ અને કામને કુપથ્ય કહી ગયા છે.

**૮૬. સભા : મોતીશા શેઠે આવા મંદિરો બંધાવ્યાં, તો અમારી પાસે લક્ષ્મી હોય તો, તેમ કરીએ, એ ભાવના તો થાય ને !**

**પૂજ્યશ્રી** : લક્ષ્મી હોય તો, અગર થાય તો આવા દેરાસર વિગેરે કરું-એ ભાવનાની વાત જુદી, પણ એ કરવા માટે લક્ષ્મી પેદા કરું એ ભાવના ન થાય.

**લક્ષ્મી ઉપાદેય છે જ નહિ.**

જે લક્ષ્મીના યોગે સોનાનાં મંદિરો બનાવે, તેના કરતાં એક દિવસના સંયમને ધરનાર પણ ઊંચા છે. એ બેની વચમાં સરસવ અને મેરુ જેટલું અંતર છે. વિષયાભિલાષી, ભવાભિનંદી આત્મા સંસારના

આનંદને ઈચ્છે છે, પણ એનું વિષમ પરિણામ જોઈ શકતો નથી. એટલા જ માટે પૂછવું પડે છે કે-લાલચ પણ કઈ દેવાય ? નાશક કે પોષક ? પથ્યની કે કુપથ્યની ? કહેવું જ પડશે કે-નાશક નહિ પણ પોષક અને કુપથ્યની નહિ પણ પથ્યની જ ! ધર્મની પ્રભાવના માટે પૈસો પેદા કરવામાં વાંધો નહિ. એમ થાય તો તો વેપારમાં ડરનારા પણ પછી તો વેપારમાં ઝંપાપાત જ કરે. મુનિ તો પ્રથમ સર્વવિરતિ બતાવે : સામો કહે કે-''તાકાત નથી, મારે તો ઘરમાં રહેવું છે.'' -તો પછી મુનિ દેશવિરતિ બતાવે : તેની પણ ના પાડે તો સમ્યક્ત્વ બતાવે. તેનીયે ના પાડે તો માર્ગાનુસારીપણું બતાવે : તેની પણ ના પાડે તો મુનિ બીજું કરે શું ? માર્ગાનુસારીપણાનો અભાવ એ ઉન્માર્ગ. છેવટે મુનિ એમ કહે કે-'માર્ગાનુસારીપણાની ભાવના રાખ!' પણ એથી બીજું શુ કહે ? મુનિ પાસેથી એ સિવાય બીજી કઈ વસ્તુની આશા પણ રાખી શકાય ?

(જૈ. પ્ર. વ.૨/અં.૨)

**૮૭. સભા : લક્ષ્મી વધુ મળે તે માટે દાન દે તો કેવું ગણાય ?**

**પૂજ્યશ્રી** : એ દાન નથી પણ સટ્ટો છે. વસ્તુને ત્યાજ્ય માન્યા વિના દાન દેવાય, તે વસ્તુતઃ દાન નથી. આગળ આવવા માટે, કીર્તિ માટેના દાન તે વસ્તુતઃ મોક્ષસાધક દાન નથી, પણ સટ્ટો છે. જે લક્ષ્મી જેવી છે તેવી તેને ન માને, તો દે કઈ રીતે ? દાનનું કંઈ ધ્યેય તો ખરું ને ! આપનારની લક્ષ્મી ઉપરની મમતા ઓછી થાય અને બીજાનું ભલું થાય, એ કેવો શુભ ઉદ્દેશ છે. ? પ્રભુની ભક્તિ, ગુરુની સેવા તથા સાધર્મીની ભક્તિમાં જે દાન દેવાય, તે તારક જાણીને ! અનુકંપાદાન ત્યાં કેવળ દયા-ત્યાં કંઈ

જોવાનું નહિ. દેવ, ગુરુ તથા સાધર્મીને તારક માનીને આપવું, તરવાની બુદ્ધિએ આપવું. પ્રભુ તો આપણા તારક. કેવળજ્ઞાન પામી આખા જગતના તારક એવા પ્રભુની સેવામાં જેટલું સમર્પીએ તેટલું ઓછું : સાધુ તો જીવે ત્યાં સુધી ષટ્કાયના અભયદાતા અને સહવાસીઓનું હિત કરનાર : એમની પણ થાય તેટલી ભક્તિ કરવી. સાધર્મીની શિખામણથી તો કંઈ શિથિલ થયેલા માર્ગમાં આવશે અને દઢ બનશે, માટે એમની પણ ભક્તિ કરવાની. સાધર્મી સાધર્મીને ધર્મમાં સ્થિર કરે કે પતિત કરે ? સંયમનો અર્થી સલાહ લેવા આવે, તો સાધર્મી શું કહે ? 'હે ગાંડા ! તું ક્યાં ભોળવાયો !' એમ કહે ? નહિ જ. સાધર્મી તો સ્વયં પ્રેરણા કરે, તો તો પછી સલાહ માંગવા આવે ત્યારે તો કમાલ જ કરે. જેના યોગે ધર્મના વિચારો સ્થિર થાય તે સાધર્મી, પણ વિચારોમાં મલિનતા લાવે તે સાધર્મી ખરો ?

**સભા** : **નહિ.**

**પૂજ્યશ્રી** : તમે કહો છો ને !

**સભા** : **હા.**

**પૂજ્યશ્રી** : સંયમધર્મના પરિણામ જેના યોગે સુદૃઢ થાય તે ગુરુ કે જેના યોગે સંયમધર્મના પરિણામ પતિત થાય તે ગુરુ ? એ ગુરુ તથા સાધર્મી પરિણામ ઊંચા બનાવે, પણ નીચા તો ન જ બનાવે : સંસારને ઢીલો કરાવે, પણ સંસારની જડને મજબૂત તો ન જ કરે : માટે જ એ ત્રણની તો ભક્તિ હોય ! અનુકંપા તો ગુણહીનની !! આમની અનુકંપા કરીએ તો પાપ લાગે. આમની તો ભક્તિ જ હોય 'બેસ, ખાઈ લે'-એમ તો નોકરને કહેવાય, આડતિયાને કે રાજાને ન કહેવાય. એને માટે તો

પાટલા માંડવા પડે, મોટા તાટ મૂકવા પડે, ન હોય તો માગી લાવીને પણ મૂકવા પડે. જાડો અને લુખ્ખો રોટલો તો ગાડીવાળાને અપાય. આડતિયાને આપો તો એ શું કરે તે જાણો છો ને ? કહે કે- 'રોટલા ભાળ્યા છે ! સભ્યતા તથા વિવેક સાચવવાં જોઈએ.' તેવી જ રીતે જો આ ત્રણમાં અનુકંપા બુદ્ધિ થઈ કે નાશ, કારણ કે-એ તો ભક્તિના પાત્ર છે. સ્થાન-સ્થાનનો વિવેક કરતાં શીખો. સમ્યગ્દૃષ્ટિ હાથ ધરે કે દુઃખ થાય એ વખતે 'પધારો' કહો, એટલે તરત હાથ આપોઆપ ખસી જાય. એનું અપમાન ન થાય. એવા આત્માને ચાર પૈસા આપીને હાંકી કાઢો એ દાન નહિ, પણ અવગણના છે.

**૮૮. સભા : અઢારમું પાપસ્થાનક આપ તો છોડી દેવાનું કહો છો : આપે કહ્યું કે- સત્તર પાપસ્થાનક સેવવાં પડે તો પણ કંપતે હૃદયે સેવે, પણ અઢારમાનું શું ? આજે એનો (મિથ્યાત્વનો) તો પ્રચાર થાય છે.**

**પૂજ્યશ્રી** : અઢારમું પાપસ્થાનક મિથ્યાત્ત્વ છે. તે શ્રાવકમાં હોય જ નહિ અને જો હોય તો તે વાસ્તવિક શ્રાવક નહિ.

**૮૯. સભા : એની આલોચના કેમ ?**

**પૂજ્યશ્રી** : પ્રમાદથી, ભૂલથી થયું હોય, સેવાયું હોય તેની આલોચના : ઈરાદાપૂર્વક મિથ્યાત્ત્વ સેવે ત્યાં શ્રાવકપણું રહે જ નહિ. દેવ-ગુરુ-ધર્મની ઠેકડી કરે. પૂર્વાચાર્યોને નિંદે, તે તો ઘોર મિથ્યાદૃષ્ટિ ! એમનો તો સહવાસ પણ નહિ સારો. બહારના મિથ્યાદૃષ્ટિ તો હજી પામ્યા નથી,

પણ આ તો પામીને અવગણના કરે છે, માટે એમનો સહવાસ પણ યોગ્ય નથી. બહારના દુશ્મન એ રીતે તો સારા, કે જેના માટે કમાડ પણ વસાય. આમને માટે શું ? આ તો બહુ બૂરા કે-કમાડ પણ ન વસાય. (જૈ. પ્ર. વ.૨/અં.૩૭)

**૯૦. સભા : વરદાન કોને કહેવાય ?**

**પૂજ્યશ્રી** : સામાન્ય રીતિએ વરદાન શબ્દનો અર્થ શ્રેષ્ઠ દાન થાય. વર એટલે શ્રેષ્ઠ. ધર્મની દષ્ટિએ શ્રેષ્ઠ દાન એ જુદી વસ્તુ છે.

**૯૧. સભા : વરદાન રાજ્યદાન જ હોય ?**

**પૂજ્યશ્રી** : નહિ. વરદાનનો અર્થ ઐચ્છિક દાન થઈ શકે. 'માગ, માગ, માગે તે આપું'-એમ દુનિયામાં કહેવાય છે, તે વરદાનના રૂઢ અર્થમાં જ કહેવાય છે. આપણે સ્વાધીન જે કાંઈ હોય તેમાંનું સામો જે કાંઈ માગે તે અને જેટલું માગે તેટલું માગણી મુજબ આપવું, બધું માગે તો બધું આપવું, એને દુનિયામાં વરદાન તરીકે ઓળખાવાય છે. તમને યાદ હોય તો શ્રી દશરથ રાજાએ પણ કૈકેયીને એ જ કહ્યું હતું કે-વ્રત-ગ્રહણના નિષેધ સિવાય મારે સ્વાધીન જે કાંઈ હોય તે તું માગી લે !' પોતાને સ્વાધીન વસ્તુ સામાને સામાની ઈચ્છા મુજબ દઈ દેવી, એ દાન દુનિયામાં વરદાનના નામથી ઓળખાય છે. સામાની સેવા આદિ જોઈને બહુ જ તુષ્ટ થઈ ગયેલા સમર્થોએ આવાં વરદાનો દીધાનાં ઘણાં ઉદાહરણો આવે છે.

**૯૨. સભા : એવી જ રીતિએ આપણામાં 'વરબોધિ' શબ્દ પણ પ્રચલિત છે ને?**

**પૂજ્યશ્રી** : વરદાન રાજાઓ જ દઈ શકે એવો કોઈ નિયમવિશેષ નથી, જ્યારે વરબોધિને માટે નિયમ છે. માત્ર શ્રી તીર્થંકરદેવોના બોધિને જ વરબોધિ કહેવાય છે અને એમ કહેવાય છે તે બરાબર જ છે, કારણ કે એમનું બોધિ જે તારકભાવ લાવે છે તે તારકભાવ લાવવાની બીજાઓના બોધિમાં તાકાત જ નથી. અને એથી બીજા કોઈના બોધિને એ અપેક્ષાએ વરબોધિ ન જ કહેવાય. (જૈ. પ્ર. વ.૯/અં.૧૮)

**૯૩. સભા : પાપથી ધન ભેગું કરેલું હોય, તો તે બીજાને આપી શકાય ખરું ?**

**પૂજ્યશ્રી** : બુદ્ધિ ફરે તો આપી શકાય. પહેલાં પાપથી મેળવ્યું, પાપ કરી કરીને મેળવ્યું પણ પછી એમ લાગ્યું કે 'પાપ કર્યું એ તો બહુ મોટી ભૂલ કરી, પણ હવે આ ધનનો સંગ્રહ કરી રાખવાની બીજી ભૂલ તો નથી જ કરવી, હવે તો આનો જેમ બને તેમ સદુપયોગ કરી લેવો છે.' આવો માણસ દીન-અનાથ આદિને ન આપી શકે. એમ ન કહેવાય. નાનું છોકરું વિષ્ટામાં હાથ ન ઘાલે ? વિષ્ટામાં હાથ ઘાલીને એને કદાચ મોંમાંય ન મૂકે? આવું પણ બન્યું હોય, માટે એ મોટો થાય, પછી એને અમે એમ કહીએ કે 'વિષ્ટામાં ઘાલેલી આંગળી પ્રભુપૂજન કરવાના કામમાં ન વપરાય ?' નહિ જ. તેમ માણસે પાપ કરીને પૈસા મેળવ્યા, પણ પછી તેને સમજ આવી અને એથી તેને એમ લાગ્યું કે 'હવે એવું પાપ નથી કરવું, અત્યાર સુધી જે પાપ કર્યું તે ભૂલ થઈ ગઈ, હવે સદુપયોગ કરીને પાપમાંથી છુટાય તેટલો તો છૂટું !' તો એ ખુશીથી દાન દઈ શકે છે. (૧૦૮/૫૮)

**૯૪. સભા : ધંધો કરીને વધુ પૈસા કમાઈએ તો શાસનની પ્રભાવનાનાં કાર્યો થાય ને?**

**પૂજ્યશ્રી** : પ્રભાવના માટે કમાવાની શાસ્ત્રોએ ના પાડી છે અને આજે કમાનારા પ્રભાવના માટે કમાય છે કે પોતાના માટે ? અને કમાયા પછી એ બધા શાસનની પ્રભાવના કરે છે કે શું કરે છે તે મારે કહેવું પડે તેમ છે ? શું તમે એ બધું નથી જાણતા ? આજે તો વ્યક્તિને શાસનની નહીં પોતાની જાતની પ્રભાવના કરવાનું મન હોય છે. (૧૦૮/૨૦)

**૯૫. સભા : અનીતિનું ધન શ્રી જિનમંદિરાદિમાં ખર્ચાય નહિ ને ?**

**પૂજ્યશ્રી** : શ્રી જિનમંદિરાદિમાં ખર્ચવાનું દ્રવ્ય નીતિથી મેળવેલું જોઈએ એ વાત સાચી છે, પણ માનો કે-પહેલાં કોઈ અધર્મી હતો, અનાડી હતો, એણે ધન અનીતિથી ઉપાર્જેલું હોય, પણ પછી એ ધર્મવૃત્તિવાળો બન્યો અને એને પોતાના ઉપાર્જેલા દ્રવ્યોનો ઉપયોગ શ્રી જિનમંદિરાદિ માટે કરવો હોય તો એને એમ કરતાં રોકવો ? એવા જીવની વૃત્તિ સુધરેલી જોઈને એની અને એના દ્રવ્યની શુદ્ધિ કરાવી, એના દ્રવ્યનો જિનમંદિરાદિ માટે ઉપયોગ કરાવાય તો તેમાં વાંધો ખરો ? આ ધન મેળવવા માટે મેં કરતાં શું મહાપાપ કરી નાખ્યું, પણ હવે મારે આવું ધન નહિ જોઈએ-એવું જેના મનમાં ઊગે, તેને તેના દ્રવ્યનો સદ્‌વ્યય કરવાનો અધિકાર જ નથી, એમ તમે માનો છો ? માત્ર પોતાના પાપને ઢાંકવાને માટે અગર તો પોતાનું પાપ સારી રીતિએ ચાલુ રહી શકે એ માટે જો એ શ્રી જિનમંદિરાદિમાં દ્રવ્યવ્યય કરવા ઈચ્છતો હોય તો એ વાત જુદી છે,

પણ તમે અહીં આવી વાત શું કામ લઈ આવ્યા ? ગીતાર્થોએ જોવાની અને વિચારવાની આ વાત છે અને ધનનો જેણે સદ્વ્યય કરવો હોય તેણે ગીતાર્થની દોરવણી સ્વીકારવાની હોય છે, તમને પેલા શેઠની વાત યાદ નથી, કે જે શેઠે ખૂબ રસથી પોતાથી શક્ય એટલું સુંદર મકાન બંધાવ્યું હતું અને જે શેઠ એ મકાનના વખાણ સૌ કોઈ કરે એની જ પેરવી કર્યા કરતો હતો, તે શેઠને મળેલા મુનિવરે એ મકાનને શ્રી જિનમંદિર બનાવી દેવાનું ઉપદેશ્યું હતું ? એમાં એ મુનિવરે ભૂલ કરી હતી ? એ મુનિવર એને એમ કહે કે -આવા પાપમય સંસારના રસથી બાંધેલું તારું મકાન હવે તારું મન સુધર્યું છે તોય, ધર્મના કામમાં ઉપયોગમાં આવી શકે જ નહિ ? અહીં મુખ્ય વાત એ છે કે-જે ગૃહસ્થો સાધુ બની શકતા ન હોય, તે ગૃહસ્થોએ પરિણામે સાધુપણું પામવાના હેતુથી દ્રવ્યસ્તવ કરવો જોઈએ. (જૈ. પ્ર. વ.૪૦/અં.૪)

*અનીતિનો એક પણ પૈસો તિજોરીમાં રાખવાની ભાવના ન રાખે તે સાચો **દાની** કહેવાય.*

*લક્ષ્મીને ખરાબ ન માનતો હોય, તે લાખોનું-કરોડોનું દાન કરે તોય તેનું **દાન** અધ્યાત્મ ન બને.*

## ❊ દીક્ષા ❊

**૯૬. સભા : સમ્યક્ત્વ વિના દીક્ષા અપાય ?**

**પૂજ્યશ્રી** : શાસ્ત્ર કહે છે કે-સમ્યક્ત્વ ન પણ હોય છતાંય જો સંસાર પ્રત્યે વિરાગ આવ્યો હોય અને વ્રતના પાલનમાં ધીર જણાય તો એવા મિથ્યાદષ્ટિને પણ દ્રવ્યસમ્યક્ત્વનો આરોપ કરીને દીક્ષા દેવાય. (જૈ. પ્ર. વ.૫/અં.૮)

**૯૭. સભા : આજે તો દીક્ષાના વિરોધી પણ પોતાને સુશ્રાવકો અને પોતાના ટોળાને પચીસમા તીર્થંકરસ્વરૂપ શ્રીસંઘ માનવાનું કહે છે.**

**પૂજ્યશ્રી** : દીક્ષાનો વિરોધી હોય એ તો શ્રાવક જ નથી. એવાઓના ટોળાને પચીસમા તીર્થંકરસ્વરૂપ શ્રીસંઘ તે જ માને, કે જે પોતે પણ મિથ્યાત્ત્વથી ઘેરાયેલો હોય. દીક્ષાની ભાવના શ્રાવકપણાની સાથે જડાયેલી જ છે અને એથી એવી સારી ચીજ વહેલી ન લેવાય તો શ્રાવક પોતાને ઠગાયેલો માને એમાં નવાઈ નથી. જે વસ્તુ એકાંતે કલ્યાણકારી છે તે તો જેમ બને તેમ વહેલી પામવાની જ ભાવના હોય. પોતાનાથી ન પમાય તોય બીજાઓને બાલવયે પામતા જોઈ આનંદ જ આવે. યોગ્ય ગુરુના હાથે અધિકારીને બાલવયે અપાતી દીક્ષામાં આડે આવનારાઓ અને એ માટે ખોટો પ્રચાર કરીને રાજ્ય દ્વારા અટકાયત કરવાનો પ્રયત્ન કરનારાઓ, જૈનકુળમાં પાકેલા ભયંકરમાં ભયંકર પાપાત્માઓ છે : અને જે વેષધારીઓ એવાઓને ઉત્તેજન આપે છે, તે અધમોને માટે તો કહેવું જ શું ? બાલદીક્ષા, એ અપવાદમાર્ગ નથી, પણ એવો માર્ગ છે કે-જે માર્ગે નહિ જઈ શકનારા સુશ્રાવકો અફસોસ જ કરે અને પોતે

બાલપણામાં દીક્ષા ન પામી શક્યા, એને પોતાની કમનસીબી માને. જન્મથી કે ગર્ભથી આઠ વર્ષ અને તે પછી થનારી દીક્ષાને વયની અપેક્ષાએ અપવાદમાર્ગની દીક્ષા કહેનાર અજ્ઞાન છે.

**ભોગ ભોગવીને આવેલાઓના કરતાં બાલદીક્ષિતો માટે પતનનો સંભવ ઓછો છે :**

'ભોગ ભોગવ્યા વિના ન જ જવાય, વગર ભોગ ભોગવ્યે જાય તે પટકાય જ, રાજમાર્ગ ભોગ ભોગવ્યા પછી જ દીક્ષા લેવાનો છે.'- આવું આવું બોલનારઓની અક્કલ ઠેકાણે નથી. એમ બોલવું તે બુદ્ધિનો સદુપયોગ નથી પણ બુદ્ધિનું લિલામ છે. પડવાનો સંભવ, બાલવયે દીક્ષિત થનારાઓના કરતાં ભોગ ભોગવવામાં યૌવનવયને લંઘી તે પછી દીક્ષા લેનારાઓને માટે જ વધારે છે. **અભુક્તભોગી કરતાં ભુક્તભોગીને માટે પડવાનો સંભવ વધારે છે**, એમ ઈતરદર્શનમાં વર્ષો સુધી રહેનાર ઈતરદર્શનશાસ્ત્રોના પ્રકાણ્ડ વિદ્વાન અને શ્રી જૈનદર્શનના શાસ્ત્રોનું રહસ્ય પામી સમર્થ શાસ્ત્રકાર બનેલા સુવિહિતશિરોમણિ આચાર્યભગવાન **શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજા ફરમાવે છે. (જૈ. પ્ર. વ.૯/અં.૧૪+૧૫)

**અનુમતિ વિના પણ ત્યાગ થઈ શકે :**

કોઇ રુએ માટે ત્યાગી ત્યાગ છોડે ? કોઇ રુએ માટે સંયમધર્મનો અર્થી સંયમ લેવાનું માંડી વાળે ? જો એમ જ થાય તો તો પ્રાયઃ કોઇની મુક્તિ થાય જ નહિ. રાગી ન માને અને રોતા જ રહે, તો રોતા મૂકીને

પણ જવામાં જનારનું કલ્યાણ થવાનું એ તો નિશ્ચિત જ છે, પણ રોનારનું ય કલ્યાણ થવાનો સંભવ રહેલો છે. ગુનાથી બચાવવાને માટે બાપ છોકરાને ધોલ મારે, તો તે દ્વેષ નથી પણ પ્રેમ છે. મોહના ફંદમાં ફસેલા સંબંધીઓનો, તેઓની અનુમતિ મેળવવાને માટે ઘટતા ઉપાયો કરવા છતાં પણ તેઓ અનુમતિ ન જ આપે, તો વિના અનુમતિએ પણ એમનો ત્યાગ કરવો, એમાં પરિણામે બેયને લાભ છે. જ્ઞાનીઓ સ્પષ્ટ ફરમાવે છે કે-'એવા પ્રસંગે કરેલો જે ત્યાગ, તે જ વાસ્તવિક રીતિએ અત્યાગ છે : અને એવા પ્રસંગે મોહાધીનોના ફંદામાં ફસાઇ પડ્યા રહેવું તે દેખીતી રીતિએ અત્યાગ હોવા છતાં પણ વસ્તુતઃ ત્યાગ જ છે.'

**માતાપિતાનો અનુપમ ઉપકાર :**

આવું વિધાન કરનારા જ્ઞાનીઓએ માતાપિતા આદિનો પુત્રે કેવો વિનય કરવો જોઇએ, માતાપિતા આદિની કેવી સેવા કરવી જોઇએ અને કઇ રીતિએ માતાપિતાને સંતોષવાનો પ્રયત્ન કરવો જોઇએ, એ દર્શાવવામાં પણ કમીના નથી રાખી. સંસારમાં રહેલા દીકરાએ માતાપિતાદિની સેવામાં જાતને ઘસી નાખતાં પણ અચકાવું જોઇએ નહિ. માતાપિતાની એક પણ યોગ્ય આજ્ઞાનું ઉલ્લંઘન કરવું, એ પુત્રને માટે કલંક જ છે. માતપિતાને દરેક યોગ્ય રીતિએ સંતોષવાની ક્રિયા કરવામાં જરાય પ્રમાદી ન બનવું, એ સુપુત્રની ફરજ છે. માતાપિતાનો ઉપકાર એટલો બધો છે કે-એનો સામાન્ય રીતિએ બદલો વાળી શકાય તેમ છે જ નહિ : આથી સંસારમાં રહેલા પુત્રે તેમની ખૂબ સેવા કરવા ઉદ્યમશીલ બન્યા રહીને, તેમને ધર્મ પમાડવા માટેનો પ્રયત્ન કર્યા કરવો

જોઈએઃ કારણ કે **ધર્મ પમાડવા દ્વારા જ માતાપિતાના અનુપમ ઉપકારનો બદલો વાળી શકાય છે.** 'મોહાધીન માતાપિતા અનુમતિ ન આપે તો પણ મુમુક્ષુએ તેમનો ત્યાગ કરવો એ જ ઉચિત છે'– એમ જ્ઞાનીઓએ ફરમાવ્યું છે : પણ ત્યાં હેતુ છેવટે માતપિતાને પણ ધર્મ પમાડવાનો રાખવા જણાવ્યું જ છે.

**૯૮. સભા : માતાપિતા વગેરેની અનુમતિ મેળવવાનો દીક્ષાર્થીએ અવશ્ય પ્રયત્ન કરવો જોઈએ ?**

**પૂજ્યશ્રી** : જરૂર. દીક્ષાર્થીને માટે સામાન્ય રીતિએ વિધિ એ જ છે કે-તેણે અનુમતિની ઉપેક્ષા નહિ કરવી જોઈએ. માતાપિતા તેમજ ભગિની અને ભાર્યા આદિ બીજા પણ સંબંધીઓની અનુમતિ મેળવવાનો દીક્ષાર્થીએ શક્ય તેમજ શાસ્ત્રવિહિત પ્રયત્ન અવશ્ય કરવો જોઈએ. સ્વપર-ઉપકારને અનુલક્ષીને દુઃસ્વપ્નો નહિ આવ્યાં હોય તો પણ 'મને અમુક અમુક પ્રકારના દુઃસ્વપ્નો આવ્યાં છે'–એમ માતાપિતાદિને કહે, મૃત્યુ નજદીક આવ્યું છે એવું સૂચવનારું વર્તન કેવળ માતાપિતાને દેખાડવાને માટે કરીને ય અનુમતિ મેળવવાનો પ્રયત્ન કરે તેમ જ નિમિત્તશાસ્ત્રજ્ઞોને પણ હાથ ઉપર લઈને માતાપિતા આદિની અનુમતિ મેળવવાનો પ્રયત્ન કરે. આમ અનેક રીતિએ માતાપિતા આદિની અનુમતિ મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

** એક જીવને દીક્ષા ધર્મ પમાડો તો ચૌદરાજલોકના જીવોને અભય પમાડવાનો લાભ મળે*

**૯૯. સભા : માતાપિતાદિના નિર્વાહનો પ્રબંધ પણ દીક્ષાર્થીએ કરવો જોઈએ ?**

**પૂજ્યશ્રી** : એમાં પ્રશ્ન જ શો ? દીક્ષા કાંઈ માતાપિતાદિ ઉપર રોષિત બનીને કે તેમને હેરાન કરવાના ઈરાદાથી લેવાની છે ? નહિ જ. દીક્ષા તો કેવળ આત્મકલ્યાણને માટે જ લેવાની છે. પોતાનું આત્મકલ્યાણ સાધવાની સાથે, અવસરે માતાપિતા આદિને પણ આત્મકલ્યાણની સાધનામાં યોજવાનો દીક્ષાર્થીએ હેતુ રાખવાનો છે. માતાપિતાદિના નિર્વાહનો પ્રબંધ દીક્ષાર્થીએ કરવાનો છે, પણ તે યથાશક્તિ ! પોતાનાથી શક્ય હોય એટલો પ્રબંધ કરવાનું યોગ્ય દીક્ષાર્થી ચૂકે જ નહિ.

**૧૦૦. સભા : દીક્ષા માટે અનુમતિ મેળવવાનો પ્રયત્ન કરવા જતાં માતાપિતાદિ ત્રાસ વર્તાવવા માંડે તો ?**

**પૂજ્યશ્રી** : એવું પણ બને છે. દીક્ષાર્થીને માથે તદ્દન ખોટા અને ભયંકર પ્રકારના આરોપો મૂકતાં પણ મોહાધીન અને ધર્મદ્વિષી માબાપો અચકાયાં નથી. દીક્ષા લેવાની પવિત્ર ભાવના ઉત્પન્ન થવામાં નિમિત્તરૂપ બનેલા સાધુઓને ભાંડતાં, એમને માથે કલ્પિત કારમાં કલંકો ઓઢાડતાં અને તદ્દન ખોટી તેમજ વજૂદ વગરની હકીકતો જાહેર કરવા દ્વારા શ્રી જૈનશાસનની અપભ્રાજના કરતાં જેમને અરેરાટી ય નથી થઈ, એવા ય સંબંધીઓ પણ હોય છે. દીક્ષાર્થીને દિવસોના દિવસો સુધી ઘરના ઓરડામાં ગોંધી મૂકે, ગાંડો થઈ ગયો છે એમ ઠરાવવાના પ્રયત્નો કરે અને ચોરી વગેરેના જુઠ્ઠા આરોપો મૂકે તેમજ એ રીતિએ સરકારી મદદથી પણ દીક્ષાર્થીને કલ્યાણમાર્ગે જતો અટકાવવાના પ્રયત્નો કરે,

–આ કાંઈ અશક્ય બીના નથી ! આ વીસમી સદીના કહેવાતા વ્યક્તિ સ્વાતંત્ર્યના યુગમાં પણ એવું નથી જ બન્યું એમ નથી. એવું બન્યું છે કે–જે સાંભળતાં પણ કમકમાટી ઊપજે. આવા ધર્મદ્વેષી, ક્રૂર અને મોહાંધ માતાપિતા આદિના પનારે પડી ગયેલાઓને વધારે સામર્થ્ય કેળવવું પડે અને બહુ યુક્તિપૂર્વક શિકારીના હાથમાંથી શિકાર છટકે, તેમ છટકવું પડે એ પણ શક્ય છે : પણ એટલી બધી અધમતા બહુ થોડાં કુટુંબોમાં હોય. કોઈએ વગર અનુમતિ માગ્યે માતાપિતા એવા જ છે એમ નહિ માની લેવું જોઈએ, તેવા હોવાનો સંભવ લાગતો હોય તો પહેલાં સિફતથી વાત કરીને તેમના અભિપ્રાયને જાણી લેવો જોઈએ પછી યોગ્ય પદ્ધતિ અખત્યાર કરી શકાય છે.

**૧૦૧. સભા : અનુમતિ ન મળે તો ?**

**પૂજ્યશ્રી** : યોગ્ય અને શક્ય પ્રયત્નો કરવા છતાં પણ માતાપિતાદિની અનુમતિ ન મળે તો તેમનો ગ્લાનૌષધાદિ દૃષ્ટાંત મુજબ ત્યાગ કરવો જોઈએ પણ એવી રીતિએ ત્યાગ કરતાં પહેલાં ય પોતાની શક્તિ મુજબ તેમના નિર્વાહનો પ્રબંધ કરવાને ચૂકવું જોઈએ નહિ.

**૧૦૨. સભા : આટલું છતાં આજે ધમાલ કેમ છે ?**

**પૂજ્યશ્રી** : વસ્તુનો દ્વેષ એ જ મુખ્ય કારણ છે. દીક્ષાર્થીઓને અને દીક્ષાદાતાઓને આજે મોટે ભાગે ખોટી રીતિએ જ વગોવવામાં આવે છે, એવો મારો અનુભવ છે. આથી જ કહેવું પડે છે કે– કોઈ પણ દીક્ષાસંબંધી કોઈ પણ

ખરાબ હકીકત વાંચો, ત્યારે જાતતપાસ કર્યા વિના તેને સાચી ન માનતા ! દીક્ષાર્થીને તેમ જ દીક્ષાદાતાને મળજો અને પછી વાંચેલી કે સાંભળેલી હકીકતોને કસી જોજો !

**૧૦૩. સભા : આપ માતાપિતાદિની અનુમતિ વિના દીક્ષા આપો છો એ વાત સાચી છે ?**

**પૂજ્યશ્રી** : આઠ વર્ષથી આરંભીને સોળ વર્ષની ઉંમર સુધીના કોઈને પણ તેના માતાપિતાના સંમતિ વિના અમે દીક્ષા આપી જ નથી. અહીં જે કોઈ સોળ વર્ષની અંદરની વયે દીક્ષિત થયેલા બાલદીક્ષિતો છે, તેમાં એક પણ એવો નથી, કે જેને તેનાં માતાપિતાની અનુમતિ વિના જ દીક્ષા અપાઈ હોય. સોળ વર્ષથી ઉપરની ઉંમરે દીક્ષિત થયેલાઓમાં પણ ઘણા એવા પણ છે, કે જેમને તેમના નિકટના સંબંધીઓએ અનુમતિ આપી હોય ! માતાપિતાદિની અનુમતિ મેળવવાનો પ્રયત્ન જ નહિ કરનારો અને તેમની દરકાર જ ન હોય એવા કોઈને ય અમે દીક્ષા આપી જ નથી. આજે જે ઘોંઘાટ છે તે જુદો છે અને વસ્તુસ્થિતિ એથી જુદી જ છે. સત્યાસત્યની ગવેષણા કરવાનો પ્રયત્ન કરનારને આ વસ્તુની જાણ અને ખાતરી થયા વિના નહિ રહે.

**૧૦૪. સભા : માતાપિતાના જીવતાં દીક્ષા નહિ લેવાની ભગવાન મહાવીરે પ્રતિજ્ઞા કરી એ કેમ ?**

**પૂજ્યશ્રી** : ભગવાન શ્રી જિનેશ્વરદેવોનું અંતિમ જીવન ઉચિત ક્રિયાઓથી ભરપૂર

હોય છે. એ તારકોના અંતિમ જીવનમાં એક પણ અનુચિત ક્રિયાને સ્થાન હોતું નથી. ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ કરેલો 'માતાપિતાના જીવતાં દીક્ષા નહિ લેવાનો' અભિગ્રહ, એ પણ એ તારકની ઉચિત ક્રિયા જ હતી. ભગવાને કરેલા અભિગ્રહની પ્રવૃત્તિ નિન્દ્ય કોટિની નથી.

**૧૦૫. સભા : અભિગ્રહ તો મોહોદયથી કર્યો હતો ને ?**

**પૂજ્યશ્રી** : મોહોદયની હયાતીમાં કર્યો હતો, પણ મોહોદયને આધીન બનીને નહોતો કર્યો. મોહોદય ન હોત તો અભિગ્રહ થાત જ નહિ, કારણ કે – મોહોદય વિના ગૃહાવસ્થાન શક્ય જ નથી. મોહોદયને આધીન બનીને કરાયેલી કોઈ પણ ક્રિયાને ઉચિત ક્રિયા કહેવાય જ નહિ, જ્યારે ભગવાને કરેલા અભિગ્રહને તો જ્ઞાનીઓએ ઉચિત ક્રિયા તરીકે વર્ણવ્યો છે : કારણ કે–અભિગ્રહ મોહોદયની આધીનતાથી નથી થયો, પણ વિવેકપૂર્વક જ થયો છે.

**૧૦૬. સભા : તો પછી જ્યારે ત્રીસ વર્ષો સુધી ગૃહાવસ્થાન મોહોદય હોવાથી જ થવાનું નિશ્ચિત હતું, તો પછી ભગવાનને અભિગ્રહ કરવાની જરૂર જ ક્યાં હતી ?**

**પૂજ્યશ્રી** : એને અંગે પણ શાસ્ત્રકારપરમર્ષિઓએ ઘણો જ સ્પષ્ટ ખુલાસો કર્યો છે. ગૃહાવસ્થાન થવામાં કારણભૂત એવું ભગવાનનું તે કર્મ એટલું નબળું હતું કે–વિરતિના પરિણામોથી તેનો ક્ષય થઈ જતાં વાર લાગે નહિ. એ

મોહનીયકર્મ સોપક્રમ હતું અને એથી ભગવાનના વિરતિના પરિણામોથી ક્ષીણ થઈ જાય એવું હતું તેમજ એમ થાય તો પરિણામે મહાઅનર્થ થાય તેમ હતું : આથી ગૃહાવસ્થાનના કારણભૂત તે કર્મને વહેલું ક્ષીણ થઈ જતું અટકાવવાને માટે ભગવાને અભિગ્રહ કર્યો હતો.

**૧૦૭. સભા : પોતાનું તે કર્મ સોપક્રમ જ છે એમ ભગવાને કેમ જાણ્યું ?**

**પૂજ્યશ્રી** : જ્ઞાનબળે જાણ્યું, કારણ કે - શ્રી તીર્થંકરદેવના આત્માઓ ત્રણ નિર્મળજ્ઞાનોથી સહિત જ ચ્યવે, એવો નિયમ છે. ગર્ભમાં પણ તે આત્માઓ ત્રણ જ્ઞાને સહિત હોવાથી પોતાની કર્મસ્થિતિ જાણી શકે તે સ્વાભાવિક છે. 'પોતાનું ચારિત્રમોહનીય કર્મ નિયતકાલીન વિપાકોદયવાળું નથી પણ સોપક્રમ છે'-એમ જાણ્યા વિના જ ભગવાને જો અભિગ્રહ કર્યો હોય, તો તો અભિગ્રહના અંગીકારને ન્યાયયુક્ત કહેવાય જ નહિ : પણ શાસ્ત્રકાર મહારાજા સ્પષ્ટ શબ્દોમાં ફરમાવે છે કે-ભગવાને કરેલો અભિગ્રહનો અંગીકાર ન્યાયયુક્ત જ હતો, કારણ કે-અભિગ્રહ કરે નહિ તો વિરતિના પરિણામોથી ચારિત્રમોહનીયકર્મ વિનાશ પામી જાય અને તેમ થાય તો મહા-અનર્થ થઈ જાય. એવો મહા-અનર્થ થતો અટકાવવાને માટે જ પોતાના ચારિત્રમોહનીયકર્મને ટકાવી રાખવાની જરૂર હતી અને તે કર્મ અભિગ્રહ ગ્રહણ કર્યા વિના ટકી શકે તેમ હતું નહિ, એથી જ ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ ગર્ભમાં અભિગ્રહ કર્યો હતો. આટલા વિવેકપૂર્વકના અભિગ્રહને સમજ્યા વિના, ભગવાન પણ મોહોદયને આધીન બની ગયા એમ ઠરાવવાને બહાર પડવું, એ તો આત્માની ઘણી અધમદશાનું સૂચક છે.

**૧૦૮. સભા : ભગવાન અભિગ્રહ ન કરે અને તેમનું ચારિત્રમોહનીય કર્મ વિરતિના પરિણામોથી વહેલું ક્ષીણ થઈ જાય, તો કયો મહાઅનર્થ થાય તેમ હતું?**

**પૂજ્યશ્રી** : ભગવાનનું ચારિત્રમોહનીયકર્મ સોપક્રમ હોવાના કારણે વિરતિના પરિણામોથી જો વહેલું ક્ષીણ થઈ જાય અને એથી ભગવાન માતાપિતાદિનો ત્યાગ કરી વિરતિ સ્વીકારે, તો ભગવાન પ્રત્યે અતિસ્નેહવાળા તે તારકના માતાપિતા નિયમા મૃત્યુ પામે એમ હતું અને એ મહાઅનર્થને અટકાવવાને માટે જ ભગવાને ગર્ભાવસ્થામાં અભિગ્રહ ગ્રહણ કર્યો હતો.

**૧૦૯. સભા : માતાપિતાનું ચોક્કસ મૃત્યુ થશે એમ ભગવાનને જાણ્યું હતું, એવો સ્પષ્ટ પાઠ શાસ્ત્રોમાં છે ?**

**પૂજ્યશ્રી** : હા. **શ્રી આવશ્યકસૂત્રના** વિવરણમાં સમર્થ ટીકાકાર આચાર્યભગવાન **શ્રીમદ્ મલયગિરિજી** મહારાજાએ અને **શ્રી આવશ્યકસૂત્રની વૃત્તિમાં** સુવિહિતશિરોમણિ, યાકિની મહત્તરાસૂનુ, સમર્થ શાસ્ત્રકાર, આચાર્યભગવાન **શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજાએ પણ–

**''यद्यहमनयोर्जीवतोः प्रव्रज्यां गृह्णामि, नूनं न भवत एवैतावित्यतो गर्भस्थ एवाभिग्रहं गृह्णाति ज्ञानत्रयोपेतत्वात्।''**

–આવું સ્પષ્ટ શબ્દોમાં ફરમાવેલું છે. પ્રાકૃત **મહાવીરચરિત્રમાં** પણ તે ચરિત્રના રચયિતા શ્રી ગુણચંદ્ર નામના મહાત્માએ પણ એ જ વાત લખી છે.

**''जइ पुण जीवंतेसु वि, समणत्तणमहमहो पवज्जिस्सं ।**
**तो मम विरहेण धुवं एए जीयं चइस्सन्ति ।।१।।''**

આ પાઠોથી એ વસ્તુ પુરવાર થાય છે કે - ભગવાન શ્રી મહાવીરપરમાત્મા જો માતાપિતાના જીવતાં દીક્ષા લેત, તો માતાપિતાનું નિયમા મૃત્યુ થવારૂપ મહાઅનર્થ થાત અને તેવો મહાઅનર્થ થતો અટકાવવાને માટે, પોતાના ગૃહાવસ્થાનના કારણરૂપ ચારિત્રમોહનીયકર્મને ટકાવવું આવશ્યક હોવાથી અને અભિગ્રહ વિના તે ટકે તેમ નહિ હોવાથી જ ભગવાને અભિગ્રહ કર્યો હતો : એ જ કારણે શાસ્ત્રકાર મહાપુરુષોએ એ અભિગ્રહને ન્યાયયુક્ત ઠરાવીને ઉચિત ક્રિયા તરીકે વર્ણવ્યો છે.

**૧૧૦. સભા : પોતાનું ચારિત્રમોહનીયકર્મ સોપક્રમ છે એ અને માતાપિતાના જીવતાં પોતે દીક્ષા લે તો માતાપિતાનું નિયમા મૃત્યુ થાય એ બધું અવધિજ્ઞાનનો ઉપયોગ કર્યા વિના તો જાણી શકાય જ નહિ ને ?**

**પૂજ્યશ્રી** : એ વસ્તુઓ ભગવાને સ્વયં, કોઈના પણ કહ્યા વિના જ, ગર્ભમાં રહ્યા થકા જાણી છે એટલે અવધિજ્ઞાનનો ઉપયોગ કરવા દ્વારાએ જ જાણી છે એમ જ માનવું પડે. 'માતાપિતાના જીવતાં જો હું દીક્ષા ગ્રહણ કરું તો તેઓ ન જ હોય : અર્થાત્-મૃત્યુ પામી જ જાય'-એમ જાણીને એ કારણે અભિગ્રહ કર્યો, આ વાત ફરમાવતાં પણ હેતુ દર્શાવવા માટે **ज्ञानत्रयोपेतत्वात्** પદ શાસ્ત્રોકારોએ મૂકેલું છે. પોતાના ચારિત્રમોહનીયકર્મની સ્થિતિ નિશ્ચિતપણે જાણવા સાથે પોતાનાં

માતાપિતાના આયુષ્યકર્મની સ્થિતિ પણ નિશ્ચિતપણે જાણવી, એ વિશિષ્ટ જ્ઞાનનો ઉપયોગ મૂક્યા વિના બનવું તે તે સંજોગોમાં શક્ય જ નથી.

**૧૧૧. સભા : તો પછી ભગવાનના માતાપિતાના આયુષ્યકર્મને પણ સોપક્રમ જ માનવું પડે ને ?**

**પૂજ્યશ્રી** : જરૂર. એ વિના ભગવાન દીક્ષા લે એથી અતિસ્નેહના કારણે તેઓ વહેલા મૃત્યુ પામે, એમ કહી શકાય જ નહિ.

**૧૧૨. સભા : ત્યારે તો જેનામાં આવું જાણવાનું સામર્થ્ય ન હોય, તેનાથી તો આ અભિગ્રહના નામે માતાપિતાના જીવતાં દીક્ષા નહિ લેવાનો નિર્ણય થઈ શકે નહિ એ તો સમજી શકાય એવી વાત છે : પણ ભગવાન માતાપિતાના મૃત્યુ બાદ પણ મોટા ભાઈના આગ્રહથી બે વર્ષ માટે સંસારમાં વધુ રહ્યા, તેનું શું ?**

**પૂજ્યશ્રી** : પોતાના મોટા ભાઈના કહેવાથી ભગવાન શ્રી મહાવીરપરમાત્મા, માતાપિતાના મૃત્યુની સાથે જ અભિગ્રહની પૂર્ણાહુતિ થતી હોવા છતાં પણ, તે પછી બે વર્ષથી કાંઈક અધિક સમય સંસારમાં રહ્યા, તે પણ મહાઅનર્થ થતો અટકાવવાને માટે જ રહ્યા છે. પ્રસંગ એવો બન્યો છે કે–માતાપિતાના અવસાન બાદ સમાપ્તપ્રતિજ્ઞાવાળા બનેલા ભગવાન શ્રી મહાવીરદેવે દીક્ષા લેવાની ઈચ્છાથી પોતાના વડીલ બંધુ શ્રી નંદીવર્ધનની પાસે અનુમતિ માગી. આથી ભગવાનના કુટુંબીઓએ કહ્યું

કે-'હે ભગવન્ ! ક્ષત ઉપર ક્ષાર નાખવા જેવું આપ ન કરો !' આ વખતે પણ ભગવાને અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો અને જોયું કે-'પોતે તુરતમાં દીક્ષા લે તો કેવું પરિણામ આવે ?'ભગવાને અવધિજ્ઞાનથી જાણ્યું કે-'આ અવસરે જો હું પ્રવ્રજ્યાનો સ્વીકાર કરું, તો ઘણા નષ્ટચિત્તવાળા અને પ્રાણરહિત થાય !' આવો મહાઅનર્થ ન થવા પામે માટે ભગવાને પોતાના કુટુંબીઓને પૂછ્યું કે-'તો પછી મારે હજુ પણ કેટલો કાળ સંસારમાં રહેવું, કે જેથી તમને ક્ષત ઉપર ક્ષાર નાખવા જેવું ન લાગે અને તમારી અનુમતિ મળે ?' આના જવાબમાં પેલાઓએ બે વર્ષ રહેવાનું કહ્યું અને ભગવાને પણ અમુક શરતે તેમ કરવાની હા પાડી. પહેલાં અભિગ્રહ જેમ મોહોદયને આધીન બનીને નહોતો કર્યો પણ જ્ઞાનદ્વારા માતાપિતાનું અતિસ્નેહવશ વહેલું મૃત્યુ થવાનું જાણીને, તે મહાઅનર્થને અટકાવવાને માટે જ વિવેકપૂર્વક અભિગ્રહ કર્યો હતો એ જ રીતિએ માતાપિતાના મૃત્યુ બાદ બે વર્ષ રહેવાની જે કબૂલાત આપી તે પણ, કુટુંબીઓના મોહથી ખીંચાઈને -મોહોદયને આધીન થઈને નથી આપી પણ જ્ઞાનથી જોઈને મહાઅનર્થ થતો અટકાવવાને માટે જ વિવેકપૂર્વક કબૂલાત આપી છે.

**૧૧૩. સભા : માતાપિતાના મૃત્યુ બાદ અવધિજ્ઞાનથી મહાઅનર્થ જાણીને જ ભગવાન વધુ રોકાયા એવું કયા શાસ્ત્રમાં છે ?**

**પૂજ્યશ્રી** : **શ્રી આચારાંગ સૂત્રની ટીકામાં** ટીકાકાર પરમર્ષિ **શ્રી શીલાંકસૂરિજી** મહારાજાએ, અવધિજ્ઞાન દ્વારા ભગવાને થનારા મહાઅનર્થનો નિશ્ચય

કર્યો એ વગેરે હકીકત જણાવેલી છે.

**ભગવાને કર્યું તે કરવાના નામે આજ્ઞાવિરુદ્ધ થઈ રહેલો કારમો પ્રચારઃ**

શ્રી તીર્થંકરદેવોનું અંતિમ (ભવનું) જીવન જ્ઞાનપ્રધાન હોય છે, જ્યારે આપણું જીવન આજ્ઞાપ્રધાન હોવું જોઈએ. શ્રી તીર્થંકરદેવોએ જે કહ્યું છે, તે મુજબ વર્તવામાં જ આત્માનું કલ્યાણ છે. શ્રી તીર્થંકરદેવોએ જે કહ્યું છે તેને પડતું મૂકીને કર્યું તે કરવા જવાના ચાળામાં પડેલાઓની તો ધોબીના કૂતરા જેવી નહિ ઘરનો ને નહિ ઘાટનો એવી હાલત થાય છે : કારણ કે -કહેલું કરવાનું પડતું મૂક્યું અને એ તારકોએ જે જે રૂપે કર્યું તે તે રૂપે સર્વ બની શકે તેમ છે જ નહિ !

શ્રી તીર્થંકરદેવો દીક્ષિત થાય છે ત્યારે '**करेमि सामाइयं**' વગેરે બોલે છે, જ્યારે તે તારક સિવાયના સૌ કોઈને માટે એ જ નિયમ છે કે-દીક્ષિત થવાને માટે '**करेमि भंते ! सामाइयं**' વગેરે બોલવું જ જોઈએ. 'ભગવાને કર્યું તે અમે કેમ ન કરીએ ?'- આ પ્રમાણેની ઘેલછામાં પડીને જો કોઈ દીક્ષિત થતી વખતે **भंते** પદ ન બોલવાનો આગ્રહ કરે, તો ભગવાનનું કર્યું કરવાના ચાળામાં પડેલા એવાને કોઈ સુસાધુ દીક્ષા આપે જ નહિ. એવાને દીક્ષા આપનાર સાધુ વિરાધક જ બને. '**भंते**' નહિ બોલવાનો આગ્રહ પણ તે જ સેવે, કે જે અજ્ઞાની અને મિથ્યાદષ્ટિ હોય !

ભગવાન સ્વયં દીક્ષા ગ્રહણ કરે છે, જ્યારે બીજાએ ગુરુઓના હાથે દીક્ષા ગ્રહણ કરવાની હોય છે. દીક્ષા લેતા જેઓ ગુરુ નથી કરતા, તેઓ જો આજ્ઞાના આરાધક બન્યા રહેવાને ઈચ્છતા હોય તો બીજાના ગુરુ

બની શકતા નથી. પણ શ્રી તીર્થંકરદેવો સ્વયં દીક્ષિત થવા છતાં અનેક શિષ્યો બનાવે છે. બીજો કોઈ તેમ કરે તો આજ્ઞાભંજક જ ગણાય.

ભગવાન સાધુદશામાં રજોહરણ-મુહપત્તી વગેરે રાખતા નથી અને બીજો કોઈ તેમ કરવા જાય તો આજ્ઞાભંજક જ બને.

આવી કેટલીય બાબતો છે કે-જે તીર્થંકરદેવોએ સ્વયં કરી હોય, છતાં પણ 'ભગવાને કરી માટે અમે પણ કરીએ' એમ માની તેમ કરનારા વિરાધક જ બને છે.

આપણે માટે તો તે તારકની આજ્ઞા એ જ ધર્મ. ભગવાને કહ્યું તે કરવાના લક્ષ્યવાળા બનવું પણ કર્યું તે કરવાના ચાળા કરવા નહિ. ભગવાને જે કાંઈ આચર્યું તે આપણા માટે આજ્ઞાથી વિહિત હોય તો પણ આપણાથી થાય જ નહિ એમ ન માનતા પણ ભગવાને સ્વયં આચર્યું હોય કે ન આચર્યું હોય તો પણ જે આચરવાની આજ્ઞા ફરમાવી તે અધિકાર મુજબ આચરવા યત્નશીલ બનવું ! ભગવાને કર્યું તે કરવાની ઘેલછામાં ભગવાનની આજ્ઞા સામે આજે ચેડાં થઈ રહ્યાં છે : અને એથી જ ભગવાનના અભિગ્રહના નામે તેમ જ ભગવાન માતાપિતાના મૃત્યુ બાદ કુટુંબીઓના કહેવાથી બે વર્ષ કરતાં કંઈક અધિક સમય સંસારમાં રહ્યા એ પ્રસંગના નામે ભગવાનની કલ્યાણકારિણી આજ્ઞાવિરુદ્ધ કારમો પ્રચાર થઈ રહ્યો છે.

* *આત્માના આનંદને માણવાનું એકમેવ સ્થાન* **દીક્ષા.**

**૧૧૪. સભા : ભગવાને કહેલું કરવાનો યથાશક્તિ ઉદ્યમ કરવો જોઈએ, પણ ભગવાને કર્યું તે કરવાનાં ચેડાં નહિ કરવાં જોઈએ, આ વાત આમ તો બંધબેસતી લાગે છે, પણ પૂર્વના મહાપુરુષોએ આ રીતનું પ્રતિપાદન કર્યું છે. ?**

**પૂજ્યશ્રી** : જિજ્ઞાસુવૃત્તિથી જ અને શ્રદ્ધામાં સ્થિર થવાને માટે જ જો આ રીતિએ શાસ્ત્રપાઠો માગતા હો, તો તે બહુ ખુશી થવા જેવું છે. ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહામહોપાધ્યાય **શ્રીમદ્ યશોવિજયજી** મહારાજાએ પણ સ્પષ્ટ રીતિએ ફરમાવ્યું છે કે-

**''भव्येनापि धर्माधिकारिणा भगवदुक्त एव मार्गो यथाशक्त्याऽऽचरणीयः, न तु तच्चरित्रमाचरणीयम् ।''***

ધર્માધિકારી એવા ભવ્યે પણ ભગવાને ફરમાવેલો જ માર્ગ યથાશક્તિ આચરવો એ યોગ્ય છે, પણ તે તારકનું ચરિત્ર આચરણીય નથી-આ વાત સ્પષ્ટ છે કે નહિ, એ વિચારો. બાકી ભગવાને સ્વયં આચર્યું હોય અને આપણને આચરવાનું ફરમાવ્યું પણ હોય, તો તે આચરણ આજ્ઞા મુજબનું જ ગણાય, તે છતાં એને જ આંશિક અનુકરણ કહેવું હોય તો એ વાત જુદી છે, એનો નિષેધ નથી.

---

* આ જ વાત **'અધ્યાત્મમતપરિક્ષા'** ગ્રથમાં પૂ. ઉપાધ્યાય મહારાજાએ કરેલ છે કે **'जिनोपदिष्टमेव हितार्थिभिराचरणीयं न तु तदाचरितमेवेत्यनुशास्ति'** ૩૩મી ગાથાની અવતરણિકા.

**શ્રી ઋષભદેવભગવાનનો દાખલો :**

આથી જ શ્રી તીર્થંકરદેવનું દૃષ્ટાંત લઈને આજ્ઞાની ઉપેક્ષા કરવાની ના પાડવામાં આવે છે. તારકની આજ્ઞાને સમજો અને આજ્ઞાનો યથાશક્તિ અધિકાર મુજબ અમલ કરો, તો કલ્યાણ નિશ્ચિત છે. આપણે તો ભગવાને કહ્યું તે જ કરવાનું, છતાં પણ શ્રી તીર્થંકરદેવનું જ દૃષ્ટાંત લેવું હોય, તો તો માતાપિતા મરી ગયા પછી દીક્ષા લઈ જ લેવી જોઈએ ને ? કેટલાયના માતાપિતા મરી ગયાં છે, પણ દીક્ષા લીધી ?

**સભા** : **નાજી.**

**પૂજ્યશ્રી** : બસ ! ફાવતી જ વાત લેવી ? એવાઓને માટે તો શાસ્ત્ર પણ શસ્ત્રરૂપ થાય છે. વળી પ્રભુનો જ દાખલો લેવો હોય, તો ભગવાન આદિનાથનો કેમ નથી લેતા ? ભગવાન શ્રી ઋષભદેવસ્વામીએ સંયમ લીધા પછી, એક હજાર વર્ષમાં એક દિવસ પણ એવો નહોતો, કે જે દિવસે શ્રી ઋષભદેવસ્વામીજીને સંભારીને મરુદેવા માતા રોયાં ન હોય !

**દોષને ગુણ મનાવવાની ચટપટ**

આવી માતા કોઈ છે ?આજે તો પાલનહાર જાય તો પણ સાચું આંસુ તે ક્ષણે આવે એની ના નહિ અથવા કેટલીક વખત યાદ આવે ત્યારે આંસુ આવે પણ વધારે તો નહિ ને ? મરૂદેવા માતા તો ખાતા-પિતા, બેસતા-ઉઠતા, હજાર વર્ષ સુધી શ્રી ઋષભદેવસ્વામીને સંભારીને રોયા છે અને રોતા-રોતા આંધળા બન્યા છે, રોતા રોતા આખો જાય એ રૂદન કેવું હશે, એની કલ્પના કરી જુઓ.

**૧૧૫. સભા : ત્યારે અત્યારે શોકસામ્રાજ્ય ઘટ્યું, એમ ?**

**પૂજ્યશ્રી** : ના, સ્વાર્થનું સામ્રાજ્ય વધ્યું. દોષને ગુણ મનાવવા આટલી ચટપટ કેમ? ભગવાન શ્રી ઋષભદેવસ્વામીજી માતાના મોહને જાણતા હતા, પોતે સંયમી થશે એટલે માતા વિરહદુ:ખથી હજાર વર્ષ સુધી રોતા રહેશે ને રોતા રોતા આંખોનું તેજ ગુમાવશે, એમ ભગવાન નહોતા જાણતા એમ ન કહેવાય !

**શ્રી ઋષભદેવસ્વામીજીના અને ભ૦ શ્રી મહાવીરદેવના પ્રસંગ વચ્ચેનો ભેદ :**

**૧૧૬. સભા : છતાં એ મહા અનર્થ અટકાવવાને માટે ઋષભદેવ ભગવાન રોકાયા નહિ ?**

**પૂજ્યશ્રી** : કારણ કે-વસ્તુતઃ એ મહા અનર્થ નહિ હતો. ભગવાન ઉજ્જવળ ભાવિને જોઈ રહ્યા હતા. એક હજાર વર્ષ રડશે. રડતા રડતા નેત્રતેજ ગુમાવશે, પણ અંતે કેવલજ્ઞાન પામીને મોક્ષે જશે, એ વસ્તુ પણ ભગવાનથી છૂપી નહોતી. ભગવાન શ્રી મહાવીરદેવના પ્રસંગમાં આ નહોતું. ત્યાં તો માતાપિતાના મૃત્યુનો અને માતાપિતાના મૃત્યુ બાદ બીજા કુટુંબીજનોના મૃત્યુનો પ્રશ્ન હતો. ભગવાન મૃત્યુ અટકાવવા રોકાયા હતા, પણ રુદન અટકાવવા નહોતા રોકાયા. શ્રી નેમનાથ ભગવાન પાછા વળ્યા તે વખતે શ્રીમતી રાજીમતી ઓછું રડ્યાં નથી !

મોહાધીન રડે એમાં નવાઈ નથી. એ તો સ્વાભાવિક છે. 'મારી દીક્ષા નિમિત્તે કોઈની પણ આંખમાં આંસુ આવે જ નહિ ત્યારે જ હું

દીક્ષા લઉં'-આવો નિર્ણય કરવામાં આવે તો, ભાગ્યે જ લાખમાં એક દીક્ષા લઈ શકે. દીક્ષા લેતી વખતે રડનારા સંબંધીઓ પણ પાછળથી હસતા બન્યાના સંખ્યાબંધ દાખલાઓ છે. આજે પણ બને છે. અમારા તો અનુભવની વાત છે કે-પાછળના સ્નેહીઓ તે વખતે રુએ, પણ દીક્ષા લીધા પછી જ્યારે એ યોગ્ય થાય, એટલે કે-બરાબર આરાધક થાય, ત્યારે એ દશામાં જોઈને મોટે ભાગે સ્નેહી પણ આનંદ પામે છે, ત્યાં ઝૂકે છે અને એમને પોતાની ભૂલ સમજાય છે. ઘણા તો કહે છે કે-'અમને રોતા મૂકીને ન નીકળ્યો હોત તો આ દશા ન હોત !' પોતાના સ્નેહીને ઊંચી કોટિનો આરાધક સાધુ, વિદ્વાન અને પદસ્થ બનેલો જુએ તેમ જ સંખ્યાબંધ આત્માઓને તારતા નજરે નિહાળે, ત્યારે ઓછો આનંદ થાય, એમ ? નહિ જ. દર્શને આવનાર સંબંધીઓને એમ થાય છે કે-'કયાં તે દીકરો, કે જેને ચાર વાર ખાધા વિના ચાલતું નહોતું : અને ક્યાં આ, કે જે આવા તપસ્વી છે ! ધન્ય છે !'

**ધાંધલિયા પાપ જ બાંધે છે :**

આવું સ્નેહીઓને, મારાપણાવાળાને સહેજે થાય, પણ ધાંધલિયાઓને અને પંચાતિયાઓને તો પ્રાયઃ ન જ થાય. એ તો પહેલાંયે પાપ બાંધે, વચમાંયે બાંધે, મરતાંયે બાંધે અને ગયા પછી પણ બાંધે, એ શક્ય છે. કોઈ સંયમ લે તેમાં વગર સ્વાર્થે આડે આવનારા અને તેમાંયે સંઘના નામે નીકળનારા તો એવું કારમું પાપકર્મ બાંધે છે, કે જેના સ્વરૂપની સાચી જાણ તો જ્ઞાનીને જ હોઈ શકે.

**રડવું આવે એમાં નવાઈ નથી :**

સંયમ લેવા નીકળનારને સઘળા સ્નેહીઓની સંમતિ મળે અને કોઈનીય આંખમાં આંસુ ન આવે, એ બને ? ન જ બને એમ ન કહીએ, પણ એવું તો જવલ્લે જ બને એમ તો જરૂર કહી શકાય. છોકરીને સાસરે વળાવવી નિશ્ચિત છે, તોપણ માને ગાડી દેખાતી બંધ થાય ત્યાં સુધી આંસુ આવે જ. સંસારનો એ સ્વભાવ જ છે. જો સંસારમાં આ સ્થિતિ છે, તો પછી ઘરબાર છોડીને, સંબંધ તોડીને, હંમેશને માટે તજી જનાર ત્યાગી માટે કોઈ રાગીને આંસુ ન આવે, કોઈ રાગીને જરાય દુઃખ ન થાય એ બને ? આટલું સમજાઈ જાય તો સંબંધીઓના રુદનને નામે માર્ગનો વિરોધ થાય છે તે ન થાય. આજે તો દીક્ષાની આડે આવવામાં અજ્ઞાનીઓમાં પુણ્ય મનાવા લાગ્યું છે. અનંતા જીવોને અભયદાન દેનારની આડે આવવામાં ક્યો બેવકૂફ પુણ્ય માને ? દીક્ષા અને શોકને સંબંધ છે જ. એ વખતે સાતમી પેઢીનો પણ દેખાડવાને માટે આવીને રોશે. જેમ વ્યવહારમાં રિવાજ છે કે-કોઈ મરી જાય ત્યારે 'ઓ ઓ' એવી પોક બધા મૂકે. (જૈ. પ્ર. વ.૯/અં.૧૯)

**આત્મસ્વભાવ પ્રગટાવવાનો અભ્યાસ કરો :**

આત્માનો સ્વભાવ જ્ઞાનાદિમય છે. એ સ્વભાવ આજે અવરાયો છે અને દુર્ભાવોનું સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે. એ જ કારણે જ્ઞાનાદિમય સ્વભાવવાળો આત્મા જન્મ-મરણાદિ ભોગવે છે.એ કારણે આત્મા સંસારમાં અનેક પ્રકારનાં દુઃખોને ભોગવે છે. મરણથી બચવું હોય તો જન્મથી બચવું જોઈએ અને જન્મથી ત્યારે જ બચાય કે જ્યારે આત્મા

દુર્ભાવોથી સર્વથા મુકાય અને સંપૂર્ણ સ્વાભાવિક સ્થિતિમાં મૂકાય. એ સ્વાભાવિક સ્થિતિ તે જ્ઞાન-દર્શન-ચારિત્રમય દશા ! એ દશા પામવાનો અભ્યાસ કરવો જોઈએ અને સર્વવિરતિધર્મમાં જ એ દશાનો ઊંચામાં ઊંચી કોટિનો અભ્યાસ થાય છે.

**સભા** : **હું દીક્ષાવિરોધી નથી.**

**પૂજ્યશ્રી** : ન હો તો સારી વાત છે, બાકી દીક્ષા પ્રત્યે તિરસ્કાર ફેલાવનારા પાપાત્માઓ પણ આજે એમ જ કહે છે કે -'અમને દીક્ષા તો ગમે છે' પરંતુ એમનું આચરણ એવું છે કે-એમનો આવો શબ્દપ્રયોગ કેવળ દાંભિક છે એમ પુરવાર થઈ જાય છે.

**સભા** : **મારે માટે એમ નથી.**

**પૂજ્યશ્રી** : આ વાત વ્યક્તિગત નથી. તમે દીક્ષાના વિરોધી તો નહિ પણ અભિલાષી હો એ જ ઈચ્છવા જોગ છે : કારણ કે સાચા દીક્ષિત બનવાની સાચી કામના એય પરમકલ્યાણનાં પરમકારણોમાંનું એક પરમકારણ છે.

**સભા** : **એવી અભિલાષા પ્રગટી નથી.**

**પૂજ્યશ્રી** : 'એવી અભિલાષા મારામાં ક્યારે પ્રગટે'-એવી કામના હોય તોય સારું. 'આવી ઉત્તમ સામગ્રી મળવા છતાં પણ મારામાં દીક્ષાની અભિલાષા પ્રગટતી નથી એ મારી કમનસીબી છે' -એમ માનતા હો તોય ઠીક છે.

** મન અને ઈન્દ્રિયને નિયંત્રણમાં રાખવી તેનું નામ* **દીક્ષા.**

**૧૧૭. સભા : ગૃહસ્થપણામાં ક્યાં ધર્મ થતો નથી ?**

**પૂજ્યશ્રી** : કોણ એમ કહે છે કે-ગૃહસ્થપણામાં રહેલો પણ ધર્મ કરવા ધારે તો થોડા પ્રમાણમાં પણ ધર્મ ન જ કરી શકે ?

**૧૧૮. સભા : તો પછી દીક્ષાની ઉપર આટલો બધો ભાર શા માટે ?**

**પૂજ્યશ્રી** : કારણ કે-દીક્ષિત જીવન એ ઊંચામાં ઊંચી કોટિનું નિષ્પાપ અને ધર્મમય જીવન છે, જ્યારે ગૃહસ્થજીવન સર્વથા પાપરહિત નથી અને એકાંતે ધર્મમય પણ નથી !

**૧૧૯. સભા : દીક્ષિત જીવન જ સર્વથા નિષ્પાપ અને ધર્મમય જીવન છે એ કેમ ? શું સાધુઓને પાપ લાગતું નથી ?**

**પૂજ્યશ્રી** : જ્યાં સુધી સાધુ સાધુપણામાં જ સુસ્થિત છે, ત્યા સુધી તે સર્વથા નિષ્પાપ જ છે અને ધર્મમય જીવન જીવનારો છે. દીક્ષા લેવી એટલે હિંસાદિનો ત્યાગ કરવા દ્વારા નિષ્પાપ બનવું અને ચારિત્રપાલન કરવું એટલે કેવળ ધર્મમય જીવન જીવવું. ગૃહસ્થાવાસમાં રહેવું અને આ પ્રમાણે વર્તવું એ શક્ય નથી. ગૃહસ્થાવાસમાં રહેલો પણ દીક્ષાનો અભિલાષી હોય તો જ ઉત્તમ પ્રકારે ગૃહસ્થધર્મનું પાલન કરી શકે છે, એટલે દીક્ષા ઉપર ભાર મુકાય છે.

* **દીક્ષા** *ધર્મનો સ્વીકાર સંસારના સર્જન માટે નહિ પણ વિસર્જન માટે કરવાનો છે.*

**૧૨૦. સભા : માણસ દીક્ષા ન લે અને ગૃહસ્થ રહી ઉત્તમ જીવન જીવે તો તેનું કલ્યાણ ન થાય ?**

**પૂજ્યશ્રી** : જીવનમાં જેટલી ઉત્તમતા હોય તેટલું કલ્યાણ જરૂર થાય, પણ એનાં પાપનાં દ્વારો સર્વથા બંધ થયેલાં નહિ હોવાથી, તે તે પાપોનોય ભાગીદાર તે બને છે : જ્યારે સાધુજીવનમાં તો એકાંતે ધર્મ છે.

**૧૨૧. સભા : શું બધા સાધુઓ નિષ્પાપ અને ધર્મમય જીવન જીવે છે ?**

**પૂજ્યશ્રી** : સાધુવેષવાળા બધાય એવું જીવન જીવે છે કે નહિ, એ વાત અહીં નથી. આપણે તો સિદ્ધાંતની વાત ચાલે છે કે –સાચું સાધુજીવન એ જ ઉત્તમમાં ઉત્તમ કોટિનું જીવન છે અને ગમે તેવો ઉત્તમ પણ ગૃહસ્થ, સુસાધુ જેવું નિષ્પાપ અને ધર્મમય જીવન જીવી શકતો નથી. વેષમાં રહીને વેષને બિનવફાદાર બનનારાઓ પણ હોય, પરંતુ એટલા માત્રથી મૂળ વસ્તુને હલકી ગણવી એમાં ડહાપણ નથી.

**૧૨૨. સભા : સાધુવેષમાં રહેવા છતાં સાધુતાથી વંચિત હોય તેવાઓને તો નહિ માનવા જોઈએ ને ?**

**પૂજ્યશ્રી** : એમાં પૂછવાનુ જ શું ? આપણે ત્યાં જેમ સુગુરુના સ્વીકારનું વિધાન છે, તેમ કુગુરુના ત્યાગનું પણ વિધાન છે જ : પરંતુ કુગુરુઓનો વાસ્તવિક ત્યાગ તેઓ જ કરી શકે છે, કે જેઓ સુગુરુતાના ઉપાસકો હોય. સુસાધુતાનું અર્થિપણું જેનામાં નથી, ધર્મ પ્રત્યે જેને વાસ્તવિક આદરભાવ નથી, તેઓ તો પ્રાયઃ સુગુરુના જ ત્યાગી બની જાય છે !


(જૈ. પ્ર. વ.૯/અં.૨૬)

**૧૨૩. સભા : આનંદાદિ શ્રાવકોએ કે શ્રી શ્રીપાલ મહારાજાએ દીક્ષા નથી જ લીધી ને?**

**પૂજ્યશ્રી** : એમણે દીક્ષા લીધી નથી કે લઈ શકયા નથી ? એ દીક્ષાને નહિ લેવા જેવી માનતા હતા કે લેવા જેવી માનતા હતા ? એ શું માનતા હતા તે જાણો છો ? એ તો માનતા હતા કે – પાપનો ઉદય છે માટે લઈ શકાતી નથી. પણ દીક્ષા લેવાની ભાવના તો એમને આકંઠ હતી. 'સંસારમાં રહ્યા એમાં એમણે પોતાનો પાપોદય માન્યો છે. પુણ્યોદય નહિ. એ બધા સંસારમાં રહ્યા તે એમણે સારું કર્યું છે' તેમ કોઈએ કહ્યું છે ? પણ આજે તો સાધુઓ મજેથી તમારી ખોટી વાતની પુષ્ટિ કરતા થઈ ગયા છે અને તમને ખુશ કરવા ગમે તેમ બોલતા થઈ ગયા છે.

આજે ઘણા મને કહી જાય છે કે રોજ એકની એક વાત કેમ કરો છો? આટલા દુઃખી છે તો ધર્મ કેમ શોભે ? પહેલાં આ લોકોને સુખી કરો પછી ધર્મની વાત કરો. મેં તો કહ્યું કે આવું બોલનારાઓનો તો દા'ડો ઊઠી ગયો છે. આવું બોલનારા ધર્મ સમજ્યા જ નથી. (૧૦૮/૨૦)

*દુઃખથી બચવું હોય તો*
*મોક્ષમાં જ જવું પડે,*
*પાપોથી બચવું હોય તો*
***દીક્ષા** જ લેવી પડે.*



# ❊ દિગંબર ❊

**૧૨૪. સભા : દિગંબર મત ક્યારે ઉત્પન્ન થયો ?**

**પૂજ્યશ્રી** : આ અવસર્પિણી કાળમાં થએલા ચોવીસ તીર્થપતિઓમાંના ચરમ તીર્થપતિ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના નિર્વાણ બાદ ૬૦૯ વર્ષે શ્વેતામ્બર વિરુદ્ધ દિગંબર મત ઉત્પન્ન થયો છે. શ્વેતામ્બરો કહે છે કે 'દિગંબર મત ઉત્પન્ન થયો' અને એની સામે દિગંબરોનું કહેવું એમ છે કે 'શ્વેતામ્બર મત ઉત્પન્ન થયો' દિગમ્બર મત ઉત્પન્ન થયો એમ માનનારા અને જાહેર કરનારા શ્વેતામ્બરો, પોતાની તે હકીકતને એવી રીતે યથાસ્થિતપણે વર્ણવે છે, કે જે જોતાં કોઈ પણ સાચો વિચારક, એની વાસ્તવિકતાને સ્વીકાર્યા વિના રહી શકે નહિ.

**૧૨૫. સભા : મતભેદ ઉત્પન્ન થવાનું કારણ ?**

**પૂજ્યશ્રી** : દિગંબરો કહે છે કે 'જેઓ વસ્ત્ર વગર ન રહી શક્યા અને શિથિલ બન્યા તેઓએ શ્વેતામ્બર મત ઊભો કર્યો.' શ્વેતામ્બરો કહે છે કે 'શિવભૂતિ નામની એક વ્યક્તિ કષાયાધીન બની અને એથી એક વાર પ્રસંગ પામીને તે વ્યક્તિએ દુરાગ્રહવશ દિગંબર મત ઉત્પન્ન કર્યો.'

બન્યું એવું કે એક વાર પરમ તારક શ્રી આચાર્યમહારાજાએ પ્રસંગ પામીને, ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ કલ્યાણકામી આત્માઓ માટે પ્રરૂપેલા પાંચ કલ્પો પૈકીના શ્રી જિનકલ્પનું વર્ણન કરવા માંડ્યું. આ શ્રી જિનકલ્પનો સ્વીકાર, આજ્ઞામુજબ સ્થવિરકલ્પના સેવન દ્વારા જ થઈ શકે છે. શ્રી જિનકલ્પમાં શ્રી જિનેશ્વરદેવોના જેવું, પણ શ્રી

જિનેશ્વરદેવોની આજ્ઞા મુજબનું જ ઉત્કટ અને નિરપવાદ સંયમજીવન જીવવાનું હોય છે. સ્થવિરકલ્પમાં રહી ગુરૂકુલમાં વસી, સૂત્ર-અર્થના અમુક હદ સુધીના જ્ઞાતા બન્યા વિના અને સંયમજીવનના ઉત્તમ અભ્યાસથી અમુક તાકાતને મેળવ્યા વિના, શ્રી જિનકલ્પને અનુસારે જીવવાની લાયકાત આવતી નથી.

**૧૨૬. સભા : શ્રી જિનકલ્પ કોણ સ્વીકારી શકે ?**

**પૂજ્યશ્રી** : સાધુઓ સમક્ષ શ્રી જિનકલ્પનું વર્ણન કરતાં, ઉપકારી આચાર્યભગવાને એ વાતનું પણ વર્ણન કર્યું કે 'એ મહાત્માઓમાં કોઈ એવા પણ મહાત્માઓ હોય છે, કે જેઓ માત્ર રજોહરણ અને મુખવસ્ત્રિકા સિવાયની બીજી કોઈ પણ વસ્તુ પોતાની પાસે રાખતા નથી.'

આ વિષયને અંગે એ વાત પણ ધ્યાનમાં રાખી લેવાની ખાસ જરૂર છે કે 'માત્ર રજોહરણ અને મુખવસ્ત્રિકા - એ બે જ વસ્તુઓને રાખીને વિચરવા માટેની આજ્ઞા તો તેઓને જ છે, કે જેઓ લબ્ધિસંપન્ન અને અતિશયસંપન્ન હોય. હાથમાં ગમે તેટલું સમાવી લેવાની લબ્ધિ વિનાનાઓ માટે પાત્રત્યાગની અને અતિશયહીનોને માટે વસ્ત્રત્યાગની આજ્ઞા નથી.

સામાન્ય રીતે સઘળાય શ્રી જિનકલ્પને સ્વીકારનારાઓમાં અમુક અમુક તાકાત તો હોવી જ જોઈએ. છ માસ સુધી ભિક્ષા ન મળે તો પણ તેઓ ગ્લાનિ વિના સહન કરી શકે, એવા હોવા જોઈએ. સર્વથા દોષ વિનાનું જીવન જીવનારા એ મહાત્માઓને માટે એવા પ્રસંગો પણ

આવવાનો સંભવ રહે છે.

શ્રી જિનકલ્પનો સ્વીકાર કરનારા આત્માઓમાં હંમેશ માટે, અહોરાત્રિના આઠ પ્રહરોમાંથી સાત પ્રહરો જેટલો સમય, માત્ર ધ્યાનમાં જ ઊભા રહેવાનું સામર્થ્ય હોવું જોઈએ. આહાર, નિહાર અને વિહાર આદિની ક્રિયા તેઓને માત્ર ત્રીજા એક પ્રહરમાં જ પતાવી લેવાની હોય છે. આહારની જરૂર હોય તો ધ્યાન છોડીને ત્રીજા પ્રહરે નીકળે અને એ જ પ્રહરમાં તે મહાત્માઓને આહાર, નિહાર અને વિહારની સઘળીય ક્રિયા પતાવી દેવાની હોય છે. જ્યાં ચોથો પ્રહર લાગે ત્યાં જ ધ્યાનમગ્ન બનીને એ મહાત્માઓને ધ્યાનસ્થપણે ઊભા રહેવાનું હોય છે.

આ કલ્પને સ્વીકારનારા મહર્ષિઓ ઓછામાં ઓછા નવમાં પૂર્વની ત્રીજી વસ્તુ સુધીના જ્ઞાતા તો હોવા જ જોઈએ. નવમા પૂર્વની 'આચાર' નામની ત્રીજી વસ્તુથી માંડીને દશ પૂર્વની અંદરનું જ્ઞાન ધરાવનારા મહર્ષિઓ જ આ કલ્પનો સ્વીકાર કરી શકે છે. નવમાં પૂર્વની ત્રીજી વસ્તુથી ઓછું જ્ઞાન ધરાવનારાઓ માટે અગર તો સંપૂર્ણ દશ પૂર્વનું કે તેથી અધિક જ્ઞાન ધરાવનારાઓ માટે પણ, શ્રી જિનકલ્પને સ્વીકારવાની આજ્ઞા નથી. આજ્ઞાની અવગણના કરીને જેઓ શ્રી જિનકલ્પને સ્વીકારવાનો ડોળ કરે છે, તેઓ આરાધક બની શકતા નથી પણ વિરાધક જ બની જાય છે અને એથી ઘોર સંસારમાં રૂલે છે.

* પરમતારક પરમાત્માએ કર્યું એમ કરવાનું નથી, પણ કહ્યુ એમ કરવાનું છે.

**૧૨૭. સભા : શ્રી જિનકલ્પ સ્વીકારવાનો વર્તમાનકાળમાં નિષેધ કેમ ?**

**પૂજ્યશ્રી** : આ પંચમ કાળમાં, અહીંથી સીધા મુક્તિએ પહોંચી જવાય એવી અનુપમ પ્રકારની સાધના કરવા જોગી સામગ્રી નથી, એ વાત તો શ્વેતામ્બર અને દિગંબર સૌને મંજૂર છે. શક્તિ અને સંઘયણ આદિ સામગ્રીના અભાવે જેમ અત્યારે આ ક્ષેત્રમાંથી સીધું મુક્તિગમન નથી, એ જ રીતે શ્રી જિનકલ્પને માટે પણ સમજવાનું છે : કારણ કે એના પાલનને માટે જે જાતની સામગ્રી જોઈએ તે જાતની સામગ્રી પણ આજે આ ક્ષેત્રમાં વિદ્યમાન નથી. વસ્ત્રરહિત બનવા માટે જરૂરી અતિશય અને પાત્રરહિત બનવા માટે જોઈતી લબ્ધિ વિના, તેવા બનવાનો આગ્રહ ધરવો, એ સાધક નથી પણ એકાંતે બાધક છે. આ શ્રી જિનકલ્પમાં કઠિન કર્મોને પણ ખપાવવા માટે અનંતજ્ઞાની શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા મુજબનું શ્રી જિનના જેવું પ્રવર્તન કરાય છે, પણ તે માટેની સામગ્રી આદિનો વર્તમાનમાં આ ક્ષેત્રમાં અભાવ છે અને એથી આ ક્ષેત્રમાં વર્તમાનકાળે કોઈ પણ આરાધક આત્માને શ્રી જિનકલ્પનો સ્વીકાર કરવાની આજ્ઞા નથી.

**૧૨૮. સભા : દિગંબરોને સ્ત્રીમુક્તિનો નિષેધ કેમ કરવો પડ્યો ?**

**પૂજ્યશ્રી** : ત્રીજો મતભેદ 'સ્ત્રીમુક્તિ' સંબંધી છે. શ્રી જિનાગમોને અનુસરતી માન્યતા ધરાવનાર શ્વેતામ્બરોની આ વિષયમાં પણ એવી માન્યતા છે કે સ્ત્રી, પુરુષ કે નપુંસક કોઈ પણ આત્મા, અનંતજ્ઞાનીની આજ્ઞા મુજબ આરાધના કરવામાં લીન બની જાય અને ચડતાં ચડતાં ગુણસ્થાનકે

ચડીને જો અખંડિત એવી ક્ષપકશ્રેણિને માંડનારો બને, તો નિયમા કેવળજ્ઞાનને પામી શકે છે. આ વિષયમાં દિગંબરોનું કહેવું એમ છે કે 'સ્ત્રીને વસ્ત્રહીન થવું એ શક્તિના અભાવે મુશ્કેલ છે : એ માટે છઠ્ઠું ગુણસ્થાનક પામી શકવાને એ લાયક નથી.' અને આ દ્વારા તેમનું કહેવું એમ છે કે 'સ્ત્રી ગમે તેવી સમર્થ હોય તો પણ, ક્ષપકશ્રેણિ માંડીને કેવળજ્ઞાનને ઉપાર્જી મુક્તિને પામી શકે એ શક્ય નથી.'

**૧૨૯. સભા : દિગંબર સંપ્રદાયની 'સ્ત્રીમુક્તિ' સંબંધી માન્યતા આપે સંક્ષિપ્ત રૂપમાં કહી તે સમજી શકાઈ નથી, તેથી ફરી વાર જણાવો.**

**પૂજ્યશ્રી** : કેવલજ્ઞાન પામવા માટે જે શરીરબળની આવશ્યકતા છે, તે બળ સ્ત્રીઓમાં હોતું નથી એવી એમની માન્યતા છે : પણ દિગંબરોના મતે કેવળજ્ઞાનની પ્રાપ્તિમાં વસ્ત્ર જેટલું આડે આવે છે, એટલું સંઘયણ આડે આવતું નથી : કારણ કે પ્રથમ સંઘયણ હોવા છતાં ગૃહિલિંગમાં કેવળજ્ઞાન તેઓ માનતા નથી : કારણ કે ગૃહસ્થોને વસ્ત્રનો યોગ હોય છે. એટલે 'સ્ત્રીઓને પ્રથમ સંઘયણ નથી માટે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી' - એમ તેઓ માને છે, એવું કહેવા કરતાં, 'સ્ત્રીઓ પ્રથમ સંઘયણથી યુક્ત હોવા છતાં પણ વસ્ત્ર વિના રહી શકતી નથી એ જ કારણે સ્ત્રીઓની મુક્તિનો એમને નિષેધ કરવો પડ્યો છે' -એમ કહેવું યોગ્ય થઈ પડે છે.

** જિનાજ્ઞાને ઓળખે તે જ પરમાર્થથી જાતને ઓળખી શકે.*

**૧૩૦. સભા : સાતમી નરકે જેમ સ્ત્રી ન જાય એ રીતે મુક્તિમાં પણ એ ન જાય, એમ માનવામાં શું હરકત છે ?**

**પૂજ્યશ્રી** : એનો નિર્ણય કરવા માટે સર્વ જીવોની ગતિ-આગતિ જે ઉભયને માન્ય શાસ્ત્રોમાં વર્ણવેલી છે, તે વિચારવી જોઈએ. 'હાથી, ઘોડા, સર્પ, પક્ષી વગેરે નીચી ગતિમાં ક્યાં સુધી જાય અને ઊંચી ગતિમાં ક્યાં સુધી જાય?' - એ વિચાર બંને સંપ્રદાયમાં વિસ્તૃત રીતે આપેલો છે. એ જોવાથી માલૂમ પડી જશે કે 'અધોગતિમાં જવાની શક્તિ જેમની કમ હોય છે, તેમની ઊર્ધ્વગતિમાં જવાની શક્તિ પણ કમ જ હોવી જોઈએ.' - એવો નિયમ નથી. અમુક પ્રકારનાં પ્રાણીઓ અધોગતિમાં અમુક નરક સુધી જઈ શકે છે અને ઊર્ધ્વગતિમાં એથી અધિક ઊંચા દેવલોકમાં પણ જાય છે. કેવળજ્ઞાનની દૃષ્ટિનો આ વિષય છે, તેથી એ વિષયનો નિર્ણય પણ સર્વજ્ઞશાસ્ત્ર જે પ્રમાણે કહે તે પ્રમાણે જ કરવો જોઈએ ! કેવળ મતિકલ્પનામાં રાચવાથી ફાયદો નથી. (૧૦૮/૮૧)



# ❀ ધર્મ ❀

**શુદ્ધ ધર્મ અને શુભ ધર્મનો ભેદ.**

**પૂર્વભૂમિકા :** શુદ્ધ ધર્મ, નિર્જરા કરાવીને મુક્તિએ લઈ જાય : શુભ ધર્મ, પુણ્યનો બંધ કરાવે, ધર્મથી શુભ કર્મ બંધાય છે, પૌદ્‌ગલિક લાલસાએ કરેલા ધર્મથી પણ શુભ કર્મ બંધાય, પણ એ પુણ્યના ભોગવટામાં પાપ આવે, માટે પુણ્યાનુબંધી પુણ્ય વખાણાય, કે જે વળાઉનું કામ કરે-પણ લૂંટારાનું કામ ન કરે. યોગ્ય માર્ગે લઈ જઈ, દિશા બતાવી, આપોઆપ પાછા વળે એ વળાઉ. લૂંટારા એમ પાછા ન વળે. એ તો ડાંગોથી ભાગે, નહિ તો ઘર પણ જોઈ જાય, કારણ કે એ તો માલ લઈ જવાની ભાવનાવાળા છે. વળાઉ અને લૂંટારાની જાત એક જ. ઘણાખરા દેશોમાં વળાઉ લૂંટારાની જાતના જ રખાય છે, કે જેથી એ વળાઉ ભલે આઠ વરસનું છોકરું જ હોય, તો પણ એને જોઈને લૂંટારા પાછા વળે. એ જાતિમાં પણ સંપ છે. પોતાની જાતિની આજીવિકા ઉપર ત્રાપ ન મારે, ત્યાં લૂંટ ન કરે. નીચ જાતિમાં પણ આવી સંપબુદ્ધિ છે. વળાઉ તો સામું ગામ દેખાય ત્યાં સુધી આવે. પુણ્યાનુબંધી પુણ્ય, મુક્તિ ન મળે ત્યાં સુધી મુક્તિનાં તમામ સાધનો મેળવી આપે. એ સાધનોમાં પડતી મહેનત પણ સ્વપર ઉપકારી છે : જેમ કે-શ્રી તીર્થંકર નામકર્મ વેદવા માટે શ્રી તીર્થંકરદેવ આયુષ્ય હોય ત્યાં સુધી રહે, વિચરે, દેશના દે, એ બધું સ્વપર ઉપકારી છે.

** હૈયામાં ઘર રાખી મરવું એ પાપ છે. અને હૈયાથી ઘર મૂકીને મરવું તે 'ધર્મ' છે.*

**૧૩૧. સભા : શુભ ધર્મ અને શુદ્ધ ધર્મનો ભેદ શો ?**

**પૂજ્યશ્રી** : જેનાથી શુભ બંધ બંધાય તે શુભ ધર્મ અને જેનાથી નિર્જરા થાય તે શુદ્ધ ધર્મ : મુનિનો ધર્મ એ શુદ્ધ ધર્મ અને મોટે ભાગે ગૃહસ્થનો ધર્મ એ શુભ ધર્મ.

**૧૩૨. સભા : શુભ ધર્મ, એ અશુદ્ધ ધર્મ કહેવાય ?**

**પૂજ્યશ્રી** : ના, એ તો આઘે ગયા. નિયાણું એટલે પૌદ્ગલિક લાલસાથી થતો ધર્મ તે અશુદ્ધ ધર્મ. એકાંતે મુક્તિની લાલસાથી થતો ધર્મ તે શુદ્ધ ધર્મ અને તે સર્વવિરતિ ધર્મ ! ગૃહસ્થ ભલે મુક્તિના ધ્યેયથી ધર્મ કરે, તો પણ પોતે જ્યાં બેઠો છે એની છાયા રહી છે : સંસર્ગની હવા આવ્યા વિના ન રહે. ઘર અસાર માનો એ વાત ખરી, પણ ઘરમાં બેઠા છો ત્યાં સુધી ઘરની ભીંત ખસે, તો હૃદયમાં લાગે તો ખરું ને ! કેમ કે ઘર મારું માન્યું છે. મુનિને મકાન પડે તો છે કાંઈ ! કેમ કે એ આ મકાન પર બેઠા નથી. ભલે ગૃહસ્થ મનમાં માલિકી ન પણ માનતો હોય, પણ એનું સ્થાન તો આ ને ! મુનિ તો ઝાડ નીચે પણ બેસે, પણ ગૃહસ્થ બેસે ? ક્વચિત્ બેસે એ વાત જુદી, પણ નામ શું ? ગૃહસ્થ.એકાંતે શુદ્ધ પરિણામવાળો ધર્મ કોણ કરે ? સઘળાં પાપોથી જેનું હૃદય વિરામ પામે તે !

**૧૩૩. સભા : ગૃહસ્થ છટ્ઠા સાતમા ગુણઠાણાને સ્પર્શે જ નહિ ?**

**પૂજ્યશ્રી** : ક્વચિત્. એમ તો ચોથા આરામાં ગૃહસ્થપણામાં કેવલજ્ઞાન થતું, પણ તે ક્વચિત્ : આ વાત સંયોગોની છે. અમુક સંયોગોમાં શુદ્ધધર્મના પરિણામ શક્ય અને અમુક સંયોગોમાં અશક્ય. જ્યાં સુધી સર્વ પાપથી વિરામ ન પમાય, ત્યાં સુધી શુદ્ધ પરિણામ આવતા નથી.

## ધર્મ આપે બધું, પણ માગવાનું શું ?

મુનિમાર્ગ અને ગૃહસ્થમાર્ગમાં તરતમતા બહુ છે. મુનિ માટે દ્રવ્યદાનનો નિષેધ. દ્રવ્યદાન એ મોટે ભાગે શુભબંધનું કારણ છે. પરિણામની જેટલી શુદ્ધિ એટલો લાભ ! સુપાત્રદાન તથા અનુકંપાદાન દેતી વખતે, બુદ્ધિ સારી હોય અને વિવેક જાળવે તો નિર્જરા સાધે. એ બેય દાનમાં ઈરાદો ક્યો જોઈએ ? આજે મોટે ભાગે કયો ઈરાદો છે ? સામાન્ય રીતે એમ જ માન્યતા છે કે મુનિને દાન દઈએ તો લાભ થાય.

**સભા** : **સારું સારું મળે.**

**પૂજ્યશ્રી** : હવે એ વાત દૂર રાખો : પણ લાભ થાય એટલું સામાન્ય તો ખરું. એ લાભમાં બધું આવી જાય. સાથે સુપાત્રને કઈ બુદ્ધિએ દેવાવું જોઈએ ? શ્રી જિનમૂર્તિ અને શ્રી જિનમંદિર વિગેરે દરેક ક્ષેત્રને દેતી વખતે ભાવના કઈ હોય ? એ વિવેક ન થાય ત્યાં સુધી તે દાન તે રીતે ફળતું નથી. રબારીના ભવમાં દાન દીધું : એના પ્રતાપે શાલિભદ્ર થઈ, સર્વાર્થસિદ્ધ વિમાને ગયા અને મોક્ષે જશે પણ એ દાનમાં ભાવના કઈ ? એક જ ભાવના કે–'આજે મારો અમૃતાહાર થયો. મુનિને પાત્રે પડ્યું તે ક્ષીણ ન થાય તેવું !'' આવી ભાવના અમુક સમય રહી, આયુષ્ય પૂરું થયું અને સીધા શાલિભદ્ર થયા : ત્યાં સંયમ લીધું, થોડી તકલીફ વેઠી, છઠના પારણે છઠ કર્યો, છેવટે અનશન કર્યું અને સર્વાર્થસિદ્ધ વિમાને ગયા.

** જન્મને મારવા માટે, જન્મ ન થાય,*
*એવી સ્થિતિ પેદા કરવા માટે, જે કાંઈ થાય એ- '**ધર્મ**'.*

**૧૩૪. સભા : ગૌતમસ્વામીનો છંદ ગવાય છે, એમાં તો આ મળે, તે મળે વિગેરે આવે ને ?**

**પૂજ્યશ્રી** : એ તો શ્રી ગૌતમસ્વામીજીના નામસ્મરણનો મહિમા છે : પણ એ મેળવવા માટે ગાવાનો નથી. શ્રી ગૌતમસ્વામીજીની લબ્ધિ માગો છો, પણ તપ નહિ માગો ? ધન્ના-શાલિભદ્રની ઋદ્ધિ માગો તો સાથે દાન અને સંયમ પણ માગો. શ્રી અભયકુમારની બુદ્ધિ માગો, પણ એની ધર્મવાસના નહિ માગો ? શ્રી અભયકુમાર જેવી બુદ્ધિવાળો જો ધર્મવાસના વિનાનો હશે તો નખ્ખોદ વાળશે. આજે થોડી બુદ્ધિવાળા એવા પણ ઊંધું વાળી રહ્યા છે, તો એ (અભયકુમારની) બુદ્ધિ આવે તો શું થાય ? ખિસ્સામાં નાણાં હોય તેના પ્રમાણમાં જ વસ્તુની માગણી થાય. ફળ તો મુક્તિ જ, પણ મનોયોગ એવો ધમધોકાર ચાલુ છે કે-પૌદ્ગલિક ઈચ્છા તો આવવાની જ. છતાંય તેવા ફળની ઈચ્છા વિના દાન દેવું. ધ્યેય તો ઈચ્છાને રોકવાનું જ. એકદમ ઈચ્છા રોકાતી નથી, તેથી ઈચ્છાને એવી કોટિમાં મૂકવી, કે જેથી બીજી ઈચ્છાઓ આત્માને વશ ન કરે. શ્રી જિનમંદિર, શ્રી જિનમૂર્તિ, વિગેરે કોઈ પણ ક્ષેત્રમાં દાન દેતાં ધર્મને શુદ્ધ બનાવવા કઈ ભાવના જોઈએ ? ધર્મીમાત્રનું ધ્યેય એક જ કે-પાપથી વિરામ પામવું. વીતરાગની પૂજા, નિર્ગ્રંથોની સેવા, વ્યાખ્યાનશ્રવણ, અને સામાયિકાદિ અનુષ્ઠાનો રોજ ને રોજ કરવામાં ધ્યેય આ એક જ કે-અનાદિકાલથી લાગેલી પાપની વાસનાઓ રોકાય. જો ધર્મ કરવા છતાંયે પાપક્રિયાઓ ના રોકાય પણ વધ્યે જાય, તો તો **'ઘરના ઊઠ્યા વનમાં ગયા, ને વનમાં લાગી લાહ્ય'**-આવું થયું : એ બને ? ધર્મના ફળ તરીકે લક્ષ્મી કે સાહ્યબી માગી તો મળે, પણ એને

પરિણામે આરંભ, આરંભને પરિણામે મહારંભ, અને એના પરિણામે નરક-દુર્ગતિ!

**૧૩૫. સભા : વૈયાવચ્ચ કરે અને વજ્રઋષભનારાચ સંઘયણ મેળવવાની ઈચ્છા કરે તો ?**

**પૂજ્યશ્રી** : શા માટે ? 'વજ્રઋષભનારાચ' સંહનન મુક્તિએ પણ લઈ જાય અને સાતમી નરકે પણ લઈ જાય. સમ્યગ્દૃષ્ટિ મૂર્ખો ન હોય : આટલું તો વિચારે ને ! મુક્તિનાં સાધન મગાય. ઈચ્છાને એવી જગ્યાએ લગાડો કે ઈચ્છાને એવી યોગ્ય બનાવો કે-ઈચ્છાને એવાં યોગ્ય આલંબનોથી જકડો કે, અયોગ્ય ઈચ્છાઓ આપોઆપ રૂકી જ જાય, જે નદીનું પૂર રોકવા જાય તે તણાઈ જાય, પણ એવી યોજના કરે કે-એના પૂરને જુદા જુદા માર્ગે જવા દે, નીકો કરે, કૂવા-ટાંકાં ભરે, ખેતરમાં લઈ જાય તો પાક સુધરે, તો એ પૂરનો લાભ લેવાય અને એનાથી થતી હાનિ અટકે : પણ પૂરને ન જવા દે, રોકે, તો પોતે તણાય. મન, વચન, કાયાના યોગો પૂરની જેમ વહ્યા કરે છે, એ રોકાતા નથી, માટે એવી ક્રિયામાં જોડો કે એનાથી લાભ થાય. સમ્યગ્દૃષ્ટિ આત્મા ચોમેર જુએ : એ એક બાજુ ન ધસે. અમુક ક્રિયામાં અમુક ફળ ગણાવ્યું, એ શા માટે ? અંતિમ મુક્તિ માટે. **ધર્મ આપે બધું. પણ માગનારે માગવાનું શું ? દ્વાદશાંગીમાં બધું છે : દુનિયાના તમામ અર્થવાદ, કામવાદ, રસવાદ, ધાતુવાદ, ઔષધિ, મંત્ર, તંત્ર તમામ છે : પણ શા માટે ? જાણવા માટે !-જાણીને હેયને તજવા માટે, અને ઉપાદેયને આદરવા માટે.**

(જૈ. પ્ર. વ.૨/અં.૭)

**૧૩૬. સભા : ધર્મી વિના ધર્મ હોય ?**

**પૂજ્યશ્રી** : 'તો શું ધર્મ વિના ધર્મી હોય ? ' ધર્મી વિના ધર્મ ઓળખાતો નથી એ વાત સાચી, ધર્મ અને ધર્મીનો સંબંધ છે એની પણ ના નહિ, કારણ કે ગુણગુણીનો સંબંધ છે, એ વાત નિશ્ચિત છે. ધર્મનો આધાર ધર્મી હોય, પણ એથી એ કાંઈ ઓછું સિદ્ધ થઈ શકે તેમ છે કે -'મરજી મુજબ વર્તનારાઓથી ધર્મ જીવી શકે છે ? ધર્મને અનુસરીને વર્તે એ ધર્મી કે મરજી મુજબ ધર્મને ખેંચે એ ધર્મી ? 'સાચું બોલે તે સાચા' -એ વાત સાચી, પણ ગમે તેમ બકનારા જેટલું બકે એટલું બધું સાચું, એમ કેમ જ કહેવાય ? છત્રીસ કલાક ન ખાઓ એ ઉપવાસ કહેવાય, પણ ખાઈને-ફળાહાર કરીને ઉપવાસ કહેવરાવો, તો જૈનશાસન કેમ હા પાડે ?

**૧૩૭. સભા : સમય પ્રમાણે નવો ફેરફાર થાય તો ?**

**પૂજ્યશ્રી** : નવો ફેરફાર કરો તો એ ધર્મ શ્રી જિનેશ્વરદેવે કહેલો નહિ, પણ પામરોએ ઊભો કરેલો બનાવટી, એ દુર્ગતિમાં ધકેલનારો જ ધર્મ કહેવાય : એટલે કે વસ્તુતઃ તે અધર્મ જ ગણાય. આથી સ્પષ્ટ છે કે-ધર્મીના આધારે ધર્મ ટકે એ વાત પણ સાચી ત્યારે જ કહેવાય કે-ધર્મી જો ધર્મની આજ્ઞામુજબ વર્તે. અને એવા આજ્ઞા મુજબ વર્તતા ધર્મીઓના આધારે ધર્મ ટકે છે, એમાં બે મત છે જ નહિ. બાકી ધર્મની આજ્ઞાને ઠોકરે મારનારને કોઈ પણ કાળે ધર્મી કહી શકાય તેમ નથી જ. આથી જ કહેવું પડે છે કે-જેને પૂજ્ય માનો તેની પૂજા કરો અને પ્રાણાંતે પણ પોતામાં પૂજકપણાની અને પૂજ્યમાં પૂજ્યપણાની બુદ્ધિથી એક લેશ

પણ આઘા ન જાઓ ! ગુરુભક્તિની વિધિ કેવી છે, એ જાણો છો? ન જાણતા હો તો જાણો કે-'ગૃહસ્થ સાધુને વિનંતિ કરી પોતાને ઘેર લઈ જાય, ત્યાં પણ વંદન કરે, ચીજો બધી આગળ ધરે, ઉલ્લાસપૂર્વક-ભક્તિપૂર્વક-વિનયથી-બહુમાનથી વહોરાવે અને પછી મૂકવા જાય. વહોરાવતી વખતે આંખમાંથી હર્ષના આંસુય આવે 'મારો નિસ્તાર થયો'-એમ એ માને !' આજે આ વિધિ કેટલી જળવાય છે ?

**૧૩૮. સભા : 'પૂર્વાચાર્યોએ આ બધું સ્વાર્થ માટે લખ્યું છે'-એમ આજના પાપાત્માઓ કહે છે ને ?**

**પૂજ્યશ્રી** : મહાનુભાવ ! પાપાત્માઓ તો જેટલું ન કહે એટલું ઓછું છે, કારણ કે-તેમની તો દશા જ કોઈ જુદી છે : બાકી મહાપુરુષોએ તો જેનામાં આ ગુણ હોય તેને માટે વંદનાદિ કરવાની વિધિ કહી છે. બાકી એ ઉપકારી પુરુષોએ તો સાથે સાથે-'સાધુ વંદનને વિઘ્નરૂપ માને'-એ પણ કહી દીધું અને સૂચવ્યું કે સાધુ વંદનમાં લેપાય નહિ. આચાર્ય કે સાધુ વંદનાના લોભમાં પડે તો પાપના ભાગીદાર થાય, હારે, ડૂબે,-એ બધું એ જ મહાપુરુષોએ ફરમાવ્યું છે. 'પૂજ્યોને વંદન કરવું'-વિગેરે વિધિ, પૂજક માટે કહી છે, અને એ વિધિના પાલનમાં આત્મકલ્યાણ માનનારા પૂજક તો બધું જ કરે, પણ એમાં પૂજ્ય બનેલાઓએ પોતાની ફરજમાં દૃઢ રહેવું જ જોઈએ, એમાં લેપાવું ન જોઈએ, એમ પણ ભારપૂર્વક કહેવામાં આવ્યું છે. આ શાસનની મર્યાદાઓ જુદી જ છે. ગૃહસ્થ 'લ્યો, લ્યો'-કહે અને મુનિ-'ના, ના'-કહે, એ આ

શાસનમાં ! બીજે એ નથી. બીજે તો **'देहि मैया भिक्षाम्!'** એમ છે. અહીં તો એક જ ધર્મલાભ. આપે એને પણ ધર્મલાભ અને ન આપે એને પણ ધર્મલાભ ! (જૈ. પ્ર. વ.૨/અં.૧૦)

**૧૩૯. સભા : ગર્ભિણી સ્ત્રીને ઉત્તમ પ્રકારના દોહદ થાય અને એ પૂરા કરવા માટે ધર્મના કામ કરે તો ?**

**પૂજ્યશ્રી** : એ કામ સારાં, પણ એ કામ કરવા પાછળ આશય કયો ? એ ધર્મનાં કામ પણ મોહથી કરાય તો ? દયા, દાન આદિ ધર્મના કામ કરવાની ઈચ્છા ગર્ભિણીને થાય અને એ જાણીને જો એમ થાય કે –'ગર્ભમાં આવેલો જીવ જરૂર ધર્મશીલ હોવો જોઈએ.' અને એથી એ ઈચ્છાઓને પૂરી કરવાનું મન થાય એમાં ફેર પડે, પણ ધર્મનાં કામેય મોહથી કરે તો શું થાય ? જ્યાં જેટલો મોહ ત્યાં તેટલું પાપ તો બંધાવાનું જ, એટલું તમે નથી સમજતા ? ધર્મ કરતી વેળાએ મિથ્યાત્ત્વ ગાઢપણે ઉદયમાં હોય, તો ધર્મથી જેમ પુણ્ય બંધાય તેમ મિથ્યાત્ત્વ, અવિરતિ અને કષાય ગાઢ બંધાય કે નહિ ? આથી જ ઉપકારીઓ ફરમાવે છે કે ધર્મ તો એવી રીતિએ કરવો જોઈએ, કે જેથી જેમ જેમ ધર્મ કરતા જવાય, તેમ તેમ મિથ્યાત્ત્વાદિનો ક્ષયોપશમાદિ પણ થતો જાય. (જૈ. પ્ર. વ.૩૯/અં.૩૩)


*પૈસા ખાતર નીતિનો ત્યાગ કરવો તે અધર્મ,*
*નીતિ ખાતર પૈસાનો ત્યાગ કરવો તે* **ધર્મ.**

*પૈસો ઘર સુધી સાથે રહેશે, કુટુંબીઓ સ્મશાન સુધી સાથે આવશે,*
*જ્યારે* **ધર્મ** *તો પરભવમાં પણ તમારી સાથે આવશે.*

# પાર્શ્વાભ્યુદય પ્રકાશનની સાહિત્ય-યાત્રાના યાત્રી બની પોતાની શ્રુતભક્તિ પ્રદર્શિત કરનારા મહાનુભવોની શુભ નામાવલી

શ્રીમતી ગુણવંતીબેન ભવાનજી કેશવજી છેડા પરિવાર ભચાઉ (કચ્છ-ગાવડ) હાલ-મુંબઈ.
શ્રીમતી ઝવેરબેન ભગવાનજી રામજી છેડા પરિવાર ઘાઘોદર (કચ્છ-વાગડ) હાલ-મુંબઈ.

- શ્રી હેમેન્દ્રભાઈ માણેકલાલ સંઘવી - મુંબઈ
- શ્રી ભૂપેન્દ્રભાઈ શાંતિલાલ શાહ - નાસિક
- શ્રી ઉકચન્દજી જુગરાજજી સાલેચા - અમદાવાદ
- શ્રી જ્યોતીન્દ્રભાઈ જે શાહ - અમદાવાદ
- શ્રી દિપકભાઈ રમણિકલાલ શાહ - અમદાવાદ
- શ્રી કાંતિલાલ એન. શાહ - ચેન્નઈ
- શ્રી પ્રવિણચંદ્ર હિંમતલાલ વ્યાસ - અમદાવાદ
- શ્રી ધીરેન્દ્રભાઈ કાંતિલાલ પારેખ - મુંબઈ
- અ. સૌ. માનકુંવરબેન નરોત્તમદાસ મહેતા પરિવાર મોટી વાવડી, હાલ-મુંબઈ
- શ્રીમતી કલાવતીબેન સોમચંદ ત્રિભુવનદાસ દોશી પરિવાર
  હસ્તે અનિલભાઈ સંગમનેર
- શ્રી મહારાષ્ટ ભુવન ચાતુર્માસ આરાધકો
  વિ.સં.૨૦૬૬, પાલીતાણા
- વિરતિ પરિવાર, અમદાવાદ
- અ.સૌ.ચંદ્રાવતી પુત્ર-દેવેન્દ્રના આત્મશ્રેયાર્થે
  શ્રી શાંતીલાલ ઉમેધ્ચંદ ચાવાલા, સુરત.
- શ્રી છબીલભાઈ અમુલકભાઈ શાહ, ઘોટીવાળા, હાલ-મુંબઈ
- સ્વ. કુસુમબેન ચીનુભાઈ પાનાચંદ, ડાભલાવાળા, હાલ-નાસીક





**કાર્મગ્રંથિક પ્રશ્નોત્તર** (પંચસંગ્રહ પ્રથમ ખંડ)

વર્તમાનમાં નિરસ ગણાતા કર્મગ્રંથ સંબંધી વિષયને પ્રશ્નોત્તરીના માધ્યમે સરસ બનાવવાના પ્રયાસ રૂપે કર્મગ્રંથના અભ્યાસીઓ માટે અત્યંત ઉપકારી અને ઉપયોગી ગ્રંથ.

**મૂળ ગ્રંથકાર :** કર્મશાસ્ત્રમર્મજ્ઞ પ્રકાણ્ડવિદ્વાન શ્રી ચંદ્રમહત્તરાચાર્ય


**રચનાકાળ :** સંભવતઃ ૯મી-૧૦મી સદી




**દીપ પ્રશ્ન**

પ્રશ્નોતર સમુચ્ચયના મૂળ નામ સાથે રચાયેલો, હીર પ્રશ્ન અને સેન પ્રશ્નની જેમ માર્ગદર્શક બને તેવો, અદ્યાવધિ અપ્રગટ ગ્રંથ. (હસ્તલિખિત પ્રતના આધારે લીપ્યન્તર-વર્તમાન ગુજરાતી ભાષામાં અવતરણ-ઉપલબ્ધ થયેલ શાસ્ત્રપાઠો સાથે)

**ગ્રંથકાર : કવિકુલ પ્રદીપ પૂ. પં. શ્રી દીપવિજયજી ગણિવર**




**પ્રાવચનિક પ્રશ્નોત્તર** (તૃત્તીય પડાવ, ચર્તુથ પડાવ, પંચમ પડાવ)

જિનવાણી-સંઘ સ્વરૂપ દર્શન-આચારાંગના પ્રવચન દરમ્યાન સભામાંથી પૂછાયેલા પશ્નોના વ્યાખ્યાન વાચસ્પતિ પૂજ્યશ્રીએ આપેલા સચોટ જવાબોનું સુંદર સંકલન.

**પ્રવચનકાર : વ્યાખ્યાન વાચસ્પતિ પૂજ્ય આચાર્ય ભગવંત**
**શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

---

## આગામી પ્રકાશનો

- શ્રી પંચસંગ્રહ દ્વિતીય ખંડમાંથી ચૂંટેલા પ્રશ્નોત્તરોનો સંગ્રહ.
- પૂ.આ.ભ.શ્રી લક્ષ્મીસૂરીશ્વરજી મહારાજા કૃત **પ્રશ્નોત્તર પ્રદીપ**.
- પૂ.મુ.શ્રી હંસવિજયજી કૃત **પ્રશ્નોત્તર પુષ્પમાલા**.
- **મતાંતર પ્રશ્નોત્તર**-આગમ-પ્રકરણ પ્રશ્નોત્તરાદિ ગ્રંથોમાં આવતા પ્રામાણિક મતાંતરોનો સંગ્રહ.
- ૧૧મી શતાબ્દિથી લઈ વિ.સં. ૨૦૬૫ સુધીના પૂ.આચાર્ય-સાધુ તથા સુશ્રાવકોના પ્રશ્નોત્તર ગ્રંથમાંથી ચૂંટેલા ૭-૮ હજાર પ્રશ્નોત્તરનું ૨૦૦થી અધિક વિષયોમાં અકારાદિ ક્રમે વર્ગીકરણ કરી પ્રકાશિત કરવાનું બૃહત્કાર્ય ચાલી રહ્યું છે.



# પૃચ્છના
# સ્વાધ્યાય

૭

પાર્શ્વાભ્યુદય પ્રકાશન
અમદાવાદ

978-93-83984-05-3

www.lippipress.com
just imagine